# સૂત્ર સંવેદના-૧

આવશ્યક ક્રિયાના સુત્રો ભાવગ્રાહી વિવેચન સાથે
ભાગ - ૧ સામાયિકનાં સૂત્રો



# સૂત્ર સંવેદના

## આવશ્યક ક્રિયાના સૂત્રો ભાવગ્રાહી વિવેચન સાથે

## ભાગ - ૧ સામાયિકનાં સૂત્રો

: સંકલન :

પ્રશાંતમૂર્તિ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી ચરણશ્રીજી મહારાજના શિષ્યા

પરમ પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મહારાજના શિષ્યા

**સાધ્વીજીશ્રી પ્રશમિતાશ્રીજી**

: પ્રકાશક :

*સન્માર્ગ પ્રકાશન*

જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ,

અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૫૩૫૨૦૭૨

## સૂત્ર સંવેદના

81-87163-48-8

: પ્રકાશક :

*સન્માર્ગ પ્રકાશન*

શ્વે. મૂ. તપ. જૈન આરાધના ભવન પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન-ફેક્સ : ૫૩૫૨૦૭૨
E-mail : sanmargprakashan@gmail.com

મૂલ્ય : રૂ. 50-00 ● નકલ : 3000

પ્રથમ આવૃત્તિ : વિ. સં. ૨૦૫૮, ઈ.સન ૨૦૦૦
દ્વિતીય આવૃત્તિ : વિ. સં. ૨૦૫૯, ઈ.સન-૨૦૦૨ - હસ્તગિરિ મહાતીર્થ
તૃતીય આવૃત્તિ : વિ. સં. ૨૦૬૩, ઈ.સન-૨૦૦૭ - શંખેશ્વર મહાતીર્થ
ચોથી આવૃત્તિ : વિ. સં. ૨૦૬૪, ઈ.સન-૨૦૦૮ - ભિવંડી, મુંબઈ

### સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન

■ **અમદાવાદ :**

● *સન્માર્ગ પ્રકાશન કાર્યાલય*

● **સરલાબેન કિરણભાઈ**
"ઋષિકિરણ"
૧૨, પ્રકૃતિકુંજ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (O) ૨૨૧૬ ૪૫ ૨૧
(R) ૨૬૬૨ ૦૯ ૨૦
(M) ૯૮૨૫૦ ૦૭૨૨૬

● **વાઘજીભાઈ ભૂદરભાઈ**
સ્વામિનારાયણ મંદિર રોડ,
કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : (O) ૨૨૧૬ ૫૩ ૪૬
(M) ૯૩૨૭૦ ૦૪૩૫૩

● **હિમાંશુભાઈ રાજા**
૬/૬૫, ગીતાંજલી બિલ્ડીંગ,
૭૩/૭૫, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬.
(M) ૯૮૨૦૦ ૪૪૮૮૨

■ **સુરત :**

● **વિપુલ ડાયમંડ**
205-206, આનંદ, બીજે માળ,
જદાખાડી, મહીધરપુરા,
સુરત-૩. ફોન : (O) ૨૪૨૧૨૦૫, (R) ૨૨૨૦૪૦૫

● **વાડીલાલ સંઘવી**
૫૦૪, ધરમ પેલેસ, પારલે પોઈન્ટ,
અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૭.
ફોન : (O) ૨૨૧૧૦૫૩ (R) ૨૪૨૫૮૮૩
(M) ૯૮૨૫૧ ૪૦૨૧૨, ૯૩૭૬૮ ૧૧૭૦૨

■ **મુંબઈ :**

● **સન્માર્ગ પરિવાર**
૩૦૯, ફિનીક્સ બિલ્ડીંગ, પ્રાર્થના સમાજ,
૪૫૭, એસ. વી. પી. રોડ,
મુંબઈ-૪. ફોન : (O) 2388 3420

● **સાકેરચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી**
સી વ્યૂ એપાર્ટમેન્ટ, ૭મે માળ
ડુંગરસી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬.
ફોન : (ઘર) ૨૩૬૭ ૬૩૭૯
(M) ૯૮૨૦૦ ૮૧૧૨૪

જેમણે આપ્યું તેમના કરકમલમાં....

..... આભાર ....

સન્માર્ગ પ્રકાશન દ્વારા આયોજિત

## સૂત્ર સંવેદના

**પુસ્તક પ્રકાશનનો લાભ લેનાર પરિવાર**

**શ્રીમતી કમળાબેન મહાસુખભાઈ મહેતા પરિવાર**
**ડૉ. મહાસુખભાઈ વી. મહેતા**
**હાલ – દિલ્હી**

આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ. સન્માર્ગ પ્રકાશન

## પ્રકાશકના હૈયાની વાત...

અમારું મૂળ વતન મોરબી છે. મારા પૂ. સસરાજી પ્રસિદ્ધ ડૉક્ટર તથા સંઘના અગ્રગણ્ય શ્રાવક હતા. તેમનું નામ ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ મહેતા. તેઓ ધર્મનું ઘણું ઉંડું જ્ઞાન ધરાવતા હતા તથા સારા લેખક પણ હતા. 'આઠ દષ્ટિની સજ્ઝાયના અર્થ' 'અતિત ચોવીશી અને અનાગત ચોવીશીના અર્થ' 'ત્રણ ગુપ્તિની સજ્ઝાયના અર્થ' વિગેરે પુસ્તકો તેમણે લખેલા. તેમની પાસે ભણીને સત્તર વ્યક્તિઓએ ચારિત્રનો પંથ સ્વીકારેલ. તેમના નાના પુત્ર ડૉ. મહાસુખભાઈએ જુનાગઢને પોતાની કર્મભૂમી બનાવી. તેમનો સેવાભાવી સ્વભાવ હોવાથી, જુનાગઢમાં પધારેલ ઘણાં ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતોની એમણે દ્રવ્ય ચિકિત્સાનો લાભ લીધો છે અને ત્યાં પધારનાર અનેક વિદ્વાન સાધુ સાધ્વીજી ભગવંતો પાસે પોતાની ભાવ ચિકિત્સા કરાવી છે. તેઓ પણ ધર્મના ઉંડા અભ્યાસી છે. અત્યારે ૮૮ વર્ષની ઉંમરે પણ સુંદર આરાધના કરી રહ્યા છે.

કર્મના સકંજામાં જકડાયેલા અમારા માટે સંસારના સંયોગ અને વિયોગના ચક્કરો ચાલ્યા જ કરતા હતા. તેમાં ખોળાની ખુંદનાર, વ્હાલસોયી દીકરી "કલા" સામાન્ય બીમારીમાં જ, ભરયુવાન વયે આ ફાની દુનિયાને છોડીને ચાલી ગઈ. તેણી પાંચ ભાઈઓની એકની એક લાડલી બહેન હતી. તેણી ઘણી જ ધર્મીષ્ટ હતી. ધર્મનો અભ્યાસ પણ સારો કરેલ. પ્રભુજીની સુંદર અંગરચનાઓ કરતી. ગમે તેની પૂજા હોય, આંગી કરવાનું તો કલાબહેનને જ કહેવામાં આવે. ઈ.સ. ૧૯૮૭માં તેનું નિધન થયું. તે અરસામાં ૧૯૮૬ તથા ૧૯૮૭ની સાલના ચાતુર્માસમાં અમારા જુનાગઢમાં શતાધિક શિષ્યોના કુશળ યોગક્ષેમકારિકા પ. પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રાનનાશ્રીજી મહારાજ તેમની શિષ્યાઓ સાથે બિરાજમાન હતા. કર્મના સિદ્ધાંતોથી અજાણ હોવાને કારણે હું બહુ જ વ્યથિત બની ગયેલી. સ્નેહના સંબંધોથી વિહ્વળ બનેલા મારા મનને સ્વસ્થ બનાવવા, એકવાર ડૉ. સાહેબે, પૂ. ગુરુમહારાજશ્રીને કહ્યું, 'આપ કૃપા કરી, શ્રાવિકાને આમાંથી બહાર લાવવા કાંઈક જ્ઞાનનો અભ્યાસ કરાવો. એને જ્ઞાનરૂચી ઘણી છે. તેથી જરૂર એમાં મન લાગી જશે' અને ગુરુમહારાજશ્રીએ મને એમની પાસે અભ્યાસ કરતી ભાવ શ્રાવિકા-કન્યકાઓ સાથે બેસી ભણવાની રજા આપી. ત્યાર પછી એમની આજ્ઞાથી તેમના તેજસ્વી શિષ્યા પરમવિદૂષી પ.પૂ. સાધ્વીજીશ્રી પ્રશમિતાશ્રીજી મ.સા એ મને મારા આત્મિક હિતના લક્ષ્યથી જ્ઞાન આપવાનું શરૂ કર્યું. મારા ઉપર એમની ઘણી જ કૃપા ઉતરી. મને ખૂબ સ્નેહ અને લાગણી સહિત જાતને જાણવાનો ઉત્તમ માર્ગ બતાવ્યો. કર્મગ્રંથ અને સૂત્રાર્થના અભ્યાસ દ્વારા આધ્યાત્મિક વિકાસની કોઈ અનેરી દિશા દેખાવા લાગી. સંયોગો અને વિયોગોની પરાધીનતાથી મુક્ત બની, આત્મામાં સ્થિર થવાની ભાવના જાગી. પછી પણ અવારનવાર પ.પૂ. પ્રશમિતાશ્રીજી મ.સા મને પત્રો લખીને આરાધનામાં પ્રોત્સાહિત કરતા. પરદેશમાં પણ જવું પડતું હતું. તેથી હું ક્યાંય પ્રમાદનું સેવન ન કરું તેના માટે મને સાવધ કરતાં. તેમણે મારામાં એવા બીજ રોપેલા અને પાયો એવો મજબૂત નાખેલો કે આજે ૮૪ વર્ષની ઉંમરે પણ સંપૂર્ણ દિવસ હું સ્વાધ્યાયમાં પસાર કરી શકું છું. સહજતાથી સમજાઈ જાય એવી સરલ

ભાંષામાં ધાર્મિક અભ્યાસ કરાવી ગુરુદેવે મારામાં એક અનેરી જ્ઞાનરુચિ પ્રગટાવી છે જેના કારણે આજે જીવન સ્વાધ્યાયના આનંદમાં ખૂબ સુંદર રીતે પસાર થાય છે. એમનો ઉપકાર હું ભવોભવ યાદ કરીશ અને ભવાંતરમાં પણ મારો હાથ છેવટ સુધી પકડતા રહે એવી અભિલાષા સેવું છું.

મારા મોટા પુત્ર રમેશભાઈ તથા અ. સૌ. પારૂલ બરોડા રહે છે. પ્રફુલભાઈ તથા અ. સૌ. કર્ણિકા અમેરીકા ન્યુજર્સીમાં રહે છે, ડૉ. અરવિંદભાઈ તથા અ. સૌ. નયના વોશીંગ્ટનમાં રહે છે. ચિ. ભાઈ નરેન્દ્રનું ૨૦૦૧ની સાલમાં કીડનીની બીમારીમાં ૪૮ વર્ષની ઉંમરે નિધન થયું. તેમના પત્નિ ફાલ્ગુની બોમ્બે રહે છે અને સૌથી નાના પુત્ર ચિ. નીરૂભાઈ તથા અ. સૌ. મીના અહીં દિલ્હી ગુરગાંવમાં રહે છે. અમે છ વર્ષથી અહીં દિલ્હીમાં રહીએ છીએ. મને બધી જગ્યાએ ધર્મધ્યાનની અને વાંચનની સારી સુવિધા મળી રહે છે. આ પણ બધો ગુરુકૃપાનો જ પ્રભાવ છે.

થોડા દિવસ પૂર્વે "સૂત્ર સંવેદના-૪" મને મળી. "વંદિત્તુ" સૂત્રનું વિવરણ વાંચતા ગુરુ મહારાજની વાતો ઉપસ્થિત થવા લાગી. વર્ષો પહેલા ગુરુ મહારાજશ્રીએ જે ચિત્તવૃત્તિનું ઘડતર કરેલું તેને પુનઃ તાજું કરવાના અનેક મુદ્દાઓ મળવા લાગ્યા, ત્યાં પાદ નોંધમાં અનેક સ્થાનોમાં જણાવ્યું હતું કે સૂત્ર સંવેદના પહેલા ભાગ-બીજા ભાગમાં જોવું. તેથી પહેલો બીજો ભાગ પણ મેળવવાની ઘણી જ ઈચ્છા થઈ; પણ પાછળના પાના જોતાં જણાયું કે હવે આ બુક અપ્રાપ્ય છે. તેથી મારી પ્રબળ ભાવના જાગી કે ભાગ-૧ અને ભાગ-૨ પણ પ્રાપ્ય બને અને તેની નવી આવૃત્તિ છપાવવાનો લાભ અમને મળે અને શ્રુતભક્તિ કરી અમે અમારા દ્રવ્યનો સદુપયોગ કરીએ અને તે શ્રુત દ્વારા અનેક જીવ પ્રભુના માર્ગનો બોધ મેળવી કલ્યાણ સાધે.

આ પુસ્તકમાં જે રીતે સૂત્રોને ગંભીર અર્થસભર વિસ્તારથી સમજાવ્યા છે, તે ખરેખર ખૂબ ઉપયોગી છે. વાંચ્યા પછી સૂત્રો બોલતાં ખૂબ જ ભાવોલ્લાસ જાગે છે. કદાચ જે ઊંડાણથી ગુરુ મ.શ્રીએ અર્થ સમજાવ્યા છે, તે ક્રિયાકાળમાં ઉપસ્થિત થવા લાગે તો ક્રિયાના મર્મ સુધી પહોંચી શકીએ. લોકોને બરાબર સમજાય એવી રીતે જો ગૂઢાર્થ શીખવવામાં આવે તો અત્યારના બાળકો શીખે એવા છે. તેઓ એવા એવા પ્રશ્નો પૂછે છે કે, "આમ શા માટે કરવાનું ?" વિગેરે વિગેરે. તેમના પ્રશ્નનો જવાબ હું આપી શકતી નથી. કોઈ સમજાવે તો અનેકની તાત્વિક જિજ્ઞાસાઓ સંતોષાય. મારી આ ભાવનાનો સ્વીકાર કરી ગુરુ મ.શ્રીએ અમારી ઉપરના ઉપકારોમાં અનેકગણો વધારો કર્યો છે. આપ સૌ પણ આ પુસ્તકને એક અભ્યાસના પુસ્તક તરીકે ધ્યાનથી વાંચશો, તેની ઉપર ચિંતન, મનન કરશો અને ક્રિયા કરતાં કે નવકાર મંત્રનો જાપ કરતાં તેને સ્મૃતિમાં રાખશો; તો પ્રભુની સાથે તાદાત્મ્ય સાધી શકશો.

ગણધર રચિત આ સૂત્રોના સહારે આપણે સહુ મોહના બંધનોને તોડી વહેલામાં વહેલા મુક્તિ સુખના ભોક્તા બનીએ એ જ શુભાભિલાષા.

**લિ. કમળાબેન મહાસુખભાઈ મહેતા**

**D/401, Central Park sector, 42-Gurgaon**

## સૂત્ર સંવેદના સંબંધિ પૂ.આ.ભ.
## વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ.નો અભિપ્રાય

- નારાયણધામ, વિ.સં. ૨૦૫૭, પો.વ.૪

**વિનાયાદિગુણોપેતા સા. શ્રી પ્રશમિતાશ્રીજી યોગ -**

જિજ્ઞાએ પૂર્વે રૂબરૂ વાત કરેલ તે પછી 'સૂત્ર સંવેદના' લખાણ વાંચવા મોકલેલ. તે વિહાર દરમ્યાન આખું વાંચી લીધું. ખરેખર કહું - વાંચવાથી મારા આત્માને તો જરૂર આનંદ આવ્યો. **એવો આનંદ અને તે વખતે પેદા થયેલી સંવેદનાઓ જો કાયમી બને, ક્રિયા વખતે સતત હાજર રહે તો જરૂર ક્રિયા-અનુષ્ઠાન ભાવાનુષ્ઠાન બન્યા વિના ન રહે.** ખૂબ સારી મહેનત કરી છે. આવી સંવેદના પાંચે પ્રતિક્રમણમાં ઉપયોગી બધા જ સૂત્રોની તૈયારી થાય તો જરૂર ખૂબ લાભદાયી બને. યોગ્ય જીવો માટે મેં જિજ્ઞાને માટે પ્રેરણા કરી છે. આમાં મૂળ તમે છો - તો તમને પણ જણાવું છું. મારી દૃષ્ટિએ આ સૂત્ર સંવેદના દરેક સાધુ/સાધ્વીઓ - ખાસ કરીને નવાએ ખાસ વાંચવી જોઈએ.

રત્નત્રયીની આરાધનામાં અવિરત ઉજમાળ બનો એ જ એક શુભાભિલાષા.

**લિ.**

**હેમભૂષણ સૂ. ની અનુવંદનાદિ**

# સંવેદના જગાડે એ સૂત્ર !
# સૂત્ર સાથે સંબંધિત હોય એ સંવેદના !

### પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સૂત્રોની સાર્થકતા સંવેદનાને જાગ્રત કરવામાં છે, તો સંવેદનાની સફળતા સ્મૃતિ સમક્ષ સૂત્રાર્થ-સજીવન થઈ ઉઠે એમાં છે. સૂત્ર શબ્દથી અહીં ગણધર ભગવંતો-રચિત આવશ્યક સૂત્રો સમજવાના છે અને સંવેદનાં શબ્દ અહીં ભાવધર્મ તરીકે અભિપ્રેત છે. સૂત્રને દૂધ સાથે સરખાવીએ, તો સંવેદનાને સાકર સાથે સરખાવી શકાય. સૂત્રો સુવર્ણ સમા છે, તો સંવેદના સુવર્ણમાં સુગંધ સમી છે. સાર એવો તારવી શકાય કે, ધર્મક્રિયાઓની સફળતા-સાર્થકતા ભાવધર્મનાં જાગરણમાં છે. ભાવધર્મનું જાગરણ ન થાય કે ભાવધર્મને જાગૃત કરવાની ભાવના પણ ન હોય, તો ધર્મક્રિયાઓનું પરમ અને ચરમ ફળ ન પામી શકાય.

ધર્મની સમગ્ર સૃષ્ટિને અનુલક્ષીને તારવવામાં આવેલાં આ તથ્યને જો આપણે પ્રતિક્રમણાદિ આવશ્યક-ક્રિયાઓના સંદર્ભમાં વિચારીએ, તો સૂત્ર સાથે સંવેદના અને સંવેદના સાથે સૂત્રનો સંબંધ હોવાની અનિવાર્યતા સમજાઈ ગયા વિના ન રહે. આવી સમજણ પેદા થયા બાદ સૂત્ર અને સંવેદના વચ્ચે સેતુ બનીને બંનેનું જોડાણ શક્ય બનાવે, એવા કોઈ માધ્યમ તરફ આપણી મીટ મંડાયા વિના નહિ રહે. પ્રતીક્ષાની આવી પળોમાં જેની પ્રાપ્તિથી પ્રસન્ન પ્રસન્ન બની જવાય, એવા એક માધ્યમ તરીકે બિરદાવી શકાય, એવું એક પ્રકાશન એટલે 'સૂત્ર સંવેદના'.

સૂત્ર તરીકે એને જ સત્કારી શકાય, કે જે સૂતેલી સંવેદનાઓને જાગૃત કરે અને સાચી સંવેદના એને જ ગણી શકાય, કે જેનો સંબંધ સૂત્રો સાથે હોય ! હૈયામાં આ જાતની હલચલ જગાડવામાં સમર્થ આ પુસ્તકને અપાયેલું નામ 'સૂત્ર સંવેદના' ખરેખર ખૂબ જ સાર્થક જણાય છે. ટૂંકી સમયાવધિમાં જ દ્વિતીયાવૃત્તિ તરીકે પુનઃ પ્રકાશિત થતા આ પ્રકાશનમાં વિદુષી સાધ્વીજી પ્રશમિતાશ્રીજીએ ખૂબ જ સુંદર, સરળ અને

છતાં સચોટ શૈલીથી નવકારથી માંડીને સામાયિકવ્રતનો સ્વીકાર કરવા માટે જરૂરી સૂત્રો વિવેચિત કર્યા છે. આ વિવેચન માત્ર વિવેચન ન રહેતા, એવું હૃદયંગમ બનવા પામ્યું છે કે, વાંચતા વાંચતા વાચકને પોતાની ધર્મક્રિયાઓને એ રીતે મૂલવવાનું મન થયા વિના ન રહે કે, મારી ક્રિયાઓમાં ધર્મ ભળ્યો છે કે નહિ તેમજ ધર્મ તરીકે ઓળખાવી શકાય એવી મારી ક્રિયાઓ છે કે નહિ ? પ્રસ્તુત વિવેચનની આ વિશેષતા અનોખી હોવાથી ઉડીને આંખે વળગ્યા વિના રહે તેવી નથી.

સૂત્ર પરિચય, મૂળ સૂત્ર, અન્વય સહ સંસ્કૃત છાયા અને શબ્દાર્થ, વિશેષાર્થ, જિજ્ઞાસા-તૃપ્તિ તેમજ સૂત્રોચ્ચાર સમયે ભાવવાની ભાવના : આ ક્રમથી આમાં સામાયિક સૂત્રોનું વિવેચન રજૂ થયું છે. વિવેચન એટલું બધું ટૂંકું પણ નથી કે, લખવા-કહેવા જોગું કંઈ રહી જાય અને એટલું બધું વિસ્તૃત પણ નથી કે, વાંચતાં વાંચતાં વિષયાંતર થતું લાગે !

સામાયિક સૂત્રોની આ વિવેચના પર વાંચન-મનન અને ચિંતન-મંથન થાય, તો એમ લાગ્યા વિના ન રહે કે, સ્વભાવમાં સ્થિર રહેવું, એ જ વધુ સહેલું, સરળ અને સહજ છે. જો અઘરું, કઠિન અને અસાહજિક હોય તો, તે વિભાવમાં અથડાવું એ છે. સામાયિકની સાર્થકતા જ સ્વભાવને સમજી લેવામાં છે. જો આપણે સ્વભાવમાં લાંબા કાળ સુધી સ્થિર રહી શકતા ન હોત, તો આપણી સ્વસ્થતા જ મરી પરવારી હોત. આ વાતને બરાબર સમજી લેવી હોય, તો 'સ્વભાવ-વિભાવ'નું સ્વરૂપ સૌ પ્રથમ સમજી લેવું જોઈએ.

પાણીને નજર સામે રાખીને 'સ્વભાવ-વિભાવ'ને સમજવાનો પ્રયત્ન કરીશું તો, આ વાત સાવ સરળતાથી તરત જ સમજાઈ જશે. પાણીનો સ્વભાવ શું ? કહેવું જ પડશે કે, શીતળતા. શીતળતા પાણીનો સ્વભાવ છે, માટે જ પાણી વધુ સમય સુધી શીતળ રહી શકતું હોય છે અને શીતલતા ટકાવી રાખવા માટે પાણીને ઝાઝી કોઈ મહેનત કરવી પડતી નથી. ઉષ્ણતા પાણીનો વિભાવ છે. માટે ઉષ્ણતા પામવા પાણીને મહેનત કરવી પડતી હોય છે. એને ચૂલે ચડાવવામાં આવે, ત્યારે જ એનામાં ગરમી આવતી હોય છે. એ ગરમીને ટકાવી રાખવી હોય, તો ચૂલાને ગરમ રાખવો જરૂરી બની જતું હોય છે. માંડ માંડ ગરમ બનેલું પાણી જ્યાં ચૂલાના સંસર્ગથી અળગું થાય છે, ત્યાં ધીમે ધીમે પુનઃ શીતળતા પામતું જાય છે. પાણીને શીતલ બનાવવા ઝાઝી મહેનત કરવી પડતી નથી. કારણ કે શીતલતા પાણીનો સ્વભાવ છે. ટૂંકમાં, શીતલતા પાણીનો સ્વભાવ હોવાથી પાણી દિવસોના દિવસો સુધી શીતળ રહી શકે છે. ઉષ્ણતા પાણીનો વિભાવ હોવાથી થોડા કલાકો સુધી પણ પાણીને ગરમ રાખવું હોય, તો મહેનત કરવી પડતી હોય છે.

ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયો-દોષો આત્માને વિભાવરૂપે અનાદિકાળથી વળગેલાં વળગણો હોવા છતાં આ દોષોનું સેવન સતત થઈ શકતું નથી. કારણ કે આ વિભાવ છે. તેમજ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ : આ ગુણો સ્વભાવરૂપ હોવાથી આ ગુણોની ઉપાસના વધુ વખત સુધી થઈ શકે છે. કારણ કે આ આત્માનો સ્વભાવ છે. આત્મસ્વભાવ આવો હોવા છતાં અનાદિની અવળી ચાલ આત્માને ઘણીવાર પરઘર એટલે વિભાવ દશામાં ખેંચી જતી હોય છે. એ ખેંચાણને વશ ન થવું અને ઘરના ઘરમાં આવીને સ્થિર થઈ જવાનો પુરુષાર્થ કરવો, આ જ તો સામાયિક છે, આનું જ નામ તો પ્રતિક્રમણ છે.

આક્રમણ અને પ્રતિક્રમણ વચ્ચે આ જ ભેદ છે. પ્રવાહમાં ઘસડાવું, વહેવું એ આક્રમણ છે. આમાં જરાય બળની આવશ્યકતા નથી રહેતી. કીડી જેવો જીવ પણ પ્રવાહની સાથે ઘસડાઈ શકે છે. જ્યારે સામે પૂરે તરવામાં તો પૂરા પરાક્રમની આવશ્યકતા રહે છે. કુંજર જેવો જીવ પણ પરાક્રમ ફોરવે, તો જ સામા પૂરે તરી શકે છે. આ અર્થમાં પ્રતિક્રમણ કે સામાયિક સહેલી સાધના ન ગણાય. છતાં ય સ્વભાવમાં રહેવાનું હોવાથી આ સાધના અશક્ય પણ નં ગણાય.

'સૂત્ર સંવેદના'નું જો બરાબર વાચન-મનન થાય, તો સામાયિક-પ્રતિક્રમણ જેવી સ્વભાવભૂત સાધનામાં સામે પૂરે તરવા જેવું જે પરાક્રમ અપેક્ષિત છે, એ પરાક્રમ પર કમસે કમ પ્રીતિનું જાગરણ થયા વિના ન જ રહે. આ જ પ્રીતિ પરાક્રમની પ્રાપ્તિ કરાવનારી અને અંતે 'પરિણતિ' માં પલટાઈ જનારી નીવડ્યા વિના નહિ રહે. 'સૂત્ર સંવેદના' આવી ફલશ્રુતિ જન્માવવામાં ખૂબ સફળ નીવડે અને એમાં પુણ્યભાગી બનનારા વિદુષી સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી સામાયિક સૂત્રોની જેમ આવશ્યક ક્રિયાના સંપૂર્ણ સૂત્રો પરની સંવેદનાને શબ્દ-દેહ આપવાની કાર્ય-સિદ્ધિનું શિખર પણ વહેલી તકે સર કરે, એવી જ એકની એક કલ્યાણ કામના.

સાંચોરી જૈન ભવન<br>પાલિતાણા<br>તા. ૨૧-૧૦-૨૦૦૨

**– આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ**<br>**આસો સુદ-પૂર્ણિમા**<br>**વિ.સં. ૨૦૫૮**

# પૂ. ગુરુદેવનું આશીર્વચન

જ્ઞાનના પ્રકાશે પરમપદના પથિક બનીએ
જ્ઞાનના સહારે સાધનાના સ્વસ્તિક પૂરીએ.
જ્ઞાન દીપકને હાથ ધરો અને આત્મસંપત્તિને વરો
જ્ઞાની કદી હસતો નથી. જ્ઞાની કદી રડતો નથી.
સંસાર કેરા ઝઘડામાંહી, જ્ઞાની કદી પડતો નથી.
જ્ઞાન એ આત્માનું અજવાળું છે.
જ્ઞાન એ હૃદયની રમ્ય રોશની છે.
જ્ઞાન એ જીવન નહિ, ઝળહળતી જ્યોતિ છે.
જ્ઞાન એ કર્મવ્યાધિને દૂર કરવા રામબાણ રસાયણ છે.
જ્ઞાનની આરાધના એટલે ખોવાયેલ
આત્મલક્ષ્મીને 'શોધવાનો કામણગારો કીમિયો

કોડિયું ભલે નાનું હોય પણ તેનો પ્રકાશ ચોમેર પ્રસરે છે... પુષ્પ ભલે નાનકડું હોય પણ તેની સુવાસ સૌને આકર્ષે છે... તેમ જ્ઞાનદીપકને અખંડિત રાખવા... તેના દ્વારા અનેક આત્મમંદિરોમાં શ્રદ્ધાનો પ્રકાશ પાથરવા...તત્ત્વને પમાડવા... જે પ્રયત્ન કર્યો છે... સત્ત્વને ખીલવવા જે શ્રમ કર્યો છે, તે પ્રશંસનીય છે.

આપણું ભવભ્રમણ અજ્ઞાનતાના કારણે અટક્યું નથી પરંતુ સમ્યગ્જ્ઞાનના અભાવે અટક્યું છે. ચારિત્રને પાળીને પણ અભવ્યજીવોનો સંસાર ચાલુને ચાલુ જ રહે છે... તેથી સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયા માટે સૂત્ર અને અર્થસહિતની સમજણ અને શ્રદ્ધા અતિ જરૂરી છે.

સૂત્ર એ દોરા જેવું છે... જ્યારે અર્થ એ સોય જેવો છે.
આત્મમંદિરના બારણાને ખોલવા અર્થ એ ચાવીનું કામ કરે છે.
આત્મખજાનાને શોધવા માટે અર્થ એ સર્ચલાઈટનું કામ કરે છે...

અર્થને સારી રીતે સમજવાથી પ્રવૃત્તિમાં ફલવતી બને એવી પરિણતિ ઉભી થાય છે. આ રીતે સમ્યગ્જ્ઞાન થવાથી આત્માનું ભાન થાય છે, હેય-ઉપાદેયનું જ્ઞાન થાય છે. આ પુસ્તક હેયનું હાનન અને ઉપાદેયનું ઉપાદાન કરાવવા દ્વારા આધ્યાત્મિક વિકાસનું સોપાન બની રહે એજ મંગલ મનોકામના...

આ પુસ્તિકાના માધ્યમથી અધ્યાત્મરસિક જીવો પ્રેરણામૃતને પ્રાપ્ત કરી પરમાર્થને પામવા ભાગ્યશાળી બને... **તે જ શુભાશિષ.**

**-સા. ચંદ્રાનનાશ્રીજી**

# નિવેદન

**'પંચમકાળ જિનબિંબ જિનાગમ ભવિયણ કો આધારા.'**

સારાકાળમાં યોગ્ય આત્માઓને તરવાના અનેક સાધનો હોય છે. પરંતુ પાંચમા આરા જેવા વિષમકાળમાં ભવ્ય પ્રાણીઓને તરવાનું સાધન માત્ર જિન બિંબ અને જિનાગમ છે.

જિનાગમ એટલાં વિસ્તૃત પ્રમાણમાં છે કે, તેને સર્વાંગીણ જોવાની શક્તિ સામાન્ય જનની હોતી નથી. તેથી સામાન્ય માણસ પણ પોતાનું આત્મકલ્યાણ સાધી શકે તે હેતુથી આગમોના સારને ગ્રહણ કરી પૂર્વ પુરુષોએ પ્રાકૃત ભાષામાં અનેક સૂત્રોની રચના કરી છે. આ સૂત્રો અપેક્ષાએ કદમાં નાનાં અને ભાવસભર હોઈ સર્વ કોઈ આ સૂત્રને ભણી પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે.

કદમાં નાનાં એવાં પણ આ એક એક સૂત્રમાં મોક્ષસાધનાનાં રહસ્યો ઠાંસી ઠાંસીને ભરેલાં છે. એક એક સૂત્રમાં હેયભૂત આશ્રવનાં ભાવોનો ત્યાગ કરાવી મોક્ષમાર્ગ માટે ઉપયોગી એવા સંવરભાવને પ્રાપ્ત કરાવવાની અને જડ પ્રત્યેની પ્રીતિને તોડાવી સમગ્ર જીવરાશી ઉપર મૈત્રીભાવ પેદા કરાવવાની અનુપમ શક્તિ જોવા મળે છે. અરિહંતાદિ ઉત્તમ તત્ત્વોનું શરણ, દુષ્કૃત ગર્હા અને સુકૃતની અનુમોદના દ્વારા કર્મના અશુભ અનુબંધોને તોડાવી ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા મોક્ષ સુધી લઈ જવાનું અનુપમ સામર્થ્ય આ સૂત્રોમાં ભરેલું છે.

આ સૂત્રોનાં માધ્યમે જ આફતોમાંથી ઉગરી આત્મકલ્યાણના માર્ગે આગળ વધેલા સુદર્શન શેઠ, અમરકુમાર, સતી શ્રીમતી આદિના અનેક પ્રસંગો શાસ્ત્રોમાં જોવા મળે છે. 'દગમટ્ટી' - આટલાં નાના પદનું ચિંતન કરતાં પોતાનાં કરેલાં દુષ્કૃતોની આલોચના કરતાં અઈમુત્તા મુનિને કેવળજ્ઞાન થયું અને 'ઉપશમ, વિવેક અને સંવર' - આ ત્રણ પદની અનુપ્રેક્ષા કરતાં ચિલાતી પુત્ર કષાયનો ત્યાગ કરી, વિવેકભાવને પ્રાપ્ત કરીને, સર્વ સંવરભાવને ધારણ કરી મુક્તિપથના પથિક બન્યા.

જે સૂત્રનાં એકએક પદની આવી અચિંત્ય શક્તિ છે, તે જ સૂત્ર આપણને સૌને પણ મળ્યા છે અને તે સૂત્રનો ઉપયોગ આપણે રોજની ધર્મક્રિયામાં કરીએ છીએ. આમ છતાં આ સૂત્ર દ્વારા જેવા પ્રકારનો લાભ થવો જોઈએ

તેવો લાભ વર્તમાનના આરાધક વર્ગમાં જોવા મળતો નથી, તેનું મૂળ કારણ એ છે કે, ક્રિયામાં આવતા સૂત્રના ભાવોને સ્પર્શી જે પ્રકારે ભાવક્રિયા થવી જોઈએ તેવી ભાવક્રિયા હજુ થતી નથી. ભાવક્રિયા તો થતી નથી, પરંતુ ભાવનું કારણ બને તેવી પ્રધાન દ્રવ્યક્રિયા પણ હજુ ઘણા કરી શકતા નથી.

આ પ્રધાન દ્રવ્યક્રિયા કોને કહેવાય તે જોઈએ.

**પ્રધાન દ્રવ્યક્રિયા : ભાવનું કારણ બને તેવી દ્રવ્યક્રિયાને શાસ્ત્રકારો 'પ્રધાન દ્રવ્યક્રિયા' કહે છે.** 'ઉપદેશ રહસ્ય' નામના ગ્રંથમાં મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ **પ્રધાન દ્રવ્યક્રિયાનાં ચાર લક્ષણો બતાવ્યા છે.** તેમાં પહેલું છે -

(૧) **'તદર્થાલોચન'** - ક્રિયામાં આવતા તે તે સૂત્રોનાં અર્થની એ રીતે ઉંડાણથી વિચારણા કરવી કે જેથી સૂત્રમાં રહેલા ભાવોને બુદ્ધિથી સમજી શકાય. સમજ્યા પછી તેને હૃદયથી સ્વીકારી શકાય અને તે ભાવોથી અંતરને ભાવિત કરી શકાય.

(૨) બીજું લક્ષણ છે - **'ગુણાનુરાગ'** સૂત્રના અર્થનો જેમ જેમ બોધ થતો જાય, સૂત્રના માધ્યમે આત્મિક ભાવોનું જેમ જેમ ઉત્થાન થાય, તેમ તેમ સૂત્ર, સૂત્રના અર્થ અને સૂત્રના ઉપદેશક અરિહંત ભગવંતો અને સૂત્રના રચયિતા ગણધર ભગવંતો ઉપર તીવ્ર કોટિનો રાગ ઉત્પન્ન થાય. આ સૂત્ર અને સૂત્રને બતાવનાર અરિહંત ભગવંતો અને સૂત્રને રચનાર ગણધર ભગવંતો જ વાસ્તવિક રીતે આત્મિક હિતના કરનાર છે. તે પ્રકારનો તેમના પ્રત્યે અત્યંત બહુમાનભાવ પેદા થાય.

(૩) ત્રીજું લક્ષણ છે - **'અપ્રાપ્તપૂર્વનો હર્ષ'** સૂત્ર અને સૂત્ર બતાવનાર અરિહંતાદિ પ્રત્યે અત્યંત અનુરાગ થવાના કારણે જ થાય કે, અનાદિકાળથી ભટકતા એવા મારા જેવા દરિદ્રને મહાનિધાન તુલ્ય આ અનુષ્ઠાન કરવાનું સદ્ભાગ્ય જે ક્યારેય સાંપડ્યું નહોતું, તે વર્તમાનકાળમાં પ્રાપ્ત થવાથી ખરેખર હું કૃતાર્થ થયો છું. આ પ્રકારનો પ્રશંસાયુક્ત પ્રમોદનો પરિણામ પેદા થાય.

(૪) ચોથું લક્ષણ છે - **'વિધિભંગે ભવનો ભય'** જેના પ્રત્યે પ્રીતિ કે ભક્તિનો પરિણામ પેદા થાય, તેના વચનનું આસેવન વિધિપૂર્વક કરવાની ઇચ્છા થાય તે સહજ છે અને અવિધિથી કરવાથી આ વસ્તુ નહિ મળે એવી સાચી સમજ

પ્રગટવાના કારણે અવિધિનો ભય સતત રહેતો હોય છે. તે જ રીતે અહીં પણ ક્યારેક પ્રમાદાદિના કારણે વિધિમાર્ગનું ઉલ્લંઘન થાય, ત્યારે અરેરે ! આનાથી તો મારો સંસાર ઘટવાને બદલે વધી જશે અને આ ઉત્તમ ક્રિયા પુનઃ પ્રાપ્ત નહિ થાય તો પછી ભવ અટવીમાંથી બહાર નીકળવાની ફરી ક્યારેય તક નહિ મળે એવો ભય રહે છે. આવા ભયના કારણે પણ સાધક અતિ સાવધાની પૂર્વક સૂત્રો વિચારવા લાગે છે અને આવી જાગૃતિ આવવી તે જ તદર્થાલોચનનું ફળ છે.

આ સૂત્રોનાં માધ્યમે કરવામાં આવતી ક્રિયા ભાવક્રિયા સ્વરૂપ બનવી જોઈએ. જ્યાં સુધી એ ક્રિયા ભાવક્રિયા ન બને ત્યાં સુધી પ્રધાન કોટિની દ્રવ્યક્રિયા તો બનવી જ જોઈએ. આ ક્રિયાને પ્રધાન કોટિની દ્રવ્યક્રિયા બનાવવા માટે સૂત્રાર્થનું જ્ઞાન અત્યંત જરૂરી છે. સૂત્રનો અર્થ સામાન્યથી સમજ્યા પછી તેના ઉપર ઊંડું ચિંતન કરવામાં આવે, એક-એક શબ્દ ઉપર અનુપ્રેક્ષા કરવામાં આવે અને ચિંતન, મનન અને ધ્યાન દ્વારા તે સૂત્રથી આત્માને જ્યારે ભાવિત બનાવવામાં આવે ત્યારે જ કરાતી ક્રિયા ભાવક્રિયા બની શકે.

સર્વ ક્રિયાઓને ભાવસભર બનાવવા માટે જ આ સૂત્રાર્થ લખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જો કે આજ સુધીમાં પંચપ્રતિક્રમણ સૂત્રોના અર્થ ઉપર અનેક ગીતાર્થ ગુરુ ભગવંતોએ, તેમજ વિદ્વાન શ્રાવકોએ પ્રકાશ પાડેલ જ છે. પૂર્વધર પુરુષોએ આવશ્યક સૂત્રો ઉપર પંચાંગીની રચના પણ કરી છે. તો પણ ભાવાત્મક રૂપે સૂત્રના અર્થનું લખાણ થાય તો આજના કાળનાં બાળજીવોને વિશેષ ઉપકારનું કારણ બની શકે તેવા ઉદ્દેશથી જ માત્ર શબ્દાર્થ ઉપર લક્ષ્ય ન રાખતાં તે તે શબ્દો, પદો કે સૂત્રો બોલતાં હૃદયમાં કેવા ભાવો હોવા જોઈએ, તે વસ્તુ ઉપર આ લખાણમાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે. વળી, આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં એક એક શબ્દના અનેક અર્થ, નય, નિક્ષેપાદિ કરેલ છે, છતાં આજના જીવો સામાન્યથી જેટલા ભાવોનું સ્ફુરણ કરી શકે તેટલા જ મુખ્ય અર્થ અહીં લેવામાં આવ્યા છે.

આ કોઈ વિશિષ્ટ લેખકનું લખાણ નથી, કોઈ સાહિત્યકારની આ કૃતિ નથી કે કોઈ વિદ્વાનનું બનાવેલ આ પુસ્તક નથી. આ પુસ્તકમાં લખાયેલાં ભાવો તો શાસ્ત્રાધારે સદ્-અનુષ્ઠાન માટે યત્ન કરતા એક સાધકના શાસ્ત્રસંમત ભાવો જ છે. આ ભાવનો સ્રોત સામાન્ય જનને માટે પણ ઉપકારી બની શકે તે આશયથી જ આ લખાણ તૈયાર થયેલ છે.

અર્થનો નિર્ણય કરવા માટે ઘણા સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોની અને ગુજરાતી

વિવેચનાને રજૂ કરતાં પુસ્તકોની તથા સુશ્રાવક શ્રી પ્રવિણભાઈ મોતાની જરૂર પડે સહાય પણ લીધી છે. ઘણાં સ્થળે જ્યાં સીધા શાસ્ત્રવચનો ઉપલબ્ધ થયાં નથી ત્યાં સ્વ-ક્ષયોપશમ અનુસાર પણ અર્થ કરેલ છે. એવા સ્થળે 'મને આમ લાગે છે' તેવો ઉલ્લેખ કર્યો છે.

'સૂત્ર સંવેદના'નું વાંચન કરતાં સામાન્ય અર્થ તો પ્રાપ્ત થશે જ પરંતુ ઘણાં સ્થળે વિશેષ વિચારવાની અનેક દિશાઓ ખૂલશે. વળી, અનુપ્રેક્ષા કરતાં કરતાં અનેક શંકાના સમાધાન થશે. વળી, અનેક નવી જિજ્ઞાસાઓ પણ પ્રગટશે. કોઈક સ્થળે થોડું ઊંડાણ પણ જોવા મળશે પરંતુ વિશેષ અભ્યાસુ માટે તો તે દિશાસુચન માત્ર જ રહેશે.

આ પુસ્તકમાં શબ્દાર્થ કરતાં મુખ્યતયા એ બતાવવામાં આવ્યું છે કે તે તે સૂત્ર બોલતા કયા ભાવોથી હૈયાને ભાવિત કરવું. કેમકે, આ લખાણનો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે, સૂત્રાર્થને વાંચવા-ભણવા દ્વારા યોગ્યાત્માઓ તે તે સૂત્રનાં ભાવને હૈયામાં સ્થિર કરી, તે તે ભાવોથી આત્માને ભાવિત કરી ભાવપૂર્વકની ક્રિયા કરી શકે. તેથી પ્રત્યેક સૂત્ર કે પદોને બોલતાં કેવો ભાવ ઉલ્લસિત કરવો જોઈએ તે વસ્તુ ખાસ બતાવી છે. શબ્દ અને ભાષાની મર્યાદા હોવાથી હૈયાના ઘણા ભાવો લખાણમાં રજૂ કરી શકાયા નથી, છતાં શક્તિ પ્રમાણે પ્રયત્ન કર્યો છે.

આમાં પ્રગટ કરેલ સૂત્રના સર્વ ભાવોમાં શાસ્ત્રનો આધાર ચોક્કસ રાખવામાં આવ્યો છે. શક્ય સર્વ કાળજી રાખવા છતાં અજ્ઞાન, પ્રમાદ કે અભિવ્યક્તિની અણઆવડતના કારણે આમાં સૂત્રકારના આશય વિરુદ્ધ કે પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ જે કાંઈ લખાયું હોય, તે માટે હું મિથ્યા દુષ્કૃત ચાહું છું અને ગુણગ્રાહી બહુશ્રુતોને અંતરથી પ્રાર્થુ છું કે તેઓ મને મારી ક્ષતિઓ જણાવે. જેથી પુનઃ તેમાં સુધારો થઈ શકે !

હું જાણું છું કે ક્ષયોપશમભાવને કારણે સંપૂર્ણ ક્ષતિમુક્ત અને સર્વને સ્પર્શી શકે તેવું કથન થઈ શક્યું નથી, તો પણ દેવગુરૂની કૃપાથી સ્વ-પરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સર્વને આત્મલાભનું કારણ બને એ જ અંતરેચ્છા.

**- લિ. સા. પ્રશમિતાશ્રી**

**માગસર સુદ-૧૧, વિ. સં. ૨૦૫૭,**

**હસ્તગિરિ મહાતીર્થ**

## પ્રવેશક

## તત્ત્વ સંવેદન - આરાધનાનું એક આવશ્યક

*'સૂત્ર સંવેદના'* એક રીતે વિશિષ્ટ પુસ્તક છે. એટલું જ નહિ, પણ અધ્યાત્મ માર્ગના આરાધક માટે ખૂબ આવશ્યક છે. આપણા જીવે ગત જન્મોમાં આરાધના તો કરી હશે, જેને પ્રતાપે અહીં સુધી આવી પહોંચ્યા છીએ અને આવાં પુસ્તકો વાંચવા માટે તત્પર થયા છીએ. બાકી આ કાળમાં આવું વાંચન કરવાની પ્રીતિ પણ જીવોને ભાગ્યે જ થાય છે અને જ્યાં પ્રીતિય ન હોય ત્યાં પ્રયત્ન તો થાય જ ક્યાંથી ? કદાચ આપણે કેટલાય જન્મોના આરાધક હોઈશું, છતાંય આજ સુધી આપણે સંસારમાં રખડીએ છીએ અને આપણું ઠેકાણું પડ્યું નથી. તેનું એક કારણ એ લાગે છે કે, આપણે મોટે ભાગે ઓઘ સંજ્ઞાથી આરાધના કરી હશે. જે કેટલાક જીવો ઓઘસંજ્ઞાથી આરાધના માર્ગમાં આગળ વધ્યા હશે, તેઓ પણ ઘણું ખરું દ્રવ્યક્રિયા ઉપર જ એટલે કોરી ક્રિયા ઉપર જ અટકી ગયા હશે. આ તો એવી વાત થઈ કે, મોક્ષમાર્ગ વિષે સાંભળ્યું, તે જોયોય ખરો અને તેના ઉપર યાત્રાય કરી, પણ ક્યાંક કંઈક ચૂકી ગયા, જેને પરિણામે મુકામ ઉપર પહોંચી શક્યા નહિ અને સમગ્ર યાત્રા કેવળ એક કવાયત જેવી બની ગઈ. આપણે ક્યાં ચૂકી ગયા અને શું ચૂકી ગયા, તેની વાત એક રીતે સાધ્વીશ્રી પ્રશમિતાશ્રીજીએ આ પુસ્તકમાં કરી છે અને આગળનો માર્ગ સ્પષ્ટ કરી બતાવ્યો છે.

સમગ્ર જૈન ધર્મના પાયામાં 'કર્મ'ની વાત રહેલી છે. સકળ કર્મક્ષય કર્યા વિના કોઈનો મોક્ષ થયો નથી અને થવાનો પણ નથી. આપણો આત્મા કર્મથી ખરડાયેલો છે - કર્મોથી લદાયેલો છે અને આ બધા કર્મોને ખપાવ્યા વિના તે પરમ ઐશ્વર્યને ક્યારેય પ્રાપ્ત નહિ કરી શકે. તેથી સમગ્ર સાધનાનો સાર એક જ વાતમાં આવી ગયો કે, કેવી રીતે કર્મક્ષય કરી શકાય ? અને આટ આટલી સાધના-આરાધના કરવા છતાંય આપણે આજ સુધી કેમ સકળ કર્મોનો ક્ષય ન કરી શક્યા, તે વાત પણ વિચારવી રહી.

કર્મરહિત થવા માટે જીવે બે પાંખિયો વ્યૂહ અપનાવવો પડે છે. એક તો નવાં કર્મોને આવતાં રોકવાનો અને બીજો સદંતર ન રોકી શકાય તો બને તેટલા ઓછામાં ઓછાં કર્મોનો આશ્રવ થાય તેવી વ્યવસ્થા કરવાનો. બીજી બાજુ જીવે ભવોભવથી સંચિત થયેલાં કર્મોને આત્મા ઉપરથી છૂટાં પાડી ખંખેરી નાંખવાનો જેને નિર્જરા કહે છે. આ બંને વાતો સિદ્ધ કરવા માટે સકળ આરાધના માર્ગ ચાતરવામાં આવ્યો છે અને તેનાં વિધિવિધાન ગોઠવવામાં આવ્યાં છે.

આ વિધિવિધાનો એટલે સૂત્રો જેને સહારે આરાધના કરવાની હોય છે. સૂત્રોના રચયિતા ગણધર ભગવંતો છે અને તે સૂત્રો આપણા સદ્ભાગ્યે આજ સુધી સાંગોપાંગ જળવાયાં છે. આ બધાં સૂત્રોને આધારે બધી ધર્મક્રિયાઓ કરવામાં આવે છે, પણ ખાટલે મોટી ખોટ એ છે કે, આપણે એ સૂત્રોનું મોટે ભાગે સમજ્યા વિના રટણ કરીએ છીએ. જેને પરિણામે તેમાંથી જે શક્તિ ઉત્પન્ન થવી જોઈએ અને જેટલા પ્રમાણમાં થવી જોઈએ તેટલી થતી નથી. પરિણામે ખાસ કર્મક્ષય થતો નથી. સૂત્રોનું રટણ કર્યાથી જીવને લાભ થાય છે, પણ તે બહુ સામાન્ય હોય છે. જ્યાંથી કરોડો મળે તેમ હોય ત્યાંથી કોડિઓ લઈને પાછા ફર્યા જેવો આપણો ઘાટ થાય છે.

જો આપણે સૂત્રોને સમજીને ભાવ સાથે આપણી ધર્મક્રિયાઓ કરીએ તો તેનાં તે જ સૂત્રોમાંથી અનર્ગળ શક્તિ ઉત્પન્ન થાય જે થોકબંધ કર્મોની નિર્જરા કરી શકે - નાશ કરી શકે. વળી ભાવપૂર્વક બોલાયેલાં સૂત્રોથી નવાં આવતાં કર્મો રોકાય છે અને સારો એવો સંવર સધાય છે. વળી, તે સમયે જે કર્મોનો આશ્રવ થાય છે, તે પણ શુભ કર્મોનો આશ્રવ હોય છે. સૂત્રોમાં શબ્દનું મહત્ત્વ છે, પણ તેના કરતાંય કેટલાય ગણું મહત્ત્વ તેના ભાવમાં રહેલું છે. એક વ્યવહારિક વંદન જેવી સામાન્ય ક્રિયા પણ જો ભાવ વિહોણી હોય છે; તો તેની બોલનાર કે વંદન ઝીલનાર ઉપર કંઈ ખાસ અસર નથી પડતી. જ્યારે અહીં તો વાત છે ધર્મની આરાધનાની. જેમાં આપણે દેવ-ગુરુ અને ધર્મ જેવાં સર્વશક્તિમાન તત્ત્વ સાથે સંપર્ક સાધવાનો હોય છે. આવાં અનર્ગળ શક્તિથી સંપન્ન તત્ત્વોનો આવિર્ભાવ આપણે સૂત્રોને સહારે કરવાનો હોય છે. સૂત્ર શબ્દોમાં હોય છે અને શબ્દો અક્ષરોના બનેલા હોય છે. અક્ષરમાં અનંત શક્તિ રહેલી હોય છે. પણ તેને આપણે જગાડવાની હોય છે અને તે જગાડવા માટે આપણે સૂત્રોમાં પ્રાણ પૂરવા પડે છે. આ પ્રાણ ફૂંકવાની ક્રિયા એટલે સૂત્રનું સંવેદન. સૂત્રનું જ્યારે આપણને સંવેદન થાય છે, ત્યારે સૂત્ર સજીવન બની જાય છે અને ત્યાર પછી તેમાંથી અનર્ગળ શક્તિ બહાર પડે છે જે આપણામાં રહેલાં અનંતા કર્મોનો ક્ષય કરવા માટે સક્ષમ હોય છે.

વિદુષી સાધ્વીશ્રી પ્રશમિતાશ્રીજીએ 'સૂત્ર સંવેદના'ની વાત કરીને આરાધના માર્ગની એક અતિ મહત્ત્વની અને આવશ્યક વાત તરફ સૌ આરાધકોનું ધ્યાન દોર્યું છે એટલું જ નહિ, પણ સૂત્ર સંવેદનાનો આખો માર્ગ ચીતરી બતાવ્યો છે. જેથી આરાધક ક્યાંય ભૂલો ન પડે અને સરળતાથી તે માર્ગ પકડીને છેક મુક્તિના મુકામ સુધી પહોંચી શકે. સૂત્રની સંવેદના માટે ભાવ જોઈએ. સૂત્રનો અર્થ જાણ્યા વિના ભાવ થાય નહિ અને શબ્દનો મર્મ સમજ્યા વિના સૂત્રનો અર્થ સમજાય નહિ. આમ, સૂત્ર સંવેદના કંઈ નાનીસૂની વાત નથી. એ માટે ઘણી બધી પૂર્વતૈયારી કરવી પડે છે અને ક્ષમતા કેળવવી પડે છે. આપણે ત્યાં કહેવાય છે કે, એક જ નમસ્કાર મંત્ર

જો યથા-તથા કરાયેલો હોય તો તે જીવને સંસારસાગર તરી પાર ઉતારવા માટે સમર્થ નીવડે છે. તેમાં કંઈ અતિશયોક્તિ નથી. પણ તેની પાછળ રહેલી વાત સમજવાની છે. જો સંવેદનાપૂર્વક નવકાર મંત્રની આરાધના થઈ હોય તો તેવો એક જ નવકાર એટલો સમર્થ-શક્તિશાળી બની જાય છે કે, જીવ અનેક જન્મોથી આત્મા ઉપર લાગેલાં કર્મોની નિર્જરા કરવા સક્ષમ બની રહે છે.

પુસ્તકમાં નિરૂપણ કરવામાં આવેલ સૂત્રોમાંથી આપણે એક સૂત્ર-ખમાસમણ સૂત્રની વાત કરીએ. તેને વિશે ચર્ચા કરતાં સાધ્વીશ્રી જણાવે છે કે, **"ગુણવાન પ્રત્યેનો આદર જ ગુણની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર કર્મોનો નાશ કરે છે. આ રીતે વંદન કરનાર સાધક માટે આવો આદર જ ગુણપ્રાપ્તિનું કારણ બને છે."**

હવે જો ખમાસમણ બોલતી વખતે ક્ષમાદિ વિશિષ્ટ ગુણોવાળા ગુરુ પ્રતિ આદર જ ન હોય અને આદર વિના જ આ સૂત્રનું પોપટિયું રટણ કર્યું હોય તો તે ગુણપ્રાપ્તિને અવરોધનાર કર્મોનો નાશ કરવા માટે સક્ષમ નથી બનતું અને સાધક આ સૂત્ર બોલીને કેટલીય વાર ખમાસમણાં લેવા છતાંય ખાસ લાભાન્વિત નથી થઈ શકતો.

સાધ્વીજી આ જ સૂત્રની છણાવટ કરતાં આગળ ઉપર લખે છે કે, "હે ક્ષમાશ્રમણ! આ શબ્દપ્રયોગ કરતાં જ ક્ષમાદિ દશે યતિધર્મનું સેવન કરતી વિશિષ્ટ ગુણસંપન્ન વ્યક્તિને હું ઇચ્છાપૂર્વક વંદન કરું છું, તેવો ભાવ ઉલ્લસિત થાય છે. તેને કારણે પોતે ગુણને અભિમુખ થાય છે અને પોતાના કષાયો વંદન કાળમાં શાંત થાય છે. આથી જ વંદન કરવાથી ક્ષમાભાવને અટકાવનાર કર્મનો પણ નાશ થાય છે."

હવે જો આ સૂત્ર બોલનાર વ્યક્તિને ક્ષમાદિ દસ ગુણોનો ખ્યાલ જ ન હોય અને તે પ્રતિ આદર જ ન હોય તો તેનું મન આવા ભાવથી ઉલ્લસિત નહિ થવાનું અને ક્ષમાદિ ગુણોને આવૃત્ત કરનાર કર્મોનો ખાસ ક્ષય પણ નહિ થવાનો.

લેખિકા આ જ વાતને આગળ ધપાવતાં કહે છે "ઈચ્છામિ ખમાસમણો... બોલતાં મોક્ષમાર્ગના ઉપકારી ક્ષમાદિ ગુણયુક્ત પુરુષો હૃદયસ્થ હોય, તેમના પ્રત્યે હૈયામાં અત્યંત બહુમાનભાવ હોય અને આવા ગુણો મેળવવાની ઇચ્છા હોય તેવા આત્માઓને જ આ પદ બોલતાં ક્ષમાભાવને અટકાવનાર કર્મનો નાશ વગેરે ઉપર કહેલા લાભો થવાની સંભાવના છે, અન્યને નહિ."

આ વાતનો મર્મ કે અર્થ એ થાય કે જેઓ ખાલી ચીલાચાલુ રીતે ગાડી ગબડાવતા હોય, તેમ સૂત્ર બોલીને વંદન કરે છે, તેમને વર્ષોનાં વર્ષો સુધી વંદનની ક્રિયા કરવા છતાંય કંઈ ખાસ લાભ નહિ થવાનો. આમ સૂત્રમાં આવતા શબ્દોના અર્થને સમજ્યા વિના તેની પાછળ ગર્ભિત રહેલા ગુણોનો ખ્યાલ જ આવવાનો નહિ. ગુણોનો ખ્યાલ

આવ્યા વિના તેના પ્રતિ આદર પણ ક્યાંથી થવાનો ? જ્યાં આદર જ ન હોય ત્યાં ભાવોલ્લાસની વાત જ ક્યાં રહી ? ભાવોલ્લાસ વિના તત્ત્વ સંવેદન નહિ અને તત્ત્વ સંવેદન વિનાની ક્રિયા કેવળ દ્રવ્યક્રિયા બની રહેવાની. આવી ભાવ વગરની, સંવેદન વિનાની ક્રિયા કે સૂત્રનું પોપટિયા રટણ કે જલ્પ કર્મોની કેટલી નિર્જરા કરી શકે અને ગુણપ્રાપ્તિમાં કેટલું સહાયક નીવડે ?

સાધ્વી પ્રશમિતાશ્રીજી તેમના લખાણમાં પ્રત્યેક સૂત્રનો પ્રથમ પરિચય કરાવે છે, પછી મૂળ સૂત્ર બતાવે છે. ત્યાર પછી સૂત્રનો અન્વય, છાયા અને શબ્દાર્થ કરી આપે છે. પછી તેનો વિશેષાર્થ કરી બતાવે છે. જેમાં તેઓ તેની સાથેની સંલગ્ન બધી બાબતોના સંદર્ભ આપે છે. જેથી વાચક આરાધક સૂત્રને, તેના શબ્દાર્થને અને વિશેષાર્થને સમજી શકે. આ રીતે ભાવિત થયેલો આરાધક જો સૂત્ર બોલીને આખી ક્રિયા કરે અને તેની સાથે તેનું તત્ત્વ સંવેદન કરતો જાય તો જ આખી ક્રિયા અમૃતક્રિયા બની રહે. પરિણામે સાધકને ગુણપ્રાપ્તિ થાય અને અનંત નિર્જરાનો લાભ મળે.

વાતનો સાર એટલો જ છે કે, તત્ત્વ સંવેદન વિના કરાતી ક્રિયાઓનું ફળ સામાન્ય અને અલ્પ હોય છે. માટે આપણે તત્ત્વ સંવેદનની વાતને જરા સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ. સંવેદનને તો મોટે ભાગે લોકો સમજે છે અને પળેપળે અનુભવે છે. સંવેદના ચેતનાનો-જીવનો ગુણ છે. જડને સંવેદન નથી હોતું. જીવમાત્ર સાનુકૂળ પરિસ્થિતિમાં સુખદ સંવેદન અનુભવે છે અને પ્રતિકૂળ વિષયોમાં કે સંજોગોમાં દુઃખની અનુભૂતિ કરે છે. તેથી તો જીવ માત્ર સાનુકૂળ સંવેદન મળે તે તરફ સરકે છે અને પ્રતિકૂળ સંવેદનથી દૂર રહેવા મથે છે. જીવની સંવેદનની આ પરિણતિ રાગ અને દ્વેષના ઘરની હોય છે. જીવ જ્યાં સુધી બહિરાત્મ દશામાં હોય છે, ત્યાં સુધી તેને રાગવાળા વિષયોમાં સુખનું સંવેદન થાય છે અને દ્વેષવાળા વિષયો પરત્વે દુઃખનું સંવેદન થાય છે.

જીવ જ્યારે અંતરાત્મ દશામાં આવે છે કે આવવા માંડે છે, ત્યારથી તેને ઈન્દ્રિયોના વિષયોનું સંવેદન એટલું સુખદ કે દુઃખદ નથી લાગતું. રાગ-દ્વેષના ભાવો પાતળા પડતાં જીવની વીતરાગ ચેતના સચેત થાય છે અને આવી ચેતના જે સંવેદન કરે છે, તે તત્ત્વ સંવેદન હોય છે. તત્ત્વ સંવેદન કષાયરહિત હોય છે. આત્માના ગુણોની વાત આવતાં કે તેના પ્રગટીકરણ વખતે જીવ જે સંવેદન અનુભવે છે, તે કર્મોની અનર્ગળ નિર્જરા અને સબળ સંવરનું કારણ બની શકે છે. તેવા સમયે જીવ જે કાંઈ કર્મનો આશ્રવ કરે છે, તે મહદ્ અંશે પુણ્યાનુબંધી પુણ્ય કર્મનો જ હોય છે.

આપણા પ્રત્યેક સૂત્રોના ઉચ્ચારણ સાથે અને તેની સાથે લેવાતી ક્રિયા વખતે જો આરાધક આવું તત્ત્વ સંવેદન કરતો રહે તો તે ઝપાટાબંધ મોક્ષમાર્ગે આગળ વધતો

જાય. જીવ જ્યારે સંપૂર્ણતયા વીતરાગ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યાર પછી તે જે સંવેદન અનુભવે છે તેમાં કોઈ ભાવ નથી હોતો. પણ તેમાં તો કેવળ અસ્તિત્વનો આનંદ હોય છે. પણ આ વાત તો છેક પરમાત્મદશાની છે.

આપણો સમગ્ર અધ્યાત્મ માર્ગ બહિરાત્મ દશામાંથી અંતરાત્મ દશામાં આવવા માટેનો છે અને તત્ત્વ સંવેદન કરતાં કરતાં છેક વીતરાગ અવસ્થા-શુદ્ધ અવસ્થા સુધી પહોંચવા માટેનો છે. આ માર્ગ તત્ત્વ સંવેદનસહ થતા સૂત્રાર્થ અને ક્રિયા દ્વારા પાર કરી શકાય છે. માટે સૂત્ર સંવેદનાનું અતિ મહત્ત્વ છે. તત્ત્વ સંવેદન વિનાની આપણી બધી ધર્મક્રિયાઓ નિષ્પ્રાણ દ્રવ્યક્રિયાઓ જ બની રહે છે અને સકળ કર્મોનો ક્ષય કરી શકે તેવી ઊર્જા તેનાથી ઉત્પન્ન થઈ શકતી નથી.

આપણી પ્રત્યેક ધર્મક્રિયાઓ સાથે સંલગ્ન થયેલાં સૂત્રોના જો આપણે અર્થ સમજીએ, પછી તેનું વિધિસર ઉચ્ચારણ કરીએ અને તેની સાથે આપણામાં ભાવોલ્લાસ આવતો જાય અને તે ક્ષણિક ન રહેતાં, લાંબો સમય ટકી રહે અને વળી તેની પરંપરા સર્જાતી રહે તો તત્ત્વ સંવેદન સ્થિર થાય અને આવું તત્ત્વ સંવેદન આત્માને મુક્તિધામ સુધી પહોંચાડ્યા વિના રહે નહિ. સાધ્વીશ્રી પ્રશમિતાશ્રીજીએ આ લક્ષ્યને નજરમાં રાખીને 'સૂત્ર સંવેદના' લખવાનું ભગીરથ કાર્ય હાથ ઉપર લીધું છે અને તેના પરિપાકરૂપે તેનો પ્રથમ ભાગ બહાર પડી રહ્યો છે. જેમાં નમસ્કાર મહામંત્રથી સામાઈય વયજુત્તો સુધીનાં અગિયાર સૂત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને પ્રત્યેક સૂત્રનું વિશદ્ વિવેચન કરવામાં આવ્યું છે. આરાધક જો પ્રત્યેક સૂત્રને યથા-તથા સમજીને તત્ત્વ સંવેદનસહ પ્રત્યેક ક્રિયા કરતો થઈ જશે તો મોક્ષ તેનાથી ઝાઝા ભવો સુધી દૂર નહિ રહે. પણ પ્રશ્ન છે આવા આરાધકોનો. કદાચ આવા આરાધકોનો વર્ગ મર્યાદિત રહે, પણ છેવટે તો મુમુક્ષુ જીવોને નજરમાં રાખીને જ 'સૂત્ર સંવેદના' લખાયેલું છે અને લખાઈ રહ્યું છે એટલે તે બાબતે ઝાઝી ચિંતા કરવા જેવું નથી. આરાધક માત્રને અતિ ઉપકારક થઈ પડે તેવા આ પુસ્તકનું સર્જન કરીને સાધ્વીશ્રી પ્રશમિતાજીએ અનેક મુમુક્ષુ જીવો માટે આરાધના માર્ગ સ્પષ્ટ અને સુલભ કરી આપ્યો છે. તેમના આ માર્ગની અનુમોદના કરવાની મને આ રીતે જે તક મળી છે, તેનો મને આનંદ છે. આ જ્ઞાનધારાનું સાતત્ય જળવાઈ રહે અને તેનો લાભ લઈને અનેક જીવો મળેલા મનુષ્ય ભવનો ઉત્તમ રીતે ઉપયોગ કરી લે તેવી પ્રાર્થના સાથે અહીં હું વિરમું છું.

**'સુહાસ', ૬૪, જૈનનગર,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

**- ચંદ્રહાસ ત્રિવેદી**
**તા. ૩૦-૧૧-૨૦૦૦**

# પ્રથમ આવૃત્તિ વેળાની
# પ્રકાશકના હૈયાની વાત...

સંસારની વિષમ પરિસ્થિતિમાંથી પસાર થતાં દુઃખમય સંસારની અસારતા તો આપોઆપ સમજાઈ જાય છે, પણ પુણ્યોદયથી જ્યારે સદ્‌ગુરુનો યોગ થાય છે ત્યારે જ સુખમય સંસાર પણ અસાર છે તે વાત સચોટ રીતે સમજાય છે. અમારા કોઈ ઉત્કૃષ્ટ પુણ્યોદયે જન્મ્યા ત્યારથી **પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો** સુયોગ સાંપડ્યો હતો. તેમની અમૃતમય વાણીનું પાન કરતાં સમજાયું કે સંસારનું સુખ ભૂંડું છે અને નિરંતર સુખ તો મોક્ષમાં જ છે અને મોક્ષની પ્રાપ્તિ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિથી થાય છે.

આ કારણે જ શાસ્ત્ર-અભ્યાસ કરવાનું મન ઘણીવાર થતું. પરંતુ પ્રમાદાદિ કારણે એ સાકાર થઈ શક્યું નહિ. એકવાર દેવ-ગુરુની પરમકૃપાથી અનાયાસે પ્રાપ્ત થયેલા શુભ મુહૂર્તે **પરમ વિદુષી ચંદ્રાનનાશ્રીજી મહારાજ સાહેબનો** સુયોગ સાંપડ્યો. પ્રથમ દર્શને જ શાસ્ત્રાભ્યાસ કરવાની સુષુપ્ત ઇચ્છા જાગૃત થઈ. હૈયાની વાત હોઠ ઉપર આવી ગઈ. વાત્સલ્યની સાક્ષાત્ મૂર્તિ એવા તેઓશ્રીએ અમારી ભૂમિકાનો વિચાર કરીને અમોને **'જય વીયરાય'** સૂત્રના અર્થ કરાવવાની શરૂઆત કરી. પહેલા દિવસે જ અમો આફરીન થઈ ગયા. અભ્યાસ ચાલુ જ રાખવાનો સંકલ્પ કર્યો. તેઓશ્રીની નાદુરસ્તીના કારણે અમારો પાઠ તેઓશ્રીએ પરમ પૂજ્ય **સા. પ્રશમિતાશ્રીજી મહારાજને** સોંપ્યો અને અમારો નિયમિત અભ્યાસ શરૂ થયો.

તે વખતે મારી વયના ચાર દાયકા વીતી ગયા હતા, ધર્મ કરવાને સમય જાણે વહી જતો હતો. મારી અને મારી સાથે અભ્યાસ માટે આવતી મારી દીકરીઓ તથા બીજી જિજ્ઞાસુ બહેનો વચ્ચે વયની દૃષ્ટિએ વિષમતા હોવા છતાં સાક્ષાત્ ગણધર ભગવાનની વાણીનો મર્મ પૂજ્યશ્રી એટલી સૂક્ષ્મતાથી અને સરળતાથી સમજાવતા કે ઉંમર, સંસ્કાર અને ક્ષયોપશમની મર્યાદાને ઉલ્લંઘીને અમને સૌને કાંઈક અનોખું અને અદ્‌ભુત પ્રાપ્ત થવાની અનુભૂતિ થવા લાગી.

અતિ અલ્પમતિથી પણ જ્યારે અમો સૂત્રાર્થનું શ્રવણ કરતાં ત્યારે અરિહંતનું સ્વરૂપ, તેમના ગુણો, તેમના યોગનું ઐશ્વર્ય અને સૌથી વધુ તો

તેમની કરૂણાનું આબેહૂબ ચિત્ર અમારા માનસપટ ઉપર તૈયાર થતું ગયું.

સૂત્રાર્થનો અભ્યાસ કરાવતાં કરાવતાં તેમણે અમને જીવન જીવવાની દિશા બતાવી. "પંચપરમેષ્ઠી માત્ર આપણા ઉપકારી છે એટલું જ નહીં પણ એ અવસ્થા જ આપણું ધ્યેય છે" એવો નિર્ણય કરાવ્યો અને તે માટે પંચાચારનું પાલન એ જ સુખનો માર્ગ છે, એમ પ્રતીતિ થવા લાગી. અરિહંતાદિનું વર્ણન સાંભળતાં જ રાગદ્વેષાદિ આંતરશત્રુઓ ઓળખાયા. શત્રુઓની સતામણ કેવી છે એ સમજાયું. આત્મા, પુણ્ય, પાપ અને પરલોક પ્રત્યેની આસ્થા વૃદ્ધિ પામતી ગઈ. આત્મભાવ પામવા માટે અને પરલોક સુધારવા માટે શું કરવું જોઈએ, તેનો ઉપાય માનસપટ ઉપર કંઈક ઉપસ્થિત થવા લાગ્યો.

આર્યદેશના સંસ્કારી કુટુંબમાં ગૃહિણી તરીકે જીવન ગુજારતાં કે કર્માધીન બનીને વેપાર કરતાં જે વિચારશક્તિ નહોતી ખીલી તેટલી વિચારકતા આ સૂત્રાર્થ ભણતા ખીલવા લાગી. અનાદિ-અનંતકાળ સુધી ભટકતા આપણી શું હાલત થશે એ જાણીને જે મૂંઝવણ થતી તેની સામે આપણી રોજબરોજની આર્થિક, સામાજિક કે પારિવારિક મૂંઝવણની કોઈ વિસાત ન લાગી. આ ગણધર ભગવંતની વાણી સાંભળતા વાસ્તવિકતાનું ભાન થતાં એવી ચિંતા થવા લાગી કે, આપણું શું થશે. ત્યારે કરુણાપરાયણ ગુરુદેવે કહ્યું કે, ભલેને તમે વિશિષ્ટ તપ-જપ ન કરી શકો. જો બોધ અને શ્રદ્ધાપૂર્વક માત્ર આવશ્યક ક્રિયાઓ કરશો તો પણ તમે માર્ગ ઉપર આગળ ઝડપથી વધી શકશો.

મોક્ષમાર્ગ ઉપર ચાલવા માટે જ પૂ. સાધ્વીજી ભગવંતે અમોને સૂત્રોના અર્થ કરાવ્યા હતા. તેઓશ્રીએ સૂત્રાર્થનું જ્ઞાન માત્ર શબ્દથી નહોતું કરાવ્યું, અર્થનું જ્ઞાન માત્ર માહિતી માટે નહોતું આપ્યું, પરંતુ આવશ્યક ક્રિયા દ્વારા આત્માને કેમ નિર્મળ બનાવવો તે શીખડાવવા આપ્યું હતું. તેઓશ્રી હંમેશા કહેતા કે, આ સૂત્રાર્થના જ્ઞાન દ્વારા તમારે ક્રિયા કરતાં કેવા ભાવો કરવા, કેવી સંવેદનાઓનો અનુભવ કરવો તે ખાસ સમજવાનું છે. તેમનું લક્ષ્ય હંમેશા ક્રિયાને આત્મલક્ષી બનાવવાનું રહેતું. ક્રિયા પૂર્વે આત્મશુદ્ધિનું કે મોક્ષપ્રાપ્તિનું પ્રણિધાન થાય તો જ ક્રિયા સુયોગ્ય બને - એમ તેઓશ્રી વારંવાર કહેતા.

મૂંઝવણનો ઉકેલ સામે હતો, પરંતુ ક્ષયોપશમની અલ્પતાને કારણે મને તો વધુ મૂંઝવણ થતી હતી કે, હું આ અર્થને યાદ કઈ રીતે રાખું અને એને ક્રિયા કરતા કઈ રીતે ઉપસ્થિત કરું ? તેથી સાહેબને વિનંતી કરી કે, આપ આ

અર્થનું ભાવસભર લખાણ કરી આપો તો અમે એનું વારંવાર પઠન-મનન કરી શકીએ અને તેના આધારે અમારો પ્રયત્ન પણ કંઈક સફળ બની શકે.

કૃપાળુ ગુરુદેવે અમારી વિનંતીનો સ્વીકાર કરી લખાણ તૈયાર કરી આપ્યું. તેઓશ્રીએ જેટલી મહેનત કરી લખાણ કરી આપ્યું છે, તેટલી કે તેથી અધિક મહેનત જો ધર્મક્રિયામાં થાય તો યત્કિંચિત ઋણમુક્ત બની શકાય. આ સિવાય ઋણમુક્તિનો અન્ય ઉપાય જણાતો નથી.

પ્રત્યક્ષથી જેટલું મળ્યું છે, તેની સામે લખાણથી પ્રાપ્ત થતું જ્ઞાન જો કે ઘણું અલ્પ છે, તો પણ આ જ્ઞાન ઘણાને સત્ક્રિયામાં ઉપયોગી નીવડશે, તેમ વિચારીને જ મેં આ લખાણ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે. આ પ્રકાશનના માધ્યમે જે જ્ઞાન મને મળ્યું છે, તે જ્ઞાન અનેક તત્ત્વજિજ્ઞાસુઆત્મા સુધી પહોંચે અને તેઓ આનો વધુ લાભ ઉઠાવે તે જ અંતરની ઇચ્છા છે.

આપ સૌ સુધી આ લખાણને પુસ્તકાકારે પહોંચાડવા માટે અનેક પુણ્યાત્માઓએ જુદી જુદી રીતે મહેનત કરી છે.

**પ. પૂ. ચંદનબાળાશ્રીજી મ. સાહેબે નાદુરસ્ત શરીરે પણ ઘણા સમયનો ભોગ આપીને પ્રૂફ રીડિંગનું સર્વ કાર્ય કરી આપ્યું છે. તદ્દબદલ તેમની હું ઋણી છું.**

શ્રી પ્રવિણભાઈ, શ્રી મયંકભાઈ, શ્રી અશ્વિનભાઈ અને સાહેબજી પાસે ભણતાં અનેક સાધ્વીજી ભગવંતો તથા બહેનોનો નોંધનીય ફાળો છે, તે સૌની પણ હું આભારી છું.

આ પુસ્તક વાંચી આપને જે અનુભવ થાય તે કે પુસ્તકમાં કોઈ પણ ક્ષતિ હોય તો તે અને પુસ્તકને વધુ સુલભ બનાવવા માટે કોઈપણ સૂચન હોય તો તે કૃપા કરીને જણાવશોજી. તે ઉપરાંત આપને આગળના સૂત્રો કરવાની ભાવના હોય તો તે પણ જણાવશો. જેથી પુનઃ વિનંતી કરી વધુ સૂત્રાર્થનું જ્ઞાન આપણે સૌ મેળવી શકીએ.

**"ઋષિકિરણ"**
**૧૨, પ્રકૃતિકુંજ સોસાયટી,**
**શ્રેયસ સ્કુલ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫**
**ફોન ૬૬૨૦૯૨૦**

**- પ્રકાશક**
**સરલાબેન કિરણભાઈ શાહ**
**પોષ વદ-૧૦, વિ. સં. ૨૦૫૭**

# અનુક્રમણિકા


| ક્રમ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | **નમસ્કાર મહામંત્ર** | **૧-૪૧** |
| | સૂત્ર પરિચય | ૧ |
| | નવકારમંત્ર મૂળ | ૩ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૪ |
| | **"નમો અરિહંતાણં" પદનો વિશેષાર્થ** | **૪-૧૨** |
| | "નમો" નો અર્થ | ૫ |
| | અરિહંતનું સ્વરૂપ | ૬ |
| | અરિહંત શબ્દના જુદા જુદા અર્થ-મહત્ત્વ | ૭ |
| | નમો અરિહંતાણં બોલતા કરવાની ભાવના | ૧૧ |
| | ભાવનમસ્કારનો ઉપાય | ૧૧ |
| | અરિહંતનું શ્વેતવર્ણથી ધ્યાન કરવાનું કારણ | ૧૩ |
| | **"નમો સિદ્ધાણં" પદનો વિશેષાર્થ** | **૧૪-૨૦** |
| | સંસારી અને સિદ્ધાત્માના સુખની તુલના | ૧૪ |
| | સિદ્ધ શબ્દના જુદા જુદા અર્થ | ૧૬ |
| | સિદ્ધનો ઉપકાર | ૧૬ |
| | સિદ્ધના જીવોની સંખ્યા | ૧૭ |
| | સિદ્ધાત્માનું સ્થાન | ૧૭ |
| | સ્થાન વિષયક જિજ્ઞાસા-તૃપ્તિ | ૧૮ |
| | સિદ્ધના આઠ ગુણોનું વર્ણન | ૧૮ |
| | અરિહંતને પ્રથમ નમસ્કાર સંબંધી જિજ્ઞાસા-તૃપ્તિ | ૨૦ |
| | સિદ્ધનું લાલવર્ણથી ધ્યાન કરવાનું કારણ | ૨૦ |
| | **"નમોઆયરિયાણં"પદનોવિશેષાર્થ** | **૨૧-૨૫** |
| | આગમ આધારિત ભાવાચાર્યનું વર્ણન | ૨૨ |
| | આચાર્યનું સામાન્ય વર્ણન | ૨૩ |
| | આચાર્ય શબ્દના જુદા જુદા અર્થ | ૨૫ |
| | આચાર્યનું પિત્તવર્ણથી ધ્યાન કરવાનું કારણ | ૨૫ |
| | **"નમોઉવજ્ઝાયાણં"પદનોવિશેષાર્થ** | **૨૫-૨૮** |
| | ઉપાધ્યાયના જુદા જુદા અર્થ | ૨૭ |
| | ઉપાધ્યાયનું નીલવર્ણથી ધ્યાન કરવાનું કારણ | ૨૮ |
| | **'નમો લોએ સવ્વ સાહૂણં' પદનો વિશેષાર્થ** | **૨૮-૩૪** |
| | સાધુ શબ્દના જુદા જુદા અર્થ | ૨૯ |
| | સવ્વ શબ્દનું પ્રયોજન | ૩૦ |
| | સવ્વ સાહૂણં શબ્દના જુદા જુદા અર્થ | ૩૧ |
| | સાધુનું શ્યામવર્ણથી ધ્યાન કરવાનું કારણ | ૩૨ |
| | પંચપરમેષ્ઠીનું પૂજ્યપણું | ૩૩ |
| | પ્રથમ પાંચ પદ સંબંધી જિજ્ઞાસા | ૩૩ |
| | **"એસો પંચ.....' પદનો વિશેષાર્થ** | **૩૫-૩૭** |
| | **"મંગલાણં ચ..." પદનો વિશેષાર્થ** | ૩૭ |
| | મંગલના પ્રકાર | ૩૮ |
| | ભાવમંગલની ઉપકારકતા | ૩૮ |
| | મંગલ શબ્દના જુદા જુદા અર્થ | ૩૯ |
| ૨. | **શ્રી પંચિંદિય સૂત્ર** | **૪૨-૬૫** |
| | સૂત્ર પરિચય | ૪૨ |
| | મૂળ સૂત્ર | ૪૩ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૪૩ |
| | **"પંચિંદિય સંવરણો"નો વિશેષાર્થ** | **૪૪** |
| | પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારો | ૪૨-૪૩ |
| | સંવરભાવનું વર્ણન | ૪૫ |
| | સંવરના પ્રકારો | ૪૬ |
| | **"તહ નવવિહ...ધરો" પદનો વિશેષાર્થ** | **૪૭** |
| | બ્રહ્મચર્યનું સ્વરૂપ | ૪૭ |
| | બ્રહ્મચર્ય વિષયક જિજ્ઞાસા-તૃપ્તિ | ૪૮ |
| | **"ચઉવિહ કસાય મુક્કો"નો વિશેષાર્થ** | **૫૦** |
| | કષાયોના ભેદ અને પ્રભેદ | ૫૦ |
| | અનંતાનુબંધી કષાયનું સ્વરૂપ | ૫૨ |
| | અપ્રત્યાખ્યાની કષાયનું સ્વરૂપ | ૫૩ |
| | પ્રત્યાખ્યાની કષાયનું સ્વરૂપ | ૫૪ |
| | સંજ્વલન કષાયનું સ્વરૂપ | ૫૪ |
| | **"ઈઅ... સંજુત્તો"નો વિશેષાર્થ** | **૫૫** |
| | **"પંચ મહવ્વય જુત્તો"નો વિશેષાર્થ** | **૫૫** |
| | પાંચ મહાવ્રતનું સ્વરૂપ | ૫૬ |
| | **'પંચ વિહાયાર પાલણ-સમત્થો'નો વિશેષાર્થ** | **૫૯** |

| ક્રમ. | વિષય | પાના નં. |
|---|---|---|
| | "પંચ સમિઓ-તિગુતો"નો વિશેષાર્થ | ૬૦ |
| | પાંચ સમિતિનું સ્વરૂપ | ૬૦ |
| | ત્રણ ગુપ્તિનું સ્વરૂપ | ૬૩ |
| | "છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ"નો વિશેષાર્થ | ૬૫ |
| ૩. | શ્રી ખમાસમણ સૂત્ર | ૬૬-૭૩ |
| | સૂત્ર પરિચય | ૬૬ |
| | મૂળ સૂત્ર | ૬૭ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૬૭ |
| | "ઇચ્છામિ... વંદિઉં"નો વિશેષાર્થ | ૬૮ |
| | ક્ષમાશ્રમણનો અર્થ | ૬૮ |
| | ક્ષમાદિ દશ યતિધર્મનું વર્ણન | ૬૯ |
| | "જાવણિજ્જાએ"નો વિશેષાર્થ | ૭૧ |
| | "નિસીહિઆએ"નો વિશેષાર્થ | ૭૨ |
| | "મત્થેણ વંદામિ"નો વિશેષાર્થ | ૭૩ |
| ૪. | ઇચ્છકાર સૂત્ર | ૭૪-૮૦ |
| | સૂત્ર પરિચય | ૭૪ |
| | મૂળ સૂત્ર | ૭૫ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૭૫ |
| | "ઇચ્છકાર"નો વિશેષાર્થ | ૭૬ |
| | "સુહરાઈ/સુહદેવસિ"નો વિશેષાર્થ | ૭૬ |
| | "સુખતપ"નો વિશેષાર્થ | ૭૭ |
| | "શરીર નિરાબાધ"નો વિશેષાર્થ | ૭૭ |
| | "સુખ.....જી"નો વિશેષાર્થ | ૭૮ |
| | "ભાત.....જી"નો વિશેષાર્થ | ૭૯ |
| ૫. | અબ્ભુટ્ઠિઓ સૂત્ર | ૮૧-૯૩ |
| | સૂત્ર પરિચય | ૮૧ |
| | મૂળ સૂત્ર | ૮૨ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૮૩ |
| | "ઇચ્છાકારેણ... રાઇયં ખામેમિ"નો વિશેષાર્થ | ૮૪-૮૬ |
| | "જંકિંચિ..... વેયાવચ્ચે"નો વિશેષાર્થ | ૮૬-૮૭ |
| | "આલાવે... ઉવરીભાસાએ"નો વિશેષાર્થ | ૮૭-૮૯ |
| | "જંકિંચિ મજ્ઝ... ન જાણામિ"નો વિશેષાર્થ | ૯૦-૯૧ |
| | 'મિચ્છા મિ દુક્કડં'નો વિશેષાર્થ | ૯૨ |
| ૬. | ઈરિયાવહિયા સૂત્ર | ૯૪-૧૦૯ |
| | સૂત્ર પરિચય | ૯૪ |
| | મૂળ સૂત્ર | ૯૭ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૯૮ |
| | "ઇચ્છાકારેણ... વિરાહણાએ"નો વિશેષાર્થ | ૯૯-૧૦૧ |
| | "ગમણાગમણે... પંચિંદિયા"નો વિશેષાર્થ | ૧૦૨-૧૦૬ |
| | "અભિહયા... મિચ્છા મિ દુક્કડં"નો વિશેષાર્થ | ૧૦૬-૧૦૭ |
| ૭. | તસ્સ ઉત્તરી સૂત્ર | ૧૧૦-૧૨૨ |
| | સૂત્ર પરિચય | ૧૧૦ |
| | મૂળ સૂત્ર | ૧૧૧ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૧૧૨ |
| | "તસ્સ"નો વિશેષાર્થ | ૧૧૩ |
| | "ઉત્તરીકરણેણં"નો વિશેષાર્થ | ૧૧૩ |
| | "પાયચ્છિત્તકરણેણં"નો વિશેષાર્થ | ૧૧૪ |
| | "વિસોહિકરણેણં"નો વિશેષાર્થ | ૧૧૫ |
| | વિશુદ્ધિના બે પ્રકાર | ૧૧૫ |
| | "વિસલ્લી કરણેણં"નો વિશેષાર્થ | ૧૧૭ |
| | શલ્યના ત્રણ વિભાગ | ૧૧૭ |
| | શલ્યની તપાસ અને દૂર કરવાનો ઉપાય | ૧૧૮ |
| | કાયોત્સર્ગનું પ્રયોજન | ૧૨૧ |
| | "પાવાણં... નિગ્ઘાયણટ્ઠાએ"નો વિશેષાર્થ | ૧૨૧ |
| | કાયોત્સર્ગની પ્રતિજ્ઞા | ૧૨૧ |
| | "ઠામિ કાઉસ્સગ્ગં"નો વિશેષાર્થ | ૧૨૧ |
| ૮. | અન્નત્થ સૂત્ર | ૧૨૩-૧૩૪ |
| | સૂત્ર પરિચય | ૧૧૨ |
| | મૂળ સૂત્ર | ૧૨૬ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૧૨૭ |
| | "અન્નત્થ... દિટ્ઠિ સંચાલેહિં"નો વિશેષાર્થ | ૧૨૮-૧૩૦ |
| | "એવમાઇએહિં..." નો વિશેષાર્થ | ૧૩૦ |

| ક્રમ. | વિષય | પાના નં. |
|---|---|---|
| | "અભગ્ગો... કાઉસ્સગ્ગો"નો વિશેષાર્થ | ૧૩૨ |
| | "જાવ... વોસિરામિ"નો વિશેષાર્થ | ૧૩૩ |
| ૯. | લોગસ્સ સૂત્ર | ૧૩૫-૧૬૨ |
| | સૂત્ર પરિચય | ૧૩૫ |
| | મૂળ સૂત્ર | ૧૩૭ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૧૩૮ |
| | "લોગસ્સ ઉજ્જોઅગરે"નો વિશેષાર્થ | ૧૪૦ |
| | "ધમ્મતિત્થયરે"નો વિશેષાર્થ | ૧૪૨ |
| | "જિણે"નો વિશેષાર્થ | ૧૪૩ |
| | "અરિહંતે કિત્તઈસ્સં"નો વિશેષાર્થ | ૧૪૩ |
| | "ચઉવીસંપિ કેવલી"નો વિશેષાર્થ | ૧૪૩ |
| | વિશેષણની સાર્થકતાનો વિચાર | |
| | "ઉસભ... વદ્ધમાણં" પદનો વિશેષાર્થ | ૧૪૭ |
| | ચોવીસ ભગવાનના સામાન્ય-વિશેષ અર્થ | ૧૪૭ |
| | "વિહુયરયમલા "નો વિશેષાર્થ | ૧૫૩ |
| | "પહીણ-જર-મરણા"નો વિશેષાર્થ | ૧૫૩ |
| | "ચઉવીસં... પસીયંતુ"નો વિશેષાર્થ | ૧૫૪ |
| | તીર્થંકરની પ્રસન્નતાનું તાત્પર્ય | ૧૫૪ |
| | "તિત્થયરા મે પસીયંતુ" બોલતા કરવાનો ભાવ | ૧૫૫ |
| | "કિત્તિય-વંદિય... દિંતુ"નો વિશેષાર્થ | ૧૫૬ |
| | આરોગ્યની વિચારણા | ૧૫૮ |
| | સમાધિની વિચારણા | ૧૫૯ |
| | "ચંદેસુ... મમ દિસંતુ"નો વિશેષાર્થ | ૧૬૦-૧૬૨ |
| ૧૦. | કરેમિ ભંતે સૂત્ર | ૧૬૩-૧૮૦ |
| | સૂત્ર પરિચય | ૧૬૩ |
| | મૂળ સૂત્ર | ૧૬૫ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૧૬૬ |
| | "કરેમિ ભંતે સામાઇયં"નો વિશેષાર્થ | ૧૬૬ |
| | 'ભંતે' શબ્દના ભિન્ન ભિન્ન અર્થ | ૧૬૭ |
| | 'સામાયિક' શબ્દના વિશેષ અર્થ | ૧૬૮ |
| | ભૂમિકા ભેદે સામાયિકનું વર્ણન | ૧૬૯ |
| | "સાવજ્જં જોગં પચ્ચક્ખામિ" નો વિશેષાર્થ | ૧૭૧-૧૭૩ |
| | "જાવ નિયમં પજ્જુવાસામિ" નો વિશેષાર્થ | ૧૭૩-૧૭૪ |
| | "દુવિહં... ન કારવેમિ" નો વિશેષાર્થ | ૧૭૪-૧૭૬ |
| | ૧૪૭ ભાંગાનું વર્ણન | ૧૭૬ |
| | "તસ્સ... પડિક્કમામિ"નો વિશેષાર્થ | ૧૭૮ |
| | "નિંદામિ...વોસિરામિ"નોવિશેષાર્થ | ૧૭૯-૧૮૦ |
| ૧૧. | સામાઇય વયજુત્તો | ૧૮૧-૧૯૨ |
| | સૂત્ર પરિચય | ૧૮૧ |
| | મૂળ સૂત્ર | ૧૮૨ |
| | અન્વય, છાયા અને શબ્દાર્થ | ૧૮૨ |
| | "સામાઇયવયજુત્તો"નો વિશેષાર્થ - | ૧૮૩ |
| | "જાવ...નિયમ સંજુત્તો" નો વિશેષાર્થ - | ૧૮૪-૧૮૪ |
| | "છિન્નઈ... કમ્મં"નો વિશેષાર્થ - | ૧૮૫ |
| | "સામાઇય... વારા"નો વિશેષાર્થ- | ૧૮૫ |
| | સામાઇયમ્મિ ઉ કએ - જમ્હા | ૧૮૬ |
| | "એએણ... કુજ્જા"નો વિશેષાર્થ - | ૧૮૬ |
| | "સામાયિક... દુક્કડં" નો વિશેષાર્થ - | ૧૮૭ |
| | મનના દસ દોષનું વર્ણન | ૧૮૯-૧૯૨ |
| | વચનના દસ દોષનું વર્ણન | ૧૯૨-૧૯૪ |
| | કાયાના બાર દોષનું વર્ણન | ૧૯૪-૧૯૬ |
| | સામાયિક લેવાની વિધિ | ૧૯૭-૨૦૫ |
| | સામાયિક પારવાની વિધિ | ૨૦૬-૨૦૮ |
| | મુહપત્તિના બોલ સંબંધિ વિચારણા | ૨૦૯-૨૧૫ |

# શ્રી નમસ્કાર મહામંત્ર

**સૂત્ર પરિચય :**

નમસ્કાર મહામંત્રને નવકારમંત્ર, પંચમંગળ **મહાશ્રુતસ્કંધ** અને **પંચપરમેષ્ઠી** નમસ્કાર મંત્ર પણ કહેવાય છે. આ નવકાર મહામંત્ર, એક એક પદના પાંચ અધ્યયન અને ચાર પદોની એક ચૂલિકા મળીને બનેલો છે. તે સૂત્ર અને અર્થથી શાશ્વત છે. રત્નની પેટીનું વજન જેમ થોડું અને મૂલ્ય ઘણું હોય છે, તેમ પંચપરમેષ્ઠીને નમવારૂપ આ મંત્ર માત્ર અડસઠ અક્ષર પ્રમાણ હોવા છતાં અત્યંત ફળદાયક છે. જેમ તલમાં તેલ રહેલું છે, કમળમાં મકરંદ રહેલ છે, તેમ બધાય આગમોમાં આ પંચપરમેષ્ઠીઓ વ્યાપીને રહેલા છે. માટે જ આ પાંચેયનો જેમાં સમાવેશ થયો છે, એવા નમસ્કાર મહામંત્રનું મૂલ્ય ઘણું છે.

નવકારના ચૂલિકા સહિતનાં પાંચ પદો **મહાશ્રુતસ્કંધ** કહેવાય છે. શ્રુત એટલે શાસ્ત્ર - જેમાં જડ અને જીવના સ્વરૂપની ઓળખાણ આપવામાં આવે છે અને સ્કંધ એટલે મૂળ - સર્વશ્રુતના મૂળ સમાન આ નમસ્કાર મહામંત્ર છે કારણકે, સર્વશ્રુતની અર્થરૂપે પ્રરૂપણા કરનારા અરિહંતભગવંતો છે અને ગણધરભગવંતો એ શ્રુતને સૂત્રરૂપે ગૂંથે છે અને આ સૂત્રથી તે અરિહંતભગવંતોને નમસ્કાર કરાય છે, તેથી જ આ ગ્રંથ મહાશ્રુતસ્કંધ તરીકે ઓળખાય છે.

નમસ્કાર મહામંત્રને **પંચપરમેષ્ઠી નમસ્કારમંત્ર** પણ કહે છે. આ સૂત્રમાં જે પાંચને નમસ્કાર કરવામાં આવે છે, તે પાંચેય પરમ એટલે કે, ઉત્કૃષ્ટ સ્થાનને પામેલા છે અને તેથી તે પંચપરમેષ્ઠી ગણાય છે. તેમને કરેલો

નમસ્કાર તે **પંચપરમેષ્ઠી** નમસ્કાર છે. વળી, નમસ્કાર મહામંત્રનાં પંચપરમેષ્ઠી મંત્ર વગેરે પણ નામો છે.

વળી, તેને નવકારમંત્ર પણ કહે છે. નવકાર[1] એટલે, જેનાં નવેય પદોમાં પૂર્વાનુપૂર્વી,[2] પશ્ચાનુપૂર્વી[3] અને અનાનુપૂર્વી[4] દ્વારા ગણવારૂપ ક્રિયામાં ભેદ છે, અથવા જેમાં ગણવારૂપ નવ ક્રિયાઓ છે, તેને નવકાર કહે છે: માટે જ આ મંત્ર **નવકાર** મંત્ર તરીકે ઓળખાય છે.

નવકાર ચૌદ પૂર્વનો સાર છે. વળી, અનંત લબ્ધિઓ, નવ નિધાન, ચૌદ રત્નો અને જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ નવકારમાં જ છે.

**નવકાર ચૌદ પૂર્વનો સાર છે :** સાર એટલે રહસ્ય, ચૌદ પૂર્વનું રહસ્ય અરિહંત અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કરવી તે છે. તે અરિહંત અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય આ નવકાર મંત્ર છે. વળી, સાર એટલે શ્રેષ્ઠ. આત્માની શ્રેષ્ઠ અવસ્થા અરિહંતાદિ સ્વરૂપ છે. ચૌદ પૂર્વ ભણીને જેમ આ શ્રેષ્ઠ અવસ્થાને પ્રાપ્ત કરાય છે, તેમ નવકારના ધ્યાનથી પણ આ શ્રેષ્ઠ અવસ્થા પ્રાપ્ત કરાય છે. વળી, ચૌદ પૂર્વથી જે લક્ષ સિદ્ધ કરવાનું છે, તે જ લક્ષ નવકારથી પ્રાપ્ત થઈ શકે છે. આથી નવકાર મહામંત્ર ચૌદ પૂર્વનો સાર કહેવાય છે. આથી જ જેમણે ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જેઓ પૂર્વાનુપૂર્વીથી અને પશ્ચાનુપૂર્વીથી અંતર્મુહૂર્ત જેટલા અલ્પકાળમાં ચૌદ પૂર્વના જ્ઞાનનું પુનરાવર્તન કરી શકે છે, તેઓ પણ અંત સમયે ચૌદ પૂર્વનું સ્મરણ ન કરતાં, ચૌદ પૂર્વના સારભૂત નવકારનું જ સ્મરણ કરે છે. આમ નવકાર ચૌદ પૂર્વનો સાર છે.

**નવકારમાં અનંત લબ્ધિઓ રહેલી છે :** વિશિષ્ટ ચારિત્રના પાલનથી પ્રાપ્ત થાય તેવી લબ્ધિઓ ગણધર ભગવંતો, આચાર્ય ભગવંતો અને મુનિઓમાં હોય છે અને તેઓનો સમાવેશ નવકારમાં થાય છે. તેથી તેનું સ્મરણ કરવાથી લબ્ધિના અર્થીને અનેક પ્રકારની લબ્ધિ પ્રાપ્ત થાય છે. માટે જ નવકારમાં અનંત લબ્ધિઓ સમાયેલી છે.

**નવકારમાં ચૌદ રત્નો, નવ નિધાન પણ રહેલાં છે :** બાહ્ય દૃષ્ટિએ ચૌદ રત્નો અને

---

1. **नवेसु पदेसु काराः क्रिया यस्मिन् स नवकारः** તથા **नवकाराः क्रिया यस्मिन् स नवकारः**
2. પૂર્વાનુપૂર્વીથી = આગળથી પાછળ ગણવાની પદ્ધતિ.
3. પશ્ચાનુપૂર્વીથી = પાછળથી આગળ ગણવાની પદ્ધતિ.
4. અનાનુપૂર્વી = ક્રમરહિત ગણવાની પદ્ધતિ.

નવ નિધાનરૂપ વૈભવ નવકારમાં દેખાતો નથી. આ વૈભવ તો ચક્રવર્તી આદીમાં દેખાય છે. તો પણ આ ચક્રવર્તીપણું ધર્મની વિશિષ્ટ આરાધના કરવાથી પુણ્યના યોગે જ મળી શકે છે. ધર્મની વિશિષ્ટ આરાધનામાં પણ નવકારની એટલે કે, પંચપરમેષ્ઠીની આરાધના આવી જ જાય છે. આથી જ એમ કહી શકાય કે, નવકારની આરાધનાથી ચૌદ રત્નો અને નવ નિધાન પણ મળે છે. ટૂંકમાં, **જગતમાં જે કાંઈ પણ ઉત્તમ વસ્તુ કે ઉત્તમ પદવી છે, તે સર્વ આ નવકાર મંત્રથી જ પ્રાપ્ત થાય છે.**

**નવકારમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર** પણ છે. અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના ધારક અરિહંત અને સિદ્ધ ભગવાન નવકારમાં છે. તેથી જ્ઞાનાદિ પણ નવકારમાં છે જ.

**મૂળ સૂત્ર :**

**नमो अरिहंताणं**

**नमो सिद्धाणं**

**नमो आयरियाणं**

**नमो उवज्झायाणं**

**नमो लोए सव्व-साहूणं**

**एसो पंच-नमुक्कारो, सव्व-पाव-प्पणासणो**

**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं**

પદ-૯ સંપદા-૮ અક્ષર-૬૮

| | | | | |
|---|---|---|---|---|
| पद | १ | नमो अरिहंताणं | संपदा | १ |
| पद | २ | नमो सिद्धाणं | संपदा | २ |
| पद | ३ | नमो आयरियाणं | संपदा | ३ |
| पद | ४ | नमो उवज्झायाणं | संपदा | ४ |
| पद | ५ | नमो लोए सव्वसाहूणं । | संपदा | ५ |
| पद | ६ | एसो पंचनमुक्कारो, | संपदा | ६ |
| पद | ७ | सव्व-पाव-प्पणासणो, | संपदा | ७ |
| पद | ८ | मंगलाणं च सव्वेसिं | संपदा | ८ |
| पद | ९ | पढमं हवइ मंगलं | संपदा | |

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**अरिहंताणं नमो**

*अर्हद्भ्यो नमः*

અરિહંતભગવંતોને નમસ્કાર થાઓ.

**सिद्धाणं नमो**

*सिद्धेभ्यो नमः*

સિદ્ધભગવંતોને નમસ્કાર થાઓ.

**आयरियाणं नमो**

*आचार्येभ्यो नमः*

આચાર્યભગવંતોને નમસ્કાર થાઓ.

**उवज्झायाणं नमो**

*उपाध्यायेभ्यो नमः*

ઉપાધ્યાયભગવંતોને નમસ્કાર થાઓ.

**लोए सव्व-साहूणं नमो**

*लोके सर्वसाधुभ्यो नमः*

લોકમાં રહેલા સર્વ સાધુભગવંતોને નમસ્કાર થાઓ.

**एसो पंच-नमुक्कारो, सव्व-पाव-प्पणासणो**

**मंगलाणं च सव्वेसिं, पढमं मंगलं हवइ**

*एष पञ्च-नमस्कारः, सर्व-पाप-प्रणाशनः ।*

*सर्वेषां च मंगलानाम् प्रथमं मङ्गलम् भवति ।*

આ પાંચ પરમેષ્ઠી ભગવંતોને કરેલો નમસ્કાર, સર્વ પાપનો નાશ કરે છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

**વિશેષાર્થ :**

**'नमो अरिहंताणं'**[5] **:** અરિહંતભગવંતોને નમસ્કાર થાઓ.

રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુનો નાશ કરી, કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરી,

5. આ પ્રથમ પદ તે પ્રથમ અધ્યયન રૂપ છે, તેમાં 'નમો', 'અરિ' અને 'હંતાણં' એમ ત્રણ પદ છે.

યોગ્ય જીવોને તારવાના પ્રબળ નિમિત્તભૂત, તીર્થની જેમણે સ્થાપના કરી છે, તે અરિહંત પરમાત્માઓને નમસ્કાર થાઓ.

**'નમો'** : નમો એટલે નમસ્કાર. મન, વચન, કાયાથી નમવાની ક્રિયા તે નમસ્કાર છે.

આ પદમાં પ્રથમ 'નમો' શબ્દ નિપાત[5A] છે. નિપાત એટલે જેના અનેક અર્થ થાય એવો અવ્યય. તેમાં એટલું ધ્યાન રાખવું કે, 'નમો' શબ્દનો અર્થ કરતાં **'भवतु'** ક્રિયાપદ અધ્યાહાર છે, એટલે 'નમો' નો અર્થ નમસ્કાર થાઓ એમ થાય છે. 'થાઓ'[5B] તે પ્રાર્થના વચન છે. 'થાઓ' દ્વારા ઉત્તમ ભાવ-નમસ્કારની આશંસા વ્યક્ત કરવામાં આવી છે.

નમસ્કાર [5C]ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપે ત્રણ પ્રકારનો છે. જ્યાં સુધી સાધક સર્વશ્રેષ્ઠ નમસ્કારને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે નમસ્કારની આશંસા-પ્રાર્થના કરી શકે છે. તેથી જ અહીં 'થાઓ' કહી સર્વશ્રેષ્ઠ નમસ્કારની આશંસા કરાઈ છે.

'નમો' નો જેમ નમસ્કાર અર્થ થાય છે, તેમ 'નમો' શબ્દ પૂજા અર્થમાં પણ વપરાય છે. પૂજા દ્રવ્ય-સંકોચ અને ભાવ-સંકોચરૂપ છે. તેમાં 'નમો' બોલતાં જેને નમસ્કાર કરવાના છે, તે અરિહંતાદિને નજર સમક્ષ રાખી બે હાથ જોડીને, મસ્તક નમાવીને, કાયાને નમસ્કારને યોગ્ય મુદ્રામાં રાખવી, વાણીથી નમસ્કારને યોગ્ય શબ્દો ઉચ્ચારવા અને મનમાં તે શબ્દનો અર્થ વિચારવો તે **દ્રવ્ય-સંકોચ** છે, અને **નમસ્કરણીયમાં રહેલા ગુણો તે જ મારે પ્રાપ્ત કરવા યોગ્ય છે, તે જ સારભૂત છે, તેવા પ્રકારના પરિણામથી તે ગુણોની નિષ્પત્તિ માટે તેને અનુકૂળ આત્મવીર્યનું પ્રવર્તન કરવું તે ભાવ-સંકોચ છે.** આ ભાવ-સંકોચરૂપ નમસ્કાર કરવાની ઈચ્છાવાળા સાધકે નમસ્કાર કરતાં પહેલાં અરિહંતાદિનું લોકોત્તમ બાહ્ય અને અંતરંગ સ્વરૂપ સમજી પુનઃ પુનઃ વિચારીને બુદ્ધિમાં સ્થિર કરવું

---

5A શ્રી ભગવતી સૂત્રની ટીકામાં શ્રી અભયદેવસૂરિ કહે છે કે :

**तत्र नमः इति नैपातिकं पदं द्रव्यभाव-संकोचार्थम् । आह च नेवाइयं पदं दव्वभावसंकोयणपयत्थो। मनःकरचरणमस्तकसुप्रणिधानरूपो नमस्कारो भवत्वित्यर्थः ।**

5B આની વિશેષ વિચારણા "નમુત્થુણં" માં જોવા મળશે.

5C ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું વર્ણન - પાના નં. ૩૫ - ફૂટનોટ નં. 24A માંથી જોવું. તરતમતાના ભેદથી શાસ્ત્રકારોએ ધર્મક્રિયાના ત્રણ પ્રકારો બતાવ્યા છે.

જોઈએ. તો જ ભાવ-સંકોચરૂપ ભાવનમસ્કાર થઈ શકે.

'નમો' પદ નમ્રતાસૂચક છે, ભક્તિની નિશાની છે, કૃતજ્ઞતાના સંકેતરૂપ છે, આદર કે સન્માનની લાગણી પ્રદર્શિત કરવાનું સાધન છે. 'નમો' પદથી જણાય છે કે, હું કાંઈ જ માત્ર નથી અર્થાત્ મારામાં કોઈ મહાનતા કે લાયકાત નથી અને અરિહંતાદિ મહાન ગુણના ભંડારરૂપ છે. એટલે 'નમો' એ અહંભાવનો નાશક અને અર્હંભાવનો પોષક છે. 'નમો' દ્વારા ધર્મની સન્મુખ જવાય છે કારણકે, નમસ્કાર દ્વારા જે ભાવોલ્લાસ પ્રગટ થાય છે, તેનાથી ધર્મબીજનું વપન થાય છે અને વારંવાર મહાપુરુષોને કરેલો નમસ્કાર છેવટે મોક્ષરૂપ ફળ સુધી પહોંચાડે છે.

**અરિહંતનું સ્વરૂપ :**

આ પદમાં જેને નમસ્કાર કરવામાં આવે છે તે અરિહંતપરમાત્માઓ જન્મથી જ ત્રણ પ્રકારના નિર્મળ જ્ઞાનથી યુક્ત હોય છે. તેમનો જન્મ મહાવૈભવયુક્ત રાજકુળમાં થયો હોય છે. જન્મતાં જ ઈન્દ્રો આદિથી તેઓ પૂજાતા હોય છે, છતાં આવા બાહ્ય વૈભવની તેમના મન ઉપર કોઈ અસર હોતી નથી, કેમકે તેઓમાં જન્મથી જ વિશિષ્ટ કોટિનો વૈરાગ્યભાવ હોય છે.

બાલ્યાવસ્થામાં પણ તેઓમાં બાહ્ય-અંતરંગ શત્રુઓને જીતવા માટે લોકોત્તર સત્ત્વ હોય છે. સંસારની તમામ પ્રવૃત્તિઓમાં પણ ક્યાંય કષાયભાવનો સ્પર્શ ન થાય તે રીતે, જે સંયોગમાં જે કાર્ય કરવા યોગ્ય હોય તે ઉચિત કાર્ય તેઓ સદા કરતા હોય છે. ઔચિત્ય પાલન માટે જરૂરી ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્યાદિ ભાવો પણ તેમનામાં લોકોત્તર કોટિના હોય છે.

યુવાવસ્થામાં નિકાચિત ભોગાવલી કર્મ બાકી હોય તો, પ્રભુને ભોગાદિમાં પ્રવૃત્ત થવું પડે છે છતાં તેઓ ભોગાદિ ક્રિયામાં ભાવથી અલિપ્ત હોય છે. આથી ભોગાદિની ક્રિયા પણ તેમના માટે કર્મનિર્જરાનું કારણ બને છે. જેવાં તેમના ભોગાવલી કર્મ ભોગવાઈ જાય તેવા જ પરમાત્મા તણખલાની જેમ સંસારનો ત્યાગ કરી નિર્મળ સંયમજીવન સ્વીકારે છે.

સંયમ જીવનમાં આવતાં ઉપસર્ગો અને પરિષહોને સમભાવે સહન કરે છે. સમિતિ-ગુપ્તિમાં અપ્રમત્તભાવે યત્ન કરતાં, અરિહંતપરમાત્મા ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પૂર્વના ત્રીજા ભવમાં 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનાથી જે તીર્થંકરનામકર્મ નિકાચ્યું

હોય, તેનો વિપાકકાળ આવવાથી પરમાત્મા જગતના જીવોના ઉપકાર માટે સંઘરૂપ શાસનની સ્થાપના કરે છે. તીર્થંકરનામકર્મનો ઉદય પ્રાપ્ત થતાં જ અનેક લોકોને ધર્મમાર્ગમાં આકર્ષણ ઊભું કરે તેવા અદ્વિતીય બાહ્ય વૈભવસ્વરૂપ આઠ મહાપ્રાતિહાર્ય, ચોત્રીસ અતિશયો, વાણીના પાંત્રીસ ગુણો, દેવેન્દ્રો અને નરેન્દ્રોની પૂજા વગેરે તેઓને પ્રાપ્ત થાય છે. આ વૈભવનું પણ તેમને મન કોઈ મૂલ્ય હોતું નથી.

કેવળજ્ઞાનાદિ આંતરિક ગુણો અને અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ બાહ્ય વૈભવયુક્ત અરિહંતપરમાત્મા પોતાનું આયુષ્યકર્મ જેટલું હોય તેટલો સમય પૃથ્વીતલ ઉપર વિચરી, અગ્લાનપણે દેશના દ્વારા એટલે કે થાક વગેરેના અનુભવ વિનાની દેશના દ્વારા અનેક ભવ્યાત્માને સન્માર્ગ બતાવવાનું વિશિષ્ટ કાર્ય કરે છે. જે રીતે સન્માર્ગનું પ્રદાન પરમાત્મા કરે છે, તેવું સન્માર્ગનું દાન અન્ય કોઈ જીવો કરી શકતા નથી. આવા વિશિષ્ટ ગુણસંપન્ન અરિહંત પરમાત્માઓને આ પદ દ્વારા નમસ્કાર કરાય છે.

**અરિહંતનું મહત્ત્વ :**

વિશ્વસંચાલનમાં સૂર્યનું જેટલું મહત્ત્વનું સ્થાન છે, તેના કરતાં પણ અનંતગણું મહત્ત્વનું સ્થાન અરિહંતનું છે. જીવોમાં જે કાંઈ સારાપણું જોવા મળે છે, તે બધો પ્રભાવ અરિહંતનો છે.

જો અરિહંત થયા ન હોત, જગતના જીવો ઉપર તેમને કરૂણાનો ભાવ થયો ન હોત, જગતના જીવોને તેમણે હિતનો માર્ગ બતાવ્યો ન હોત, શાસનની સ્થાપના કરી આ જગતમાં શાસનને વહેતું મૂક્યું ન હોત તો દયા-નમ્રતા-સંતોષ-સરળતા-કરૂણા વગેરે ગુણો જે કાંઈ જગતમાં જોવા મળે છે, તે જોવા ન મળત અને આ ગુણો ન હોત તો ગુણોને કારણે બંધાતું પુણ્ય, પુણ્યથી પ્રાપ્ત થતાં ભૌતિક સુખો કે સદ્ગતિની પ્રાપ્તિ પણ ન હોત. અરિહંત ન હોત અને મોક્ષની આરાધના વિના મોક્ષ પણ ન હોત, મોક્ષ ન હોત તો સિદ્ધ પણ ન હોત...

અરિહંત ન હોત તો નવપદ પણ ન હોત. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ કે ધર્મતત્ત્વ પણ ન હોત, સાધક પણ ન હોત અને સાધના પણ ન હોત...

આ જગત ઉપર સૌથી મોટો ઉપકાર અરિહંતનો છે. આજ સુધીમાં કરેલી અનંત માતાઓએ આપણા ઉપર જે વાત્સલ્ય વરસાવ્યું નથી, તે વાત્સલ્યના

પુષ્કરાવર્ત મેઘમાં અરિહંત પરમાત્માએ આપણને ભીંજવ્યા છે. અનંત માતાઓએ ભૌતિક દેહને જન્મ આપ્યો છે. આજ સુધીની થયેલી માતાઓએ વાત્સલ્ય વરસાવ્યું ત્યાં મોહ હતો. કોઈને કોઈ સ્વાર્થભાવના પણ ઊંડે ઊંડે હતી. જ્યારે આ એક 'મા' એવી છે કે, જેણે મોહને મહાત કરીને નિઃસ્વાર્થભાવે વાત્સલ્ય આપ્યું છે.

દરિયો મર્યાદા ઉલ્લંઘતો નથી, સૂર્ય-ચંદ્ર સમયસર ઉગે છે. ઋતુઓ અનુકૂળ રહે છે, વાયુ અનુકૂળ વાય છે, પાંચ ભૂતો યોગ્ય રીતે કામ કરે છે. આ બધો પ્રભાવ ધર્મનો છે અને આ જગતમાં ધર્મ છે તે પ્રભાવ અરિહંતનો છે.

**'અરિહંત' શબ્દના જુદા જુદા અર્થ :**

**૧. અરિહંતાણં :** 'અરિ' એટલે શત્રુ અને 'હંત' એટલે હણનારા. આમ જેઓ ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ સ્વરૂપ અંતરંગ શત્રુને હણનારા છે તેઓ અરિહંત કહેવાય છે.

બાહ્ય શત્રુઓ જીવનું તેટલું નથી બગાડી શકતા, જેટલું આ રાગાદિ અંતરંગ શત્રુઓ બગાડે છે. આ રાગાદિ અંતરંગ શત્રુના કારણે જ જીવ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે તેમજ સતત અશાંત અને અસ્વસ્થ રહે છે.

રાગ-દ્વેષ આદિ જેમ આત્માના શત્રુઓ છે, તેમ રાગ-દ્વેષને કારણે આત્મા સાથે સંબંધિત થતા કર્મો પણ આત્માના શત્રુ છે. કેમ કે, તે આત્માના જ્ઞાનાદિ ગુણોને ઢાંકવાનું - આચ્છાદન કરવાનું કામ કરે છે. જીવના જ્ઞાનાદિ ગુણોનું આચ્છાદન જ જીવ માટે અરિભૂત છે. જો કે દરેક કર્મ શત્રુભૂત છે, છતાં પણ જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, મોહનીયકર્મ અને અંતરાયકર્મ, આ ચાર ઘાતિ કર્મો તો સીધા આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે છે. તેથી તેને અહીં ખાસ શત્રુભૂત કહ્યા છે. પરમાત્મા આ ઘાતિ કર્મરૂપ શત્રુને હણનારા છે.

**જિજ્ઞાસા :** અરિહંત ભગવંતોના રાગ-દ્વેષ-મોહાદિ નાશ પામવા છતાં બીજા અઘાતિ કર્મો તો છે જ, અને આ કર્મો જ અરિહંત ભગવંતોને સંસારમાં અમુક સમય માટે જકડી રાખે છે, તો તે કર્મોને શત્રુ કેમ ન કહ્યાં ?

**તૃપ્તિ :** મોહનો નાશ થતાં જન્મ-મરણની પરંપરારૂપ સંસારનો નાશ થઈ જાય છે અને ઘાતિકર્મોનો નાશ થતાં બાકીનાં અઘાતિ કર્મો તો અલ્પ સામર્થ્યવાળાં થઈ ગયાં હોય છે, તેથી તેમનામાં આત્માના ગુણોને આવરી

લેવાનું અને કર્મની-પરંપરા સર્જવાનું સામર્થ્ય રહેતું નથી, માટે મોહ જ આત્માનો વાસ્તવિક શત્રુ છે અને તેનો નાશ થવાથી જ, તીર્થંકરોને અરિના = શત્રુના નાશક કહ્યા છે. ઘાતિ કર્મનો નાશ કરી, માર્ગની સ્થાપના કરી, ધર્મની દેશના આપતાં ભવ્ય જીવોના ઉપકાર માટે પૃથ્વીતલ ઉપર જે વિચરે છે, તે અરિહંત કહેવાય છે.

**જિજ્ઞાસા :** ધર્મદેશના તો કેવલીભગવંતો પણ આપે છે અને તેમનાં પણ ચાર ઘાતિ કર્મોનો નાશ તો થયો છે, તો પછી કેવલીભગવંતોને અરિહંત કેમ ન કહી શકાય ?

**તૃપ્તિ :** કેવલીભગવંતો દરેક વખતે દેશના આપે જ એવો કોઈ નિયમ નથી હોતો. જ્યારે અરિહંતભગવંતો તો પોતાના પૂર્વના ત્રીજા ભવમાં 'સવિ જીવ કરું શાસનરસી'ની જે ઉત્તમ ભાવના ભાવે છે, તેના પ્રતાપે તીર્થંકરનામકર્મ નિકાચે છે અને તેના ફળરૂપે તેઓ જ્યારે તીર્થંકર તરીકેના છેલ્લા ભવમાં હોય ત્યારે તીર્થંકરનામકર્મના વિપાકોદય વખતે તેમને ધર્મદેશના આપવી જ પડે છે. આ તીર્થંકરનામકર્મના ફળરૂપે અષ્ટપ્રાતિહાર્ય તથા ચોત્રીસ અતિશયો જેવી બાહ્ય ઋદ્ધિઓ પણ મળે છે, છતાં પણ તીર્થંકરનામકર્મનું મુખ્ય ફળ થાકના અનુભવ વિના દિવસના પહેલા અને છેલ્લા બે પ્રહર ધર્મદેશના આપવી તે છે. વળી, કેવલીભગવંતોને અરિહંતભગવંતોની જેમ સમવસરણ તથા અષ્ટપ્રાતિહાર્ય વગેરે હોતાં નથી, તેથી 'અરિહંત' શબ્દથી અહીં સામાન્ય કેવળી ગ્રહણ કરાતાં નથી પણ જેઓ શાસનની સ્થાપના કરવાપૂર્વક ધર્મદેશના આપે છે તેવા તીર્થંકરોને જ ગ્રહણ કરાય છે.

વળી, શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં **'અરિહંત'**[6] શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે, અપ્રશસ્ત ભાવમાં વર્તતી **ઈંદ્રિયો**, પાંચે ઈન્દ્રિયોના **કામભોગની ઈચ્છાઓ**, ક્રોધ,માન, માયા, લોભ આદિ માનસિક ભાવોરૂપ **કષાયો**, ભૂખ-તરસ આદિ બાવીશ પ્રકારના **પરિષહો**, શારીરિક અને માનસિક દુઃખના અનુભવરૂપ **વેદનાઓ**, તથા મનુષ્ય, તિર્યંચ અને દેવોએ કરેલા **ઉપસર્ગો**, એ રૂપ શત્રુઓને હણનારા **'અરિહંતો'** કહેવાય છે.

**૨. અર્હત્ :** અર્હત્ એટલે યોગ્ય હોવું અથવા લાયક હોવું. શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં અર્હત્[7] નો અર્થ આ પ્રમાણે કર્યો છે :

---

6. इंदिय-विसय-कसाये, परीसहे वेयणा उवसग्गे । एए अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ।।
।।९१९।। (आ.नि).

જેઓ નરેન્દ્રો દ્વારા સ્તુતિ, વંદન અને નમસ્કારને યોગ્ય છે અને જેઓ સુરવરનિર્મિત અશોકવૃક્ષાદિ આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજા-સત્કારને યોગ્ય છે અને જેઓ સિદ્ધિગમનને યોગ્ય છે, તેઓ **અર્હત્** કહેવાય છે.

**૩. અરુહંત :** 'રુહ્' એટલે ઊગવું અને 'અરુહ' એટલે ન ઊગવું. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પંચસૂત્રની ટીકામાં '**अरुहंताणं**'[8] નો અર્થ કરતાં જણાવ્યું છે કે, કર્મરૂપી બીજ સર્વથા બળી જવાથી એટલે કે સર્વ કર્મોનો નાશ થવાથી જેનો ભવરૂપી અંકુર ઊગતો નથી અર્થાત્ જેઓનો હવે કદી જન્મ થવાનો નથી તે **અરુહંત.**

**૪. અરહંત :** 'રહ' એટલે એકાન્ત કે ગુપ્ત સ્થાન તથા 'અંત' એટલે અંદરનો ભાગ. અરહંત એટલે જેઓની દૃષ્ટિમાં અતિ ગુપ્ત એવો વસ્તુ સમૂહનો અંદરનો ભાગ પણ છાનો નથી, એટલે કે જેમને ન જણાય એવું ગુપ્તસ્થાન એકેય નથી તે, અર્થાત્ જે સર્વજ્ઞ છે તે જ **અરહંત** કહેવાય છે.

**૫. અરથાન્ત :** 'રથ' શબ્દના ઉપલક્ષણથી સર્વ પરિગ્રહ ગ્રહણ કરવાનો છે, 'અન્ત' એટલે મરણ અને 'અ' એટલે નથી. અર્થાત્ જેને પરિગ્રહ અને મરણ તથા ઉપલક્ષણથી જેમનો જન્મ પણ નથી, તે **અરથાન્ત.**

આમ, અરિહંત શબ્દના જુદા જુદા અર્થ કહ્યા છે.

આવા અરિહંત ભગવંતો અંતિમ ભવમાં પોતાના ભવોપગ્રાહી કર્મોને ખપાવવા દેશનાદિની પ્રવૃત્તિ કરે છે તથા ધર્મતીર્થની સ્થાપના કરે છે, છદ્મસ્થની હજારો જીભ પણ જેમના ગુણોની સ્તુતિ કરવા સમર્થ નથી તથા તીર્થંકર સિવાયના સર્વ જીવોના સર્વ ગુણો એકઠા કરવામાં આવે તો પણ તીર્થંકરના ગુણના અનંતમા ભાગે પણ ન થાય એવા તીર્થંકરોનું અષ્ટમહાપ્રાતિહાર્ય અને ચોત્રીશ અતિશયો રૂપ ઉત્તમ ઐશ્વર્ય હોય છે. આ ઐશ્વર્ય યોગના પ્રભાવે પ્રાપ્ત થયેલું છે અને એ તીર્થંકરની બાહ્ય સમૃદ્ધિ છે. બાકી અરિહંતની આંતરિક સમૃદ્ધિનો તો યોગીઓ પણ તાગ પામી શકતા નથી. આ ચોત્રીસ પૈકી ચાર[9] અતિશય મૂળથી એટલે

---

7. अरिहंति वंदण-नमंसाइ, अरिहंति पूय-सक्कारं । सिद्धिगमणं च अरिहा, अरहंता तेण वुच्चंति ।।
।। ९२१ ।। (आ.नि)

8. न रोहन्ति, न भवाङ्कुरोदयमासादयन्ति, कर्मबीजाभावादिति अरुहाः ।

**નોંધ :** અરિહંતના અરુહંતાણં - અરહંતાણં આદિ નામો પાઠાંતરથી પ્રાપ્ત છે.

9. **મૂળ ૪ અતિશય :** (૧) અદ્ભૂત રૂપ : તેમનો દેહ સુગંધિત, નિરોગી તથા મળાદિથી રહિત હોય

કે જન્મથી છે, અગ્યાર[10] અતિશય કર્મક્ષયથી થાય છે તથા ઓગણીસ [11]અતિશયો દેવકૃત હોય છે.

## 'નમો અરિહંતાણં' બોલતાં કરવાની ભાવના :

**'નમો અરિહંતાણં'** પદ બોલતાં આવી ગુણસંપત્તિવાળા અરિહંતપરમાત્માને આપણે નમસ્કાર કરીએ છીએ, એવો ભાવ ઉત્પન્ન કરવાનો છે. આ પ્રકારે અરિહંતપરમાત્માના સ્વરૂપને પુનઃ પુનઃ વિચારીને વીતરાગ પ્રત્યે જેને અહોભાવ-આદરભાવ થાય, વીતરાગ પરમાત્મા આગળ સંસારના તમામ ભાવો તુચ્છ અને અનાદરણીય લાગે, જગતમાં વંદનીય, માનનીય, પૂજનીય આ એક જ ઉત્તમ આત્મા છે. એવું જેની બુદ્ધિમાં હોય તેવા યોગ્યાત્માઓ જ **'નમો અરિહંતાણં'** બોલતાં આ ભાવને લાવી શકે છે અને તેઓએ કરેલો નમસ્કાર ભાવ-નમસ્કાર થઈ શકે છે.

## ભાવનમસ્કારનો ઉપાય :

શબ્દોથી નમસ્કાર મહામંત્ર બોલીને જ્યારે આપણે અરિહંતને નમસ્કાર

---

છે. (૨) તેમનો શ્વાસ કમળ જેવો સુગંધીત હોય છે. (૩) તેમના શરીરમાં માંસ અને રુધિર ગાયના દૂધ જેવાં નિર્મલ અને દુર્ગંધ વિનાનાં હોય છે. (૪) તેમની આહાર, નિહાર (મળત્યાગ) આદિની ક્રિયાઓ ચર્મચક્ષુથી જોઈ શકાતી નથી.

10. **કર્મક્ષયથી થતા ૧૧ અતિશય:** (૧) તેઓની આસપાસ સમવસરણમાં એક યોજનમાં કોટાકોટી દેવ, મનુષ્ય, તિર્યંચોનો સમાવેશ થઈ શકે છે. (૨) એમની વાણી એક યોજન સુધી સાંભળી શકાય અને સર્વ પ્રાણી પોતાની ભાષામાં સમજી શકે તેવી પાંત્રીસ ગુણોથી યુક્ત હોય છે. (૩) તેમના રૂપનું હરણ કરે તેવું ભામંડલ ભગવંતના મસ્તક પાછળ હોય છે. તેના વિના પ્રભુ સન્મુખ કોઈ દૃષ્ટિ પણ ન કરી શકે. વળી, પ્રભુ વિચરતાં હોય ત્યાં આજુબાજુ સવાસો યોજન સુધી (૪) રોગનો નાશ થાય છે. (૫) વૈરનો નાશ થાય છે. (૬) ઈતિ એટલે ઉપદ્રવનો નાશ - બીમારીનો નાશ થાય છે. (૭) મારી આદિ થતા નથી. (૮) અતિવૃષ્ટિ થતી નથી. (૯) અનાવૃષ્ટિ એટલે કે વરસાદનો અભાવ પણ થતો નથી. (૧૦) દુકાળ એટલે કે, અનાજની દુર્લભતા પણ થતી નથી તથા (૧૧) લોકોને સ્વ-પર રાજ્યનો ભય રહેતો નથી.

11. **દેવકૃત ૧૯ અતિશય :** (૧) ધર્મચક્ર : પ્રભુ ચાલે ત્યારે ધર્મચક્ર આગળ ચાલ્યા કરે છે અને પ્રભુ સ્થિર થાય ત્યાં તે પણ સ્થિર રહે છે. (૨) ચામર : બન્ને બાજુ ચામર વીંઝાયા કરે છે. (૩) મૃગેન્દ્રાસન : સ્ફટિકમય સિંહાસન કે જે પ્રભુ ચાલે ત્યારે ઉપર અને બેસે ત્યારે નીચે ગોઠવાઈ જાય છે. (૪) છત્રત્રય : રત્નમણિનાં ત્રણ છત્રો મસ્તક ઉપર રહે છે. (૫) રત્નમય ધ્વજ : પ્રભુ ઉપર રત્નમય ધ્વજ હોય છે. (૬) સુવર્ણ કમળો : માખણ કરતાં પણ અધિક કોમળ સુવર્ણનાં નવ કમળો પ્રભુ ચાલે ત્યારે આપોઆપ પગની નીચે ગોઠવાતાં જાય છે. (૭) વપ્રત્રય :

કરીએ છીએ, ત્યારે પણ જો મન અન્યત્ર હોય અથવા વિચારશૂન્ય હોય તો ભાવ-નમસ્કાર ન થાય. **'નમો અરિહંતાણં,'** આ શબ્દો બોલવાથી કે સામાન્યથી તેના અર્થમાં ઉપયોગ રાખવાથી પણ ભાવનમસ્કાર ન થઈ શકે. નમસ્કારના શબ્દો બોલતાં શબ્દ અને અર્થનો ઉપયોગ હોય તો તે પણ એક માનસિક વિચારણા જ છે પણ ભાવનમસ્કાર નથી. નમસ્કારનું સ્મરણ કરતાં 'આવા ગુણ સંપન્ન આત્માને હું નમસ્કાર કરું છું.' એવો સામાન્યથી અધ્યવસાય થાય તો તે પણ એક શુભ લેશ્યા છે, પણ ભાવનમસ્કાર નથી, ભાવનમસ્કાર તો એથી પણ ઉપરની અવસ્થા છે. **સુદેવ તરીકે "વીતરાગ જ ઉત્તમોત્તમ છે અને એ સિવાયના સંસારના સમગ્ર ભાવો તુચ્છ, નિઃસાર છે."** એવા ભાવની અતિશયતા તે ભાવનમસ્કાર છે. **ભાવનમસ્કાર માટે ઉત્તમ પુરુષમાં રહેલા ગુણોનું સંવેદન જોઈએ, ગુણો પ્રત્યેનું બહુમાન જોઈએ અને તે ગુણની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન જોઈએ.** આ ઉપરાંત ભાવનમસ્કાર માટે પોતાની નિર્ગુણતાનું ભાન અને તે નિર્ગુણતાના ત્યાગની ઈચ્છા પણ એટલી જ જરૂરી છે. અરિહંતભગવંતો ગુણવાન છે અને હું નિર્ગુણ છું, તેવું જ્ઞાન મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમ વિના શક્ય નથી. માટે જ ભાવનમસ્કાર કરવા માટે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ સાથે મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમ પણ આવશ્યક છે.

---

કાંગરા સહિત રૂપાના, સુવર્ણના અને રત્નનાં ત્રણ ગઢ સમવસરણમાં હોય છે, (૮) ચતુર્મુખ : દેશના સમયે ચારે બાજુએ જીવો ભગવંતના મુખનું દર્શન કરી શકે છે. એક મૂળ રૂપ અને ત્રણ પ્રતિબિંબ હોય છે. (૯) અશોકવૃક્ષ : સમવસરણમાં ભગવાનની ઊંચાઈ કરતાં બાર ગણું ઊંચું અશોકવૃક્ષ હોય છે, જે દ્રવ્યથી અને ભાવથી લોકોના શોકને દૂર કરે છે. (૧૦) ભગવાનની વિહાર ભૂમિમાં કાંટા પણ ઊંધા થઈ જાય છે. (૧૧) વૃક્ષો અત્યંત નમે છે. (૧૨) દુંદુભિ : આકાશમાં દુંદુભિનો નાદ થયા કરે છે. (૧૩) અનુકૂળ વાયુ : વાયુ શરીરને સુખ આપે એવો અનુકૂળ થઈ જાય છે. (૧૪) પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા આપે છે. (૧૫) સુગંધીત પાણીનો વરસાદ થાય છે. (૧૬) પાંચ વર્ણનાં સચિત પુષ્પોની વૃષ્ટિ થાય છે. (૧૭) છએ ઋતુઓ ઈન્દ્રિયોના વિષયમાં અનુકૂળ રહે છે. (૧૮) ભગવાન દીક્ષા લે પછી તેમના દાઢી, મૂછ, નખ વધતાં નથી. (૧૯) જઘન્યથી એક કરોડ દેવો પ્રભુને સેવે છે.

* ભગવાનના જે ૩૪ અતિશયો છે તેનો સંક્ષેપ કરી અરિહંતના ૧૨ ગુણો કહ્યા છે.
  (૧) અશોકવૃક્ષ (૨) સુરપુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) આસન (૬) ભામંડલ (૭) દેવદુંદુભિ (૮) છત્ર તથા (૯) જ્ઞાનાતિશય (૧૦) વચનાતિશય (૧૧) પૂજાતિશય (૧૨) અપાયાપગમાતિશય.
* આ ૧૨ પૈકી પ્રથમ ૮ બાહ્ય ઋદ્ધિ સ્વરૂપ છે, છતાં તે ગુણનાં પ્રતીક હોવાથી ભવ્યજીવો આ અતિશયને જોઈને તેનાથી ગુણોને પ્રાપ્ત કરે છે. તેથી જ આ અતિશયોમાં પણ ગુણનો ઉપચાર કર્યો છે.

જેઓ ભાવથી અરિહંતભગવંતોને નમસ્કાર કરે છે, તેઓ તીર્થંકરનામકર્મ આદિ વિશિષ્ટ પુણ્યકર્મ બાંધે છે અને બંધાયેલાં પાપકર્મને શિથિલ કરે છે તેથી બંધાયેલાં પાપકર્મ વિશેષ પ્રકારે કદર્થના કરી શકતાં નથી.

'નમો અરિહંતાણં' એ પદમાં 'અરિહંતોને' એમ બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અરિહંત એક જ છે અર્થાત્ ઈશ્વર એક જ છે, એવું જે માને છે, તેના મતનું ખંડન કરવા માટે આવો બહુવચનનો પ્રયોગ કર્યો છે. કારણકે, અનંતકાળની અપેક્ષાએ તો અનંતા અરિહંતો છે. વળી, વ્યવહારથી ઘણા બધા અરિહંતોની પૂજા, સ્તુતિ, નમસ્કાર કરવાથી શુભભાવોની વૃદ્ધિ થાય છે અને આ શુભ ભાવથી વિશેષ નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે, માટે બહુવચનનો પ્રયોગ કર્યો છે.

**અરિહંતનું શ્વેતવર્ણથી ધ્યાન કરવાનું કારણ :**

આવા અરિહંતોનું ધ્યાન શ્વેત, ઉજ્જવલ વર્ણથી કરાય છે, કારણકે -

૧. જેમ વર્ણમાં શ્વેતવર્ણ પ્રધાન છે તેમ પંચપરમેષ્ઠીમાં અરિહંત પ્રધાન સ્થાને છે, માટે શ્વેતવર્ણથી તેમનું ધ્યાન થાય છે.

૨. અરિહંતો કષ્ટો, પરિષહો, ઉપસર્ગોને મહાન ધીરતાથી સહન કરે છે. તેથી તે સાત્ત્વિકવૃત્તિવાળા હોય છે. આવા સાત્ત્વિકવૃત્તિવાળા ઉત્તમ પુરુષોનાં લોહી, માંસ વગેરે પણ ઉજ્જવળ, શાંત, સ્થિર હોય છે. તેથી આંતરવૃત્તિઓને જીતનાર મહાન અતિશયસંપન્ન અરિહંત ભગવંતોનું શુક્લવર્ણથી ધ્યાન કરવાનું છે.

૩. આપણું લક્ષ્ય રાગ-દ્વેષ આદિ દોષોથી કાળા બનેલા આત્માને ઉજ્જવલ બનાવવાનું છે, માટે ઉજ્જવલ ગુણોને પ્રાપ્ત કરેલા એવા અરિહંતોનું ધ્યાન પણ ઉજ્જવલ વર્ણથી કરવામાં આવે છે. જેથી આપણે પણ અરિહંતોના ઉજ્જવલ ગુણોને પ્રાપ્ત કરી શકીએ.

દરેક અરિહંતો બાહ્ય શરીરની દૃષ્ટિથી શ્વેતવર્ણના છે તેવું નથી. પણ સાધના કરવા માટે સાધકને બાહ્ય આકૃતિ કરતાં અંતરંગ ગુણસમૃદ્ધિ જ ઉપકારક હોઈ અંતરંગ ઉજ્જવલ આત્મસ્વરૂપનું ધ્યાન કરવા માટે અંતરંગ ગુણોને લક્ષમાં રાખી અરૂપી આત્માનું નિરાલંબન ધ્યાન જ્યાં સુધી શક્ય નથી, ત્યાં સુધી ઉજ્જવલ ગુણસમૃદ્ધિના સ્મરણ માટે ઉપકારક એવા ઉજ્જવલ બાહ્ય રૂપનું સાલંબન ધ્યાન કરાય છે.

**'नमो सिद्धाणं'**[12] - સિદ્ધભગવંતોને નમસ્કાર થાઓ.

આ પદમાં પ્રથમ 'નમો' પદનો અર્થ આપણે પ્રથમ અધ્યયનમાં વિચારી ગયા છીએ. 'સિદ્ધાણં' પદનો અર્થ 'સિદ્ધભગવંતોને' એ પ્રમાણે થાય છે. સિદ્ધ તેને કહેવાય જેને જન્મ લેવાનો નથી, મૃત્યુ આવવાનું નથી. જેને શરીર કે કર્મનું કોઈ બંધન નડતું નથી. શરીર નથી માટે રોગ કે શોક નથી, કર્મ નથી માટે કોઈ પ્રકારની આધિ, વ્યાધિ કે ઉપાધિ નથી. ટૂંકમાં કોઈપણ પ્રકારનું દુઃખ જેને નથી *અને જેઓ મહાઆનંદરૂપ, મહાઉત્સવ સ્વરૂપ, મહાકલ્યાણરૂપ નિરૂપમ* સુખને જેઓ પામી ગયા છે, તે સિદ્ધ કહેવાય છે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ જણાવ્યું છે કે, સર્વ દુઃખોથી ઉત્તીર્ણ, જન્મ-જરા-મરણનાં બંધનથી મુક્ત સિદ્ધો[13] શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

સિદ્ધપરમાત્મા વીતરાગતા આદિ ગુણોવાળા તો છે જ, પણ તદુપરાંત તેઓ સર્વ કર્મથી રહિત અને શરીરથી પણ રહિત અકર્મા અને અશરીરી છે. તેઓ સંસારના તમામ ભાવો અને તમામ પ્રવૃત્તિથી પર, માત્ર ચૈતન્ય સ્વરૂપ છે. તેમની ચેતના નિરાકુળ અને સ્થિર પરિણામવાળી હોય છે. આ નિરાકુળ અને સ્થિર ચેતના જ તેમને અનંત સુખ આપે છે.

### સંસારી અને સિદ્ધાત્માના સુખની તુલના :

સંસારી જીવોને જે પણ સુખો પ્રાપ્ત થાય છે, તે પરાધીન છે. તેમાં પુણ્યની, પુદ્ગલની અને પરવ્યક્તિની અપેક્ષાઓ રહે છે અને તે પણ ઈચ્છા-ઉત્સુકતારૂપ દુઃખ પછી પ્રાપ્ત થાય છે. પહેલા તે તે વસ્તુની ઈચ્છા થાય. તેનાથી સંસારી જીવોની ચેતના આકુળ-વ્યાકુળ થાય. ત્યારપછી જો પુણ્ય હોય તો જીવને તે વસ્તુ મળે છે અને મળે ત્યારે ઈચ્છાની પૂર્તિ થવાથી દુઃખ હળવું થાય છે. આ દુઃખની હળવાશ થોડો સમય સુખરૂપ લાગે પણ વળી પાછી નવી ઈચ્છા ઉત્પન્ન થાય, ઇચ્છાની પૂર્તિ ના થાય ત્યાં સુધી દુઃખ થાય, વળી વસ્તુ મળે એટલે થોડો સમય સુખ લાગે... આ રીતે ઉત્સુકતા અને પરપદાર્થવિષયક ઈચ્છાની પૂર્તિથી

12. આ બીજું પદ બીજા અધ્યયન રૂપ છે. તેમાં 'નમો' અને 'સિદ્ધાણં' એમ બે પદો તથા કુલ પાંચ અક્ષરો છે.

13. नित्थि(च्छि)न्न-सव्वदुक्खा, जाई-जरा-मरण-बंध-विमुक्का। अव्वाबाहं सुक्खं, अणुहवंति सासयं सिद्धा ॥ ९८८ ॥ (આ.નિ.)

સંસારીને તે ક્ષણવર્તી દુઃખની હળવાશરૂપ સુખ મળે અને ક્યારેક ઇચ્છાપૂર્તિ ન થાય તો દુઃખમાં વધારો પણ થાય છે. પરંતુ સિદ્ધના જીવોને આવી કોઈ મોહકૃત ઈચ્છા નથી. **ઇચ્છા એ મોહથી થયેલો વિકાર છે. અનિચ્છા એ આત્માનો સ્વભાવ છે.** તેથી સિદ્ધના આત્માને આવી ઇચ્છાથી થયેલું કોઈ આકુળ-વ્યાકુળતાનું દુઃખ નથી, માત્ર નિરાકુળ શુદ્ધ ચેતના છે. સ્થિરભાવ યુક્ત આ ચેતના તેમને અનંત કાળ સુધી અનંતું સુખ અને સ્વાભાવિક આનંદ આપે છે. આવા તેમના સુખની તુલના કોઈ સંસારી સુખ સાથે થઈ શકે તેમ નથી.

સિદ્ધ અવસ્થાનું સુખ તે સંપૂર્ણ કર્મરોગના નાશથી થયેલું નિરોગી અવસ્થાનું સુખ છે. જ્યારે સંસારીઓએ માની લીધેલું સુખ તે કર્મરોગથી થયેલું પૌદ્ગલિક સુખ છે. આ સંસારી જીવોના સુખને શાસ્ત્રકારોએ ખસના દર્દીને ખણજથી જેવું સુખ થાય તેવા સુખ સાથે સરખાવ્યું છે. જેમ ખસ થયેલા દર્દીને જ્યારે ચળ ઊઠે છે ત્યારે તેને ખણવાનું મન થાય છે. આ ખણજ તેને ખૂબ મીઠી લાગે છે. તેથી તે ખણવાની ક્રિયા કર્યા કરે છે. ખણ્યા પછી તેને બળતરા થાય છે અને વધુ ચળ ઊપડે છે તો પણ તે ખણવાનું છોડી શકતો નથી. તે જ રીતે સંસારી જીવોને મોહનીયકર્મરૂપ (ખરજવું) કણ્ડુ લાગુ પડેલો છે. આ મોહનીયાદિ કર્મને કારણે સંસારી જીવને નિત નવી નવી ઇચ્છાઓ રૂપી ચળ ઊભી થાય છે. પછી તે ઈચ્છાઓને પૂરી કરવા શક્ય તેટલા પ્રયત્નો કરે છે. તેમાં તેને શ્રમ પડે છે, વ્યથા થાય છે, તે વિહ્વળ પણ બને છે, આ બધાં દુઃખોના અંતે ઈચ્છા પૂરી થાય છે ત્યારે તે આનંદમાં આવી જાય છે અને મને સુખ મળ્યું તેમ સંતોષ માને છે. વાસ્તવમાં આ સુખ ન હતું, માત્ર ઈચ્છા, વ્યથાના નાશરૂપ ક્ષણિક દુઃખનો પ્રતિકાર હતો. પરંતુ મોહનીયકર્મની પ્રબળતા સંસારી જીવને એ સમજવા જ દેતી નથી કે પેદા થયેલા આ ઈચ્છાદિ તે રોગો છે. તેને કારણે આત્મા સાચા સુખને કદી માણી શકતો જ નથી. જ્યારે સિદ્ધભગવંતોએ તો માત્ર મોહનીયકર્મનો જ નહિ, પરંતુ સર્વ કર્મરૂપ રોગનો નાશ કર્યો છે. તેથી તેમને આવું ક્ષણિક, દુઃખ મિશ્રિત અને માત્ર કાલ્પનિક સુખ નથી, પરંતુ તેમને તો **નિરંતર, દુઃખના અભાવવાળું, વાસ્તવિક, એકાંતિક અને આત્યંતિક અનંત સુખ પ્રાપ્ત થયેલ છે.**

જેનો મોહ નબળો પડ્યો છે તેવા યોગી પુરુષો આવા સુખનો આંશિક અનુભવ કરી શકે છે અને તેથી સાચા અર્થમાં આવા યોગીઓ જ સિદ્ધપરમાત્માને સમજીને ભજી શકે છે, બીજા નહિ. 'હા' યોગી થવાની

ઈચ્છાવાળા, મોહનીયકર્મનો ત્યાગ કરવાની ભાવનાવાળા પણ સિદ્ધપરમાત્માની ભક્તિ કરે તો ફાયદો જરૂર થઈ શકે.

આવા ગુણસંપન્ન સિદ્ધપરમાત્માને બુદ્ધિમાં ઉપસ્થિત કરી તેમને જો ભાવપૂર્વક નમસ્કાર કરવામાં આવે તો ધીમે ધીમે આપણી ચેતના પણ આકુળતા વિનાના સ્થિર સુખ માટે પ્રયત્ન કરવા લાગે છે અને તેના ફળરૂપે આપણને પણ સિદ્ધભાવની પ્રાપ્તિ થઈ શકે છે.

**'સિદ્ધ' શબ્દના જુદા જુદા અર્થ :**

૧. "सि" = સિત્ એટલે કે બાંધેલાં અને "द्ध" = ધ્માત. જેમણે લાંબા કાળથી બાંધેલાં આઠ પ્રકારનાં કર્મરૂપી ઈંધણને અતિ ઉગ્ર એવા શુક્લધ્યાનરૂપી અગ્નિથી બાળી નાખ્યું છે, તે સિદ્ધ છે.

૨. "षिध्" = નિષ્ઠા; જેઓ સર્વથા કૃતકૃત્ય થઈ ગયા છે, જેઓનું કોઈ પણ કાર્ય અધૂરું નથી, તે સિદ્ધ કહેવાય છે.

૩. "सिद्ध" એટલે પ્રખ્યાત-પ્રસિદ્ધ; ભવ્ય જીવો જેમના ગુણસમૂહને સારી રીતે જાણતા હોય છે, તેમને સિદ્ધ કહેવાય છે.

षिध् ધાતુ - ગતિ, શાસ્ત્ર, મંગળ આદિ અર્થમાં વપરાય છે, માટે તેના પરથી બનેલા સિદ્ધ શબ્દના નીચે પ્રમાણે અર્થ થાય છે.

૪. "सिद्ध" = ગતિ; સંસારમાં પાછા ફરવું ન પડે તે રીતે જેઓ મોક્ષ નગરીમાં ગયા છે, મોક્ષગતિને પામ્યા છે, તે સિદ્ધ છે.

૫. "सिद्ध" = શાસ્ત્ર-શાસક; જેઓ પોતાના આત્માના સંપૂર્ણ શાસક છે, શાસક શાસ્ત્ર હોય છે. માટે સિદ્ધ જ શાસ્ત્ર છે.

૬. "सिद्ध" = મંગળ; જેઓ મંગળ સ્વરૂપ છે, તે સિદ્ધ છે.

**સિદ્ધનો ઉપકાર :**

મહાવિદેહ ક્ષેત્રમાંથી જીવો સર્વકાળે સિદ્ધ થઈ શકે છે. જ્યારે ભરત અને ઐરાવત ક્ષેત્રના જીવો આખા કાળચક્રમાંથી અમુક કાળમાં જ સિદ્ધ અવસ્થાને પામી શકે છે. એક જીવ સિદ્ધાવસ્થાને પામે છે, ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે. આવા જ કોઈ એક જીવની

સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિને કારણે આપણે પણ અવ્યવહાર રાશિમાંથી નીકળી શક્યા હોઈએ માટે જ તે સિદ્ધ આત્માનો આપણા પર પરમ ઉપકાર કદી ન ભૂલાય તેવો છે.

વળી, સર્વસાધકનું લક્ષ્ય સિદ્ધ અવસ્થા છે. સિદ્ધ ભગવંતો સર્વસાધકો માટે પરમ આદર્શભૂત છે. તેમનું લક્ષ્ય કરીને સાધના કરતા સાધકો સિદ્ધ અવસ્થાને પામે છે. સિદ્ધભગવંતનો આ સર્વશ્રેષ્ઠ ઉપકાર છે. આથી જ દેવચંદ્રજી કહે છે કે-

**"સકળ સિદ્ધતા તાહરી રે, મારે સાધન રૂપ"**

## સિદ્ધના જીવોની સંખ્યા :

એક જ સમયમાં વધુમાં વધુ ૧૦૮ જીવો સિદ્ધાવસ્થાને પામી શકે છે તથા વધુમાં વધુ છ માસનો સમયગાળો પસાર થયા પછી બીજો એક જીવ અવશ્ય સિદ્ધાવસ્થાને પામે છે. એટલે કે બે સિદ્ધના જીવો વચ્ચેનો વિરહકાળ વધુમાં વધુ છ માસનો રહે છે. અત્યાર સુધી અનંતા જીવો સિદ્ધિગતિને પામ્યા છે અને અનંતા જીવો સિદ્ધિગતિને પામશે. આમ છતાં જ્યારે અરિહંતભગવંતને પૂછવામાં આવે કે, કેટલા જીવો સિદ્ધ થયા ? તો એક જ જવાબ મળે કે, એક નિગોદના અનંતમા ભાગના જીવો જ સિદ્ધ થયા છે.

## સિદ્ધોનું સ્થાન :

સિદ્ધના જીવો લોકના અગ્રભાગે સ્થિર થાય છે. કેમકે, જીવનો સ્વભાવ જ ઉર્ધ્વગમનનો છે. છતાં જ્યાં સુધી જીવ કર્મના ભારથી દબાયેલો છે, ત્યાં સુધી તે કર્માનુસાર જ પ્રવૃત્તિ કરે છે. જ્યારે સિદ્ધભગવંતો કર્મથી સંપૂર્ણ મુક્ત છે. અગ્નિ, તુંબડા વગેરેના દૃષ્ટાંતથી જીવ કર્મરહિત થતાંની સાથે જ ઊર્ધ્વગતિ કરે છે. કર્મરહિત જીવનો ઉર્ધ્વગમનનો સ્વભાવ હોવાથી તેઓ ઊંચે લોકના અગ્રભાગે સ્થિર થાય છે. ત્યાંથી આગળ અલોક આવે છે અને અલોકમાં ગતિ-સહાયક ધર્માસ્તિકાય, સ્થિતિસહાયક અધર્માસ્તિકાય નથી માટે અલોકમાં સિદ્ધનાં આત્મા ગતિ કરી શકતા નથી કે સ્થિર પણ રહી શકતા નથી. તેથી ચૌદ રાજલોકના છેક અગ્રભાગે શુદ્ધ, નિર્મળ સ્ફટિકની ૪૫ લાખ યોજન લાંબી-પહોળી અને વચ્ચેથી આઠ યોજન જાડી અને છેડાના બંને ભાગે માખીની પાંખ જેટલી પાતળી સિદ્ધશિલા આવેલી છે. તેની ઉપર આવા સિદ્ધના જીવો સ્થિર થાય છે. સિદ્ધશિલા ઉપર અનંતા સિદ્ધો એક સાથે એક જગ્યાએ એક જ આકાશ પ્રદેશને અવગાહીને રહેલા છે.

**જિજ્ઞાસા :** જ્યાં એક સિદ્ધનો આત્મા હોય ત્યાં બીજા અનંતા સિદ્ધો કઈ રીતે સમાઈ શકે ?

**તૃપ્તિ :** જેમ એક રૂમમાં એક દીવો કે લાઈટ હોય તે જ રૂમમાં હજારો દીવા કે લાઈટ કરવામાં આવે તો તેનો પ્રકાશ પણ એ જ રૂમમાં સમાઈ જાય છે. તેમ સિદ્ધ ભગવંતના આત્માઓને શરીરાદિ પુદ્ગલ ન હોવાથી એકબીજાના આત્મપ્રદેશો એકબીજામાં સમાઈ જાય છે.

અઢી દ્વીપ પ્રમાણ ૪૫ લાખ યોજનની લંબાઈ-પહોળાઈ ધરાવંતી તથા બરાબર તેની જ ઉપર આવેલી સિદ્ધશિલાનો કોઈપણ ભાગ એવો નથી, જ્યાં અનંતા સિદ્ધો ન હોય.

**જિજ્ઞાસા :** અઢી દ્વીપમાં ૧૫ કર્મભૂમિમાંથી જ જીવ સિદ્ધ થઈ શકે છે. તેથી તે સિવાયના ભાગમાં અથવા લવણસમુદ્ર વગેરે સમુદ્રની ઉપરના ભાગમાં આવેલા સિદ્ધશિલાના ભાગમાં અનંતા સિદ્ધો કેવી રીતે આવી શકે ?

**તૃપ્તિ :** આમ તો ૧૫ કર્મભૂમિમાંથી જ જીવ સિદ્ધિગતિમાં જાય એ રાજમાર્ગ અથવા સામાન્ય વિધાન છે. પરંતુ ક્યારેક કોઈક દેવ કોઈક આત્માનું અપહરણ કરે અથવા પોતાના અપકાર કે ઉપકારનો બદલો વાળવા કોઈક સાધકજીવને અન્ય ભૂમિમાં મૂકે, કે લવણ સમુદ્રની ભૂમિ પર લઈ જાય ત્યારે તે જીવ ત્યાં રહીને, વિશુદ્ધ અધ્યવસાયમાં રમતો, શુક્લધ્યાનને પ્રાપ્ત કરી, શ્રેણી માંડી, કર્મોનો ક્ષય કરી, આયુષ્ય પૂર્ણ કરે તો ત્યાંથી સીધો ઊંચે ચડી એ જ આકાશ પ્રદેશની શ્રેણીથી અસ્પૃશ્ય ગતિએ મોક્ષમાં જાય છે, ત્યારે તે ભૂમિની જ ઉપર રહેલી સિદ્ધશિલાના ભાગ પર તે જીવ સ્થિર થાય છે. અનંતકાળની દૃષ્ટિએ વિચારીએ તો આવું અનંતીવાર થવાની સંભાવના છે. આથી કર્મભૂમિ સિવાયના સ્થાનમાં પણ અનંતા સિદ્ધો હોઈ શકે છે.

## સિદ્ધના આઠ ગુણોનું વર્ણન :

આઠ કર્મનો ક્ષય થવાથી સિદ્ધો આઠ ગુણથી યુક્ત બને છે.

૧. **જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી અનંતજ્ઞાન** પ્રાપ્ત થાય છે. તેના દ્વારા તેઓ ત્રણે કાળના ચરાચર જગતને, રૂપી-અરૂપી પદાર્થોને તથા તેના સર્વ પર્યાયોને હાથમાં રહેલા આમળાની જેમ વિશેષ પ્રકારે જાણી શકે છે.

૨. **દર્શનાવરણીયકર્મના ક્ષયથી અનંતદર્શન** ઉત્પન્ન થાય છે. તેનાથી તેઓ સર્વ પદાર્થોના સામાન્ય સ્વરૂપને જોઈ શકે છે.

૩. **વેદનીયકર્મના ક્ષયથી અવ્યાબાધસુખ**ની પ્રાપ્તિ થાય છે. વેદનીયકર્મ શરીરરૂપ પુદ્‌ગલને શાતા-અશાતા ઉત્પન્ન કરે છે. સિદ્ધભગવાનને વેદનીયકર્મનો અભાવ હોવાથી શરીરકૃત કોઈ પીડા હોતી નથી અને તેથી આવી પીડાના નાશરૂપ અવ્યાબાધ (બાધારહિત) આત્મિક સુખ તેઓ અનુભવે છે.

૪. **મોહનીયકર્મના ક્ષયથી અનંતચારિત્ર**ની પ્રાપ્તિ થાય છે. આ ગુણ દ્વારા તેઓ સતત આત્મસ્વરૂપમાં જ રમણતા કરે છે. સત્શ્રદ્ધા અને સત્પ્રવૃત્તિનું બાધક મોહનીયકર્મ છે, તેથી જ તેના અભાવથી પોતાના સ્વરૂપમાં રમણતા સ્વરૂપ ચારિત્ર અથવા વીતરાગતા ગુણ આત્મામાં પ્રગટે છે.

૫. **આયુષ્યકર્મના ક્ષયથી અક્ષયસ્થિતિ**ને પ્રાપ્ત કરે છે. જેમ ઇચ્છા ન હોવા છતાં કોઈ વ્યક્તિના પગમાં બેડી નાંખેલી હોય, તો તે બેડી માણસને એક સ્થળે જકડી રાખે છે, તેમ આ કર્મ પણ જીવને જુદી જુદી ગતિમાં મર્યાદિત સમય સુધી જકડીને રાખે છે અને આયુષ્ય પૂરું થતાં જીવ બીજી ગતિમાં ચાલ્યો જાય છે. જ્યારે આયુષ્યકર્મના ક્ષયથી સિદ્ધાવસ્થામાં, ક્ષય ન થાય તેવી સ્થિતિ એટલે કે અક્ષયસ્થિતિ પ્રાપ્ત થાય છે.

૬. **નામકર્મના ક્ષયથી અરૂપીપણું** પ્રગટે છે. આ કર્મને કારણે જ જીવ જુદા જુદા રૂપો ધારણ કરે છે અને તેના દ્વારા જ સુખી અને દુઃખી થાય છે અને તેના ક્ષયથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૭. **ગોત્રકર્મના ક્ષયથી અગુરુલઘુ ગુણ** પ્રાપ્ત થાય છે. ગોત્રકર્મને કારણે જ જીવને ઊંચ-નીચ (ગુરુ-લઘુ) ભાવની પ્રાપ્તિ થાય છે. તેના ક્ષયથી અગુરુલઘુ ગુણ પ્રગટે છે.

૮. **અંતરાયકર્મના ક્ષયથી અનંતવીર્ય** પેદા થાય છે. આ કર્મ આત્માના દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય ગુણનો નાશ કરે છે. જ્યારે આ કર્મનો નાશ થાય છે ત્યારે આત્મામાં અનંતદાન, લાભ, ભોગાદિ ગુણો પ્રગટ થાય છે. આ ગુણો દ્વારા સિદ્ધના આત્મા અનંતા જીવોને અભયનું દાન આપે છે. પોતાના અનંત ગુણોનો લાભ તેમને થાય છે. પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણોનો ભોગ અને ઉપભોગ તેઓ કરે છે અને સ્વગુણના પ્રવર્તનમાં તેમનું અનંતુ વીર્ય પ્રવર્તે છે.

ટૂંકમાં, સિદ્ધપરમાત્માઓ અવિનાશી એવા અનંત સુખને ધારણ કરનારા હોવાથી ભવ્ય આત્માઓને અતિશય પ્રમોદ ઉત્પન્ન કરનારા છે અને એ રીતે ભવ્ય આત્માના તેઓ અત્યંત ઉપકારક હોવાથી નમસ્કરણીય છે. વળી, ભવ્યજીવો માટે આત્મ-વિશુદ્ધિનો અંતિમ આદર્શ તેઓ છે. શ્રી અરિહંતભગવંતો પણ નિર્વાણ પછી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

**જિજ્ઞાસા :** અરિહંતભગવંતોનું પણ અંતિમ લક્ષ્ય સિદ્ધ અવસ્થા છે. તો જે મુખ્ય હોય તેને પહેલા નમસ્કાર કરવો જોઈએ એવા ન્યાય પ્રમાણે સિદ્ધને પહેલા નમસ્કાર કરવો જોઈએ. કારણ કે, સિદ્ધો સર્વથા કર્મથી મુક્ત હોવાથી કૃતકૃત્ય છે. તો પછી પહેલાં અરિહંતભગવંતને શા માટે નમસ્કાર કર્યો ?

**તૃપ્તિ :** તેનું કારણ એ છે કે, જગતના દરેક પ્રાણી ઉપર અરિહંતભગવંતોનો અલૌકિક ઉપકાર છે. તેઓ તીર્થને પ્રવર્તાવી મોક્ષનો માર્ગ બતાવવા સ્વરૂપ મહાન ઉપકાર કરે છે. વળી, સિદ્ધના આત્માઓ પણ અરિહંતના ઉપદેશથી જ ચારિત્રનો સ્વીકાર કરી, કર્મરહિત બને છે અને સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે તથા અરિહંતોના ઉપદેશ દ્વારા જ સિદ્ધો ઓળખી શકાય છે. તેથી પ્રથમ અરિહંત ભગવંતોને નમસ્કાર અને ત્યાર પછી સિદ્ધભગવંતોને નમસ્કાર કરવો યોગ્ય છે.

વળી, વ્યવહારનયની અપેક્ષાએ પહેલા અરિહંતનો નંબર આવે છે. પછી સિદ્ધનો અને નિશ્ચયનયની અપેક્ષાએ પહેલા સિદ્ધ પછી અરિહંત છે. તો પણ સાધના કરનારે વ્યવહાર સ્વીકારીને નિશ્ચય સુધી પહોંચવાનું છે, માટે અહીં પ્રથમ અરિહંત પદને સ્થાન આપ્યું છે.

**જિજ્ઞાસા :** જો આ રીતે સિદ્ધો અરિહંતના ઉપદેશ દ્વારા જણાય છે, તેથી પ્રથમ અરિહંતને નમસ્કાર કરવાનું કહ્યું, તો અત્યારના કાળમાં આચાર્યના ઉપદેશ દ્વારા અરિહંત જણાય છે. તો શું આચાર્યને પ્રથમ નમસ્કાર કરવો ?

**તૃપ્તિ :** આચાર્યોમાં ઉપદેશ આપવાનું સામર્થ્ય અરિહંતના ઉપદેશમાંથી જ આવે છે. આચાર્યો સ્વતંત્ર રીતે અર્થને જણાવતા નથી, તેથી પરમાર્થથી તો અરિહંતો જ સર્વ અર્થોને જણાવનારા છે. વળી, **આચાર્ય વગેરે તો અરિહંતની પર્ષદારૂપ છે,** માટે આચાર્યને નમસ્કાર કરી, અરિહંતભગવંતને નમસ્કાર કરવો યોગ્ય નથી. કોઈપણ માણસ પર્ષદાને પ્રણામ કરી પછી રાજાને પ્રણામ કરતો નથી. તેથી પ્રથમ અરિહંતભગવંતને જ નમસ્કાર કરવો યોગ્ય છે.

**સિદ્ધનું લાલવર્ણથી ધ્યાન કરવાનું કારણ :**

સિદ્ધભગવંતનું ધ્યાન લાલ વર્ણથી થાય છે, કારણકે -

૧. મંત્ર શાસ્ત્રમાં રક્તવર્ણને વશીકરણનો હેતુ માનેલ છે. સિદ્ધાત્મા યોગી પુરુષોને આકર્ષી રહ્યા છે, મુક્તિવધૂનું પણ આકર્ષણ કરી રહ્યા છે. તેથી જ તેમનો વર્ણ રક્ત માની તેમની તે રીતે આરાધના કરવાની છે.

૨. તપાવેલું અને મેલ વિનાનું શુદ્ધ સુવર્ણ લાલ વર્ણનું બને છે, તેમ સિદ્ધભગવંત પણ તપ દ્વારા આત્માને તપાવી સર્વ કર્મક્ષય કરી નિર્મળ અને વિશુદ્ધ બન્યા છે. તેથી તેમનું ધ્યાન રક્તવર્ણે કરવાનું છે.

૩. તંદુરસ્ત રોગરહિત મનુષ્ય લાલબુંદ જેવો હોય છે, તેમ સિદ્ધ ભગવાન કર્મરોગથી સર્વથા રહિત હોવાથી આરોગ્યના પ્રતીકરૂપે તેમનું રક્તવર્ણથી ધ્યાન કરવું ઉચિત છે.

**'नमो आयरियाणं'**[14] - 'આચાર્યભગવંતોને નમસ્કાર થાઓ.

આ પદમાં પણ પ્રથમ 'નમો' પદનો અર્થ આપણે પ્રથમ અધ્યયનમાં વિચારી ગયા છીએ. બીજા 'આયરિયાણં' પદનો અર્થ 'આચાર્યોને' એ પ્રમાણે થાય છે.

અરિહંત પ્રભુની ગેરહાજરીમાં શાસનનો ભાર આચાર્યભગવંતો વહન કરે છે. શાસનનાં દરેક કાર્યો તેમની સલાહ મુજબ થાય છે. શ્રી જૈનશાસનરૂપી ગગન મંડળમાંથી તીર્થંકરદેવરૂપી સૂર્ય તથા સામાન્ય કેવળીરૂપી ચંદ્ર અસ્ત પામી ગયા પછી ત્રણે લોકમાં રહેલા પદાર્થોને પ્રકાશિત કરવા માટે આચાર્યો દીપક સમાન છે. તેઓ જૈનશાસનરૂપી રાજભવનના રાજાના સ્થાને છે. સર્વ શાસ્ત્રના, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના તેમજ ઉત્સર્ગ-અપવાદના તેઓ જ્ઞાતા હોય છે. તેમનો મુખ્ય ગુણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરવી તે છે.

આચાર્યભગવંતો પણ મુખ્ય બે પ્રકારના છે. દ્રવ્યાચાર્ય અને ભાવાચાર્ય. શાસ્ત્રોમાં આચાર્યના જે સામાન્ય ગુણો બતાવ્યા છે, તે પણ જેમનામાં ન હોય તે દ્રવ્યાચાર્ય છે અને શાસ્ત્રમાં આચાર્યના જે ગુણો વર્ણવ્યા છે, તે ગુણોથી યુક્ત જે હોય તે ભાવાચાર્ય કહેવાય છે. આ સૂત્ર દ્વારા આવા ભાવાચાર્યને જ નમસ્કાર કરવાનો છે, દ્રવ્યાચાર્યને નહિ. કેમ કે, ભાવાચાર્યને કરેલો નમસ્કાર

---

14. આ ત્રીજું પદ તે ત્રીજા અધ્યયન રૂપ છે. તેમાં "નમો", "આય" અને "રિયાણં" એમ ત્રણ પદો અને સાત અક્ષરો છે.

જ કર્મનિર્જરાનું અને ગુણપ્રાપ્તિનું કારણ બને છે. દ્રવ્યાચાર્યને નમસ્કાર કરવાથી આત્માને કોઈ ફાયદો થતો નથી.

**આગમ આધારિત ભાવાચાર્યનું વર્ણન :**

આવા ભાવાચાર્યોનું વર્ણન શાસ્ત્રકારોએ અનેક રીતે કર્યું છે. ભાવાચાર્યને મહાનિશીથ સૂત્રના પાંચમાં અધ્યયનમાં તીર્થંકરાદિ તુલ્ય કહ્યા છે. ગચ્છના અધિપતિ આચાર્ય કેવા ગુણોથી યુક્ત હોય તે મહાનિશીથ આગમના આ વચન ઉપરથી જણાય છે, જે નીચે પ્રમાણે છે.

*"હે ભગવંત[15] ! કેવા ગુણોથી યુક્ત ગુરુને ગચ્છ સોંપવો? ગૌતમ ! જે સારાં વ્રતોવાળો, સુશીલ, દૃઢ વ્રતવાળો, દૃઢ ચારિત્રવાળો, અનિંદિત અંગવાળો, પરિગ્રહ રહિત, રાગ રહિત, દ્વેષ રહિત, મોહ-મિથ્યાત્વ રૂપ મલના કલંકથી રહિત, ઉપશાંત, સંસારના સ્વરૂપનો સારો જાણકાર, મહાવૈરાગ્યના માર્ગમાં અતિશય લીન, સ્ત્રીકથા, ભક્તકથા, સ્તેનકથા, રાજકથા અને દેશકથાનો શત્રુ, અત્યંત અનુકંપાશીલ, પરલોકના અનર્થોનો ભીરુ, કુશીલનો શત્રુ, શાસ્ત્રના ભાવાર્થનો જાણકાર, શાસ્ત્રનાં રહસ્યોને જાણનાર, રાત-દિવસ પ્રતિસમય અહિંસાદિ લક્ષણવાળા ક્ષમાદિ દશ પ્રકારના શ્રમણધર્મમાં રહેલ, રાત-દિવસ પ્રતિસમય બાર પ્રકારના તપધર્મમાં ઉદ્યમી, સતત પાંચ સમિતિમાં સારી રીતે ઉપયોગ રાખનાર, સતત ત્રણ ગુપ્તિઓથી સુગુપ્ત, સ્વશક્તિથી (શક્તિને ગોપવ્યા વિના) અઢાર હજાર શીલાંગોનો આરાધક, સ્વશક્તિથી સત્તર પ્રકારના સંયમના એકાંતે અવિરાધક, ઉત્સર્ગરુચિ, તત્ત્વરુચિ, શત્રુ-મિત્રમાં સમભાવવાળો, સાત ભયસ્થાનોથી અત્યંત મુક્ત, આઠ મદસ્થાનોથી મુક્ત, નવ બ્રહ્મચર્ય-ગુપ્તિઓની વિરાધનાના ભીરુ, બહુશ્રુત, આર્યકુળમાં જન્મેલ, દીનતા, કૃપણતા અને આળસથી રહિત, સાધ્વીવર્ગનો સંસર્ગ ન કરનાર, સતત ધર્મોપદેશ આપનાર, સતત ઓઘસામાચારી પ્રરૂપક, સાધુ મર્યાદામાં સ્થિત, સામાચારીભંગભીરુ, આલોચનાને યોગ્ય જીવોને પ્રાયશ્ચિત્ત આપવામાં સમર્થ, વંદન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, વ્યાખ્યાન, આલોચના, ઉદ્દેશ અને સમુદ્દેશ, એ સાત માંડલીની વિરાધનાનો જાણકાર, પ્રવ્રજ્યા, ઉપસ્થાપના અને ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞાની વિરાધનાનો જાણકાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-ભવાંતરના અંતરને જાણનાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના આલંબનથી અત્યંત મુક્ત, બાલ-વૃદ્ધ-ગ્લાન-*

15. મહાનિશીથનો આ પાઠ ગુરુતત્ત્વ વિનિશ્ચય ઉ. ૧. ગા.- ની ટીકામાં સાક્ષી તરીકે લખેલ છે.

નવદીક્ષિત-સાધર્મિક અને સાધ્વી, આ બધાને મોક્ષમાર્ગની આરાધનામાં પ્રવર્તાવવામાં કુશળ, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ એ ગુણોના પ્રરૂપક, ચરણ-કરણના ધારક, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ ગુણના પ્રભાવક, દઢ સમ્યક્ત્વવાળા, સતત (પરિશ્રમાદિ કરવા છતાં) ખેદ ન પામનાર, ધીરજ રાખવામાં સમર્થ, ગંભીર, અતિશય સૌમ્ય કાંતિવાળા, તપરૂપ તેજથી સૂર્યની જેમ બીજાથી પરાભવ ન પામનાર, પોતાનું શરીર ક્ષીણ થવા છતાં ષટ્કાયના સમારંભનો ત્યાગ કરનાર, દાન-શીલ-તપ-ભાવરૂપ ચતુર્વિધ ધર્મના અંતરાયમાં ભીરુ, સર્વ પ્રકારની આશાતનામાં ભીરુ, ઋદ્ધિ-રસ-શાતા એ ત્રણ ગારવથી અને રૌદ્ર-આર્ત્ત એ બે ધ્યાનથી અત્યંત મુક્ત, સર્વ આવશ્યક ક્રિયાઓમાં ઉદ્યુક્ત, વિશેષ લબ્ધિઓથી યુક્ત, સંયોગો ઉપસ્થિત થવા છતાં અન્યની પ્રેરણા થવા છતાં, અન્યના કહેવા છતાં પાપ ન કરનાર, બહુ નિદ્રા ન કરનાર, બહુ ભોજન ન કરનાર, સર્વ આવશ્યકમાં, સ્વાધ્યાયમાં, ધ્યાનમાં, પ્રતિમામાં અને અભિગ્રહમાં થાકી ન જનાર, ઘોર પરિષહ-ઉપસર્ગોમાં ખેદ કે ભય ન પામનાર, યોગ્યનો સંગ્રહ કરવાના સ્વભાવવાળા, અયોગ્યનો ત્યાગ કરવાની વિધિનો જાણનાર, મજબૂત શરીરવાળા, સ્વ-પર શાસ્ત્રના મર્મનો જાણનાર, ક્રોધ-માન-માયા-લોભ-મમતા-રતિ-હાસ્ય-ક્રીડા-કામ-અહિતવાદ આ બધાથી અત્યંત મુક્ત, સંસારવાસની અને વિષયોની અભિલાષાવાળા જીવોને ધર્મકથા દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરનાર અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરનાર, એવી વ્યક્તિ ગચ્છ સોંપવાને યોગ્ય છે. તે ઉપર્યુક્ત ગુણો યુક્ત સાધુ ગણી છે, ગણધર છે, તીર્થ છે, તીર્થંકર છે, અરિહંત છે, કેવલી છે, જિન છે, તીર્થ પ્રભાવક છે, વંદ્ય છે, પૂજ્ય છે, નમસ્કરણીય છે, દર્શનીય છે, પરમ પવિત્ર છે, પરમ કલ્યાણ છે, પરમ મંગલ છે, સિદ્ધિ છે, મુક્તિ છે, શિવ છે, મોક્ષ છે, રક્ષક છે, સન્માર્ગ છે, ગતિ છે, શરણ્ય છે, સિદ્ધ, મુક્ત, પારંગત, અને દેવ છે.

ગૌતમ ! આને ગણનિક્ષેપ કરવો અર્થાત્ ગણ સોંપવો, આને ગણનિક્ષેપ કરાવવો, આને ગણનિક્ષેપની અનુજ્ઞા આપવી. ગૌતમ ! અન્યથા આજ્ઞાભંગ થાય."

**આચાર્યનું વર્ણન :**

**'શુદ્ધ[16] પ્રરૂપક ગુણ થકી જે જિનવર સમ ભાખ્યા રે'**

આચાર્યભગવંતનો મુખ્ય ગુણ શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરવી તે છે. તેઓ

16. પદ્મવિજયજી કૃત નવપદ પૂજા.

જ્યારે ઉપદેશ આપે છે, ત્યારે સતત તેઓની સામે જિનાગમ હોય છે. શાસ્ત્ર મર્યાદાથી ક્યાંય પણ આઘું પાછું ન બોલાઈ જાય તેનો તેમને પૂર્ણ ખ્યાલ હોય છે. કેમકે, જિનવચન વિરુદ્ધ એક પણ શબ્દ બોલાઈ જવાથી કેટલું ભવભ્રમણ વધે છે, તેનો ખ્યાલ હોવાથી સતત તેઓ ભગવાનનું કહેલું જ કહે છે.

આચાર્યના ૩૬ ગુણો ૩૬ પ્રકારે થઈ શકે છે. પાંચ ઈન્દ્રિયના વિકારને રોકનાર, નવ બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર કષાયથી મુક્ત, પાંચ મહાવ્રતના ધારક, પાંચ આચારનું પાલન કરનાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, આ ૩૬ ગુણો પંચિંદિય સૂત્રમાં આપેલા છે.

આચાર્યભગવંતો વિશેષ પ્રકારે પાંચ આચારોનું પાલન પોતે કરે છે અને બીજા જીવો પાસે પણ કરાવે છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ[17] જણાવ્યું છે કે, પંચવિધ આચારને આચરનારા તથા પ્રરૂપનારા છે, તેમ જ સાધુપ્રમુખને તેઓ વિશિષ્ટ આચાર દર્શાવનારા છે, તે કારણથી તેઓ આચાર્ય કહેવાય છે.

આચાર્યભગવંત સમગ્ર શાસનની ધુરા ધારણ કરે છે, છતાં તેમનું લક્ષ્ય સિદ્ધ અવસ્થા છે. તેથી સતત તે માટે જ તેઓ યત્ન કરતા હોય છે.

શાસનના નાયક હોઈ તેમને માન-સન્માન-સત્કાર ઘણા પ્રાપ્ત થાય છે, છતાં તેઓ તેનાથી અલિપ્ત રહે છે. શાસન પ્રભાવના માટે થતાં ઓચ્છવ-મહોત્સવમાં તેમની હાજરી હોવા છતાં પોતે તેની આકાંક્ષાવાળા હોતા નથી. સતત તેઓ કર્મનિર્જરાની અપેક્ષાવાળા હોવાથી શાસનનાં કાર્યો વચ્ચે પણ અંતરથી અળગા-અપ્રતિબદ્ધ રહેતા હોય છે. ટૂંકમાં, આચાર્ય તરીકે તમામ ફરજો અદા કરવા છતાં પોતાના લક્ષ્યને નજર સામે રાખી, સર્વ કાર્યો દ્વારા પોતાના અને પરના આત્માનું હિત સાધનારા આચાર્યભગવંતો હોય છે.

આવી વિશિષ્ટ ગુણસંપન્ન વ્યક્તિને બુદ્ધિમાં સ્થાપન કરી, તે ગુણો પ્રત્યે બહુમાનનો ભાવ પ્રગટ કરી, તે તે ગુણની પ્રાપ્તિ માટે તેમને કરાતો નમસ્કાર, ભાવનમસ્કાર રૂપ બને છે. આથી "નમો આયરિયાણં" પદ બોલતાં ભૂતકાળમાં થઈ ગયેલા, વર્તમાનમાં વિચરતાં અને ભવિષ્યમાં થનારા ગુણસંપન્ન આચાર્ય ભગવંતોને નજર સમક્ષ લાવી, તેમનામાં રહેલા ગુણોની પ્રાપ્તિના અને સ્વદોષનાશના પ્રણિધાનપૂર્વક ભાવાચાર્યને નમસ્કાર કરવાનો છે.

17. पंचविहं आयारं, आयारमाणा तहा पभासंता । आयारं दंसंता, आयरिया तेण वुच्चन्ति ।। ९९४ ।।
(आ.नि.)

**આચાર્ય શબ્દના જુદા જુદા અર્થ :**

આચાર્ય શબ્દના અર્થ પણ જુદી જુદી રીતે શાસ્ત્રમાં બતાવ્યા છે, તે આ પ્રમાણે -

૧. **आ** = મર્યાદાપૂર્વક **चर्यते** = સેવાય છે. જૈન શાસનના અર્થના ઉપદેશક હોવાના કારણે તત્ત્વના અભિલાષી આત્માઓ જેમની વિનયરૂપ મર્યાદાથી સેવા કરે છે, તે આચાર્ય છે.

૨. **आ** = મર્યાદા વડે **चार** = વિહાર. જે માસકલ્પ વગેરે મર્યાદાથી વિહાર રૂપ આચારને પાળવામાં ચતુર છે તથા જે બીજાને તે આચાર પાળવાનો ઉપદેશ આપે છે, તે આચાર્ય કહેવાય છે.

શ્રી અરિહંતદેવોએ મોક્ષની પ્રાપ્તિ માટે પ્રરૂપેલા આચારનું આવા ગુણસંપન્ન આચાર્યભગવંતો યથાર્થપણે પાલન કરે અને કરાવે છે, માટે તેઓ નમસ્કરણીય છે.

**આચાર્યનું પિત્તવર્ણથી ધ્યાન કરવાનું કારણ :**

આચાર્યભગવંતનું ધ્યાન પિત્તવર્ણથી કરવાનું છે, કેમકે -

૧. તેઓ જૈનશાસનના દીપક સમાન છે અને દીપકની શિખા પિત્તવર્ણી હોય છે. તેથી પિત્ત-પીળા વર્ણથી આ પદની આરાધના થાય છે.

૨. વળી, આચાર્ય જૈનશાસનમાં રાજા તુલ્ય છે. રાજા જેમ સુવર્ણાલંકારોથી વિભૂષિત હોઈ પિત્તવર્ણા જણાય છે, તેમ આચાર્ય છત્રીસ ગુણાલંકારોથી વિભૂષિત હોઈ પિત્તવર્ણથી તેઓનું ધ્યાન કરાય છે.

૩. જેમ દુશ્મનોનો પરાજય કરી વિજય મેળવનારને પીઠી આદિ ચોળવામાં આવે છે, તેમ આચાર્યભગવંત પણ પરવાદીનો પરાજય કરી વિજયને મેળવે છે તેથી તેમનું ધ્યાન પિત્ત વર્ણથી કરાય છે.

૪. પરવાદીઓ રૂપી હાથીઓનાં ટોળાને નસાડવા માટે આચાર્ય કેશરી સિંહ સમાન છે, સિંહની કેશરા પીળી હોય છે માટે પણ આચાર્યનું ધ્યાન પિત્તવર્ણે કરાય છે.

૫. મંત્રશાસ્ત્રમાં પિત્તવર્ણને સ્થંભન માટે શ્રેષ્ઠ ગણ્યો છે. આચાર્યો પરવાદીઓનું સ્થંભન કરનાર છે, માટે તેઓનું ધ્યાન પિત્તવર્ણથી કરાય છે.

**'नमो उवज्झायाणं'**[18] - ઉપાધ્યાયભગવંતોને નમસ્કાર થાઓ.

18. આ ચોથું પદ ચોથા અધ્યયન રૂપ છે. તેમાં "નમો", "ઉવ", "જ્ઝાયાણં" એ ત્રણ પદો તથા સાત અક્ષરો છે.

તેમાં પ્રથમ 'નમો' પદનો અર્થ આપણે પ્રથમ અધ્યયનમાં વિચારી ગયા છીએ. બીજા 'ઉવજ્ઝાયાણં' પદનો અર્થ 'ઉપાધ્યાયોને' એ પ્રમાણે થાય છે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ જણાવ્યું છે કે, જે બાર અંગવાળો સ્વાધ્યાય અર્થથી જિનેશ્વરોએ પ્રરૂપેલો છે અને સૂત્રથી બુધોએ=ગણધરોએ કહેલો છે, આ સ્વાધ્યાયનો, તેઓ શિષ્યોને ઉપદેશ આપે છે, તેથી તે ઉપાધ્યાય[19] કહેવાય છે.

"જેમણે આશ્રવનાં દ્વારો બંધ કરેલા છે, મન, વચન અને કાયા એ ત્રણેના યોગોમાં ઉપયોગવાળા, વિધિપૂર્વક સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ અને અક્ષરોથી વિશુદ્ધ દ્વાદશાંગીરૂપ જે શ્રુતજ્ઞાન તેનું અધ્યયન અને અધ્યાપન કરવા વડે પોતાના તથા પારકાના મોક્ષના ઉપાયનું જેઓ ધ્યાન કરે છે, તે 'ઉપાધ્યાય' કહેવાય છે. - **(महानिशीथ सूत्र)**

ઉપાધ્યાયભગવંતો ૪૫ આગમના જ્ઞાતા હોય છે. તેઓ જિનોક્ત દ્વાદશાંગીનો અભ્યાસ કરે છે તથા સૂત્ર અને અર્થ, ઉભયનો વિસ્તાર કરવામાં રસિક હોય છે. ગુરુ પરંપરાએ પ્રાપ્ત થયેલ જિનવચનનું અધ્યાપન કરાવવા તેઓ હંમેશાં તત્પર હોય છે. તેઓ સૂત્રપ્રદાન દ્વારા સમુદાયમાં જ્ઞાનગંગોત્રી વહાવી સૌને નવપલ્લવિત રાખે છે.

ઉપાધ્યાયભગવંતોનો મુખ્ય ગુણ વિનય અને સૂત્ર પ્રદાનતા છે. તેમનામાં વિશિષ્ટ કોટિનો વિનય હોય છે. અને પોતાના વિનય દ્વારા તેઓ શિષ્યવર્ગને વિનય શીખવાડે છે.

ઉપાધ્યાયભગવંતો આચાર્યપદની ઘણા નજીક હોય છે, પરવાદીને જીતવામાં તેઓ પ્રવીણ હોય છે. આચાર્યભગવંતો સમસ્ત સંઘનાં કાર્યોમાં વ્યસ્ત હોય છે. તેથી સમગ્ર ગચ્છના સંચાલનનું કાર્ય ઉપાધ્યાયભગવંતો સંભાળે છે. સારણા-વારણા-ચોયણા-પડિચોયણા દ્વારા તેઓ સર્વ સાધુઓને સન્માર્ગમાં પ્રવર્તાવવાનું કાર્ય કરે છે. આચાર્યભગવંતો જૈનશાસનમાં રાજા તુલ્ય છે અને ઉપાધ્યાય ભગવંતો અમાત્ય-મંત્રી-યુવરાજ સમાન છે.

ઉપાધ્યાયભગવંતો સંસારના ભાવોથી અલિપ્ત રહે છે અને ગચ્છવર્તી શિષ્યોને પણ સૂત્ર પ્રદાનાદિ દ્વારા સંસારના ભાવોથી અલિપ્ત રાખવા મહેનત

---

19. बारसंगो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहेहिं । तं उवइसन्ति जम्हा, उवज्झाया तेण वुच्चन्ति ।। ૧૯૭ ।। (આ.નિ.)

કરે છે. તેમનું પણ મુખ્ય ધ્યેય તો સિદ્ધ અવસ્થા જ હોય છે. તેથી સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ માટે જરૂરી નિરાકાંક્ષતા, નિર્વિકલ્પતા, પરમ સમતા આદિ ગુણો માટે તેઓ સતત યત્ન કરતા હોય છે.

## 'ઉપાધ્યાય' શબ્દના જુદા જુદા અર્થ :

**"उपाध्याय"** શબ્દમાં ત્રણ શબ્દો છે : **उप+अधि+इ** આમાં **'उप'** એટલે સમીપ, 'अधि' એટલે આધિક્ય અને 'इ' ધાતુના ત્રણ અર્થ થાય છે : અધ્યયન કરવું, જવું (જાણવું) અને સ્મરણ કરવું. એટલે કે, જેમની પાસે જઈને સૂત્રથી જિનવચનનું અધ્યયન કરવામાં આવે છે, અધિકપણે જ્ઞાન મેળવવામાં આવે છે તથા સ્મરણ કરવામાં આવે છે, તે **'उपाध्याय'** કહેવાય છે.

૨. **उप = उपयोगेन आ = समन्तात् ध्याय = ध्यायन्ति** એટલે કે જેઓ ઉપયોગપૂર્વક ધ્યાન કરે છે તે ઉપાધ્યાય છે.

૩. **'उप समीपे अधिवसनात् श्रुतस्यायो लाभो भवति येभ्यस्ते उपाध्यायाः'.**

**उप** = સમીપમાં **अधि** = **अधिवसनात्** = નિવાસ કરવાથી, **आय** = લાભ એટલે કે જેઓની સમીપે નિવાસ કરવાથી શ્રુતનો લાભ થાય છે, તેઓને ઉપાધ્યાય કહેવાય છે.

૪. **उप** = ઉપહત = નાશ કરવું, **आधि** = મનની પીડા, **आय** = લાભ અર્થાત્ જેમના દ્વારા મનની પીડાના લાભનો અથવા દુર્ધ્યાનના લાભનો નાશ થાય છે, તેને ઉપાધ્યાય કહેવાય છે.

૫. **उप** = નાશ કરવું, **अधि** = કુબુદ્ધિ, **आय** = લાભ. એટલે કે, જેમના દ્વારા કુબુદ્ધિના લાભનો નાશ થાય છે, તેને ઉપાધ્યાય કહેવાય છે.

૬. **उ** = ઉપયોગપૂર્વક, **व** = પાપનું વર્જન કરવું, **ज्झा** = ધ્યાન કરવું **य** = કર્મો દૂર કરવા અર્થાત્ ઉપયોગપૂર્વક પાપને છોડતાં, ધ્યાનારૂઢ થઈને કર્મોને જે દૂર કરે છે; તે ઉપાધ્યાય કહેવાય છે.

૭. **उपाधि** એટલે સુંદર વિશેષણો, **आय** = લાભ. જેમની પાસે (ભણવા)થી સુંદર વિશેષણોનો લાભ થાય તે ઉપાધ્યાય કહેવાય છે.

ટૂંકમાં, શ્રી અરિહંતભગવંતોએ પ્રરૂપેલા અને ગણધરભગવંતે ગૂંથેલા શ્રુતજ્ઞાનનું યથાર્થ અધ્યયન કરી, ઉપાધ્યાયભગવંતો અન્ય સાધુ-મુમુક્ષુઓને તેનું

યોગ્ય શિક્ષણ આપે છે માટે તેઓ નમસ્કરણીય છે.

વિનય અને સૂત્ર-પ્રદાન આદિ વિશેષ ગુણયુક્ત ઉપાધ્યાયભગવંતને નજર સમક્ષ લાવી, તે તે ગુણોને પ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે તેઓને નમસ્કાર કરવામાં આવે તો પોતાનામાં રહેલા માન-અજ્ઞાનતા આદિ દોષોનો નાશ થાય છે અને જ્ઞાન-નમ્રતા આદિ ગુણોનો વિકાસ થાય છે.

આવા ઉપાધ્યાય ભગવંતોના ૨૫ ગુણ હોય છે. ૧૧ અંગ અને ૧૨ ઉપાંગને જાણનારા, ચરણસિત્તરી એટલે કે ઉત્તમ ચારિત્રને સતત પાળનારા તથા કરણ-સિત્તરી એટલે કે પ્રસંગ પ્રાપ્ત ક્રિયાને કરનારા, આમ કુલ ૨૫ ગુણો થાય છે.

**ઉપાધ્યાય ભગવંતનું નીલવર્ણથી ધ્યાન કરવાનું કારણ :**

આ ઉપાધ્યાયભગવંતોનું ધ્યાન નીલ વર્ણથી કરાય છે, કારણ કે –

૧. નીલમણિની પ્રભા શાંત અને મનોરમ્ય હોય છે, તેમજ ઉપાધ્યાયભગવંતની કાંતિ, પ્રશાંત અને મનોરમ્ય હોય છે. તેથી નીલવર્ણથી તેમનું ધ્યાન કરાય છે.

૨. પાણીના સિંચનથી લીલોછમ રહેતો બગીચો અનેકના ચિત્તને આકર્ષે છે અને મનને શાંતિ આપે છે. તેમ જ્ઞાનરૂપી વારિથી શિષ્યોનું સિંચન કરતાં ઉપાધ્યાયભગવંતો સમુદાયને લીલોછમ રાખી અનેકના ચિત્તને આકર્ષે છે અને અનેક આત્માઓને શાંતિ અને સમાધિનું પ્રદાન કરે છે.

૩. મંત્રશાસ્ત્રમાં અશિવ ઉપદ્રવને દૂર કરવા માટે નીલવર્ણને શ્રેષ્ઠ ગણ્યો છે. ઉપાધ્યાયભગવંતો જ્ઞાનમાર્ગમાં આવતા ઉપદ્રવોને દૂર કરનારા હોવાથી નીલવર્ણ વડે તેઓનું ધ્યાન કરવાનું છે.

**'नमो लोए सव्व-साहूणं'**[20] - 'લોકમાં રહેલા સર્વ સાધુભગવંતોને નમસ્કાર થાઓ.

તેમાં પ્રથમ **'नमो'** પદનો અર્થ આપણે પ્રથમ અધ્યયનમાં વિચારી ગયા છીએ. બીજા **'लोए'** પદનો અર્થ 'લોકમાં' એ પ્રમાણે થાય છે. **'लोक्यतेऽसौ इति लोकः'**- જે દેખાય છે, જે જણાય છે, તે લોક. સંસાર, જગત્, ધર્મ-અધર્મ

20. આ પાંચમું પદ પાંચમા અધ્યયન રૂપ છે. તેમાં "નમો," "લોએ", "સવ્વ" અને "સાહૂણં" એ ચાર પદો અને ૯ અક્ષરો છે.

આદિ પાંચ અસ્તિકાયનો સમૂહ, આકાશ, ક્ષેત્ર, પ્રાણીવર્ગ વગેરે અનેક અર્થમાં 'લોક' શબ્દ વપરાય છે. અહીં 'લોક' શબ્દથી જે ક્ષેત્રમાં મનુષ્યો રહે છે, તે મનુષ્યલોક સમજવાનો છે.

**"सव्व-साहूणं"** નો અર્થ 'સર્વ સાધુઓને' એ પ્રમાણે થાય છે. સાધુભગવંતો ૪૨ દોષથી રહિત શુદ્ધ આહારની ગવેષણા કરે છે. તેઓ પાંચે ઈન્દ્રિયોના ૨૩ વિષયો[20A] અને તેના ૨૫૨ વિકારોને વશ થતા નથી. ષટ્કાય જીવોનું રક્ષણ તેઓ પોતાના પ્રાણથી પણ અધિક કરે છે અને બીજાઓ પાસે કરાવે છે. સત્તર ભેદથી વિશિષ્ટ એવા સંયમનું આરાધન કરે છે. સર્વ જીવો પર નિરંતર દયાભાવ રાખે છે. બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિનું પાલન કરે છે તથા બાર પ્રકારના તપમાં પુરુષાર્થ કરે છે. હંમેશાં આત્મકલ્યાણ તરફ જ લક્ષ્ય રાખે છે તથા જનરંજન અને લોકપૂજાની કામનાથી સર્વથા વિરક્ત રહે છે.

**સાધુ શબ્દના જુદા જુદા અર્થો :**

લોચ, વિહારાદિ અત્યંત કષ્ટકારી ક્રિયાઓ, ઘોર તપ આદિ અનુષ્ઠાનો વડે; અનેક વ્રતો, નિયમો, વિવિધ પ્રકારના અભિગ્રહોથી યુક્ત સંયમનું પાલન તથા સમ્યક્ પ્રકારે પરિષહ-ઉપસર્ગાદિ કષ્ટોને સહન કરવા વડે જેઓ સર્વ દુઃખોનો અંત કરનાર એવા મોક્ષને સાધે છે, તે સાધુ[21] છે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ જણાવ્યું છે કે, નિર્વાણસાધક યોગોને જે કારણે સાધુઓ સાધે છે અને સર્વ પ્રાણીઓ ઉપર સમવૃત્તિને ધારણ કરે છે તે કારણે તેઓ ભાવસાધુ[22] કહેવાય છે.

જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા મોક્ષમાર્ગને સાધે છે, તે સાધુ છે,

સર્વ જીવો પ્રત્યે જે સમાન બુદ્ધિને ધારણ કરે તે સાધુ છે,

સંયમનું પાલન કરનાર આત્માઓને સહાય કરે તે સાધુ છે,

સાધુભગવંતોનું પણ મુખ્ય લક્ષ્ય સિદ્ધ અવસ્થા છે. સિદ્ધ અવસ્થા સંસારના તમામ ભાવોથી ભિન્ન છે. તેથી મુનિ પણ સંસારના તમામ ભાવોથી મનને

---

20A. ઈન્દ્રિયોના ૨૩ વિષયો અને તેના વિકારોની વિચારણા પંચિંદિય સૂત્રમાં આપેલ છે.

21. 'स्व-परहितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः' ।

22. निव्वाण-साहए जोगे, जम्हा साहन्ति साहुणो ।
समो य सव्वभुएसु, तम्हा ते भावसाहुणो ।।।। १००२ ।। (આ.નિ.)

અળગું રાખવા સતત મહેનત કરે છે. સિદ્ધ અવસ્થામાં ચેતના સંપૂર્ણ નિરાકુળ હોય છે. તેથી મુનિ કોઈ પણ સંયોગોમાં મન આકુળ-વ્યાકુળ ન બને તે માટે સજાગ હોય છે. મોટા ભાગે મુનિ ગુપ્તિમાં જ હોય છે. જરૂર પડે ત્યારે સમિતિનો આશ્રય લઈને કાર્ય કરે છે. બિનજરૂરી લોકોનું આવાગમન તે ઈચ્છતા નથી. ઓચ્છવ-મહોચ્છવની પણ સામેથી આકાંક્ષા રાખતા નથી. પોતાની કર્મનિર્જરા માટે જો કોઈ ગુણવાનની ભક્તિ કરે, મહોત્સવાદિ કરે તો તેનો નિષેધ પણ કરતાં નથી. મુનિભગવંતો મુખ્ય માર્ગે કર્મનિર્જરાનું કારણ બને તેવી ક્રિયાઓ કરતા હોય છે.

દશ પ્રકારના યતિધર્મનું પાલન કરતા, ૧૮૦૦૦ શીલાંગના રથને[23] વહન કરતાં, ઈચ્છા-મિચ્છાદિ દશ પ્રકારની સામાચારીને પાળતાં, આ મુનિભગવંતો ઉત્તમ ચિત્તવૃત્તિને ધારણ કરતા હોય છે, આવા ઉત્તમ ચિત્તવૃત્તિના ધારક મુનિને હૃદયસ્થ કરી, તેમના પ્રત્યે અત્યંત બહુમાન ભાવ પ્રગટ કરી ભાવથી તેમને નમસ્કાર કરવાથી **આપણા હૈયામાં રહેલા સંસારના ભાવો ધીમે ધીમે વિનાશ પામે છે અને આપણો આત્મા સંયમભાવને અભિમુખ થાય છે.**

## 'સવ્વ' શબ્દનું પ્રયોજન :

અત્રે એક બાબત ઉલ્લેખનીય છે કે, આ પાંચેય પદોમાં, અરિહંતાણં, સિદ્ધાણં, આયરિયાણં, ઉવજ્ઝાયાણં તથા સાહૂણં એમ બહુવચનનો જ ઉપયોગ

---

23. અઢાર હજાર શીલાંગ -

**ગાથા**-"जे नो करंति मणसा, निच्चिअ आहार सन्नसोइंदि
पुढवीकाय समारंभं, खंतिजुआ ते मुणिवंदे."

**સમજુતી** :- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય એ ૧૦ કાયને,

ક્ષમા, આર્દવ, ઋજુતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન, બ્રહ્મચર્ય એ ૧૦ યતિધર્મથી ગુણતાં ૧૦૦ થાય.

ત્યાર પછી તેને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય આ પાંચ ઈન્દ્રિયથી ગુણતાં ૫૦૦ થાય.

તેને આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા આ ૪ સંજ્ઞાથી ગુણતાં ૨૦૦૦ થાય

તેને મન, વચન, કાય - આ ૩ યોગ સાથે ગુણતાં ૬૦૦૦ થાય.

તેને કરણ, કરાવણ, અનુમોદના - આ ૩ કરણ સાથે ગુણતાં ૧૮૦૦૦ થાય.

(૧૦ કાય x ૧૦ યતિધર્મ x ૫ ઈન્દ્રિય x ૪ સંજ્ઞા x ૩ યોગ x ૩ કરણ = ૧૮૦૦૦)

કરવામાં આવ્યો છે. છતાં અગાઉના ચાર પદમાં 'સવ્વ' શબ્દ નથી. જ્યારે આ પાંચમા પદમાં 'સવ્વ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનાં પણ કેટલાંક વિશિષ્ટ કારણો છે.

એક તો, 'સવ્વ' શબ્દથી પ્રમત્ત-અપ્રમત્ત, સ્થવિરકલ્પિક, જિનકલ્પિક, પ્રતિમાકલ્પિક, યથાચ્છંદકલ્પિક, પરિહારવિશુદ્ધિકલ્પિક, સ્થિતકલ્પિક આદિ સર્વ ભેદવાળા; પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ અને બુદ્ધબોધિત આદિ ભેદવાળા; ભરત, ઐરાવત, મહાવિદેહ આદિ દરેક ક્ષેત્રોના તથા સુષમ, દુષમ આદિ સર્વ કાળના સર્વ સાધુઓને ગ્રહણ કરવાના છે, માટે આ દરેક સાધુને નમસ્કાર કરવા અહીં 'સવ્વ' શબ્દ વાપરવામાં આવ્યો છે.

વળી, બીજું કારણ એ છે કે, સામાન્ય કેવળીભગવંતોનું ગ્રહણ અન્ય પદમાં થતું નથી. માટે તેઓ આ પદમાં સમાવેશ પામે છે. તેમના ગ્રહણ માટે 'સવ્વ' શબ્દનો પ્રયોગ છે. આ કેવળી ભગવંતો

- અરિહંતની સમાન અતિશય, ઋદ્ધિવાળા નથી માટે તેઓ અરિહંત નથી.

- તેમનાં આઠેય કર્મનો નાશ થયો ન હોવાથી સિદ્ધપદમાં પણ તેઓનો સમાવેશ નથી.

- તેઓ આચાર્ય ભગવંતની જેમ શાસનની સમગ્ર ધુરાને વહન કરવાનું કાર્ય કરતા નથી. માટે આચાર્યપદમાં પણ તેમનો સમાવેશ થતો નથી.

- કેવળજ્ઞાન થયા પછી તેઓ ઉપાધ્યાયભગવંતોની જેમ કોઈને પઠન-પાઠન કરાવવાનું કાર્ય કરતા નથી. તેથી ઉપાધ્યાય પદમાં પણ તેમનો સમાવેશ થતો નથી. માટે સામાન્ય કેવળી ભગવંતોને સાધુ પદમાં ગ્રહણ કરીને તેમને પણ નમસ્કાર કરવા માટે આ પદમાં **'સવ્વ'** શબ્દ મૂક્યો છે.

આ ઉપરાંત 'સવ્વ' શબ્દથી જેઓ સર્વ=સર્વજ્ઞ ભગવંતે કહેલા માર્ગે ચાલી રહ્યા છે, રાગ-દ્વેષાદિ કષાયના નાશ માટે જેઓ ઉદ્યમ કરી રહ્યા છે, તેવા સાધુનું જ અહીં ગ્રહણ કરવું છે, અન્યનું નહિ. આના ઉપરથી અહીં ખાલી વેશધારીને વંદન થતું નથી. પરંતુ સાધુના ગુણથી યુક્ત જે હોય તે સર્વને અહીં વંદન કરવા જ સર્વ પદ મૂકેલ છે.

**સવ્વ-સાહૂણં શબ્દના જુદા જુદા અર્થ :**

'સવ્વ-સાહૂણં' શબ્દના વિવિધ અર્થો આ રીતે સમજાવી શકાય.

૧. **सव्व** = સર્વ, **साहू** = સારું અર્થાત્ જે સર્વ જીવોનું હિત કરે છે.

૨. **सव्व** = શ્રવ્ય, **साहू** = સારી રીતે, એટલે કે શ્રવણ કરવા યોગ્ય જિનવચનોને જે સારી રીતે સાંભળે છે, સાંભળીને એનું આચરણ જીવનમાં થાય એવી રીતે સાંભળે છે.

૩. **सव्व** = સવ્ય = અનુકૂળ **साहू** = નિપુણ અર્થાત્ મોક્ષને અનુકૂળ કાર્યને વિષે જેઓ નિપુણ છે.

૪. **सव्व** = સર્વ **साहू** = સાધે અર્થાત્ સર્વ શુભ યોગોને જે સાધે છે.

આવા સાધુ ભગવંતોનાં શાસ્ત્રમાં સામાન્યથી ૨૭ ગુણો કહ્યા છે, પાંચ મહાવ્રતોને ધારણ કરનાર[૫], રાત્રિભોજન વિરમણ વ્રત પાળનાર[૬], છ કાયના જીવોની રક્ષા કરનાર[૧૨], પાંચ ઈન્દ્રિયો પર સંયમ રાખનાર[૧૭], ત્રણ ગુપ્તિનું પાલન કરનાર[૨૦], લોભનો નિગ્રહ કરનાર[૨૧], ક્ષમાધારક[૨૨], નિર્મળ ચિત્તવાળા[૨૩], વસ્ત્રાદિની શુદ્ધ પડિલેહણા કરનાર[૨૪], સંયમ યોગમાં ઉદ્યુક્ત[૨૫], પરિષહોને સહન કરનાર[૨૬] તથા ઉપસર્ગોને સહન કરનાર[૨૭].

આમ, સાધુભગવંતો શ્રીઅરિહંતદેવોએ પ્રરૂપેલાં ચારિત્રધર્મનો સ્વીકાર કરી નિર્વાણને માટે સદા પ્રયત્નશીલ છે, માટે તેઓ નમસ્કરણીય છે.

**સાધુનું શ્યામવર્ણથી ધ્યાન કરવાનું કારણ :**

સાધુભગવંતોનું ધ્યાન અષાઢી મેઘ જેવા શ્યામ વર્ણથી કરવાનું છે, કારણ કે -

૧. આચાર્યપદરૂપી સુવર્ણની પરીક્ષા સાધુધર્મરૂપી કસોટી પથ્થરથી થાય છે અને તે કસોટી પથ્થર શ્યામ હોય છે, તેથી સાધુનું ધ્યાન શ્યામવર્ણથી થાય છે.

૨. શત્રુને જીતવા જનારા સૈનિકો શ્યામ વર્ણનું લોહબખ્તર પહેરે છે, તેમ કર્મશત્રુની સામે યુદ્ધ કરવા જનારા આ સાધકો-સાધુઓ જૈનશાસનમાં સૈનિક જેવા છે પણ શ્યામ જણાય છે.

૩. જે અત્યંત પરિશ્રમ કરે છે, તે શ્યામ બની જાય છે. તેમ સાધુઓ પણ મોક્ષની સાધનાનો તીવ્ર પરિશ્રમ કરે છે, માટે શ્યામ છે.

૪. આત્મસાધક એવા સાધુઓ બાહ્ય-શારીરિક મલિનતા પ્રતિ દુર્ગંછા રાખતા નથી કે તેને દૂર કરવા પ્રયાસ પણ કરતા નથી. તેથી મલરૂપી પરિષહને સહન કરવાથી સાધુ શ્યામ જણાય છે. માટે તેમનું ધ્યાન શ્યામ રંગથી થાય છે.

**પંચપરમેષ્ઠીનું પૂજ્યપણું :**

આ પાંચ પદ દ્વારા જેમને નમસ્કાર કરવામાં આવ્યો તે અરિહંતાદિમાં પૂજ્યપણું મુખ્ય આ પાંચ ગુણોને કારણે છે.

૧. સંસારરૂપ ગહન વનમાં ભ્રમણ કરી કરીને દુઃખીત થયેલા જીવોને શ્રી **અરિહંતભગવંતો** સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ પરમપદનો માર્ગ બતાવે છે, તેથી તે માર્ગદર્શક છે. માર્ગની દેશના દ્વારા સર્વ જીવો ઉપર ઉપકાર કરતા હોઈ અરિહંતો પૂજ્ય છે.

૨. **સિદ્ધપરમાત્માઓ** અવિનાશી એવા અનંત ચતુષ્ટયને ધારણ કરનારા, ધ્રુવના તારાની જેમ ભવ્ય આત્માંઓના અત્યંત ઉપકારક હોવાથી નમસ્કરણીય છે.

૩. **આચાર્યભગવંતો** પણ ભવ્ય જીવોને જ્ઞાનાદિ આચારના ઉપદેશક હોવાથી ઉપકારી છે. તેથી તેઓ પણ પૂજનીય છે.

૪. શિષ્યોને જિનોક્ત શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન કરાવવામાં તત્પર હોવાથી તથા શિષ્યોને વિનય ગુણ શીખવાડનારા હોવાથી **ઉપાધ્યાયભગવંતો** ભવ્ય જીવોના અત્યંત ઉપકારી છે. તેથી તેઓ નમસ્કરણીય છે.

૫. **સાધુભગવંતો** મોક્ષમાર્ગમાં સહાયક હોવાથી ભવ્ય આત્માઓના પરમ ઉપકારક છે. તેથી તે પૂજનીય છે.

**પ્રથમ પાંચ પદ સંબંધી જિજ્ઞાસા :**

**જિજ્ઞાસા :** પ્રથમનાં પાંચેય પદોમાં પ્રત્યેક પદની સાથે 'નમો' પદ રાખ્યું છે. તેના બદલે જો એક જ પદમાં 'નમો' પદનું કથન કર્યું હોત તો બાકીનાં ચાર પદોમાં 'નમો' પદ અધ્યાહાર તરીકે ગ્રહણ થઈ જાત, તો પછી પ્રત્યેક પદમાં 'નમો' પદ મૂકવાનું પ્રયોજન શું છે ?

**તૃપ્તિ :** શ્રી નમસ્કારમહામંત્રને ગણવાની રીત ત્રણ પ્રકારની છે. પૂર્વાનુપૂર્વી, અનાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી. તેમાં પૂર્વાનુપૂર્વીની રીતે ગણતાં પ્રથમ પદના 'નમો' પદનો પ્રયોગ શેષ ચારેય પદોમાં અધ્યાહારથી આવી શકે છે. પરંતુ પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીએ ગણતી વખતે એ 'નમો' પદનો અન્ય પાંચેય પદોમાં પ્રયોગ કરવો જરૂરી છે. માટે પ્રત્યેક પદમાં 'નમો' પદ મૂકવામાં આવ્યું છે.

**જિજ્ઞાસા :** પાંચેયને નમસ્કાર કરવાની શી જરૂર છે ? જો સંક્ષેપથી કરવો હોય તો સિદ્ધ અને સાધુને કરવો જોઈએ. કારણકે સાધુપદમાં બાકી રહેલા અરિહંત, આચાર્ય અને ઉપાધ્યાય ત્રણેનો સમાવેશ થઈ જાય છે. કેમકે અરિહંત વગેરેમાં સાધુપણું હોય જ છે અને જો વિસ્તારથી નમસ્કાર કરવો હોય તો ઋષભાદિનાં વ્યક્તિગત નામ ઉચ્ચારીને કરવો જોઈએ.

**તૃપ્તિ :** જે રીતે માત્ર મનુષ્યને નમસ્કાર કરવાથી રાજા વગેરેને નમસ્કાર કરવાનું ફળ પ્રાપ્ત થતું નથી, તે રીતે માત્ર સાધુને નમસ્કાર કરવાથી અરિહંતાદિને નમસ્કાર કરવાનું ફળ પ્રાપ્ત થતું નથી. માટે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાયનો સાધુમાં સમાવેશ થવા છતાં વિશેષ લાભના હેતુથી અલગ અલગ નમસ્કાર કરવામાં આવ્યો છે. અને વ્યક્તિગત નમસ્કાર કરવા જઈએ તો વ્યક્તિઓ અનંતી છે, તેથી તે દરેકનાં નામો ગ્રહણ થઈ શકે એમ નથી.

**જિજ્ઞાસા :** શ્રી નવકારમંત્રનાં આ પાંચે પદોમાં અન્વય પ્રમાણે 'અરિહંતાણં નમો' ઇત્યાદિ પાઠ નહિ રાખતાં 'નમો અરિહંતાણં' એમ પાઠ કેમ રાખ્યો છે?

**તૃપ્તિ :** "નમો" શબ્દ વિનયને પ્રગટ કરે છે. ધર્મવૃક્ષનું મૂળ વિનય છે. વંદન કે નમસ્કાર કરવા દ્વારા આ વિનય પ્રગટ થાય છે, તે માટે અહીં **"धर्म प्रति मूलभूता वन्दना"** એ બતાવવા માટે 'અરિહંતાણં'ની પૂર્વે 'નમો'નો પ્રયોગ કરાયો છે.

આ ઉપરાંત આરાધના અને આરાધ્ય, એ બેમાં આરાધનાનું મહત્ત્વ વધારે છે, કારણ કે આરાધ્ય તો સૌને સરખા જ મળ્યા હોય છે પણ જેની જેવા પ્રકારની આરાધના તે તેવા પ્રકારના ફળનો ભોક્તા બને છે. આથી વંદન કે નમસ્કારરૂપ આરાધનાનું મહત્વ પ્રદર્શિત કરવા "નમો" શબ્દ પહેલા મૂકાયો છે.

**ચૂલિકા :**

પ્રથમ પાંચ પદ પછી બાકીના જે ચાર પદો છે તે ચૂલિકા છે. ચૂલા = શિખર અર્થાત્ શિખરની માફક જે શોભે તે ચૂલા કહેવાય છે. મૂલસૂત્રમાં બતાવેલ ન હોય તેવી હકીકત જેમાં બતાવી છે તે ચૂલિકા છે. પ્રથમ પાંચ પદોમાં ફક્ત પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો છે અને હવે અહીં ચૂલિકામાં નમસ્કારનું ફળ બતાવ્યું છે.

**જિજ્ઞાસા :** જો નવપદમાં છેલ્લા ચાર પદોમાં નમસ્કારના ફળનું વર્ણન હોય, તો ફળના વર્ણનને પણ શું મૂળ મંત્ર ગણી શકાય ?

**તૃપ્તિ :** શ્રી નમસ્કારના છેલ્લા ચાર પદો એ શ્રી નમસ્કારમંત્રની ચૂલિકા છે.

ચૂલિકાને મૂળમંત્રથી ભિન્ન ગણવી તે યોગ્ય નથી. ફળનું વર્ણન એ પણ શ્રી નમસ્કારનું જ વર્ણન છે. શિખર વિનાનું મંદિર જેમ અધૂરું રહે, તેમ ચૂલિકા વિના નવકારનાં પાંચ પદો પણ અધૂરાં રહે છે.

વળી, જે પ્રવૃત્તિના ફળનું જ્ઞાન નથી, પ્રાયઃ વિદ્વાનો તેમાં પ્રવર્તતા નથી. એ કારણે ચૂલિકા સિવાયનો શ્રી નમસ્કારમંત્ર અપૂર્ણ અને વિદ્વાનોની પ્રવૃત્તિ માટે અયોગ્ય છે અને તેથી જ ચૂલિકા સહિત સમગ્ર શ્રી નમસ્કારનું મહામંત્ર તરીકે પ્રતિપાદન કરેલું છે.

**'एसो पंच-नमुक्कारो सव्व-पाव-प्पणासणो[24]'** - આ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

આ પાંચને કરેલો નમસ્કાર એટલે આપણી બુદ્ધિમાં અત્યારે જે ઉપસ્થિત છે તેવા ઉત્તમ ગુણસંપન્ન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - તે પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

આ શબ્દો બોલતાં માર્ગદેશક અરિહંત પરમાત્મા, નિરાકુળ-સ્થિર સુખના ભોક્તા સિદ્ધભગવાન, મહાન આચારસંપન્ન આચાર્યભગવંત, વિનયયુક્ત અને સૂત્ર પ્રદાન કરતાં ઉપાધ્યાયભગવંતો અને મોક્ષમાર્ગની સાધના કરતા મુનિભગવંત આપણી નજર સમક્ષ આવે છે. જેને કારણે તેમના પ્રત્યે અત્યંત બહુમાનભાવ પેદા થાય છે. ગુણવાન પ્રત્યે પેદા થયેલો બહુમાનભાવ ગુણપ્રાપ્તિ

---

24. આ બન્ને અધ્યયનમાં ત્રણ ત્રણ પદ અને આઠ આઠ અક્ષરો છે.

24A ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું વર્ણન તરતમતાના ભેદથી શાસ્ત્રકારોએ ધર્મક્રિયાનાં ત્રણ પ્રકારો બતાવ્યા છે.

૧. **ઈચ્છાયોગ :** ધર્મ કરવાની ઈચ્છા તીવ્ર હોય, ક્રિયા સંબંધી શાસ્ત્રજ્ઞાન પણ હોય, છતાં પણ પ્રમાદાદિ દોષના કારણે ધર્મક્રિયા જે પ્રકારે શાસ્ત્રમાં કરવાની કહી છે, તે પ્રકારે પૂર્ણ કરી ન શકે. કાંઈક અંગોની વિકલતા રહે તે ઈચ્છાયોગ છે.

૨. **શાસ્ત્રયોગ :** શાસ્ત્રવચનના અત્યંત બોધવાળો, મોહનીય કર્મના નાશથી વિશિષ્ટ કોટિની શ્રદ્ધા જેને પ્રગટ થઈ છે, તેવો આત્મા પોતાની શક્તિને અનુરૂપ પ્રમાદાદિ ભાવોનો ત્યાગ કરી શાસ્ત્રમાં જે ધર્મક્રિયા જે રીતે કરવાની કહી છે સંપૂર્ણ તે જ પ્રમાણે કરે, કોઈ અંગની વિકલતા રહેવા ન દે તે શાસ્ત્રયોગ છે.

૩. **સામર્થ્યયોગ :** મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે. અતીન્દ્રિય એવાં આ માર્ગનું જ્ઞાન, શાસ્ત્રથી પણ મર્યાદિત જ થાય છે. આત્મશક્તિનો જ્યારે ઉદ્રેક થાય છે અર્થાત્ આત્માની તીવ્ર શક્તિ જ્યારે પ્રગટે છે ત્યારે અનુભવ જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી શાસ્ત્રથી બતાવેલા માર્ગથી આગળનો માર્ગ દેખાય છે. તે માર્ગે વીર્ય પ્રવર્તાવી ઘાતી કર્મનો નાશ કરી આત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. વીર્ય પ્રવર્તનની આ ક્રિયાને સામર્થ્યયોગ કહેવાય છે.

માટેના વીર્યને વધારે છે. **ગુણ તરફ થયેલી વીર્યવૃદ્ધિ મોક્ષમાર્ગમાં પ્રતિકૂળ મોહનીયાદિ કર્મના અનુબંધનો નાશ કરે છે અને સંસારને મર્યાદિત કરે છે.** આથી જ કહ્યું છે કે, આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

**જિજ્ઞાસા :** આ પાંચને કરેલો નમસ્કાર જો સર્વ પાપનો નાશ કરતો હોય તો એક વાર આપણે નમસ્કાર કરીએ એટલે આપણાં બધાં પાપનો નાશ થઈ જવો જોઇએ અને આપણે પણ કર્મ રહિત બની જવા જોઈએ. તો પછી આપણે કેમ વારંવાર નમસ્કાર કરવો પડે છે? અને વારંવાર નમસ્કાર કરીએ છીએ છતાં આપણા સર્વ પાપ કેમ નાશ પામતાં નથી ?

**તૃપ્તિ :** પંચપરમેષ્ઠીને સામર્થ્યયોગથી નમસ્કાર કરવામાં આવે તો જરૂર તત્કાળ સર્વ પાપ નાશ પામે જ છે. આ સામર્થ્યયોગ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તેને પ્રાપ્ત કરવા માટે ઇચ્છાયોગ કે શાસ્ત્રયોગથી પણ પુનઃ પુનઃ નમસ્કાર કરવો જરૂરી છે.

**જિજ્ઞાસા :** અહીં 'એસો નમુક્કારો' એમ કહેવાથી પણ પાંચેય પદના નમસ્કારનો બોધ થઈ જાત, તો પછી 'પંચ' શબ્દનો પ્રયોગ શા માટે કરવામાં આવ્યો છે ?

**તૃપ્તિ :** 'एसो' શબ્દ એ 'एतद्' સર્વનામનું રૂપ છે. જેનો અર્થ **'આ'** થાય છે. **'આ'** શબ્દનો પ્રયોગ નજીકમાં રહેલી વસ્તુ કે વ્યક્તિ માટે વપરાય છે. જ્યારે દૂર રહેલી વસ્તુ કે વ્યક્તિ માટે 'ઓલું' કે 'પેલું' શબ્દ વપરાય છે. આ પદની નજીકમાં તો 'નમો લોએ સવ્વસાહૂણં' પદ છે, માટે જો 'પંચ' શબ્દ ન વાપરીએ તો 'એસો નમુક્કારો'થી ફક્ત સાધુઓનો નમસ્કાર જ ગ્રહણ થાત. પરંતુ અહીં તો પાંચે પરમેષ્ઠીના નમસ્કારના ફળની વાત કરવાની છે, માટે જ 'પંચ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**જિજ્ઞાસા :** 'સવ્વપાવપ્પણાસણો' માં સર્વ પદ ન મૂક્યું હોત તો ? કેમ કે 'પાવપ્પણાસણો'થી બધાં પાપનો નાશ થાય છે, તેમ સમજાઈ જાત.

**તૃપ્તિ :** 'પાવપ્પણાસણો' શબ્દની બે રીતે વ્યુત્પત્તિ થાય છે. **'पापानि प्रणाशयति'** - ઘણાં પાપોનો નાશ કરે છે અથવા **'पापं प्रणाशयति'** - એક પાપને અત્યંત રીતે નાશ કરે છે. આ બન્ને રીતે અર્થ કરતાં પણ સામાન્ય માણસ આનાથી સર્વ પાપનો નાશ થાય છે, તેવું સમજી શકે નહિ તેથી સર્વજન સમજી શકે માટે 'સવ્વ' પદ મૂક્યું છે.

**જિજ્ઞાસા :** 'સવ્વપાવપ્પણાસણો' મૂક્યું તેના કરતાં 'સવ્વકમ્મપ્પણાસણો' મૂક્યું હોત તો? સર્વ કર્મમાં પાપ કર્મ આવી જ જાત ને ?

**તૃપ્તિ :** એવું લાગે છે કે 'સવ્વકમ્મ' મૂક્યું હોત તો બધાં કર્મ નાશ થાય તેવો અર્થ થઈ શકે અને સર્વ કર્મમાં પાપ કર્મ આવી પણ શકે. છતાં આપ્ત પુરુષે જે 'પાવ' શબ્દ મૂક્યો તેનું કારણ આ નવકારમંત્ર સર્વના હિત માટે છે. બાલજીવોને સર્વ કર્મ અશુભ નથી લાગતાં માત્ર દુ:ખ આપનારાં પાપ કર્મો જ અશુભ લાગે છે. આ નવકાર મંત્ર પાપનો નાશ કરે છે, તેમ જાણતાં બાળજીવોની પણ તેમાં સહજ પ્રવૃત્તિ સંભવી શકે છે.

અથવા

**'पाशयति इति पाप'** - આત્માને બાંધે તે પાપ છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે મોહનીયકર્મ પાપ ગણાય છે. કેમકે તે આત્માને બાંધે છે. પાપરૂપ આ મોહનીયકર્મનો સર્વ પ્રકારે નાશ થાય છે, તેવો અર્થ પણ થઈ શકે.

**જિજ્ઞાસા :** અહીં 'પ્પણાસણો' શબ્દના બદલે 'નાસણો' શબ્દ જ મૂક્યો હોત તો ?

**તૃપ્તિ :** 'પ્પણાસણો' પદથી પ્રકૃષ્ટ રીતે નાશ થાય છે, એમ ગ્રહણ કરવાનું છે, ફક્ત નાશ કરનાર છે, એમ નથી કહ્યું: જો ફક્ત નાશ કરનાર છે, એમ કહ્યું હોત તો નાશ થયેલાં એ પાપોનો તેને યોગ્ય નિમિત્તકારણ મળતાં ફરીથી ઉત્પન્ન થવાનો સંભવ રહે. પરંતુ અહીં તો તે પાપોનો એવો નાશ કરવો છે કે, જેનો નાશ થયા પછી ફરીથી કદી પણ તે પાપ જીવનમાં ઉદ્ભવી શકે નહીં. એટલે કે પાપને નિર્મૂળ કરવાં છે માટે જ ફક્ત નાશ શબ્દ ન વાપરતાં, પ્રનાશ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**'मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं'**[25] - સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

જીવ જ્યાં સુધી સંસારમાં છે, ત્યાં સુધી તેને અનેક કાર્ય કરવાં પડે છે અને કર્મની પ્રતિકૂળતાના કારણે તે તે કાર્યોમાં વિઘ્ન પણ આવે છે. વિઘ્નનો વિનાશ કરવા સૌ કોઈ મંગલ પ્રવર્તાવે છે.

જેના વડે હિત સધાય છે, તે મંગલ કહેવાય છે. અથવા જે મંગને એટલે કે

---

25. આઠમું અને નવમું પદ ૧૭ અક્ષરનું બનેલું છે. જે અધ્યયન સ્વરૂપ છે.

ધર્મને લાવે છે તે મંગલ કહેવાય છે.

સર્વ મંગલોમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવારૂપ મંગલ ઉત્તમ મંગલ છે. કેમકે, આ પંચપરમેષ્ઠીને કરેલો નમસ્કાર ચિત્તમાં ઉત્તમ કોટિના ભાવો ઉત્પન્ન કરે છે. આ ઉત્તમ ભાવો પાપના ઉદયને અટકાવી પુણ્યોદયને પ્રગટ કરે છે. કદાચ કર્મ પ્રબળ હોય તો પરિસ્થિતિ ન પલટાય, તો પણ ભાવથી કરેલ નમસ્કારનું સ્મરણ શાંતિ[26] આપે છે. જ્યારે કોઈ વ્યક્તિ નવકારનું સ્મરણ કરે છે ત્યારે તેનું ચિત્ત વીતરાગતાથી ભાવિત બને છે અને તેના કારણે કષાયો શાંત થાય છે. આ કષાયોનો ઉપશમભાવ જ વાસ્તવમાં સમતાના સુખરૂપ છે. તેથી જ નમસ્કારમંત્રનું જે સ્મરણ કરે છે તેની પુણ્યોદયના અભાવમાં કદાચ બાહ્ય પરિસ્થતિ પલટાય કે ન પલટાય, તો પણ કષાયોની અલ્પતા થવાને કારણે નવકારના પ્રભાવથી તેની મનઃસ્થિતિ તો અવશ્ય સારી જ રહે છે.

**મંગલના પ્રકાર :**

આ મંગલ બે પ્રકારનાં છે. લૌકિક મંગલ (દ્રવ્ય-મંગલ) અને લોકોત્તર મંગલ (ભાવ-મંગલ). જગત જેને સામાન્યથી મંગલરૂપ ગણતું હોય તેને દ્રવ્ય-મંગલ કહેવાય. જેમ કે, દહીં, દુર્વા, અક્ષત, શ્રીફળ, કેસર, ચંદન, કુમકુમ આદિ પદાર્થો લૌકિક મંગલ સ્વરૂપ છે. જ્યારે આત્માની નિર્મળ પરિણતિ કે નિર્મળ પરિણતિને પ્રાપ્ત કરાવનાર પંચપરમેષ્ઠીને કરેલો નમસ્કાર અથવા સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર આદિ ગુણને વિકસાવનાર કોઈપણ શુભાનુષ્ઠાન તે ભાવ-મંગલ છે.

**ભાવમંગલની ઉપકારકતા :**

ભાવમંગલ એકાંતે (ચોક્કસપણે) આત્યંતિક (ઉત્તમોત્તમ) સુખને આપનાર છે. જ્યારે દ્રવ્ય મંગલ ઉત્તમોત્તમ સુખ તો આપી શકતું નથી. પરંતુ સામાન્ય સુખ પણ ચોક્કસપણે આપે જ એવો નિયમ નથી.

ભાવથી નમસ્કારમહામંત્રનું ધ્યાન કરી જે આત્માઓ પ્રવૃત્તિ કરે છે, તે આત્માઓ શ્રીપાળ, શ્રીમતી, સુદર્શન શેઠ અને અમરકુમાર આદિની જેમ વિઘ્નો દૂર કરી અનુક્રમે અનુત્તર સુખને પ્રાપ્ત કરે છે. જ્યારે દ્રવ્ય મંગલરૂપ બાહ્ય શુભ પ્રવૃત્તિઓ વિઘ્નોનો નાશ કરી ઉત્તમોત્તમ સુખ આપે જ તેવું એકાંતે નથી. જેમકે,

---

26. गुणाधिकस्य शरणत्वात्, गुणाधिकत्वेनैव ततो रक्षोपपतेः, रक्षा चेह तत् स्वभावतया एवाभिध्यानतः क्लिष्टकर्मविगमेन शान्तिरिति । - યોગશતક, ગા. ૫૦

સારું મુહૂર્ત જોઈ પરણાવેલી કન્યા અખંડ સૌભાગ્યને પામે જ તેવું નક્કી નથી. સારા શુકન જોઈ પરીક્ષા માટે ગયેલો વિદ્યાર્થી પાસ થાય જ, તેવું પણ ચોક્કસ નથી, વાજિંત્રાદિ શુભ નિમિત્તે પ્રયાણ કરેલ મુસાફર ઈષ્ટ સ્થાને પહોંચે જ, તેવું પણ નથી. આવું ન જ બને તેવું કહેવું નથી. પણ સારું થાય જ તેવું પણ અનુભવમાં આવતું નથી.

જ્યારે ભાવ મંગલસ્વરૂપ નવકારમંત્રને જેણે સાથે રાખ્યો હોય એવા મહાપુરુષો નિકાચિત કર્મને કારણે કદાચ બાહ્યદૃષ્ટિથી ઈષ્ટફળને ન પામ્યાં હોય તો પણ આંતરદૃષ્ટિએ તેઓ સમાધિના સુખવાળા જ હોય છે. જેમ ગીચ જંગલમાં અનેક આફતો વચ્ચે નવકારના ધ્યાનમાં મગ્ન દમયંતી ગુફામાં પણ આનંદથી સમય પસાર કરતાં હતાં. સગર્ભા અવસ્થામાં, જંગલમાં એકલા અટૂલાં પડેલાં મહાસતી સીતા અને અંજના પણ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતા સુખે સમય પસાર કરતાં હતાં. આજે પણ નવકારની આસ્થાવાળા અનેક ભવ્યાત્માઓ નવકારના સ્મરણ માત્રથી વિઘ્નોને વિદારી ઈચ્છિત ફળને પામે છે, તેના અનેક દાખલાઓ જોવા અને સાંભળવા મળે છે.

આનો અર્થ એવો નથી કે, શુભ શુકનો, શુભ નિમિત્તો કે શુભ મુહૂર્તો નકામા જ છે. પરંતુ શુભ શુકનો આદિ પણ ભાવ મંગળથી પ્રાપ્ત થયેલા પુણ્યથી જ મળે છે અને ફળે છે. જો પુણ્ય ન હોય તો તે પણ કાર્ય કરી શકતા નથી. જ્યારે ભાવ નમસ્કાર તો તેવા પ્રકારના પુણ્યને પેદા કરાવી તત્કાળ અથવા કાળક્રમે ઉત્તમોત્તમ સુખ આપે જ છે.

આ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવાથી કર્મનો ક્ષય, મંગલનું આગમન ઈહલોકમાં આરોગ્ય, પ્રસન્નતા વગેરેની પ્રાપ્તિ તથા પરલોકમાં ઉત્તમ કુળ, ઉત્તમ જાતિવાળી સદ્ગતિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ મળે છે.

**મંગલ શબ્દના જુદા જુદા અર્થ :**

મંગળ શબ્દના જુદી જુદી રીતે નીચે પ્રમાણે ઘણા અર્થો થઈ શકે છે.

૧. **'मंगं लाति इति मंगलम्'** એટલે કે મંગં = શુભને, કલ્યાણને **लाति** = લાવે તે મંગલ.

**अहवा मंगो धम्मो, तं लाइ तयं समादत्ते** - અથવા મંગને એટલે ધર્મને લાવે છે, તે મંગલ કહેવાય છે.

૨. **'माम् पापात् गालयति इति मंगलम्'** - એટલે કે મને પાપોથી જે ગાળે છે તે મંગલ. અર્થાત્ મારાં પાપનો જે નાશ કરે છે, તે મંગલ અથવા જેનાથી સંસારનો નાશ થાય અને ધર્મની ઉન્નતિ થાય તે મંગલ છે.

૩. **'मङ्गति हितार्थं सर्पतीति मङ्गलम्'** - જે સર્વ પ્રાણીઓના હિત માટે પ્રવર્તે તે મંગલ.

૪. **'मङ्गति दुरदृष्टमनेनास्माद् वेति मङ्गलम्'** - જેના વડે દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય, તે મંગલ.

**જિજ્ઞાસા :** 'મંગલાણં ચ સવ્વેસિં' એ પદ મૂક્યા વિના જ 'પઢમં હવઈ મંગલં' પદ મૂક્યું હોત તો ?

**તૃપ્તિ : 'मंगलाणं च सव्वेसिं'** એ પદનું કથન કર્યા સિવાય જ જો **'पढमं हवइ मंगलं'** પદનું કથન કરવામાં આવે તો પણ અર્થાપત્તિથી[27] 'સર્વ મંગલમાં પ્રથમ મંગલ છે' એમ અર્થની પ્રતીતિ થઈ જાય છે. છતાં એ આઠમું પદ મૂક્યું છે. તેનું કારણ એ છે કે, અર્થાપત્તિના પ્રમાણ દ્વારા અર્થની પ્રતીતિ વિદ્વાનોને થઈ શકે છે, પણ સામાન્ય જનોને થતી નથી. તેથી જ તેઓ પણ સહેલાઈથી સમજી શકે માટે **'मंगलाणं च सव्वेसिं'** પદ મૂક્યું છે.

વળી, જો આઠમા પદનું કથન કર્યા સિવાય જ **'पढमं हवइ मंगलं'** એમ જો કહેવામાં આવે તો વ્યાકરણાદિ ગ્રંથોના અનુસારે પ્રથમ શબ્દ ક્રિયાવિશેષણ બની જાય અને તો તે 'પ્રથમ'નો અર્થ પૂર્વકાળમાં એવો થાય છે. તેથી આ નમસ્કાર પૂર્વકાળમાં મંગલરૂપ છે પણ ઉત્તરકાળમાં એટલે કે હમણાં મંગલરૂપ નથી, એવા અનિષ્ટ અર્થની સંભાવના થવાથી આ પંચનમસ્કાર સર્વકાળમાં મંગલરૂપ છે, એમ જણાવવા માટે જ આ આઠમું પદ મૂક્યું છે.

**જિજ્ઞાસા : पढमं हवइ मंगलं** એ પદમાં 'પ્રથમ' શબ્દનો પ્રયોગ કર્યો, તેના બદલે જો ઉત્તમ, ઉત્કૃષ્ટ કે પ્રધાન, શ્રેષ્ઠ આદિમાંથી કોઈ એક શબ્દનો પ્રયોગ કર્યો હોત તો શું બાધ હતો ?

**તૃપ્તિ :** 'પ્રથમ' શબ્દ **'पृथु विस्तारे'** એ ધાતુ પરથી બનાવેલો છે. **पृथु** ધાતુનો અર્થ વિસ્તાર થાય છે, એટલે કે, આ પંચ નમસ્કાર સ્વરૂપ મંગલ પ્રતિદિન

---

27. અર્થથી પ્રાપ્ત વસ્તુને અર્થાપત્તિ કહેવાય છે. જેમ દેવદત્ત પુષ્ટ છે, તે દિવસે ખાતો નથી. ત્યાં અર્થથી પ્રાપ્ત જ છે કે, તે રાત્રે ખાતો હોવો જોઈએ.

વૃદ્ધિને પામીને વિસ્તીર્ણ થતું હોય છે. તેમાં કદી પણ હ્રાસ થતો નથી. જો પ્રથમ શબ્દને બદલે ઉત્તમાદિ કોઈ શબ્દ વાપર્યો હોત તો આવો અર્થ ન થાત. ફક્ત આ પંચનમસ્કાર ઉત્તમ મંગલ છે, એવો જ અર્થ નીકળી શકત.

**જિજ્ઞાસા :** નવમા પદમાં **'हवइ'** ક્રિયાપદના પ્રયોગ વિના પણ અધ્યાહારથી 'हवइ' ક્રિયાપદનો અર્થ જાણી શકાયો હોત. છતાં **'हवइ'** એ પદ કેમ મૂક્યું છે ?

**તૃપ્તિ :** કેમ કે, **हवइ भवति** એ પ્રમાણે **'हवइ'** નો અર્થ, થવા રૂપ જે ક્રિયા નિરંતર વિદ્યમાન રહે છે, એવો થાય છે. આ રીતે 'આ પંચનમસ્કારરૂપ મંગલ વૃદ્ધિ પામતું ઉત્કૃષ્ટ મંગલ છે તથા તે નિરંતર વિદ્યમાન રહે છે.' તેવા અર્થની પ્રાપ્તિ થાય છે. જો 'हवइ' ક્રિયાપદનો પ્રયોગ ન કર્યો હોત તો આવો અર્થ ન નીકળી શકત.

તે જ રીતે અંતિમ પદમાં **'मंगलं'** શબ્દના પ્રયોગ વિના પણ અધ્યાહારથી **'मंगलं'** શબ્દનો અર્થ જાણી શકાત, છતાં અંતિમ મંગલ અર્થવાચક શબ્દ તરીકે **'मंगलं'** શબ્દનો સાક્ષાત્ પ્રયોગ કરવામાં આવ્યો છે. આમ તો, **'मंगलं'** એ પદની પ્રતીતિ થઈ જ જાત. છતાં પણ જગતના કલ્યાણકારી એવા પ્રતિપાદ્ય વિષયના પ્રતિપાદનમાં આદિ, મધ્ય અને અંતમાં મંગલ કરવું તે આપ્તપુરુષોને સંમત છે અને એ કરવાથી ભણનારને, ભણાવનારને તથા ચિંતન કરનારનું સદૈવ મંગલ થાય છે. તેથી જ અંતિમ મંગલ દર્શાવવા આ પદ વપરાયું છે.

આદિ, મધ્ય અને અંતમાં એમ ત્રણ મંગલ કરવાના કારણ આ પ્રમાણે છે.

૧. સરળતાપૂર્વક પ્રારંભ કરેલા ગ્રંથના અધ્યયનાદિ કાર્યમાં શિષ્ય પારંગત થાય માટે આદિમાં મંગલાચરણ કરવું જોઈએ.

૨. પ્રારંભ કરેલા કાર્યમાં વિઘ્ન ન થાય માટે મધ્યમાં મંગલ કરવું જોઈએ.

૩. તે ગ્રંથના અધ્યયન દ્વારા વિદ્યાની પ્રાપ્તિ = સિદ્ધિ થાય, તે માટે અંતમાં પણ મંગલ કરવું જોઈએ.

✪ ✻ ✪

# શ્રી પંચિંદિય સૂત્ર

**સૂત્ર પરિચય :**

ગુરુની સ્થાપના કરવા માટે આ સૂત્રનો પ્રયોગ કરાય છે. આથી આ સૂત્રનું બીજું નામ **ગુરુસ્થાપના સૂત્ર છે.**

ગુણની પ્રાપ્તિ માટે કરાતું કોઈ પણ ધર્માનુષ્ઠાન ગુણવાન ગુરુની સન્મુખ રહીને કરવાનું છે. કેમકે, ધર્મગુરુની હાજરીમાં ધર્મક્રિયા કરવાથી પ્રમાદને સ્થાન મળતું નથી, ભૂલમાંથી બચી જવાય છે અને પુણ્યસંપન્ન ગુરુની હાજરીમાં વીર્ય, આનંદ અને ઉલ્લાસની પણ વૃદ્ધિ થાય છે. આથી તમામ ધર્મક્રિયા શક્ય હોય તો ગુરુભગવંતની સન્મુખ રહીને જ કરવી જોઈએ. પરંતુ દરેક ક્ષેત્રમાં દરેક સમયે સદ્ગુરુભગવંતો મળે જ તેવું બનતું નથી. જ્યારે સદ્ગુરુભગવંતની હાજરી ન હોય ત્યારે આ સૂત્ર બોલી તેના એક એક પદની વિચારણા દ્વારા ગુણવાન ગુરુને નજર સમક્ષ લાવી મુખ્યતયા પુસ્તકમાં અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રના કોઈપણ ઉપકરણમાં ગુરુની સ્થાપના કરવામાં આવે છે. આ રીતે સ્થાપના કરવાથી ગુરુ ભગવંત મારી સામે જ છે, તેવું બુદ્ધિમાં ઉપસ્થિત થાય છે.

ગુરુ તરીકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, ત્રણે આવી શકે છે. તો પણ પુણ્યપ્રતિભા, જ્ઞાનની પ્રકર્ષતા, લબ્ધિસંપન્નતા, પ્રભાવકતા, પરોપકારિતા, કુશળતા આદિ અનેક ગુણોને કારણે ગુરુએ જેને આચાર્ય પદે સ્થાપેલ છે, તેવા ભાવાચાર્યો જ મુખ્યરૂપે ગુરુ તરીકે માન્ય રખાય છે. તીર્થંકરના વિરહમાં ભાવાચાર્યો તીર્થંકર તુલ્ય ગણાય છે. આવા ગુરુની હાજરીમાં કરેલું અનુષ્ઠાન

મહાન ફળવાળું થાય છે.

આ સૂત્રમાં ભાવાચાર્યના છત્રીસ ગુણોનું વર્ણન કરેલ છે. આ છત્રીસ ગુણો ઉપાધ્યાય અને સાધુમાં પણ હોય છે, કેમકે, મુનિ તરીકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણે સમાન છે, તો પણ આચાર્ય સર્વશ્રેષ્ઠ છે અને આ છત્રીશ ગુણો જ વિશેષ પ્રકારે મોક્ષના સાધક છે. આથી અહીં ગુરુના આ છત્રીસ ગુણો બતાવ્યા છે. આમ તો શાસ્ત્રોમાં આચાર્યોના ગુણોના વર્ણનના સ્થાને છત્રીસ છત્રીશીનો ઉલ્લેખ છે. એટલે કે, છત્રીસ પ્રકારે છત્રીસ ગુણો બતાવવામાં આવ્યાં છે. આમ છતાં અહીં ગુરુ તરીકે ગણાતા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, ત્રણેમાં રહેલા વિશેષ ગુણોનું જ વર્ણન કરેલ છે.

આવા ગુરુભગવંતોનું ચિત્ત સંસારના ભાવોથી અત્યંત વિરક્ત હોય છે. જગતના તમામ જીવોને તેઓ **आत्मवत् सर्वभूतेषु** સૂત્રના આધારે પોતાના તુલ્ય માનતા હોય છે. મોક્ષના કારણરૂપે તેઓ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યને ઈચ્છતા હોય છે, અને કારણ ઉપસ્થિત થાય ત્યારે જ સમિતિમાં પ્રવર્તતા હોય છે. સ્વરૂપની પુષ્ટિ માટે જ તેઓ ઈન્દ્રિયના સંવર આદિની ક્રિયા કરતા હોય છે. કષાયના ભાવોનો સંસ્પર્શ ન થાય તે માટે તેઓ સતત તકેદારી રાખતા હોય છે. બ્રહ્મચર્યના પાકા હિમાયતી હોય છે. આવા ભાવાચાર્યને આપણે આ સૂત્ર દ્વારા હૃદયસ્થ કરવાના છે અને તેમને પરતંત્ર રહી, તેમની અનુજ્ઞાપૂર્વક, તેવા ગુણોની પ્રાપ્તિ અર્થે જ સામાયિક આદિ ક્રિયા પૂર્વે આ સૂત્ર દ્વારા ગુરુ સ્થાપના કરવાની છે.

**મૂળ સૂત્ર :**

**पंचिंदिय-संवरणो, तह नवविह-बंभचेर-गुत्ति-धरो ।**
**चउविह-कसाय-मुक्को, इअ अट्ठारस-गुणेहिं संजुत्तो ।।१।।**
**पंच-महव्वय-जुत्तो, पंचविहायार पालण-समत्थो।**
**पंच-समिओ ति-गुत्तो, छत्तीस-गुणो गुरु मज्झ ।।२।।**

પદ-૮ સંપદા- અક્ષર-૮૦

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**पंचिंदिय - संवरणो, तह नवविह-बंभचेर-गुत्ति-धरो ।**

*पञ्चेन्द्रिय - संवरणः, तथा नवविध-ब्रह्मचर्य-गुप्ति-धरः*

પાંચ ઈન્દ્રિયોના (વિકારને) રોકનાર

તથા નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર

**चउविह-कसाय-मुक्को, इअ अट्ठारस-गुणेहिं संजुत्तो ।। १ ।।**

*चतुर्विध-कषाय-मुक्तः, इति अष्टादशगुणैः संयुक्तः ।।१।।*

ચાર પ્રકારના કષાયથી મુક્ત, એ અઢાર ગુણો વડે સંયુક્ત ૧.

**पंच-महव्वय-जुत्तो, पंचविहायार पालण-समत्थो।**

*पञ्च-महाव्रत-युक्तः, पञ्चविधाचार-पालन-समर्थः,*

પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારનું પાલન કરવામાં સમર્થ

**पंच-समिओ ति-गुत्तो, छत्तीस-गुणो गुरु मज्झ ।। २ ।।**

*पञ्च-समितः त्रिगुप्तः, षट्त्रिंशद्गुणो गुरुर्मम ।।२।।*

પાંચ સમિતિવાળા, ત્રણ ગુપ્તિવાળા છત્રીસ ગુણવાળા મારા ગુરુ છે. ૨.

**વિશેષાર્થ :**

**पंचिंदिय - संवरणो :** પાંચ ઈન્દ્રિયોના વિકારોને રોકનાર

પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષયો[1] અને તેના ૨૫૨ પ્રકારના વિકારોને[2] રોકનાર ગુરુભગવંત છે. મુનિ મનગમતા વિષયોમાં રાગ અને અણગમતા વિષયોમાં

---

1. **પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો :**
   સ્પર્શનેન્દ્રિયનો વિષય સ્પર્શ છે અને તેનાં ભારે-હલકુ, ઠંડુ-ગરમ, કોમળ-ખરબચડું, સ્નેહાળ અને લૂખું તેવા ૮ પ્રકારો છે.
   રસનેન્દ્રિયનો વિષય રસ છે અને ખારું-ખાટું-તીખું-તુરૂં અને મીઠું, તે રૂપ પાંચ પ્રકારના રસ હોય છે.
   ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે અને તેનાં સુગંધ-દુર્ગંધ રૂપ ૨ પ્રકારો છે.
   ચક્ષુરિન્દ્રયનો વિષય રૂપ છે અને તેનાં લાલ-લીલો-પીળો-શ્વેત અને કાળો એમ ૫ પ્રકારો છે.
   શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ છે અને તેનાં સચિત્ત-અચિત્ત અને મિશ્ર શબ્દ રૂપ ૩ પ્રકારો છે.
   એમ કુલ પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો છે. સ્પર્શનેન્દ્રિય-૮, રસનેન્દ્રિય-૫, ઘ્રાણેન્દ્રિય-૨, ચક્ષુરિન્દ્રય-૫, શ્રોત્રેન્દ્રિય-૩ = (૮+૫+૨+૫+૩) ૨૩
2. **પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયોના ૨૫૨ વિકારો :**
   સ્પર્શનેન્દ્રિય ૯૬, રસનેન્દ્રિય ૬૦, ઘ્રાણેન્દ્રિય ૨૪, ચક્ષુરિન્દ્રિયના ૬૦, શ્રોતેન્દ્રિય ૧૨ (૯૬+૬૦+૨૪+૬૦+૧૨) = ૨૫૨

દ્વેષના પરિણામરૂપ આશ્રવભાવને રોકે છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ આવે ત્યારે પણ તે તે વિષયોની સારી ખોટી અસરથી મનને મુક્ત રાખવા મુનિ મહેનત કરે છે.

**સંવર ભાવનું વર્ણન :**

છદ્મસ્થ જીવો માટે ઈન્દ્રિયો એ જ્ઞાન મેળવવાનું સાધન છે. પરંતુ અનાદિકાળથી મોહની આધીનતાને કારણે સંસારી આત્મા ઇન્દ્રિયોથી થતાં જ્ઞાનમાં મોહના ઉદયથી રાગાદિ ભાવો કરે છે. આથી જ જ્ઞાનમાં પણ મોહકૃત વિકૃતિ આવી જાય છે. **આ મોહકૃત વિકૃતિ તે જ આશ્રવ ભાવ છે અને તે રાગાદિ વિકૃતિને થવા ન દેવી તે સંવરભાવ છે.** માટે જ ઈન્દ્રિયોના વિષય સાથે સંપર્ક થતાં રાગાદિ ભાવ ન થાય તે માટે મુનિ સતત પ્રયત્ન કરે છે, શાસ્ત્રનો અભ્યાસ કરે છે, તત્ત્વનું ચિંતન કરે છે, શુદ્ધ આત્મભાવથી મનને ભાવિત કરે છે અને તે દ્વારા ઈન્દ્રિયોને શાંત કરે છે તે ઇન્દ્રિયોનો સંવર છે.

મુનિ દીક્ષા લીધા બાદ એક સંકલ્પ કરે છે કે, હવે ઈન્દ્રિયોને રાગાદિ ભાવો પ્રમાણે પ્રવર્તન નહીં કરવા દઉં, પરંતુ માત્ર ભગવાનના વચનસ્વરૂપ શ્રુતજ્ઞાનથી જ ઈન્દ્રિયોનું પ્રવર્તન કરીશ. અત્યાર સુધી અજ્ઞાન અને અવિરતિના કારણે જ્યારે પણ ઇન્દ્રિયોના કોઈપણ વિષયો સામે આવતા ત્યારે તેમાં રાગાદિ ભાવો થઈ જ જતાં હતા કેમકે, જીવને ઈન્દ્રિયોના સારા વિષયો મળે તેમાં રાગ અને ખરાબ વિષયો મળે તેમાં દ્વેષ કરવાની વૃત્તિ અનાદિકાળથી છે, તેથી શરૂઆતની કક્ષામાં મુનિ પણ વિષયોથી દૂર રહીને વૈરાગ્યની ભાવના દ્વારા એટલે કે, *"આ પુદ્ગલનો સ્વભાવ ભિન્ન છે અને મારો સ્વભાવ પણ ભિન્ન છે. પુદ્ગલોમાં કાંઈ સારું પણ નથી કે કાંઈ ખરાબ પણ નથી. માત્ર મારી કલ્પનાથી જ તે પદાર્થ સારા-નરસા મને*

---

સ્પર્શનેન્દ્રિયના વિષયો ૮ x ૧૨ {૩ (સચિત્ત, અચિત્ત અને મિશ્ર) x ૨ (ઈષ્ટ, અનિષ્ટ) x ૨ (રાગ, દ્વેષ) = ૧૨ } = ૯૬

રસનેન્દ્રિયના વિષયો ૫ X ૧૨ {૩ (સચિત્ત, અચિત્ત અને મિશ્ર) x ૨ (ઈષ્ટ, અનિષ્ટ) x ૨ (રાગ, દ્વેષ) = ૧૨ } = ૬૦

ઘ્રાણેન્દ્રિયના વિષયો ૨ x ૧૨ {૩ (સચિત્ત, અચિત્ત અને મિશ્ર) x ૨ (ઈષ્ટ, અનિષ્ટ) x ૨ (રાગ, દ્વેષ) = ૧૨ } = ૨૪

ચક્ષુરિન્દ્રયના વિષયો ૫ x ૧૨ {૩ (સચિત્ત, અચિત્ત અને મિશ્ર) X ૨ (ઈષ્ટ, અનિષ્ટ) x ૨ (રાગ, દ્વેષ) = ૧૨ } = ૬૦

શ્રોતેન્દ્રિયના વિષયો ૩ x ૪ {૨ (ઈષ્ટ, અનિષ્ટ) X ૨ (રાગ, દ્વેષ) = ૪} = ૧૨

*લાગે છે અને મોહાધીન આવી કલ્પના જ મને સુખી-દુ:ખી કરે છે. મારો સ્વભાવ તો માત્ર આ પુદ્ગલના ધર્મનું જ્ઞાન કરવાનો છે પણ તેમાં રાગાદિ કરવાનો કે રાગાદિથી ભોગ કરવાનો મારો સ્વભાવ નથી."* આ રીતે ભાવનાઓ દ્વારા પૌદ્ગલિક ભાવોથી મનને પાછું વાળવા મહેનત કરતો હોય છે. આ કક્ષામાં ઈન્દ્રિયોના ભાવોમાં રાગ-દ્વેષ તો શું, પરંતુ ક્યાંય કર્તાપણાનો કે મમત્વનો પરિણામ પણ ન સ્પર્શી જાય તે માટે મુનિ ખૂબ સજાગ હોય છે. આ જાગૃતિને કારણે જ મુનિને પાંચે ઈન્દ્રિયોના સંવરભાવવાળા કહેવાય છે.

આ રીતે ભગવાનના વચનના સહારે પ્રયત્ન કરતાં કરતાં ઈન્દ્રિયોના ભાવોને જોવા, જાણવા કે માણવાકૃત ઉત્સુકતાઓ જ્યારે શમી જાય છે, ત્યારે જીવનો પોતાનો મૂળ જ્ઞાતૃત્વભાવરૂપ સ્વભાવ પ્રગટ થાય છે અને તે જ ભાવસંવર છે.

**સંવરના પ્રકારો :**

સંવર બે પ્રકારનો છે - ૧. દ્રવ્ય-સંવર અને ૨. ભાવ-સંવર.

બાહ્ય રીતે ઈન્દ્રિયોના વિષયોને છોડી સાધના કરવાની ઈચ્છાવાળો સાધક તપ-સંયમાદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતો હોવા છતાં પણ તેનું મન વ્યક્તરૂપે કે અવ્યક્તરૂપે પુદ્ગલના સારા કે ખોટા ભાવોની અસરવાળું હોય તો તેને દ્રવ્યસંવર કે સ્થૂલ વ્યવહારથી સંવર કર્યો કહેવાય છે.

જે સાધકનું મન સંસારથી અત્યંત વિરક્ત થયેલું હોય અને મોક્ષમાર્ગમાં સતત રત હોય તેવો સાધક સ્વાધ્યાય, ભાવના વગેરેના સહારે સંસારના કારણરૂપ ઈન્દ્રિયોના ભાવોથી દૂર થવા મહેનત કરે છે. ઈન્દ્રિયોના સારા-નરસા ભાવોમાં થતા રાગાદિ ભાવોને અટકાવીને, વિષયોના સંપર્ક વખતે માત્ર તે તે વિષયોનો બોધ કરવામાં, જ્ઞાતાભાવરૂપે સાધક પોતાના ઉપયોગને જેટલો જોડી શકે છે, તેટલા અંશમાં તે ભાવસંવરને પામી શકે છે.

આ ભાવસંવર ચરમાવર્ત કાળમાં પણ જ્યારે સાધકઆત્મા સંસારથી વિરક્ત થઈ, સંસારના નિસ્તાર માટે સંયમ જીવન સ્વીકારી, સમિતિ-ગુપ્તિના પાલનમાં જ્યારે પ્રવૃત્ત થાય છે, ત્યારે જ પ્રાપ્ત થાય છે અને દ્રવ્યસંવર તો અચરમાવર્ત કાળમાં પણ જીવને અનંતીવાર પ્રાપ્ત થાય છે.

**तह नवविह-बंभचेर-गुत्ति-धरो :** તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા મારા ગુરુ છે.

**બ્રહ્મચર્યનું સ્વરૂપ :**

બ્રહ્મચર્ય શબ્દનો સામાન્ય અર્થ એ છે કે, સ્ત્રી ભોગાદિથી નિવૃત્ત થવું અને વિશેષ અર્થ એ છે કે, પાંચે ઈન્દ્રિયોના વિષયોથી નિવૃત્ત થઈ આત્મભાવમાં રમણતા કરવી. બ્રહ્મચર્યનું વર્ણન શાસ્ત્રમાં અનેક દૃષ્ટિકોણથી કરેલ છે.

નિશ્ચયનયથી અને વ્યવહારનયથી બ્રહ્મચર્યનું સ્વરૂપ આ પ્રમાણે છે :

૧. **નિશ્ચયથી : ब्रह्मणि चर्यते इति ब्रह्मचर्यः** અર્થાત્ **ब्रह्मणि** = આત્મામાં **चर्यते** = ચરવું એટલે કે, આત્માના ગુણોમાં રમણતા કરવી તે જ નિશ્ચયથી બ્રહ્મચર્ય છે. વિભાવમાંથી આત્માના સ્વભાવમાં આવવું તે બ્રહ્મચર્ય છે અને આત્મહિત કરનારી કોઈપણ ક્રિયા પણ બ્રહ્મચર્યરૂપ છે.

૨. **વ્યવહારથી :** વ્યવહારથી બ્રહ્મચર્ય એટલે મૈથુનનો ત્યાગ કરવો અર્થાત્ દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયભોગોને ન ભોગવવા તે બ્રહ્મચર્ય છે.

નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડના પાલનપૂર્વક ભોગાદિની ક્રિયાથી નિવૃત્ત થવું તે દ્રવ્યથી બ્રહ્મચર્યનું પાલન છે અને નવ વાડના પાલન દ્વારા આત્માને ભોગાદિના ભાવોમાંથી આગળ વધતા અટકાવી, ધીમે ધીમે વેદના ઉદયને શાંત કરી આત્માના ભાવમાં સ્થિર કરવા યત્ન કરવો તે ભાવથી બ્રહ્મચર્યવ્રત છે.

અબ્રહ્મ એ મહાપ્રમાદનું કારણ છે અને તે વિશેષ પ્રકારે રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. અબ્રહ્મના સેવનથી વીર્યનો નાશ થાય છે અને વીર્યના નાશથી સત્ત્વનો નાશ થાય છે અને જો સત્ત્વનો નાશ થાય તો પછી વિશિષ્ટ પ્રકારના ધર્મની સાધના થઈ શકતી નથી. કહેવાય છે કે **'न हि धर्माऽधिकारोऽस्ति हीनसत्वस्य देहिनः'** સત્ત્વ વિહીન આત્માને ધર્મમાં અધિકાર જ નથી અને ધર્મનો પ્રારંભ કર્યા વિના કર્મનિર્જરા થતી નથી અને વિશિષ્ટ કર્મનિર્જરા વિના આત્માની શુદ્ધિ થતી નથી. આથી વિશુદ્ધ કોટિના ધર્મનાં પાલન માટે, આત્માની શુદ્ધિ માટે બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે.

પાંચે મહાવ્રતોમાં આ ચોથું વ્રત અતિ કિંમતી છે. તેનું રક્ષણ કરવું ખૂબ મુશ્કેલ છે. કારણકે, અનાદિકાળથી નિગોદ સ્વરૂપ એકેન્દ્રિયના ભવમાં જીવ

હતો, ત્યારથી તેની સાથે સ્પર્શનેન્દ્રિય તો હતી જ. વળી, જ્યારે જીવ આગળ વિકલેન્દ્રિયમાં કે પંચેન્દ્રિયના ભવોમાં આવ્યો, ત્યારે ત્યાં પણ તેને આ ઈન્દ્રિય તો મળી જ હતી. આમ, અનાદિકાળથી જીવને સ્પર્શનો અભ્યાસ અતિ ગાઢ થઈ ગયો હોવાથી સ્પર્શનેન્દ્રિયના વિકારોથી મુક્ત થવું ઘણું દુષ્કર છે. ઘણી દુષ્કર પ્રવૃત્તિ કરાય ત્યારે જ બ્રહ્મચર્ય વ્રત સાધી શકાય છે જ્યારે અન્ય મહાવ્રતોનું પાલન એટલું દુષ્કર નથી માટે તેમાં વાડસ્વરૂપે વધુ પ્રતિબંધો નથી. બીજાં વ્રતો કરતાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન દુષ્કર છે, માટે જ જ્ઞાની પુરુષોએ બ્રહ્મચર્ય વ્રતના પાલન માટે નવ વાડોનું[3] વિધાન કરેલ છે. આ નવ વાડ બ્રહ્મચર્યના પાલનમાં સહાયક હોવાથી ગુરુભગવંતો તેને ધારણ કરે છે.

## બ્રહ્મચર્ય વિષયક જિજ્ઞાસા :

**જિજ્ઞાસા :** દરેક જીવની અબ્રહ્મમાં પ્રવૃત્તિ વેદના ઉદયથી થાય છે અને આ વેદનો ઉદય તો મુનિને પણ નવમાં ગુણસ્થાનક સુધી હોય છે, તો મુનિ બ્રહ્મચર્યનું પાલન કઈ રીતે કરી શકે ? વળી, આવા વેદના ઉદયને અટકાવવા શું કરવું જોઈએ ?

**તૃપ્તિ :** વેદનો ઉદય નવમા ગુણસ્થાનક સુધી હોવાં છતાં દરેક જીવની દરેક ક્ષણે ભોગમાં પ્રવૃત્તિ હોતી નથી. ભોગમાં પ્રવૃત્તિ તો તીવ્ર વેદના ઉદયકાળમાં જ હોય છે. આવા પ્રકારના વેદના ઉદયને અટકાવવા મુનિ સતત તત્ત્વની વિચારણા કરે છે. મુનિ વિચારે છે, *"મારો સ્વભાવ તો જ્ઞાનાદિ ગુણને ભોગવવાનો છે. આત્મામાં આનંદ માનવાનો છે. આ ભોગની પ્રવૃત્તિ તે તો અતિ કુત્સિત પ્રવૃત્તિ છે, જોતાં પણ જુગુપ્સા ઉત્પન્ન થાય તેવી છે. આ પ્રવૃત્તિ વિવેકી પુરુષને લજ્જા*

---

3. બ્રહ્મચર્યની નવ વાડ :
   1. વિવિક્ત વસતિ સેવા = સ્ત્રી, પશુ, નપુંસકના વાસથી રહિત વસતિમાં રહેવું.
   2. સ્ત્રીકથા પરિહાર = સ્ત્રીની સાથે કે તેના સંબંધી વાતો ન કરવી.
   3. નિષદ્યા અનુપ્રવેશ = સ્ત્રીના આસન, શયન પર બે ઘડી સુધી બેસવું નહિ.
   4. ઈન્દ્રિય અપ્રયોગ = સ્ત્રીનાં રૂપ, અંગોપાંગ ન જોવાં.
   5. કુડ્યંતર-દાંપત્ય વર્જન = ભીંતના આંતરે સ્ત્રી-પુરુષનું યુગલ હોય ત્યાં ન રહેવું.
   6. પૂર્વક્રીડિત અસ્મૃતિ = પૂર્વે કરેલ ક્રીડાનું સ્મરણ ન કરવું.
   7. પ્રણીત અભોજન = માદક આહારનો ત્યાગ.
   8. અતિ માત્રા અભોજન = પ્રમાણથી વધુ આહાર ન કરવો.
   9. વિભૂષા પરિવર્જન = શરીરને સુશોભિત ન રાખવું.

*ઉત્પન્ન કરાવે તેવી છે. કાયર પુરુષો કદાચ આમાં પ્રવૃત્તિ કરે, પરંતુ સાત્ત્વિક પુરુષોનું કાર્ય તો આવાં ક્ષણિક સુખ આપી, મહા દુઃખના ખાડામાં ફેંકનારા નિંદનીય એવા ભોગાદિ ભાવોથી અટકી આત્માના અનંત આનંદને આપનારા બ્રહ્મચર્યાદિ ભાવમાં પ્રવૃત્ત થવાનું છે."* આ રીતે સૂક્ષ્મ બુદ્ધિથી વારંવાર ચિંતન કરતાં ઉદયમાન વેદ-મોહનીયકર્મ કાર્ય તો નથી કરતું, પરંતુ ધીમે ધીમે મંદ-મંદતર થતું જાય છે અને એક દિવસ કર્મ નાશ પામતા પૂર્ણ બ્રહ્મચર્યભાવ પ્રગટ થાય છે. આ જ ભાવથી મુનિમાં બ્રહ્મચર્યની ગુપ્તિ કહી છે.

**જિજ્ઞાસા :** પાંચ ઈન્દ્રિયના વિકારના સંવરમાં બ્રહ્મચર્યની ગુપ્તિ આવી જાય છે, છતાં તેને જુદી કેમ કહી ?

**તૃપ્તિ :** પાંચ ઈન્દ્રિયના સંવરમાં સ્પર્શનેન્દ્રિયનો સંવર પ્રાપ્ત હતો જ, તો પણ અમુક પ્રકારનો સ્પર્શનેન્દ્રિયનો વિષય અતિ કુત્સિત, અતિ ખરાબ, અતિ નિંદનીય છે. અનાદિ કાળથી જીવમાં મૈથુન સંજ્ઞા પ્રવર્તમાન છે અને આ સંજ્ઞાથી પ્રેરિત જીવ અતિ નિંદનીય એવા સ્પર્શાદિના વિષયોમાં મૂઢની જેમ પ્રવર્તે છે. તેનાથી અટકવું પંડિત પુરુષો માટે પણ દુષ્કર હોય છે. આથી આ વસ્તુના પ્રાધાન્ય માટે નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિને જુદી ગ્રહણ કરેલ છે.

**જિજ્ઞાસા :** સ્પર્શનેન્દ્રિયના વિષયથી અટકવું અને મૈથુનથી અટકવું તેમાં ફરક શું ?

**તૃપ્તિ :** સ્પર્શનેન્દ્રિયના વિષયથી અટકવું એટલે શીત-ઉષ્ણ-મૃદુ-કઠોર આદિ ભાવોમાં રતિ-અરતિ આદિ ભાવો થવા ન દેવા, જ્યારે મૈથુનથી અટકવું એટલે સ્ત્રી આદિ પ્રત્યે આ સ્ત્રી છે, મારે માટે યોગ્ય છે, તેના ભોગથી મને સુખ છે, તેવો ભાવ થવા ન દેવો. સ્ત્રીનો ભોગ મૃદુ સ્પર્શ સાથે સંબધિત હોવા છતાં આ ભાવ અપેક્ષાએ જુદો પણ છે.

**જિજ્ઞાસા :** પાંચ મહાવ્રતમાં ચતુર્થવ્રતમાં આનો સમાવેશ થાય છે છતાં આ બ્રહ્મચર્યની ગુપ્તિને જુદી કેમ બતાવી ?

**તૃપ્તિ :** પાંચ મહાવ્રતમાં પણ આનો સમાવેશ થઈ જ જાય છે, તો પણ પાંચે વ્રતોમાં અપેક્ષાએ આ વ્રત પાળવું અતિ કઠિન છે. વળી જીવનો સ્વભાવ અવેદી છે અને આવા અવેદી ભાવને પામેલા આ ભાવાચાર્ય છે, તેવી ઉપસ્થિતિ આ પદ બોલતાં થઈ શકે છે. આવા ઉત્તમ ગુણસંપન્ન આચાર્યની સાક્ષીએ સર્વ અનુષ્ઠાન કરતાં પોતાનામાં પણ તે ભાવની પ્રાપ્તિ સંભવિત છે, તેથી આવા

ભાવને પ્રાપ્ત કરવા આ પદ જુદું મૂકેલ જણાય છે.

**चउविह-कसाय-मुक्को :** ગુરુભગવંત ક્રોધ-માન-માયા અને લોભ સ્વરૂપ ચાર પ્રકારના કષાયથી મુક્ત છે.

કષાયનો અર્થ કરતાં શાસ્ત્રોમાં જણાવ્યું છે કે - **कष** = સંસાર અને **आय** = લાભ. જેનાથી સંસારનો લાભ થાય, સંસારની પ્રાપ્તિ થાય, તેવા પ્રકારના જીવના ભાવને કષાય કહેવાય છે.

જેનાથી આત્માને ક્લેશ થાય, પીડા થાય તેવો પરિણામ તેનું નામ કષાય[4].

કષાય અનેક પ્રકારનાં સુખ અને દુઃખને સહન કરાવનાર કર્મને ખેંચે છે તેથી તેને કષાય[5] કહેવાય છે. કષાયો જ્યારે પ્રશસ્ત કક્ષાના હોય છે, ત્યારે પુણ્ય બંધાવી સુખને પ્રાપ્ત કરાવે છે અને અપ્રશસ્ત કષાયો પાપને બંધાવી દુઃખને પ્રાપ્ત કરાવે છે. ભૌતિક સુખ કે દુઃખ કષાયોને કારણે જ પ્રાપ્ત થાય છે. આ કષાયો આત્માને કલુષિત કરે છે - મલિન કરે છે. તેથી તે કષાય કહેવાય.

જે જીવના શુદ્ધસ્વરૂપને કલુષિત કરે તે કષાય કહેવાય છે.

અનેક પ્રકારના કર્મના કારણે આત્મામાં અનેક પ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે. પણ તમામ ભાવો સંસારની પરંપરા સર્જી શકતા નથી. માત્ર એક મોહનીય કર્મ એવું છે કે, જે આત્મા ઉપર એવો વિકૃત ભાવ પેદા કરે છે, જે ભાવને કારણે જીવનો દુઃખદ અને દુરંત સંસાર ઉભો થાય છે.

**કષાયોના ભેદ અને પ્રભેદ :**

મોહનીય કર્મ પણ અનેક પ્રકારનું છે. તે અનેક પ્રકારને જ્ઞાનીઓએ મુખ્ય ચાર વિભાગમાં ગોઠવેલ છે. ૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ.

**ક્રોધ** - જે વસ્તુ આપણને અનિષ્ટ હોય, જેની પ્રવૃત્તિ કે પ્રકૃતિ આપણને ગમતી ન હોય તે વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આવેશ, ઉકળાટ, અરુચિ, અણગમો, ઈર્ષ્યા કે અસહિષ્ણુતાનો ભાવ, વૈરવૃત્તિ, અમિત્રતાનો પરિણામ આ સર્વે ક્રોધરૂપ ભાવો છે.

---

4. क्लिष्यते अनेन इति कषायः ।

5. सुह-दुक्खबहुसहियं, कम्म-खेत्तं-कसंति जं जहा । कलुसंति जं च जीवं, तेण कसाइ त्ति वुच्चंति ।।

**માન** - 'હું કંઈક છું' તેવો ભાવ તે માનનો પરિણામ છે. આના કારણે કોઈનું અપમાન સહન ન થવું, દરેક વ્યક્તિ તરફથી માનની આકાંક્ષા રાખવી, માન મળતાં આનંદિત થવું, પોતાનાથી કોઈ આગળ વધી જાય તો દુઃખ થવું, પાછળ પડે તો આનંદ થવો. આ દરેક ભાવો પણ માનના જ પ્રકારો છે.

**માયા** – જેવા નથી તેવા દેખાવાની ઈચ્છા તે માયા છે. તેનાથી કપટ, દગો, વંચના વગેરે ભાવો થાય છે. હૈયામાં જુદું અને બહાર જુદું બતાવવાની ઈચ્છા માયાના કારણે જ છે. માયાના કારણે જ જીવનમાં અનેક પ્રકારની વક્રતાઓ આવે છે.

**લોભ** - પદાર્થને મેળવવાની ઈચ્છા, પદાર્થ પ્રાપ્ત થયા પછી પણ અધિક અધિક મેળવવાની ઈચ્છા, અસંતોષ, સુંદર પદાર્થના ઉપભોગની ઈચ્છા, આવા ભાવો લોભ કષાયના કારણે થાય છે.

આ ચારે કષાયો આત્માના કર્મકૃત ભાવો છે. કર્મના ઉદયથી આવા પ્રકારના પરિણામ જીવમાં ઉત્પન્ન થાય છે. અવિવેકી આત્મા તે કષાયોને વશ થઈ ઘણાં કર્મો બાંધે છે અને વિવેકી આત્માઓ તે કષાયોના ઉદયને નિષ્ફળ બનાવે છે. જેણે ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષથી આ ચારે કષાયોને વશ કરી લીધા છે, તેવા આચાર્ય ભગવંતો ચાર કષાયથી મુક્ત છે.

આ કષાયો પણ બે પ્રકારના છે – પ્રશસ્ત કષાય અને અપ્રશસ્ત કષાય. આમાં પ્રશસ્ત કષાય એટલે ધર્મની રક્ષા માટે, ગુણની વૃદ્ધિ માટે અને દોષના નાશ માટે કરાતાં કષાયો. જેમ કે, સંસાર, સંસારની સામગ્રી અને સંસારી સંબંધો પ્રત્યેના રાગને તોડવા માટે ધર્મ, ધર્મની સામગ્રી અને દેવ-ગુરુ પ્રત્યેનો જે રાગ છે તે પ્રશસ્ત રાગ છે કેમકે, તે પ્રશસ્ત રાગ અપ્રશસ્ત એવા સંસારના રાગને તોડાવનાર છે અને ક્ષમાદિ ગુણોને વધારનાર છે. આવી જ રીતે ધર્મસ્થાનો કે દેવ-ગુરુ પ્રત્યે આક્રમણ કરનાર વ્યક્તિ પ્રત્યે થતો દ્વેષ, પ્રશસ્ત દ્વેષ છે. 'મારા ગુણ પ્રાપ્તિના કારણભૂત આ સ્થાનોનો નાશ ન થવો જોઈએ' તેવો ભાવ હોવાથી આ દ્વેષ પ્રશસ્ત છે અને અપ્રશસ્ત દ્વેષનો નાશ કરનાર છે. જ્યાં સુધી પરમ સમતાની ભૂમિકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ કષાય પણ જરૂરી છે કેમકે, પ્રારંભિક ભૂમિકામાં કષાય જ કષાયનો નાશ કરે છે.

આ ક્રોધાદિ ચારે કષાયો તીવ્ર, તીવ્રતર, મંદ અને મંદતર આદિ અપેક્ષાએ અસંખ્ય

પ્રકારના છે. આ અસંખ્ય ભેદોને સંક્ષેપમાં ચાર વિભાગમાં વહેંચેલ છે.

૧. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ

૨. અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા અને લોભ

૩. પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા અને લોભ

૪. સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ

**અનંતાનુબંધી આદિ ચાર પ્રકારના કષાયોનું સ્વરૂપ :**

**૧. અનંતાનુબંધી કષાય :** અનંત સંસાર સાથે જોડી આપે તેવા કષાયને અનંતાનુબંધી કષાય કહેવાય છે. અનંતાનુબંધી કષાયનો ઉદય જીવમાં મિથ્યાત્વ મોહનીયના ઉદયને ચાલુ રાખે છે, જેના કારણે વિપર્યાસ પેદા થાય છે. વિપર્યાસ એટલે જે વસ્તુ જેવી છે, તેનાથી વિપરીત માનવી. જેમ નાના બાળકને સુંવાળો સાપ મારનાર હોવા છતાં, મારનાર છે તેમ નથી લાગતું. તેમ આ કષાયના ઉદયવાળા જીવોને પાંચે ઈન્દ્રિયના વિષયોમાં રાગને કારણે થતી પાપપ્રવૃત્તિ મને મહાદુઃખ આપનાર છે, તેવું જણાતું જ નથી.

આ કષાયના સહચારી એવા મિથ્યાત્વ મોહનીયનું મુખ્ય કાર્ય તત્ત્વ પ્રત્યેની અશ્રદ્ધા અને કર્તવ્ય-અકર્તવ્યના, હેય-ઉપાદેયના અવિવેકરૂપ વિપર્યાસ ઉત્પન્ન કરવાનું છે. **જગતમાં કોઈ તત્ત્વભૂત અને સારભૂત પદાર્થ હોય તો તે મોક્ષ છે કેમકે, પરમ સુખ મોક્ષમાં જ મળી શકે છે. મોક્ષ જ પરમ આનંદસ્વરૂપ છે અને આવા મોક્ષનું કારણ ધર્મ છે, માટે ધર્મ જ સુખ આપનાર છે. પણ અનંતાનુબંધી કષાયના ઉદયવાળા ભોગાસક્ત જીવોને બહારથી ધર્મ કરવા છતાં આ ધર્મ જ પરમ સુખનું કારણ છે, તેવું લાગતું નથી.** હા, જેમ ધન કમાવા વેપારી વ્યાપારની ક્રિયા કરે છે, વ્યાપારનાં અનેક કષ્ટ સહન કરે છે, તે રીતે આ કષાયના ઉદયવાળા જીવો પણ જ્યારે ધર્મથી આ સંસારનું સુખ, દેવલોક વગેરે મળે છે, તેવું સાંભળે ત્યારે થોડો ઘણો ધર્મ કરી લે, પણ આ ધર્મથી જ મોક્ષનું સુખ મળશે, આત્માનો આનંદ મળશે, તેવી તીવ્ર શ્રદ્ધા વિપર્યાસના કારણે આ કષાયકાળમાં થતી નથી.

આથી જ આ કષાયના ઉદયવાળા જીવો કદી સમ્યગ્ દર્શન નામનો આત્માનો ગુણ પ્રાપ્ત કરી શકતા નથી. જ્યાં સુધી તીવ્ર કોટિનો આ કષાય ઉદયમાં હોય

છે, ત્યાં સુધી તો જીવને નાશવંત અને નકલી એવા આ ભોગમાં જ સુખ છે તેમ લાગે છે. તેને કારણે ભોગમાં પ્રવૃત્તિ હોય કે ન હોય તો પણ 'ભોગ જ સારા, તે જ સુખકારક' આવા સંસ્કારો આત્મા ઉપર પડ્યા જ કરે છે. આ સંસ્કારને કારણે જ્યારે જ્યારે ભોગની પ્રાપ્તિ થાય છે, ત્યારે ત્યારે તે પાછો પ્રેમથી તેમાં પ્રવૃત્ત થાય છે, પાપ બાંધે છે અને પેલા સંસ્કારોને દૃઢ કરે છે. આ રીતે વિપર્યાસના કારણે અનંતકાળ સુધી સંસારની પરંપરા આ કષાય સર્જી શકે છે.

'તથાભવ્યત્વ'[6]ના પરિપાક અને જીવના તેવા પ્રકારના પુરુષાર્થથી આ કષાય જ્યારે મંદ પડે છે, ત્યારે જીવ કંઈક અંશે આત્માને અભિમુખ થવા પ્રયત્ન કરે છે, સાચા સુખને શોધે છે, ભોગમાં દુઃખ છે તેવું કાંઈક અનુભવે છે અને ગુણમાં સુખ છે તેવું સામાન્યથી પણ તેને જણાય છે. ત્યારે આ જીવ મિત્રાદિ યોગદૃષ્ટિઓમાં પ્રવેશ કરે છે તેમ કહેવાય છે. તો પણ મંદ થયેલો આ કષાય હજુ તત્ત્વની પૂર્ણ શ્રદ્ધા થવા દેતો નથી.

ગુરુભગવંતો આ કષાયથી પૂર્ણ મુક્ત હોય છે. તેમની તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા મેરુ જેવી અડગ હોય છે. આથી જ તેઓ તત્ત્વમાર્ગે ચાલે છે અને અનેક લોકોને સુખકારક અને કલ્યાણકારક એવા આ તત્ત્વમાર્ગને બતાવવા તેઓ મહેનત કરે છે.

**૨. અપ્રત્યાખ્યાનીય કષાય :** જે કષાયના ઉદયથી જીવને અલ્પ પણ નિયમ કરવાનું મન ન થાય તે અપ્રત્યાખ્યાનીય કષાય છે.

તત્ત્વમાર્ગ પ્રત્યે શ્રદ્ધા થવા છતાં, ધર્મમાં જ સુખ છે તેવી બુદ્ધિ હોવા છતાં પણ આ કષાયના ઉદયવાળા જીવોને પુદ્ગલમાં એવી આસક્તિ હોય કે, જેને કારણે તેઓ **પુદ્ગલ પ્રત્યેના રાગનો ત્યાગ કરવાપૂર્વક વ્રત-નિયમોને સ્વીકારી શકતાં નથી.**

અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા જીવો બાહ્યથી કદાચ તપ-ત્યાગ-વ્રત-નિયમની પ્રવૃત્તિ કરતાં હોય તો પણ તે કાળમાં તેમને તે તે વસ્તુના રાગ કે આકર્ષણ છૂટી શકતાં નથી.

અનંતાનુબંધીનો ઉદય જ્યારે નાશ પામે છે, ત્યારે આત્મા સૂક્ષ્મ પદાર્થનું વિવેકપૂર્ણ પર્યાલોચન કરી શકે છે. તે કારણે તેને ભોગનો રાગ દુઃખકારક અને આત્મશુદ્ધિને કરાવનાર યોગમાર્ગ સુખકારક છે તેવું લાગે છે, તેને કારણે

---

6. તથાભવ્યત્વ = તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પામીને મોક્ષમાં જવાની યોગ્યતા. આ યોગ્યતા મોક્ષ રૂપ ફળને જેમ જેમ નજીક લાવે તેમ તેમ તથાભવ્યત્વનો પરિપાક થયો કહેવાય.

યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાની પ્રબળ ઇચ્છા પણ થાય છે, તો પણ અપ્રત્યાખ્યાનીય-કષાયના ઉદયને કારણે જીવ એવું સત્વ ફોરવી શકતો નથી કે જેથી તે ભાવપૂર્વક વ્રત-નિયમોનો સ્વીકાર કરી શકે.

પહેલા કષાયના ક્ષયોપશમવાળા અને અપ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા જીવો માટે મહાપુરુષોએ કહ્યું છે કે, તેમનું મન મોક્ષમાં જ હોય છે પરંતુ શરીર સંસારમાં હોય છે. આવી સ્થિતિ હોવા છતાં પણ અપ્રત્યાખ્યાનીય કષાય તેમને મોક્ષમાર્ગના અનન્ય કારણભૂત એવા સંયમમાર્ગમાં લેશ પણ પ્રવૃત્તિ કરવા દેતો નથી. આ કષાયના ઉદયવાળા જીવો સદાચારી પણ હોય અને સપ્તવ્યસની પણ હોઈ શકે છે. અલ્પારંભવાળા પણ હોય અને મહાઆરંભ પરિગ્રહથી યુક્ત પણ હોઈ શકે છે. કોઈકવાર યોગી જેવા દેખાતા પણ હોય અને કોઈકવાર મહાભોગી પણ હોઈ શકે છે. ટૂંકમાં, **ત્યાગી હોય કે ન હોય, પરંતુ ત્યાગનો પરિણામ તો આ કષાય કાળમાં સંભવી શકે જ નહિ.**

**૩. પ્રત્યાખ્યાનીય કષાય :** પ્રત્યાખ્યાન એટલે સર્વ પાપની નિવૃત્તિ. સર્વ પાપની નિવૃત્તિ સર્વવિરતિ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. જે કષાય આવા પ્રત્યાખ્યાન સ્વરૂપ સર્વવિરતિ ધર્મને જીવનમાં આવતાં રોકે તે કષાયને પ્રત્યાખ્યાનીય કષાય કહેવાય છે. આથી જ પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા જીવો સર્વવિરતિ ધર્મને સ્વીકારી શકતા નથી. પરંતુ સર્વ વિરતિ પ્રત્યે તેમની તીવ્ર લાલસા છે અને તેને કારણે જ તેના યત્નરૂપે પણ દેશથી વ્રત-નિયમોને તેઓ જરૂર પાળે છે.

સર્વથા અહિંસાદિ પાપની નિવૃત્તિનો પરિણામ ત્યારે જ આવે કે, જ્યારે જગતના સર્વ દ્રવ્યો અને સર્વ જીવો પ્રત્યે સમવૃત્તિ આવે. આ સમવૃત્તિનો પરિણામ તો જ ટકે કે જો મન-વચન-કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનરૂપે અહિંસાદિનું પાલન થાય. પરંતુ પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયવાળા આત્માઓ આવા ભાવપૂર્વક સંપૂર્ણ અહિંસાદિનું પાલન કરી શકતા નથી.

ગુરુભગવંતો આ કષાયના ઉદયથી પૂર્ણ મુક્ત હોય છે. આથી જ મોક્ષના અમોઘ સાધનભૂત ભાવચારિત્રમાં તેઓ વર્તતા હોય છે.

**૪. સંજ્વલન કષાય :** સંયમવાન આત્માને પણ ઈષત્ જ્વલન કરે (કાંઈક બાળે) તે સંજ્વલન કષાય છે. ભાવથી સંયમજીવન પ્રાપ્ત કર્યા પછી ત્રિવિધે-ત્રિવિધે અહિંસાદિનું પાલન કરવા છતાં સંજ્વલન કષાયનો ઉદય સંયમજીવનમાં અતિચારો ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. સંજ્વલન કષાયનો પ્રશસ્ત ઉદય મોક્ષ

અને મોક્ષના ઉપાય પ્રત્યે તીવ્ર રાગ (ઈચ્છા)સ્વરૂપ તથા અસંયમ પ્રત્યેના દ્વેષના પરિણામ સ્વરૂપ છે. આ પ્રશસ્ત કોટિના સંજ્વલનના રાગ-દ્વેષ સંયમની વૃદ્ધિનું કારણ બને છે, જ્યારે અપ્રશસ્ત સંજ્વલન કષાયનો ઉદય ચંડરુદ્રાચાર્યની જેમ અતિચારો પણ ઉત્પન્ન કરાવે છે.

આ કષાયનો ઉદય છટ્ઠાથી દસમા ગુણસ્થાનક સુધી હોય છે. પ્રાથમિક કક્ષામાં અપ્રશસ્ત એવા આ કષાયનો ઉદય અતિચારો ઉત્પન્ન કરી સંયમને સાતિચાર કરે છે. ઉપલી કક્ષામાં આ કષાય અતિચારો પેદા કરતાં નથી છતાં વિકલ્પો કરાવે છે. નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિમાં પણ સૂક્ષ્મ રીતે આ કષાયનો ઉદય પ્રવર્તે છે. પરંતુ તે કોઈ વિકલ્પાત્મક કાર્ય કરવા સમર્થ થતો નથી.

ઉપરોક્ત ચાર પ્રકારના ક્રોધ-માન-માયા અને લોભ સ્વરૂપ કષાયમાંથી ગુરુભગવંતો ત્રણ પ્રકારના ક્રોધાદિ કષાયથી સર્વથા મુક્ત હોય છે અને ચોથા પ્રકારના ક્રોધાદિ કષાયથી મુક્ત થવાની સતત મહેનતવાળા હોઈ તેમને ચાર કષાયથી મુક્ત કહેવાય છે. આવા ચાર પ્રકારના કષાયથી મુક્ત ગુરુભગવંતોના ગુણોને આપણે આ પદ દ્વારા સ્મૃતિમાં લાવવાના છે.

**इअ अट्ठारस-गुणेहिं संजुत्तो** : આ પ્રકારે અઢાર ગુણોથી યુક્ત (આચાર્ય ભગવંતો) છે.

પાંચ ઈન્દ્રિયોના વિકારો શાંત થયા હોય તો જ બ્રહ્મચર્યનું પાલન સુવિશુદ્ધ થઈ શકે છે અને જેને વિષયો પ્રત્યે વિરાગ છે, તેને જ કષાયો કનડતા નથી. આમ ક્રમસર મૂકેલા એવા અઢાર ગુણોથી યુક્ત આચાર્યભગવંતો હોય છે.

આ અઢાર ગુણ દોષોની નિવૃતિ સ્વરૂપ છે. દોષોની નિવૃત્તિ સાથે સાથે ગુણોની પ્રાપ્તિ પણ આવશ્યક છે. તેથી હવે ગુણમાં પ્રવૃત્તિરૂપ બીજી ગાથામાં બાકીના ૧૮ ગુણો બતાવે છે.

ઈન્દ્રિયોનું નિયમન કરનાર, બ્રહ્મચર્યનું પાલન કરનાર અને કષાયોનો ત્યાગ કરનાર, આ પ્રથમ બતાવેલા ૧૮ ગુણોવાળા મહાત્મા લૌકિક દૃષ્ટિથી પણ સારા ગણાય છે. પરંતુ હવે બીજી ગાથામાં જે ૧૮ ગુણો બતાવવાના છે, તે ૧૮ ગુણોથી યુક્ત આત્મા જ લોકોત્તર દૃષ્ટિએ પણ ઉત્તમ છે.

**पंच-महव्वय-जुत्तो** : ગુરુભગવંત પાંચ મહાવ્રતથી યુક્ત છે.

અણુવ્રતની અપેક્ષાએ જે વ્રત મહાન છે, જેનું ક્ષેત્ર વિશાળ અને પાળવામાં પણ જે દુષ્કર છે, તેવા વ્રતને મહાવ્રત કહેવાય છે.

મહાવ્રતના પાંચ પ્રકારો છે.

**પાંચ મહાવ્રતનું સ્વરૂપ :**

**૧. સર્વથા પ્રાણાતિપાતવિરમણવ્રત** - સૂક્ષ્મ-બાદર, ત્રસ-સ્થાવરાદિ સર્વ પ્રકારના જીવોની મન, વચન અને કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને અનુમોદવી નહિ, તે સ્વરૂપ આ વ્રત છે.

આ પ્રાણાતિપાતવિરમણવ્રત બાહ્ય (દ્રવ્ય) અને અભ્યંતર (ભાવ), નિશ્ચયનય અને વ્યવહારનયના ભેદથી બે ભેદવાળું છે. બાહ્ય રીતે છ કાયના જીવોનો વધ ન કરવો તે બાહ્ય હિંસાથી અટકવારૂપ આ વ્રત છે. દૈવિક સુખો માટે સંયમ સ્વીકારનાર અભવ્યાદિના જીવો પણ આવું વ્રત તો પાળે છે. પણ આવા દ્રવ્યથી પળાતાં પ્રાણાતિપાત-વિરમણવ્રતથી ખાસ આધ્યાત્મિક ફાયદો થતો નથી. ભાવ પ્રાણાતિપાત-વિરમણવ્રત એટલે રાગ-દ્વેષ આદિ કોઈ કષાયો અને કષાયોને કારણે થતાં વિકલ્પથી અટકવું તથા અન્ય આત્મામાં પણ રાગ-દ્વેષ આદિ ભાવો થાય તેવું નિમિત્ત ન આપવું, તે પોતાના અને અન્યના ભાવ-પ્રાણની રક્ષારૂપ અભ્યંતર પ્રાણાતિપાતવિરમણવ્રત છે. કહ્યું છે કે – એકત્વ[7] જ્ઞાનરૂપી નિશ્ચય દયા તે છે કે, જે નિર્વિકલ્પ સમાધિમાં પોતાના પ્રાણને રાખે છે.

આને અભ્યંતર કે ભાવ પ્રાણાતિપાત વિરમણ એટલા માટે કહેલ છે કે, તેમાં અંતરંગ ભાવોનું પ્રાધાન્ય છે. વળી, દ્રવ્યહિંસા કરતાં અપેક્ષાએ ભાવહિંસા આત્મા માટે વધુ અનર્થ કરનારી છે. ભાવહિંસા કષાયરૂપ હોવાથી આત્માને વર્તમાન કાળમાં પણ પીડે છે અને ભવિષ્યમાં પણ કર્મ બંધાવી મહાપીડા ઉત્પન્ન કરે છે. આથી મુનિ આવી હિંસાથી વધુ સાવધ રહે છે અને આ હિંસાથી અટકવા તે દ્રવ્ય હિંસાથી પણ અટકે છે. કેમકે **કોઈના દ્રવ્યપ્રાણનો વિનાશ કે દ્રવ્યપ્રાણની ઉપેક્ષા કષાય વિના સંભવિત નથી.** આ ભાવથી થતું જ અહિંસા વ્રતનું પાલન મોક્ષનું કારણ છે માટે મુનિ સતત તેમાં પ્રયત્ન કરે છે.

---

7. "એકતા જ્ઞાન નિશ્ચય દયા સુગુરુ તેહને ભાખે,
જેહ અવિકલ્પ ઉપયોગમાં નિજ પ્રાણને રાખે"

- સીમંધરસ્વામીનું ૧૨૫ ગાથાનું સ્તવન ઢા. ૪ની ગા. ૯

આ વ્રતના યથાયોગ્ય પાલન માટે મુનિભગવંતો શુદ્ધ આહાર-પાણીની ગવેષણા કરે છે, સમિતિ-ગુપ્તિનું પાલન કરે છે, કોઈપણ જીવને લેશ પણ પીડા ન થાય તેની તકેદારી રાખે છે અને જગતના તમામ ભાવો પ્રત્યે ઉદાસીન રહે છે.

સંસારના કોઈ ભાવમાં રાગ-દ્વેષ ન થઈ જાય તેની કાળજી રાખે છે અને સર્વ જીવમાં 'આત્મવત્ સર્વભૂતેષુ' રૂપ સર્વમાં તુલ્ય વૃત્તિને ધારણ કરે છે.

**જિજ્ઞાસા :** એકેન્દ્રિયાદિ જીવો અનાભોગના કારણે બાહ્યથી મન-વચન-કાયાથી હિંસા કરતા નથી અને અભવ્યના આત્માઓ પણ સમજીને મન-વચન-કાયાથી હિંસા કરતા નથી, તો આ બન્નેમાં મહાવ્રત કહેવાય કે નહિ ?

**તૃપ્તિ :** એકેન્દ્રિયાદિના જીવો ભલે ષટ્કાય જીવોની હિંસા કરતા નથી, તો પણ સર્વજીવોની હિંસાથી અટકવાનો તેમનો ભાવ નથી, તેથી તેમને મહાવ્રત કે અણુવ્રત કાંઈપણ માની શકાય નહિ.

વળી, અભવ્યના આત્માઓ કે સંસારસુખના રસિક આત્માઓ પણ સાંસારિક સુખના કારણરૂપે મન-વચન-કાયાથી હિંસાદિમાં ન પ્રવર્તે તો પણ તેમનામાં મહાવ્રત વાસ્તવિક રીતે છે એમ ન કહેવાય કારણકે, તેઓમાં ભાવથી તે તે પાપોને ખરાબ માની તેનો ત્યાગ કરવાનો પરિણામ નથી. 'હા' કદાચ સ્થૂલ વ્યવહારથી કે બાહ્યથી તેમનામાં મહાવ્રતની આચરણાઓ છે તેમ કહી શકાય.

**જિજ્ઞાસા :** મુનિ છ કાયના જીવોના રક્ષણ માટે યતમાન છે, તો તેની વિહાર આદિમાં પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે ? કેમકે વિહાર આદિમાં પ્રવૃત્તિ કરવાથી વાયુકાય આદિની હિંસા તો થવાની જ છે.

**તૃપ્તિ :** વિહાર કે ભિક્ષાટનાદિ ક્રિયાથી બાહ્યદૃષ્ટિથી વાયુકાયાદિની હિંસા હોવા છતાં વાસ્તવિકતાની દૃષ્ટિએ આ હિંસા નથી કેમકે, એક સ્થાને સ્થિર રહેતા વાયુકાયની હિંસા ભલે ન થાય તો પણ તે તે સ્થાનાદિ વિષયક પ્રતિબંધ (રાગાદિ) થવાની સંભાવના છે અને ક્ષેત્રાદિમાં પ્રતિબંધ ન થાય તે માટે જ ભગવાનની નવકલ્પી વિહારની આજ્ઞા છે. આ રીતે ભગવાનની આજ્ઞા મુજબ સર્વત્ર અપ્રતિબદ્ધ રહેવાની ઈચ્છાથી કરાતી પ્રવૃત્તિમાં કદાચ બાહ્યદૃષ્ટિથી હિંસા થવા છતાં તે ભાવપ્રાણના રક્ષણનું કારણ હોવાથી અનુબંધથી અહિંસા જ છે. આવી પ્રવૃત્તિથી મહાવ્રતને ક્યાંય આંચ આવતી નથી.

**૨. સર્વથા મૃષાવાદવિરમણવ્રત** - સર્વ પ્રકારે મૃષા ભાષાનો ત્યાગ કરવો. ક્રોધ, લોભ વગેરે કષાયો અને હાસ્ય, ભય વગેરે નોકષાયને આધીન થઈને ખોટું તો ન બોલવું પણ કોઈને સાચું પણ અપ્રિય કે અહિત કરનારું વચન ન બોલવું તે મૃષાવાદવિરમણ વ્રત છે.

આ મૃષાવાદવિરમણવ્રત પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. અસત્ય ન બોલવું તે દ્રવ્યથી મૃષાવાદવિરમણ છે અને આત્મભાવને બાધ ન પહોંચે તેવું ભગવાનના વચનને સામે રાખીને બોલવું તે ભાવથી મૃષાવાદ-વિરમણવ્રત છે. આ રીતે દરેક વ્રતો દ્રવ્યથી, ભાવથી, નિશ્ચયથી અને વ્યવહારથી અનેક ભેદવાળા છે.

**૩. સર્વથા અદત્તાદાનવિરમણવ્રત** - જે વસ્તુના જે માલિક છે, તેની રજા વિના કોઈપણ વસ્તુ ગ્રહણ કરવી નહિ એ ત્રીજું સર્વથા અદત્તાદાનવિરમણવ્રત છે.

ધનાદિના માલિક જે વ્યક્તિ છે, તેમની રજા વિના તેનું ગ્રહણ ન કરવું. સચિત્ત એવી કેરી વગેરેના માલિક તે જીવ હોય છે, તેની રજા વિના તેનું ગ્રહણ ન કરવું. વળી, સાધક આત્માનાં મન-વચન-કાયા, દેવ-ગુરુને સમર્પિત હોય છે તેથી સાધકે દેવ-ગુરુની ઈચ્છા કે આજ્ઞા વિના પોતાના મન-વચન-કાયાને ઉપયોગમાં ન લેવા. આ રીતે સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્તના ત્યાગ સ્વરૂપ આ વ્રત છે. આ વ્રતને પાળવા માટે સંયમી આત્મા સદા પોતાના દેવ-ગુરુની ઈચ્છા અને આજ્ઞાને ઉપયોગમાં રાખી પ્રવૃત્તિ કરે છે.

**૪. સર્વથા મૈથુનવિરમણવ્રત** - મન-વચન-કાયાથી સર્વ પ્રકારના અબ્રહ્મથી અટકવું. માત્ર મૈથુનક્રિયારૂપ અબ્રહ્મથી મુનિ અટકે છે તેમ નહિ, પરંતુ પાંચે ઈન્દ્રિયના વિષયના ઉપભોગમાં મુનિ સાવધ હોય છે. રાગાદિ ઉત્પન્ન કરે તેવા વિષયોથી મુનિ વેગળો રહે છે. આ વ્રતને વિશેષ પ્રકારે પાળવા જ મુનિ મલિન વસ્ત્રો પહેરે છે. શરીર-સંસ્કારનો ત્યાગ કરે છે અને ઉત્તમભાવથી શ્રેષ્ઠ કોટિની બ્રહ્મચર્યની ગુપ્તિ ધારણ કરે છે.

**૫. સર્વથા પરિગ્રહવિરમણવ્રત** - ધન-ધાન્યાદિ સ્વરૂપ ૯ પ્રકારનો બાહ્ય પરિગ્રહ અને ૩ પ્રકારના વેદ+૬ હાસ્યાદિ નોકષાયો+૧ મિથ્યાત્વ+૪ પ્રકારના કષાયરૂપ ૧૪ પ્રકારના અભ્યંતર પરિગ્રહના ત્યાગસ્વરૂપ આ વ્રત છે. બાહ્ય રીતે કોઈપણ વસ્તુનો ત્યાગ કરવો એટલું જ આ વ્રતમાં પૂરતું નથી, પરંતુ તદુપરાંત સંયમ માટે ઉપયોગી એવી તે તે સામગ્રી ઉપરની મૂર્ચ્છાનો પણ ત્યાગ

આ વ્રતમાં છે. આથી જ મુનિ સાધના માટે ઉપયોગી અનેક પ્રકારની સામગ્રી રાખે છે, તો પણ મુનિને તે સામગ્રી ઉપર મૂર્ચ્છા હોતી નથી.

'આત્માનું શુદ્ધ સ્વરૂપ' આનંદપ્રદ છે વળી તે જ તત્ત્વ છે, તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેવું ભાવથી સમજાયું હોય, તેવી તીવ્ર રુચિ થઈ હોય અને તેની પ્રાપ્તિનો ઉપાય પોતાના ભાવ-પ્રાણનું રક્ષણ જ છે, તેવું બુદ્ધિમાં સ્થિર થયું હોય. વળી, પોતાના ભાવ-પ્રાણના રક્ષણ માટે જ પર-પ્રાણના રક્ષણમાં જે પ્રવૃત્ત હોય, તેને જ ભાવથી મહાવ્રતની પ્રાપ્તિ થઈ શકે છે.

આ પાંચે મહાવ્રતો મેરુપર્વતનો ભાર ઉપાડવા સમાન છે. તલવારની ધાર પર ચાલવા તુલ્ય છે, લોઢાના ચણા મીણના દાંત વડે ચાવવા જેવા છે. આવા દુષ્કર મહાવ્રતોને આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતો પ્રતિજ્ઞાપૂર્વક પાલન કરે છે.

આ પદ દ્વારા આવી વિચારણાઓ કરી ભાવાચાર્યને બુદ્ધિમાં ઉપસ્થિત કરવાના છે.

**पंचविहायार पालण-समत्थो** : (ગુરુભગવંત) પાંચ પ્રકારના આચારને પાળવામાં સમર્થ હોય છે.

જે આચરાય તે આચાર[8] કહેવાય. આચાર એટલે આચરણ. જેનાથી જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય તેવી આચરણા તેને આચાર કહેવાય છે. આ આચારો પાંચ પ્રકારના છે. ૧ - જ્ઞાનાચાર, ૨ - દર્શનાચાર, ૩ - ચારિત્રાચાર, ૪ - તપાચાર, ૫ - વીર્યાચાર.

જ્ઞાનગુણની વૃદ્ધિ માટે કાલ-વિનય-બહુમાન આદિ ૮ આચારોનું પાલન કરવું તે જ્ઞાનાચાર છે. દર્શનગુણની વૃદ્ધિ માટે શંકા-કાંક્ષા આદિ દોષોને ટાળી તત્વને સમજવા માટેનો પ્રયત્ન કરવો તે દર્શનાચાર છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું તે ચારિત્રાચાર છે. બાર પ્રકારનાં તપમાં પ્રયત્ન કરવો તે તપાચાર છે, અને સઘળા આચારોમાં વીર્યને પ્રવર્તાવવું તે વીર્યાચાર છે.

આચાર્ય જો કે જ્ઞાનાદિગુણસંપન્ન હોય છે, તો પણ જ્ઞાનગુણની વૃદ્ધિ માટે, સમ્યગ્દર્શનની નિર્મળતા માટે, ભાવ ચારિત્રની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તે માટે તેઓ જ્ઞાનાચાર આદિનું આચરણ કરે છે, ચારિત્રની વિશેષ ભૂમિકા પ્રાપ્ત થાય

---

8. आ - चर्यते इति आचार (आचर्यते इति आचार - જે આચરાય તે આચાર)

તે માટે તપાચાર અને અપ્રમાદભાવને પ્રાપ્ત કરવા માટે આચાર્યભગવંતો વીર્યાચારનું પાલન કરે છે.

આ પદ બોલતાં આવા વિશેષ આચારયુક્ત આચાર્યની ઉપસ્થિતિ કરવાની છે.

જ્ઞાન અને જ્ઞાનાચાર આદિમાં તફાવત છે તે આ પ્રમાણે –

પદાર્થનો બોધ થવો તે જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે ગુરુ પ્રત્યેનો વિનય, જ્ઞાની અને જ્ઞાનનું બહુમાન, યોગ્ય કાળ વગેરે "કાલે વિણયે બહુમાણે..." એ ગાથામાં બતાવ્યા પ્રમાણે ૮ રીતે જ્ઞાનને પ્રાપ્ત કરવું તે જ્ઞાનાચાર છે.

દર્શન અને દર્શનાચારમાં ભેદ છે : દર્શન એટલે શ્રદ્ધા અને શ્રદ્ધાને પ્રાપ્ત કરવા નિઃશંકપણે, કાંક્ષારહિત વગેરે "નિસ્સંકિય, નિકંખિય..." એ ગાથામાં બતાવ્યા પ્રમાણે ૮ આચારોનું પાલન કરવું તે દર્શનાચાર છે.

ચારિત્ર અને ચારિત્રાચારમાં ભેદ છે : ચારિત્ર એટલે આત્મગુણોમાં રમણતા અને ચારિત્રાચાર એટલે તે પ્રાપ્ત કરવા માટે ચારિત્રના કારણભૂત સમિતિ, ગુપ્તિ આદિનું પાલન કરવું તે ચારિત્રાચાર છે.

તપ અને તપાચારમાં ભેદ છે : તપ એટલે ઈચ્છાનો રોધ અને ઇચ્છાનો રોધ કરવામાં કારણભૂત ૧૨ પ્રકારનાં તપમાં પ્રયત્ન કરવો તે તપાચાર છે.

વીર્ય અને વીર્યાચારમાં ભેદ છે : સામર્થ્ય, બળ, પરાક્રમ તે વીર્ય છે અને વીર્યને ગોપવ્યા વિના પોતાની શક્તિ અનુસાર ધર્મ કરવો તે વીર્યાચાર છે.

**पंच-समिओ ति-गुत्तो :** (ગુરુભગવંત) પાંચ સમિતિવાળા અને ત્રણ ગુપ્તિવાળા હોય છે.

સમિતિ એટલે સમ્યક્ પ્રવૃત્તિ કરવી તે અને મન-વચન-કાયાના યોગોને આત્મભાવમાં ગોપવવા તે ગુપ્તિ છે. સમિતિ પ્રવૃત્તિપ્રધાન છે અને ગુપ્તિ નિવૃત્તિપ્રધાન છે.

**પાંચ સમિતિનું સ્વરૂપ :**

૧. **ઈર્યાસમિતિ :** ઈર્યા=ચર્યા. સમ્યગ્ પ્રકારે ચાલવાની ક્રિયા.

કારણ વિના મુનિને ચાલવાનો નિષેધ છે. આમ છતાં કારણ ઉપસ્થિત થતાં જ્યારે મુનિને ચાલવાનો પ્રસંગ આવે ત્યારે જીવોની રક્ષા માટે ૩॥ હાથ ભૂમિ સુધી નીચું જોઈને ચાલવું તે ઈર્યાસમિતિ છે.

ઉત્સર્ગ માર્ગે - [8A]મુખ્ય માર્ગે મુનિને કાયગુપ્તિમાં રહેવાનું છે. કાયગુપ્તિનો સાધક મુનિ સદા જ્ઞાન-ધ્યાનમાં મગ્ન હોય છે, કારણ વિના તેઓ હાથ-પગ હલાવવાની ક્રિયા પણ કરતા નથી, તો પણ નીચે જણાવેલા [8B]ચાર પ્રકારના કારણે ભગવાને મુનિને ચાલવાની આજ્ઞા આપી છે.

૧. જિનવંદન – ગુણપ્રાપ્તિ માટેનો પ્રયત્ન ગુણવાનના દર્શન-સ્મરણથી થાય છે, તેથી સંપૂર્ણ શુદ્ધ અને પૂર્ણ ગુણયુક્ત પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે મુનિ જિનમંદિરે જાય છે.

૨. વિહાર – એક સ્થાને રહેવાથી ક્ષેત્ર અને તે ક્ષેત્રમાં રહેનારા ભક્તાદિ પ્રત્યે રાગાદિ થવાની શક્યતા છે અને રાગાદિના બંધનો જીવને દુઃખકારક છે. આથી વાયુની જેમ અપ્રતિબદ્ધ રહેનારા મુનિ માટે નવકલ્પી વિહારની ભગવાનની આજ્ઞા છે. આ રીતે વિહાર માટે મુનિને એક ગામથી બીજે ગામ જવું પડે છે.

૩. આહાર – મુનિને જે શરીરથી સાધના કરવાની છે તે શરીર ઔદારિક છે. ઔદારિક શરીર આહાર વિના ટકતું નથી. વળી, શુદ્ધ આહાર સંયમજીવનનું કારણ બને છે, તેથી શુદ્ધ આહારની શોધ માટે મુનિને ગમન-આગમન કરવું પડે છે.

૪. નિહાર – ઔદારિકશરીર જ એવું છે કે, આહાર લો એટલે નિહાર (નિકાલ)નું કાર્ય કરવું પડે. મળનો નિકાલ પણ જ્યાં ત્યાં કરવાથી જીવહિંસા કે લોકોને સંયમધર્મ પ્રત્યે અરુચિનું કારણ બને છે. આથી મળના વિસર્જન માટે મુનિને યોગ્ય સ્થળની શોધ માટે પણ ગમન કરવું પડે છે.

આ ચાર કારણો સિવાયના જ્ઞાનાભ્યાસ અને વૈયાવચ્ચાદિ કાર્યો પણ ગુણની

---

8A ૧. કાય ગુપ્તિ ઉત્સર્ગનોજી, પ્રથમ સમિતિ અપવાદ.

- પૂ. દેવચંદ્રજીની અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય

8B ૨. મુનિ ઉઠે વસહિ થકીજી પામી કારણ ચાર,
જિનવંદન ગ્રામાંતરેજી, કે આહાર નિહાર. મુનીશ્વર ઈર્યાસમિતિ સંભાળ -

પ્રાપ્તિ અને વૃદ્ધિ માટેના હોવાથી તેવા કાર્યોનો સમાવેશ પણ પહેલા કારણમાં થઈ જાય છે.

ઉપરોક્ત ચાર કારણે મુનિને જ્યારે ગમનાગમન કરવું પડે, ત્યારે ઈર્યા સમિતિનું પાલન કરતાં મુનિ સૂર્યના કિરણોથી અને લોકોની અવર-જવરથી અચિત્ત થયેલી ભૂમિમાં ત્રસ જીવોની હિંસાથી અટકવા સાડા ત્રણ હાથ ભૂમિને જોઈને ચાલે છે.

**૨. ભાષા સમિતિ :** બોલવાનો જ્યારે પ્રસંગ ઉભો થાય, ત્યારે મુનિ હિત-મિત અને પથ્ય ભાષાના ઉપયોગપૂર્વક બોલે તે ભાષા સમિતિ છે.

મોક્ષમાર્ગનો સાધક મુનિ મુખ્યમાર્ગે તો વચનગુપ્તિમાં જ રહે છે. તો પણ પોતાની ભૂમિકા પ્રમાણે ત્રણ કારણે મુનિ વચનમાં પ્રવૃત્તિ કરે છે.

૧. ગુણવાન આત્માના ગુણની સ્તવના કરવા માટે – કહ્યું છે કે 'ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ' ગુણવાન પુરુષોના ગુણની સ્તવના ગુણપ્રાપ્તિનું કારણ છે. તેથી ઉત્તમ પુરુષોના ગુણોની સ્તવના આદિ માટે મુનિ વચનપ્રયોગ કરે છે.

૨. ભવ્યાત્માને ઉપદેશ આપવા માટે – ધર્મ પામી શકે તેવા યોગ્ય આત્માનું આગમન થતાં ગુરુની આજ્ઞાથી શાસ્ત્રના જાણકાર મુનિને ઉપદેશના કાર્યમાં પ્રવર્તવું પડે છે.

૩. શાસ્ત્રસ્વાધ્યાય કરવા માટે – મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે શુભ ભાવોમાં સ્થિર થવા અને આત્માના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવા મુનિ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા સ્વરૂપ સ્વાધ્યાયમાં સતત પ્રયત્ન કરે છે.

ઉપરોક્ત ત્રણ કારણ ઉપસ્થિત થાય ત્યારે પણ મુનિ ભાષાસમિતિના પૂર્ણ ઉપયોગપૂર્વક (મુહપત્તિના ઉપયોગ સાથે) બોલે છે.

**૩. એષણાસમિતિ :** ૪૨ દોષથી રહિત શુદ્ધ આહારની ગવેષણા કરવી તે એષણાસમિતિ છે. મુનિ અણાહારી ભાવની તીવ્ર ઈચ્છાવાળો છે, છતાં છ કારણો[9] ઉપસ્થિત થતાં શુદ્ધ આહાર માટે યત્ન કરે છે.

---

9. वेयण वेयावच्चे, इरियट्ठाए अ संजमट्ठाए । तह पाणवत्तिआए, छट्ठं पुर्ण धम्मचिंताए ।।
- વિંશતિવિંશિકા ૧૩, ગાથા ૧૩

૧. વેદના-ક્ષુધાથી થતી વેદના સહન ન થાય ત્યારે,
૨. વેયાવચ્ચ - આહાર વિના અશક્તિ થાય અને તેને કારણે વેયાવચ્ચ ન થાય ત્યારે,
૩. ઈર્યાર્થે - નેત્રનું તેજ મંદ પડતાં ઈર્યાસમિતિનું પાલન ન થાય ત્યારે,
૪. સંયમાર્થે - શરીર સામર્થ્યના અભાવથી સંયમ જીવનનું પાલન બરાબર ન થઈ શકે ત્યારે,
૫. પ્રાણાર્થે - આહાર વિના પ્રાણ જવાનો સંશય હોય ત્યારે,
૬. ધર્મચિંતાર્થે - આર્ત્તધ્યાન થવાથી (અસમાધિ આદિથી) ધર્મધ્યાનમાં મન સ્થિર ન રહી શકે ત્યારે મુનિ શુદ્ધ આહારની ગવેષણા કરે.

**૪. આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિ :** સંયમસાધનામાં ઉપયોગી વસ્ત્ર-પાત્ર-ઉપધિ કે ઉપકરણો લેવા-મૂકવાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે આંખથી જોઈ, પ્રમાર્જન કરી તે વસ્તુ લેવી કે મૂકવી તે આ ચોથી સમિતિ છે. ચોથી અને પાંચમી સમિતિ પણ નિષ્પરિગ્રહ સ્વરૂપ આત્મસ્વભાવના અપવાદ સ્વરૂપ છે.

આત્માનો મૂળ સ્વભાવ તો અપરિગ્રહી છે, તેથી લબ્ધિ અને શક્તિથી યુક્ત મુનિઓ કાંઈ રાખતા નથી, તો પણ જેમની પાસે તેવા પ્રકારની લબ્ધિ કે શક્તિ નથી તેવા મુનિ શીતાદિથી આર્ત્તધ્યાન ન થાય માટે વસ્ત્ર રાખે છે. આહારાદિ નીચે ઢોળાવાથી હિંસા ન થાય માટે પાત્ર રાખે છે અને સ્મૃતિના અભાવના કારણે પુસ્તકની જરૂર પડે છે. (જેઓ વસ્ત્ર-પાત્ર-લબ્ધિવાળા મુનિઓ છે, તેમને આ જરૂર પડતી નથી.) આવાં કારણોસર રખાતા વસ્ત્ર-પાત્ર કે અન્ય ઉપકરણોનો ઉપયોગ મુનિ યતનાપૂર્વક કરે છે.

**૫. પારિષ્ઠાપનિકાસમિતિ :** – સંયમ માર્ગમાં બિનજરૂરી વસ્ત્ર-પાત્ર-આહાર-મળ-મૂત્ર આદિનો વિધિપૂર્વક ત્યાગ કરવો (પરઠવવું). જ્યાં મળ-મૂત્રાદિનું વિસર્જન કરવું હોય ત્યાં નિર્જીવ ભૂમિને જોઈ – અણુજ્જાણહ જસ્સુગ્ગહો કહી, પછી પારિષ્ઠાપન કરવું, પરઠવ્યા બાદ વોસિરે વોસિરે બોલવું. આ પારિષ્ઠાપનિકા સમિતિ છે.

**ત્રણ ગુપ્તિનું સ્વરૂપ :**

ગુપ્તિ શબ્દ ગુપ્ ધાતુમાંથી બનેલો છે. **ગુપ્** એટલે ગોપન કરવું, રક્ષા કરવી,

રોકવું, નિગ્રહ કરવો. જે ક્રિયા વડે અનિષ્ટ મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોકાય તે ગુપ્તિ છે અથવા આશ્રવના કે સંસારના ભાવોથી આત્માનું નિવર્તન કરી તેને પોતાના ભાવમાં રાખવાનો જે પ્રયત્ન તે ગુપ્તિ છે.

**૧. મનોગુપ્તિ :** મનને શુભ-અશુભ સર્વ વિકલ્પોથી અટકાવી સમતાભાવમાં રાખવું અથવા અશુભ વિકલ્પોથી અટકાવી મનને શુભ વિકલ્પમાં રાખવું તે મનોગુપ્તિ છે.

**૨. વચનગુપ્તિ** : સર્વ પ્રકારે વચનનો ત્યાગ કરવો, હાથ કે મુખાદિની ચેષ્ટાના કે ઈશારાઓના ત્યાગપૂર્વક મૌનનું અવલંબન લેવું તે વચનગુપ્તિ છે. અથવા પૌદ્ગલિક કોઈપણ ભાવમાં પ્રવૃત્તિ ન કરવી તે વચનગુપ્તિ છે. અથવા નિરવદ્ય વચનયોગમાં પ્રવૃત્ત થવું તે વચનગુપ્તિ છે.

**૩. કાયગુપ્તિ :** કાયાના વ્યાપારનો ત્યાગ કરવો અને ઉપસર્ગાદિ પ્રસંગમાં પણ કાયાને ચલાયમાન ન કરવી તે કાયગુપ્તિ છે. અથવા કાયાને સાવદ્ય માર્ગમાંથી રોકી નિરવદ્ય ક્રિયામાં જોડવી તે કાયગુપ્તિ છે.

આ પ્રમાણે પાંચ સમિતિ કુશલ માર્ગમાં પ્રવૃત્તિરૂપ છે અને ત્રણ ગુપ્તિ મુખ્યરૂપે કુશલ-અકુશલ સર્વ ભાવોથી અટકી જ્ઞાનસ્વભાવને પ્રગટ કરવા માટે યત્ન કરવારૂપ છે.

મુનિ સમજે છે કે, રાગાદિના તમામ ભાવો આત્મા માટે ઉપદ્રવસ્વરૂપ છે. માત્ર જ્ઞાનરૂપ પોતાનો સ્વભાવ જ સુખરૂપ છે, તેથી આ સ્વભાવ માટે જ મારે યત્ન કરવો જોઈએ. આથી જ મુનિ રાગાદિને ઉત્પન્ન કરે તેવા તમામ વિષયો તરફ પોતાનો જ્ઞાતાસ્વભાવ કેળવવા પ્રયત્ન કરે છે. તેને કારણે રાગ-દ્વેષ-ક્રોધાદિના ભાવો ધીમે ધીમે શાંત થતા જાય છે અને ક્ષમાદિના ભાવો વૃદ્ધિમાન બને છે અને આ રીતે જીવ ઉપયોગ સ્વરૂપ પોતાના સ્વભાવને અનુરૂપ બનતો જાય છે. આવી સ્થિતિમાં વર્તતા મન, વચન અને કાયાના યોગો, ભાવથી ગુપ્તિસ્વરૂપ વર્તે છે.

આની પૂર્વમાં જ્યારે મુનિની વિકલ્પવાળી અવસ્થા છે, ત્યારે પણ મુનિ શાસ્ત્ર વચનના પૂર્ણ ઉપયોગપૂર્વક સંયમમાર્ગમાં દઢ યત્ન કરે છે. આત્મભાવમાં જવા માટે અનેકવિધ ક્રિયાઓ પણ કરે છે. તે સર્વ સમિતિ સ્વરૂપ છે. સમિતિકાળમાં જેટલું આત્મભાવને અભિમુખ મન-વચન-કાયાનું ગોપન છે,

તેટલા અંશમાં ગુપ્તિ તો છે જ.

આ પદ બોલતા આવી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત મુનિને સ્મૃતિમાં લાવવાનાં છે.

આમ પહેલા અઢાર અપ્રશસ્ત દોષની નિવૃત્તિરૂપ ગુણ બતાવ્યા બાદ પ્રશસ્ત ગુણમાં પ્રવૃત્તિરૂપ ગુણો બતાવ્યા – એટલે કે, જેણે પહેલી ગાથાના ૧૮ ગુણો પ્રાપ્ત કર્યા છે, તે જ મહાવ્રતોનું પાલન કરી શકે છે અને તેનું પાલન કરનાર જ પાંચ પ્રકારના આચારને સમ્યક્ રીતે પાળી શકે છે, તેથી જ તે સમિતિ અને ગુપ્તિને જીવનમાં આત્મસાત્ કરી શકે છે, આમ બીજા વિભાગના ૧૮ ગુણો પણ ઉત્તરોત્તર ચઢિયાતા છે.

**छत्तीस-गुणो गुरु मज्झ :** આવા છત્રીસ ગુણવાળા મારા ગુરુ છે.

ગુરુ એટલે શું ? **गिरति अज्ञानम् इति गुरु** અર્થાત્ જે અજ્ઞાનને દૂર કરે તે ગુરુ અથવા **गृणाति (उपदिशति) धर्मम् इति गुरु** જે ધર્મનો ઉપદેશ આપે તે ગુરુ. આવા ગુણોવાળા જે ગુરુભગવંતો તે જ ખરેખરા ગુરુ કહેવાય.

સર્વ જીવો પ્રાયઃ સુખ-દુઃખને ભોગવવાની આવડત વિનાના હોય છે. સુખમાં ઉન્માદી અને દુઃખમાં દીન બની જાય છે. તેવા જીવોને સુખ-દુઃખમાં સમભાવ કેળવીને જીવતાં, આ ગુરુઓ પોતાના જીવન દ્વારા શીખવાડે છે. ગુરુ હંમેશા નિર્મળ અને નિર્દોષ આચારવાળા, સર્વ જીવનાં કલ્યાણની ભાવનાવાળા જ હોય છે. આવા ગુરુ એ જ ખરેખર મારા ગુરુ છે. આવા સાધક યોગીની આ સૂત્ર બોલવા દ્વારા આપણે સ્થાપના કરવાની છે. આ ગુરુ મારી સામે છે, તેવો ભાવ આ સૂત્ર બોલતાં થાય તો ઉચિત વિનયપૂર્વક બેસી, અવિનય-આશાતનાને ટાળી ધર્માનુષ્ઠાન થાય, ભાવોની પણ વૃદ્ધિ થાય અને ધર્માનુષ્ઠાન મહાન ફળવાળું થાય. પરંતુ જેઓ આ સૂત્ર બોલી જાય છે પણ સૂત્ર દ્વારા આવા ગુરુની ઉપસ્થિતિ કરી શકતા નથી, તેવા જીવોની ક્રિયા, માત્ર દ્રવ્યક્રિયા થાય છે. કેમકે સૂત્રથી થનારા ભાવ નહિ થવાના કારણે ભાવગુરુની સ્મૃતિ તેમને થતી નથી અને તેને કારણે ગુરુભગવંતોના વિનય-બહુમાન કે ક્રિયામાં કોઈ ભાવ આવી શકતો નથી. માટે આ સૂત્ર દ્વારા ભાવગુરુને બુદ્ધિમાં લાવવા ખાસ મહેનત કરવી.

# ખમાસમણ સૂત્ર

**સૂત્ર પરિચય :**

પૂર્ણ કક્ષાની ક્ષમા જેમણે પ્રાપ્ત કરી છે, એવા અરિહંતાદિ પરમાત્મા અને પૂર્ણ કક્ષાની ક્ષમા માટે જેઓ પ્રયત્ન કરી રહ્યા છે, એવા ક્ષમાશ્રમણને વંદન કરવામાં ઉપયોગી હોવાથી આ સૂત્ર **ખમાસમણ સૂત્ર** તરીકે ઓળખાય છે.

આ સૂત્ર દ્વારા બે હાથ, બે ઢીંચણ અને મસ્તકસ્વરૂપ પાંચ અંગો નમાવીને નમસ્કાર થાય છે. તેથી તેનું બીજું નામ **પંચાંગપ્રણિપાત સૂત્ર** પણ છે.

આ સૂત્રનું ત્રીજું નામ **થોભવંદન** એવું પણ છે. કેમકે, ત્રણ પ્રકારના વંદનમાંથી મુખ્યતયા થોભવંદનમાં આ સૂત્રનો વધુ ઉપયોગ થાય છે.

આ સૂત્ર દ્વારા ક્ષમાદિ વિશિષ્ટ ગુણોવાળા દેવ અને ગુરુને વંદન કરવામાં આવે છે. ગુણવાન વ્યક્તિને ઓળખતાં તેમના ગુણો પ્રત્યે અહોભાવ અને આદરભાવ થાય છે. આ ગુણવાન પ્રત્યે થયેલો આદર જ ગુણની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર કર્મોનો નાશ કરે છે. આ રીતે વંદન કરનાર સાધક માટે ગુણવાન પ્રત્યેનો આદર ગુણપ્રાપ્તિનું કારણ બને છે, આથી જ ક્ષમાદિ ગુણોને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા સાધકે આ સૂત્ર દ્વારા અત્યંત ભાવપૂર્વક બે હાથ જોડી, માથું નમાવી અને બે ઢીંચણ વાળી નમસ્કાર કરવો જોઈએ.

દેવ અને ગુરુ આપણા લોકોત્તર ઉપકારી છે. કારણ કે, તેમણે જ આપણને સાચા સુખનો રસ્તો બતાવ્યો છે. વળી, તેઓ સુખના કારણભૂત ક્ષમાદિ ગુણોને

વિશેષ પ્રકારે ધારણ કરનારા છે. તેથી તેમને ખાસ વિધિપૂર્વક વંદન કરવું જોઈએ. તેઓને વંદન કરવાથી આપણામાં પણ ક્ષમાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.

સામાન્યથી ગુરુવંદન ભાષ્યમાં ગુરુને કરાતાં ત્રણ પ્રકારનાં વંદન આ પ્રમાણે વર્ણવ્યા છે.

૧. ફિટ્ટાવંદન – ફિટ્ટા એટલે રસ્તો અર્થાત્ રસ્તે ચાલતા બે હાથ જોડી મસ્તક નમાવીને "મત્થએણ વંદામિ" એટલું બોલવાપૂર્વક જે વંદન કરાય છે, તેને ફિટ્ટાવંદન કે ફેંટાવંદન કહેવાય છે આ જઘન્ય વંદન છે.

૨. થોભવંદન – સ્તોભ એટલે અટકવું અર્થાત્ થોભીને કરાતું વંદન. ઊભા રહીને, પંચાંગ પ્રણિપાત સાથે ઈચ્છકાર, અબ્ભુટ્ઠિઓ સૂત્ર બોલવા દ્વારા કરવામાં આવતું વંદન તે થોભવંદન છે, આ મધ્યમ વંદન છે.

૩. દ્વાદશાવર્ત વંદન – બાર આવર્ત્તપૂર્વક પૂર્ણ રીતે કરાતું વંદન, તે ઉત્કૃષ્ટ વંદન છે. આ વંદન પદસ્થ મુનિ ભગવંતોને કરવામાં આવે છે.

બે હાથ, બે ઢીંચણ અને મસ્તક - એ પાંચ અંગને જમીન ઉપર અડાડીને કરવામાં આવતા નમસ્કારને પ્રણિપાત કહેવાય. પંચાંગ પ્રણિપાત કરતાં આ ખમાસમણ સૂત્ર બોલવાનું હોય છે. સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન અને બીજી ધાર્મિક ક્રિયાઓમાં આ સૂત્રનો ઘણો ઉપયોગ થાય છે.

**મૂળ સૂત્ર :**

**इच्छामि खमासमणो ! वंदिउं**
**जावणिज्जाए निसीहिआए,**
**मत्थएण वंदामि ।**

પદ- સંપદા- અક્ષર-૨૮

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**खमासमणो ! वंदिउं इच्छामि**

*क्षमाश्रमण ! वंदितुं इच्छामि*

હે ક્ષમાશ્રમણ ! હું વંદન કરવા ઈચ્છું છું,

**जावणिज्जाए निसीहिआए,**

*यापनीयया नैषेधिक्या,*

યાપનીયા વડે અને નૈષધિકીપૂર્વક

**मत्थएण वंदामि ।**

*मस्तकेन वन्दे ।*

મસ્તક વડે હું વંદન કરું છું.

**વિશેષાર્થ :**

**इच्छामि खमासमणो ! वंदिउं :** હે ક્ષમાશ્રમણ ! હું આપને વંદન કરવા ઈચ્છું છું.

સૌ પ્રથમ વંદન કરનાર પોતાની ઇચ્છાનું નિવેદન કરે છે કે, હે ક્ષમાશ્રમણ ! કોઈના દબાણથી નહિ પણ મારી મરજીથી હું આપને વંદન કરવા ઇચ્છું છું.

આમાં **'इच्छामि'** શબ્દ દ્વારા ઈચ્છાકાર સામાચારી[1]નું પાલન થાય છે. જૈન શાસનમાં કોઈપણ કાર્ય કરવા માટે શિષ્ય ઈચ્છતો હોય તો પહેલા તેણે ગુરુને નિવેદન કરવું પડે છે. 'આપની ઈચ્છા હોય તો હું આ કાર્ય કરું ?'

ત્યાર પછી ગુરુની રજા મળે તો શિષ્ય કાર્ય કરે છે. અહીં પણ **'इच्छामि'** કહેવા દ્વારા થોભીને, ગુરુને વંદન કરવાની ઈચ્છા વ્યક્ત કરાય છે. ત્યારે ગુરુ પણ યોગ્ય શિષ્યને **'છંદેણ'** શબ્દ કહેવા દ્વારા અનુજ્ઞા આપે છે. આ શબ્દ સાંભળતા શિષ્ય હર્ષવિભોર બની, વંદન માટે ઉત્સાહિત થઈ વંદનનું કાર્ય કરે છે.

**ક્ષમાશ્રમણનો અર્થ :**

જે શ્રમણમાં ક્ષમા મુખ્ય છે તે ક્ષમાશ્રમણ કહેવાય, અથવા ક્ષમા માટે જે શ્રમ

1. સામાચારી એટલે કષાયના સ્પર્શ કર્યા વગરની ચારિત્રની પુષ્ટિ માટે થતી જીવની પ્રવૃત્તિ. શાસ્ત્રોમાં સાધુ સંબંધી ઓઘ, પદવિભાગ અને દશવિધ સામાચારી બતાવાઈ છે. તેમાં ૧. ઈચ્છાકાર સામાચારી ૨. મિચ્છાકાર સામાચારી ૩. તથાકાર સામાચારી ૪. આવશ્યકી સામાચારી ૫. નૈષેધિકી સામાચારી ૬. આપૃચ્છના સામાચારી ૭. પ્રતિપૃચ્છા સામાચારી ૮. છંદના સામાચારી ૯. નિમંત્રણા સામાચારી ૧૦. ઉપસંપદા સામાચારી. આ દશને દશવિધ ચક્રવાલ સામાચારી કહેવાય છે.

કરે છે તે ક્ષમાશ્રમણ કહેવાય. આ ક્ષમાશ્રમણનું બિરુદ ક્ષમાપ્રધાન ગુણવાળા અરિહંતાદિ પરમાત્માને અને સંપૂર્ણ ક્ષમાગુણને પ્રાપ્ત કરવા સંયમની કઠોર સાધના કરી રહ્યા છે એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોને ઘટે છે.

અહીં ક્ષમાશ્રમણ શબ્દમાં ઉપલક્ષણથી દશે યતિધર્મમાં શ્રમ કરનારા એમ સમજવાનું છે. તે દશ યતિધર્મો આ પ્રમાણે છે.

**ક્ષમાદિ દશ યતિધર્મોનું વર્ણન :**

**૧. ક્ષમા :** ક્રોધ થવાના પ્રસંગે મનની સમતુલા જાળવી રાખવી તે ક્ષમા છે. કોઈ વ્યક્તિ તરફથી કટુ વચનો સાંભળવામાં આવે ત્યારે અથવા કોઈ ઉપસર્ગો આવે ત્યારે કે અન્ય કોઈ પણ પ્રતિકુળ સંયોગોમાં, અન્ય કાંઈપણ વિચાર કર્યા વગર માત્ર એટલું વિચારવું કે, ભગવાને કહ્યું છે કે ક્ષમા રાખવી જોઈએ કેમકે, ક્ષમા રાખવી તે મારો ધર્મ છે. આવું વિચારી તે મુજબ પોતાના ભાવોની વિશુદ્ધિ માટે ભગવાનના વચનાનુસાર મન-વચન-કાયાને પ્રવર્તાવવા અને ક્રોધ, જુગુપ્સા, અરુચિ, અણગમો, આવેશ, ઉકળાટ આદિ કાષાયિક ભાવોને સ્પર્શવા ન દેવા તે ક્ષમા નામનો યતિધર્મ છે.

**૨. માર્દવ :** નમ્રતા અને કોમળતાનો ભાવ તે માર્દવ છે. દેવ કે મનુષ્યોથી થતાં સન્માનોમાં કે પૂજા-વંદનાદિમાં પોતે મહાન છે એવો પરિણામ ન કરવો. વળી, કોઈપણ દ્વારા થતાં અપમાન કે તિરસ્કારમાં જરા પણ વિહ્વળ થવું નહીં અને તેમ કરવા દ્વારા ભગવાનના વચનાનુસાર માન કષાયને જીતવાનો સુદૃઢ પ્રયત્ન કરવો તે માર્દવ નામનો યતિધર્મ છે.

**૩. આર્જવ :** સરળતાનો ભાવ તે આર્જવ છે. ભગવાનના વચનાનુસાર આત્મભાવોને સ્ફુરણ કરવા માટે સ્વદોષોની વિચારણા કરવામાં કે, સ્વદોષોને ગુરુ આગળ નિવેદન કરવામાં કે, અન્ય કોઈપણ સંયોગોમાં ભગવાને કહ્યું છે કે માયા ન કરવી, ચિત્તને વક્ર ન થવા દેવું, એમ વિચારી માયાના પરિણામને ક્યાંય પણ સ્પર્શ કર્યા વગર સરળતાપૂર્વક જીવવાનો યત્ન કરવો તે આર્જવ નામનો યતિધર્મ છે.

**૪. મુક્તિ :** કોઈપણ વસ્તુના સંગ્રહની ઈચ્છાનો અભાવ તે મુક્તિ છે. ભગવાનના વચન પ્રમાણે ઉચિત પ્રવૃતિ કરનારને બાહ્ય પદાર્થની ઈચ્છા માત્ર વ્યાધિ સ્વરૂપ દેખાય છે, અને વિચારકને ક્યારેય પણ વ્યાધિની ઈચ્છા ન હોય.

ભગવાનના વચનથી મુનિ જાણે છે કે બહિર્વર્તી જગતના તમામ ભાવો આત્મા માટે અનુપયોગી છે. તેથી તે કોઈ ખાદ્ય પદાર્થ, દૃશ્ય પદાર્થ, શ્રવ્ય પદાર્થ કે ભક્તિવાળા કોઈ શ્રાવકાદિ પ્રત્યે લાગણીનો પરિણામ થવા દેતો નથી. કેવળ સ્વ અને પરના કલ્યાણમાત્રની મનોવૃત્તિ હોય છે. આમ ભગવાનના વચનાનુસાર સ્વ-પરના સંયમની વૃદ્ધિ અર્થે પર પદાર્થની ઈચ્છાના ત્યાગપૂર્વક જીવવાનો યત્ન કરવો એ નિર્લોભતા કે મુક્તિ નામનો યતિધર્મ છે.

૫. **તપ** : આહારાદિનો ત્યાગ કરવો તે તપ છે. ઈહલોક અને પરલોકની કોઈપણ અપેક્ષા વગર માત્ર કર્મનિર્જરા માટે અનશનાદિ તપના અનુષ્ઠાનો કરવા, તે શુદ્ધ નિર્જરા કરાવતો તપ નામનો યતિધર્મ છે.

૬. **સંયમ** : મન અને ઈન્દ્રિયને કાબુમાં રાખવા તે સંયમ છે. ઇન્દ્રિય, કષાય અને ત્રણ પ્રકારના દંડના નિગ્રહ દ્વારા પ્રેક્ષાપૂર્વક આશ્રવના દ્વારો બંધ કરવા તે સંયમ નામનો યતિધર્મ છે.

૭. **સત્ય** : યથાર્થ બોલવું તે સંત્ય છે. ગુરુ અને આગમ સ્વરૂપ સૂત્રો દ્વારા જેની અનુજ્ઞા મળી હોય, જે બીજાને ઉપતાપ કરનાર ન હોય, જેમાં દોષ ન હોય, જે વચન બાબતમાં સાધુને કોઈ શંકા ના હોય એટલે કે જે નિશ્ચિત વચન હોય અને શાસ્ત્રનો જે વિષય હોય એવું જ હિત, મિત અને પથ્ય બોલવું તે સત્ય નામનો યતિધર્મ છે.

૮. **શૌચ** : મન, વચન, કાયાની પવિત્રતા તે શૌચ છે. સ્ખલનાઓના કારણે પાપમળથી મલિન બનેલા આત્માની આલોચના અને પ્રાયશ્ચિતથી શુદ્ધિ કરવી એ શૌચ નામનો યતિધર્મ છે.

૯. **આકિંચન** : કોઈ પણ પરિગ્રહ રાખવાની ઈચ્છાનો અભાવ તે અકિંચન છે. સંયમ માટે ઉપકારી ન હોય તેવી એક પણ વસ્તુ ગ્રહણ ન કરવી તે આકિંચન નામનો યતિધર્મ છે.

૧૦. **બ્રહ્મચર્ય** : અબ્રહ્મનો ત્યાગ તે બ્રહ્મચર્ય છે. મૈથુન સંજ્ઞા ઉપર વિજય મેળવી વિકારયુક્ત રૂપનું દર્શન, સ્પર્શકરણ કે ભોગકથાના શ્રવણનો ત્યાગ કરવો તથા સંભોગ ક્રિયાનો ત્યાગ કરવો અને બ્રહ્મમાં (આત્મામાં) સ્થિર થવા માટે યત્ન કરવો તે પરિશુદ્ધ બ્રહ્મચર્ય નામનો યતિધર્મ છે.

'હે ક્ષમાશ્રમણ !' આ શબ્દ પ્રયોગ કરતાં જ ક્ષમાદિ આ દશે યતિધર્મનું

સેવન કરતાં, વિશિષ્ટ ગુણસંપન્ન વ્યક્તિને હું ઇચ્છાપૂર્વક વંદન કરું છું, તેવો ભાવ ઉલ્લસિત થાય છે. તેને કારણે પોતે ગુણને અભિમુખ થાય છે અને પોતાના કષાયો વંદન કાળમાં શાંત થઈ જાય છે. આથી જ વંદન કરવાથી ક્ષમાભાવને અટકાવનાર કર્મનો પણ નાશ થાય છે.

એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે જેઓને 'ઈચ્છામિ ખમાસમણો...' બોલતાં મોક્ષ માર્ગના ઉપકારી ક્ષમાદિ ગુણયુક્ત ઉત્તમ પુરુષો હૃદયસ્થ હોય, તેમના પ્રત્યે હૈયામાં અત્યંત બહુમાનભાવ હોય અને આવા ગુણો પોતાને મેળવવાની ઈચ્છા હોય તેવા આત્માઓને જ આ પદ બોલતાં ક્ષમાભાવને અટકાવનાર કર્મનો નાશ વગેરે ઉપર કહેલા લાભો થવાની સંભાવના છે, અન્યને નહિ.

ક્ષમાદિ દશ યતિધર્મથી યુક્ત ઉત્તમ પુરુષોનું સ્વરૂપ જેણે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર્યું હોય, ક્ષમાદિ ગુણો કેટલા વિશિષ્ટ છે, તે જેને ખ્યાલમાં હોય અને તેને કારણે ક્ષમાવાન પ્રત્યે ભક્તિનો ભાવ ઉલ્લસિત થયો હોય, તેવા આત્માઓને જ સ્વેચ્છાથી વંદન કરવાની ઈચ્છા થાય છે. આ સિવાયના આત્માઓ જે લોકહેરીથી કે કોઈક આકાંક્ષાથી અથવા આ સારું છે, તેવી સામાન્ય બુદ્ધિથી વંદન કરે છે, તેમને આ વંદનક્રિયાથી ખાસ ફાયદો થઈ શકતો નથી.

**जावणिज्जाए :** યાપનીયાવડે (વંદન કરુ છું.)

ઈન્દ્રિય અને મનને પ્રેરણા પૂર્વક બાહ્ય ભાવોમાંથી વાળી ગુરુવંદનની ક્રિયામાં લઈ જવાની ક્રિયા એટલે યાપનીયા[2] ક્રિયા. યાપનીયાવડે વંદન કરવું એટલે ઉપશમન ક્રિયાવડે વંદન કરવું, મન અને ઈન્દ્રિયોને ઉપશમ ભાવમાં રાખવા વડે વંદન કરવું.

યાપનીય એટલે ઉપશમન કરવાની ક્રિયા. તે બે પ્રકારે છે.

૧. ઈન્દ્રિય યાપનીય : પાંચે ઈન્દ્રિયના વિકારોને ઉપશમાવવા અર્થાત્ તેને વશ ન થવું તે ઈન્દ્રિય યાપનીય છે.

૨. નોઈન્દ્રિય યાપનીય : ચારે કષાયોને ઉપશમાવવા તે નોઈન્દ્રિય યાપનીય છે.

જે મનમાં ઈન્દ્રિયોના વિકારો કે કષાયોનો ઉદય નથી તેવા ઉપશાંત થયેલા

---

2 **यापनीयया** એટલે યાપનીયા પૂર્વક. **यापनीय** માં **यापन** એ **या** ધાતુનું પ્રેરક વિધ્યર્થકૃદંત છે. સંસ્કૃત ભાષામાં **या** ધાતુ જવું એ અર્થમાં વપરાય છે.

મન અને ઈન્દ્રિય વડે વંદન કરવું એટલે જ યાપનીયાપૂર્વક વંદન કરવું.

પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે ઈન્દ્રિય અને મનના વિષયોથી તથા વિકારોથી ઉપઘાત પામ્યા વગરની અવસ્થા તે યાપનીય છે. આ યાપનીયપૂર્વક વંદન કરવાની ઈચ્છા શિષ્ય દર્શાવે છે.

**'जावणिज्जाए'** નો **'शक्तिसमन्विततया'** એ પ્રમાણે પણ ઘણા સ્થળે અર્થ કર્યો છે. મન અને ઈન્દ્રિયના ઉપશમથી જે શક્તિ પેદા થાય છે એ શક્તિપૂર્વક વંદન કરવાની શિષ્ય ઈચ્છા વ્યક્ત કરે છે. આવો અર્થ કરવાથી પણ કોઈ બાધ આવતો નથી.

ગુરુવંદન કે દેવવંદન યાપનીયા સહિત કરવાનું કારણ એ છે કે જ્યાં સુધી મન અને ઈન્દ્રિયો સંસારના કાષાયિક ભાવોથી યુક્ત હોય છે, ત્યાં સુધી ગુરુમાં કેવા ગુણો છે, તે વિચારવા સાધકઆત્મા સમર્થ થઈ શકતો નથી. પરંતુ કાંઈક અંશે પણ મન અને ઈન્દ્રિયોની ઉત્સુકતાઓને શમાવી, સાધક પોતે જ્યારે આંશિક ઉપશમભાવવાળો બંને છે, ત્યારે જ ઉપશમભાવયુક્ત ગુરુને તે ઓળખી શકે છે. ગુરુના ગુણોનો બોધ થવાથી સાધકને તે ગુણો પોતાના માટે પણ હિતકારક લાગે છે. આવા ગુણોને પ્રાપ્ત કરવાની તેને તાલાવેલી થાય છે. ગુણોની પ્રાપ્તિમાં બાધક માત્ર પોતાના કષાયો છે એવું પણ સમજાય છે. તેથી જ તે વિચારવા લાગે છે કે, ગુણવાન પ્રત્યેનો આદરભાવ જ પોતાની ગુણપ્રાપ્તિનું કારણ બનશે. આ વિચારણાથી જ વંદન ફળસાધક બને છે, માટે જ ગુરુવંદન કે દેવવંદન યાપનીયા સહિત જ કરાય છે.

**निसीहिआए :** નૈષેધિકી ક્રિયાપૂર્વક (વંદન કરુ છું.)

નૈષેધિકી ક્રિયા સહિત વંદન કરવું એટલે સંસારમાં વર્તતાં હિંસાદિ પાપો તથા વંદન ક્રિયા સિવાય પ્રવર્તતાં મન-વચન-કાયાના યોગોનો નિષેધ કરીને, સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરીને, મન-વચન-કાયાને માત્ર વંદનક્રિયામાં જ પ્રવર્તાવવાં.

નિસીહિયાએ બોલીને જ્યારે વંદનની ક્રિયાનો પ્રારંભ કરવામાં આવે છે ત્યારે મન-વચન-કાયા અન્યત્ર પ્રવર્તતી નથી, જેના કારણે આજુ-બાજુની પ્રવૃત્તિ, ઘોંઘાટ, અન્યનું આવાગમન વંદન ક્રિયામાં વિઘ્નભૂત બનતું નથી.

ટૂંકમાં, ઈન્દ્રિયોના વિકારોથી રહિત, કષાયોના ઉપતાપથી રહિત તથા

પ્રાણાતિપાત આદિ પ્રવૃત્તિઓનો જે શરીરમાં આરંભ નથી અર્થાત્ નિષેધ છે, તેવા નિર્વિકારી અને નિષ્પાપ શરીર વડે વંદન કરવાનું છે.

**જિજ્ઞાસા :** અહીં યાપનીયા અને નૈષેધિકી બન્ને લેવાની શી જરૂર છે ? બેમાંથી એક જ રાખ્યું હોત તો પણ ચાલત.

**તૃપ્તિ :** વંદન ક્રિયામાં યાપનીકા અને નૈષેધિકી બંનેની આવશ્યકતા છે. કારણ કે, ઈન્દ્રિયના વિકારો કે કષાયોનો માત્ર ઉપશમ કરવાથી સાચો નમસ્કાર થતો નથી, પણ તે ઉપશમની સાથે પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ પણ જોઈએ છે. જો તે પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ ન હોય તો ઉપશાંત પામેલા તે વિકારો કે કષાયો તે પ્રવૃત્તિ દ્વારા ફરીથી ઉદયમાં આવે માટે બંને ક્રિયાનું ખૂબ જ મહત્ત્વ છે. સાચી રીતે નૈષેધિકી ક્રિયા પણ જો યાપનીયા હોય તો જ થાય છે. ઈન્દ્રિયને ઉપશમ ભાવવાળી બનાવી, વંદનીય વ્યક્તિમાં રહેલા ઉત્તમ ગુણો તરફ વિશેષ પ્રસર્પણ ભાવ ઉત્પન્ન કરવાનો છે. વાસ્તવમાં આ બન્ને પદનો પરમાર્થ જે આત્મા પામેલો હોય છે, તેની જ વંદનની ક્રિયા સુયોગ્ય થાય છે, અન્યની નહીં.

**मत्थएण वंदामि :** મસ્તક (નમાવવા) વડે હું વંદન કરું છું.

વ્યવહારથી પ્રણિપાતવંદન પાંચ અંગ વડે કરાય છે. તેથી અહીં પણ બે હાથ, બે જાનુ અને મસ્તક એમ પાંચ અંગથી વંદન કરું છું એમ અર્થ લેવો.

'મસ્તક વડે વંદન કરું છું.' આ પદ બોલતી વખતે મસ્તક બરાબર જમીનને અડવું જોઈએ. જો મસ્તક નમે નહિ અને માત્ર હાથ જ જોડાયેલા રહે તો સાચું વંદન થયું ન કહેવાય.

# ઈચ્છકાર સૂત્ર

**સૂત્ર પરિચય :**

સૂત્રના પ્રથમ શબ્દને લઈને આ સૂત્ર **'ઈચ્છકાર સૂત્ર'** તરીકે ઓળખાય છે અને આ સૂત્ર દ્વારા સુગુરુને સુખશાતા પૂછાય છે માટે આ સૂત્રનું બીજું નામ **'સુગુરુ સુખશાતા પૃચ્છા સૂત્ર'** પણ છે.

સામાન્ય રીતે પ્રાતઃકાળમાં દેવવંદન કરીને ગુરુના દર્શન કરવા જોઈએ. તે સમયે ઉચિત વિધિ મુજબ બે ખમાસમણપૂર્વક પ્રણિપાત કરીને, ગુરુની સમક્ષ હાથ જોડી ઉભા રહીને સુખશાતા પૂછવા આ સૂત્ર બોલાય છે. આ સૂત્ર દ્વારા ગુરુના તપ-સંયમ અને શરીર સંબંધી પૃચ્છા કરવામાં આવે છે. આમ પૂછવાથી શ્રમણ ભગવંતની સાચી પરિસ્થિતિ જાણી શકાય છે અને જો ઉપાયની જરૂર હોય તો તે તે ઉપાયો કરી શકાય છે. આ ઉપરાંત રાઈ-પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ ઠાવવા પહેલાં આ સૂત્ર બોલાય છે.

ગુરુને વંદન કરવા બાબતે કેટલીક વાતોનું ખાસ ધ્યાન રાંખવું કે, ગુરુ જ્યારે અન્ય કાર્યમાં વ્યસ્ત ન હોય, આસન પર બેઠેલા હોય, એમનું ચિત્ત પ્રસન્ન હોય ત્યારે વંદન કરનાર વ્યક્તિએ મર્યાદામાં ઉભા રહી પોતાની ઇચ્છાનું નિવેદન કરવું અને ગુરુ જ્યારે "છંદેણ" અર્થાત્ તારી ઇચ્છા હોય તે પ્રમાણે કર, એમ કહે ત્યારપછી જ ગુરુને વંદન કરવું.

શિષ્યે ગુરુની આ રીતે પૃચ્છા કરવાનું કારણ એ છે કે, જેમ સંસારમાં જેના પ્રત્યે બહુમાન ભાવ હોય તેના શરીર આદિની ચિંતા સહજ રહેતી હોય છે. તેમ

જેને મોક્ષમાર્ગ પ્રત્યે અત્યંત આદર હોય છે, તેવા સાધક આત્માને મોક્ષમાર્ગના અનન્ય કારણભૂત સંયમમાં અને સંયમીઓમાં પણ એટલો જ આદર હોય છે. આથી જ સંયમીના શરીર આદિની ચિંતા તેને સહજ રહેતી હોય છે. સાધક આત્મા સમજે છે કે, પોતાની સંયમની સાધનામાં ઉત્તમ સંયમીઓ પ્રબળ નિમિત્તભૂત છે. તેમના શરીરની સુખાકારી, તેમના તપ-સંયમની સાધના જ પોતાની સંયમસાધનાનું પ્રબળ કારણ બનતું હોય છે. પોતાના તન, મન અને ધનના ભોગે પણ ઉત્તમ સંયમીઓનું રક્ષણ કરવું તે સાધકનું પરમ કર્તવ્ય છે અને તેમાં જ તેનું હિત રહેલું છે. તેથી જ શ્રાવકે કે સાધુએ પોતાનાથી અધિક ગુણસંપન્નગુરુની અનેક રીતે સુખશાતા પૃચ્છા કરવી જરૂરી છે.

ગુરુવંદનની વિધિ ઘણી વિસ્તૃત છે. અહીં તે પૂર્ણ જણાવી નથી, પણ જિજ્ઞાસુ વર્ગે ગુરુવંદન ભાષ્યમાંથી તેને જાણી લેવી.

**મૂળ સૂત્ર :**

**इच्छकार ! सुहराई / सुहदेवसि ?**
**सुखतप ?**
**शरीरनिराबाध ?**
**सुख-संजम-जात्रा निर्वहो छो जी ?**
**स्वामी ! शाता छे जी ?**
**भात-पाणीनो लाभ देजो जी**

પદ- સંપદા- અક્ષર-૫૨

**અન્વય સહિત શબ્દાર્થ :**

**इच्छकार ! सुहराई / सुहदेवसि ?**

હે ગુરુજી ! આપની ઈચ્છા હોય તો પૂછું છું કે
આપનાં રાત્રિ / દિવસ સુખે કરીને પસાર થયાં છે ?

**सुखतप ?**

આપનો તપ સુખપૂર્વક થાય છે ?

**शरीर-निराबाध ?**

આપનું શરીર રોગરહિત છે ?

**संजम-जात्रा-सुख-निर्वहो छो जी ?**

સંયમયાત્રામાં આપ સુખપૂર્વક પ્રવર્તો છો ?

**स्वामी ! शाता छे जी ?**

હે સ્વામિ ! આપને સુખશાતા છે ?

**भात-पाणीनो लाभ देजो जी**

અન્ન-પાણીનો લાભ આપશોજી.

(આ સૂત્ર મિશ્ર ગુજરાતી ભાષામાં છે. તેથી તેની સંસ્કૃત છાયા આપી નથી.)

**વિશેષાર્થ :**

**इच्छकार !** : હે ગુરુદેવ ! આપની ઈચ્છા હોય તો પૂછું.

અહીં 'ઈચ્છકાર' શબ્દ સંબોધનમાં વપરાય છે. તેનો અર્થ થાય છે કે, "હે ગુરુદેવ ! "ઈચ્છકારી" એટલે પોતાની ઈચ્છાથી યુક્ત. અહીં લોકરૂઢીથી ઇચ્છકારીના બદલે ઈચ્છકાર બોલાય છે અને ભગવંત શબ્દ અધ્યાહાર છે. શિષ્ય ભારે વિનય અને બહુમાનપૂર્વક ગુરુદેવને સુખશાતા પૂછે. ગમે તે સમયે કે ગમે તે રીતે સુખ-શાતા પૂછવાની તેની ઈચ્છા નથી. સુખશાતા પૂછવામાં પણ ગુરુદેવની ઇચ્છા-સંમતિ હોવી જરૂરી છે.

**सुहराई/सुहदेवसि ?** : આપની રાત્રિ કે દિવસ સુખપૂર્વક પસાર થયાં છે ?

સંયમી આત્માના રાત-દિવસ સુખપૂર્વક ત્યારે જ પસાર થયાં કહેવાય કે રાત-દિવસ દરમ્યાન સંયમજીવનને અનુકૂળ સ્વાધ્યાય આદિની સર્વ પ્રવૃત્તિઓ સુખપૂર્વક થઈ હોય તો.

દિવસ દરમ્યાન ભગવાનની આજ્ઞા મુજબ વાચનાદિ સ્વરૂપ સુંદર સ્વાધ્યાય કર્યો હોય, જરૂર પડ્યે નિર્દોષ આહાર લાવી સંયમસાધક દેહને રાગાદિ વિના પોષણ આપ્યું હોય અને તે સિવાય પડિલેહણ-પ્રતિક્રમણાદિ સંયમજીવનની ક્રિયાઓ પણ યથાયોગ્ય રીતે કરી હોય તો દિવસ સુખે પસાર થયો કહેવાય.

રાત્રિનાં કાર્યો જેવાં કે સ્વાધ્યાય-ધ્યાન-વેયાવચ્ચ આદિ કરી શરીરનો શ્રમ જ્યારે સાધનામાં બાધક બને ત્યારે સંથારાપોરિસી ભાવપૂર્વક ભણાવી, શરીરના શ્રમને દૂર કરવા પૂરતી જ નિદ્રા કરી હોય, નિદ્રા સમયે પણ યતનાનો પરિણામ જ્વલંત હોય અને તેથી જ પડખું ફેરવતાં પણ પ્રમાર્જનાદિ થઈ હોય અને વળી, જેવો શ્રમ દૂર થાય કે તુરંત ઉઠીને પાછો સંયમયોગોમાં અપ્રમાદ ભાવે વર્તાયું હોય તો રાત્રિ સુખપૂર્વક પસાર થઈ કહેવાય.

સાધક આત્મા ગુરુને પૂછે છે કે - " હે ભગવંત ! આપની રાત્રિ કે દિવસ (ઉપરોક્ત રીતે) સુખપૂર્વક પસાર થયાં છે ? " ત્યારે ગુરુભગવંત પણ જો આ રીતે જ દિવસ કે રાત પસાર કરી હોય તો "દેવ-ગુરુ પસાય" તેવો જવાબ આપે. આ જવાબ સાંભળી શિષ્યને અત્યંત આનંદ થાય કે ગુરુભગવંત ઉપર દેવ-ગુરુનો સુંદર પસાય (કૃપા) વર્તી રહ્યો છે, જેથી તેમના દિવસ-રાત સુંદર પસાર થઈ રહ્યાં છે. ગુરુભગવંત પણ જો આ રીતે દિવસ-રાત પસાર ન થયાં હોય તો મૌન રહે જેથી મૃષાવાદ ન લાગે અને શિષ્ય પણ પોતાનાથી શક્ય હોય તો સંયમમાં આવતી પ્રતિકૂળતા અને વિઘ્નોને દૂર કરવા પ્રયત્ન કરી શકે છે.

આ રીતે ગુરુભગવંતને દિવસ અને રાત્રિ સંબંધી સામાન્ય પૃચ્છા કરી, હવે વિશેષ પૃચ્છા કરવા માટે શિષ્ય પૂછે છે કે –

**सुखतप ?** : ભગવંત ! આપનો તપ સુખપૂર્વક ચાલે છે ?

સંયમ જીવન માટે બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના તપ અતિ મહત્ત્વના છે. તેથી ભક્તિવાન સાધક ગુરુભગવંતને પૂછે છે કે - "હે ભગવંત ! આપનો તપ સુખપૂર્વક ચાલે છે ?" **સુખપૂર્વક એટલે શરીરને સુખ મળે તેમ નહિ, પરંતુ મહાઆનંદ સ્વરૂપ જે મોક્ષ છે તે મોક્ષમાર્ગને અનુકૂળ આનંદનો પરિણામ પેદા કરાવે તે રીતે તપ ચાલે છે?**

**शरीर-निराबाध ?** : આપનું શરીર બાહ્ય-અભ્યંતર પીડાથી રહિત છે ?

સંયમ માર્ગની સાધના કરતા મુનિ શરીર પ્રત્યે નિરપેક્ષ હોય છે. તેથી શરીરની કોઈપણ બાધા કે પીડા પ્રાયઃ કરીને મુનિને અકળાવી શકતી નથી. તો પણ ભક્તિવંત સાધકને પોતાના ગુરુભગવંતને કોઈપણ પ્રકારની શરીરની બાધા હોય તો ટાળવાની ઈચ્છા સતત હોય છે. તેથી જ તે આ પ્રમાણે પૂછે છે.

ભગવંત ! આપનું શરીર નિરાબાધ છે ?

બાધા બે પ્રકારની હોય છે. ૧. દ્રવ્ય બાધા અને ૨. ભાવ બાધા.

**૧. દ્રવ્યબાધા :** શરીરમાં કોઈપણ પ્રકારની વ્યાધિથી થયેલી પીડા બાધા કે શલ્યકૃત પીડા તે દ્રવ્યથી પીડા છે. ગુરુ ભગવંતને શરીરમાં કોઈપણ પ્રકારની પીડા હોય તો, તે પોતાની નિર્જરા કદાચ કરી શકશે. પરંતુ ભક્ત સમજે છે કે, મારા ગુરુ ભગવંતને શરીરમાં કોઈપણ બાધા હશે તો તેઓ ઉપદેશ આદિ સારી રીતે નહીં આપી શકે, અમને ધર્મ સારી રીતે નહીં સમજાવી શકે અને અમે જો ધર્મ નહીં સમજીએ તો કર્મની નિર્જરા પણ અમે સારી રીતે નહીં કરી શકીએ. આ રીતે ધર્મ પ્રાપ્તિની ઈચ્છાથી તથા સંયમ પ્રત્યેના બહુમાનથી શિષ્ય ગુરુભગવંતને શરીર સંબંધી પૃચ્છા કરે. તે સાંભળી ગુરુ ભગવંત પણ પોતાને કોઈ વ્યાધિ આદિ હોય તો ભક્તને કહે. તે ભક્ત વૈદ્યાદિની કે ઔષધાદિની જરૂર હોય તો ગુરુને લાવી આપે અને આ રીતે ગુરુને શરીરથી નિરાબાધ કરવાથી શિષ્ય પોતે પણ ધર્મમાં સતત જોડાઈ શકે છે. કેમ કે, ગુરુ શરીરથી નિરાબાધ હોય તો તે પ્રેરણાના પીયૂષપાન કરાવી શકે.

**૨. ભાવબાધા :** રાગ-દ્વેષ-મોહ આદિથી ચિત્ત કલુષિત રહેતું હોય તે ભાવથી બાધા છે ! શ્રાવકો સાધુઓના મા-બાપ છે. સાધુની ભૂલોને તે શ્રાવકો જરૂર પ્રેમથી કહી શકે છે. તેવી જ રીતે જ્યારે સાધુ ભાવથી અર્થાત્ રાગ-દ્વેષ-મોહ આદિથી પીડાતો હોય અને તેને કારણે તેનું ચિત્ત ધર્મમાં સ્થિર રહેતું ન હોય ત્યારે તે આવા ગંભીર શ્રાવકો પાસે પોતાની માનસિક પરિસ્થિતિની પણ વાત કરે અને તે શ્રાવક પણ તે સાધુને યોગ્ય સલાહ આપી, તેમને ધર્મમાં સ્થિર કરે. વિષયોથી પરાઙ્મુખ બનાવે. ભાવથી નિરાબાધ એવા ગુરુ જ પોતાને અને બીજાને તારી શકે એવું ભક્ત મનમાં સમજે છે માટે જ અહીં "નિરાબાધ" શબ્દ દ્વારા દ્રવ્યથી અને ભાવથી બન્ને રીતે "ગુરુદેવ ! આપને કોઈ પીડા તો નથી ને ?" એમ પૂછવામાં આવે છે.

**सुख-संजम-जात्रा निर्वहो छो जी ? :** આપની સંયમ યાત્રા સુખપૂર્વક પસાર થાય છે ને ?

ભક્ત વિવિધ પ્રકારે ગુરુને શાતા પૂછે છે. ગુરુની કઠોર સાધના જોઈને

ભક્તના હૈયામાં ભક્તિનો પમરાટ પ્રસરે છે. તેથી "સુહરાઈ" શબ્દથી માંડી આ બધા શબ્દો ઉછળતા હૈયે બોલાય છે અને તેથી જ વારંવાર જુદી જુદી રીતે સુખશાતા પૂછી ભક્ત પોતાની ભક્તિને વ્યક્ત કરે છે.

મુનિ માટે સંયમયાત્રા જ મુખ્ય છે. માટે ગુરુના ચારિત્રમાં કોઈપણ જાતની સ્ખલના ન થાય એ માટે ભક્તને પણ પોતાના ગુરુની ચિંતા હોય છે. તેથી જ તેના મુખમાંથી આવા શબ્દો જાણે સરી પડે છે. જો કે ભક્ત કાંઈ ગુરુના તપ-સંયમની વૃદ્ધિ કરી શકવાનો નથી, તો પણ તપ–સંયમ માટે બાહ્ય કોઈ જરૂરીયાત હોય તો તે યથાશક્ય રીતે પૂરી કરી શકે તેમ છે અને તપ-સંયમને અનુકૂળ બાહ્ય સુવિધા દ્વારા તે તપ-સંયમમાં જરૂર સહાયક બની શકે છે. બાહ્ય સહાયથી થયેલ ગુરુના તપ-સંયમની વૃદ્ધિ તેના પ્રમોદનું કારણ બને છે. વળી, **આ રીતે પૃચ્છા કરવાથી પોતાનામાં પણ તે ગુણો માટેનું સત્વ ખીલે છે.** જેથી તે ગુણો તેને પણ પ્રાપ્ત થાય છે. માટે જ આ રીતે તે પૂછે છે.

**स्वामी शाता छे जी ?** : હે સ્વામી ! શાતામાં છો ને ?

હે સ્વામી, આપનું ચિત્ત સ્વસ્થ તો છે ને ?

"સુહરાઈ"થી માંડીને અહીં સુધીના બધા પ્રશ્નો ભક્તની ગુરુ પ્રત્યેની ભક્તિ, સાધુજીવન પ્રત્યેનો અપાર પ્રેમ અને ગુણસંપન્ન એવા સાધુભગવંતની અનુપમ ભક્તિનો લાભ લેવાની ઈચ્છા જણાવે છે.

આટલા પ્રશ્નો સાંભળી ગુરુ જવાબ આપે છે કે -

**"દેવ-ગુરુ પસાય"** અર્થાત્ દેવ-ગુરુની પરમ કૃપાથી મને પરમ સુખશાતા વર્તે છે.

આ પ્રમાણે જવાબ સાંભળ્યા પછી ભક્તને થાય કે, ખરેખર આ જ સુગુરુ છે. આવા સુગુરુને ભાત-પાણી વહોરાવીશ તો મને પણ કર્મની નિર્જરા થશે અને આવા સંયમી ગુરુને આપવાથી મારો જન્મારો સફળ થશે. મારું ચારિત્ર-મોહનીયકર્મ નબળું પડશે અને મને પણ ચારિત્રની પ્રાપ્તિ થશે કેમકે, સુપાત્રને કરેલું દાન મહાફળવાળું છે. તેથી સુપાત્ર એવા સુગુરુની પરીક્ષા કરી, સુગુરુને કહે કે,

**भात-पाणीनो लाभ देजो जी** : ભાત-પાણીનો લાભ દેજોજી.

મારે ત્યાં આહાર-પાણી વહોરવા પધારી લાભ આપવા કૃપા કરશોજી. ભાત-પાણીના ગ્રહણ દ્વારા ઉપલક્ષણથી પ્રાસુક એવા વસ્ત્ર, પાત્ર, કંબલ, ઔષધ, રજોહરણ વગેરેનું ગ્રહણ કરવું.

આ સાંભળી ગુરુ **"વર્તમાન જોગ"** કહે, અર્થાત્ જ્યારે ભાત-પાણીનો અવસર આવશે, ત્યારે અમારી અનુકૂળતા પ્રમાણે કરશું. એટલે કે, અત્યારે તો ભાત-પાણીનો સમય ભાવિરૂપ છે. અર્થાત્ હમણાં ભાત-પાણી વહોરવા જવાનું નથી. હવે જો એ ભાવિમાં થવાની વાતમાં અત્યારથી હા કે ના કહે તો કોઈ આપત્તિ આવે અથવા કોઈ સંયોગો બદલાઈ જાય અને ભાત-પાણી વહોરવા ન પણ જવાય, તો આપેલું વચન મિથ્યા થાય, તેથી મૃષાવાદનો દોષ લાગે. આવું ન થાય તે માટે "વર્તમાન જોગ" એવો શબ્દ વપરાય છે. એટલે કે, ભાત-પાણી વહોરવાનો ભાવિકાળ જ્યારે વર્તમાનકાળ બનશે, તે વખતે જેમ યોગ્ય લાગશે તેમ કરશું.

# અબ્ભુટ્ઠિઓ સૂત્ર

**સૂત્ર પરિચય :**

આ સૂત્ર દ્વારા પરમ ઉપકારી ગુરુ સંબંધી જે કાંઈ અવિનય, અપરાધ, આશાતના થયા હોય તે સર્વની ક્ષમાપના કરાય છે. બીજા કોઈ સંબંધી અપરાધ થયા હોય તો તેની ક્ષમાપના બીજા સૂત્રો દ્વારા પણ થાય છે, જ્યારે આ સૂત્ર દ્વારા તો માત્ર ગુરુ પ્રત્યે થયેલા અપરાધોને જ ખમાવાય છે, માટે જ આ સૂત્રનું બીજું નામ **"ગુરુક્ષમાપના"** સૂત્ર છે.

તીર્થંકરનાં વિરહમાં દેવતત્ત્વ જેટલું જ ઉપકારક ગુરુતત્ત્વ હોય છે. ગુરુ આપણા અસીમ ઉપકારી છે અને તેથી જ અત્યારે જગતનું સર્વોત્કૃષ્ટ જીવંત તત્ત્વ ગુરુતત્ત્વ છે. આ કાળમાં ગુરુતત્ત્વની તોલે જગતની કોઈપણ વ્યક્તિ કદી પણ ન આવી શકે. આવા ઉપકારી સદ્‌ગુરુની એક નાનકડી કૃપા પણ અમૃતના કુંભ સમાન હોય છે અને સામે શિષ્યની અયોગ્યતાના કારણે કે શિષ્યના વિશેષ અપરાધના કારણે સદ્‌ગુરુના મુખમાંથી નીકળતા ઉદ્‌ગારો કે નિસાસો વધસ્તંભ જેવા હોય છે. આથી જ ગુરુતત્ત્વથી યુક્ત સુગુરુની સ્વપ્નમાં પણ આશાતના ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

દશવૈકાલિક ગ્રંથના 'વિનય' અધ્યયનમાં તો ત્યાં સુધી કહ્યું છે કે[1], જે શિષ્યો પોતાના ગુરુને નાના માને છે, મંદ બુદ્ધિવાળા માને છે અને તેમ માની

1. દશવૈકાલિક વિનય અધ્યયન - ૧ ઉદ્દેશો ગા.નં.૨.૩.૪

ગુરુનો વિનય કરતા નથી, તેઓ વાંસનું ફળ જેમ વાંસનો જ નાશ કરે છે, તેમ પોતાના હાથે જ પોતાનું અહિત કરે છે. સૂતેલા સિંહને જગાડવાથી, સાપના મુખમાં હાથ નાંખવાથી કે પર્વત ઉપરથી પડતું મૂકવાથી જે નુકસાન નથી થતું તે નુકસાન ગુરુની આશાતના કરવાથી થાય છે. આથી જ રત્નત્રયીની આરાધના કરવા ઈચ્છતા સાધકે ગુરુને સર્વકાળ પ્રસન્ન રાખવા પ્રયત્ન કરવો જોઈએ. ગુરુ પ્રત્યે થયેલો સૂક્ષ્મ પણ અપરાધ ઘણી મોટી આપત્તિઓ ઊભી કરી શકે છે માટે ગુરુની જાણતાં કે અજાણતાં, સહસાત્કારે કે કષાયાદિને આધીન થઈને કોઈપણ પ્રકારની આશાતના થઈ હોય તો તે તમામ અપરાધોની ગુરુ પાસે ક્ષમા માંગવી જોઈએ અને પોતાના આત્માને નિર્મળ બનાવવો જોઈએ.

ગુરુની પાસે અપરાધોની ક્ષમા માંગવાથી ગુરુ પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થયેલા તે ગુરુ શિષ્ય પર કૃપાનો ધોધ વરસાવે છે. ગુરુકૃપાને પ્રાપ્ત કરતો શિષ્ય ચારિત્ર જીવનનો ભારેખમ બોજ ઉપાડવાને સમર્થ બને છે અને શુદ્ધ ચારિત્રનું પાલન કરી શકે છે. આમ, ક્ષમાપના દ્વારા ગુરુનો ઉચ્ચ વિનય-વિવેક આ સૂત્ર દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

**મૂળ સૂત્ર :**

**इच्छाकारेण संदिसह भगवन् !**

**अब्भुट्ठिओमि अब्भिंतर देवसिअं / राइअं खामेउं ?**

**इच्छं, खामेमि देवसिअं / राइअं ।**

**जं किंचि अपत्तियं, परपत्तिअं,**

**भत्ते, पाणे, विणए, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे,**

**समासणे, अंतरभासाए, उवरिभासाए, ।**

**जं किंचि मज्झ विणय-परिहीणं, सुहुमं वा बायरं वा,**

**तुब्भे जाणह, अहं न जाणामि, तस्स मिच्छा मि दुक्कडं ।।**

પદ- સંપદા- અક્ષર-૧૨૯

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**भगवन् ! इच्छाकारेण संदिसह**

*भगवन् ! इच्छाकारेण संदिशत*

હે ભગવન્ ! આપ મને ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો.

**अब्भिंतर देवसिअं / राइअं खामेउं अब्भुट्ठिओमि ?**

*(अहं) अभ्यन्तर दैवसिकं / रात्रिकं क्षमयितुम् अभ्युत्थितः अस्मि !*

હું દિવસ / રાત્રિ દરમ્યાન (થયેલા અપરાધોને) ખમાવવાને માટે ઉપસ્થિત થયો છું.

**इच्छं, देवसिअं / राइअं खामेमि**

*इच्छामि, दैवसिकम् / रात्रिकं क्षमयामि ।*

(હે ગુરુદેવ ! હું એવી જ આપની આજ્ઞાને) ઈચ્છું છું (અને હવે) દિવસ-રાત્રિ સંબંધી અપરાધોને ખમાવું છું.

**भत्ते, पाणे, विणए, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अंतरभासाए, उवरिभासाए,**

*भक्ते, पाने, विनये, वैयावृत्ये, आलापे, संलापे, उच्चासने, समासने, अन्तर्भाषायाम्, उपरिभाषायाम् ।*

આહાર-પાણી સંબંધી, વિનય-વૈયાવચ્ચ સંબંધી, સામાન્ય બોલવામાં કે વિશેષ વાતચીતમાં, ઊંચા આસને કે સમાન આસન પર બેસવા સંબંધી, વચ્ચે બોલવા કે વધારે બોલવા સંબંધી (મારું તે પાપ મિથ્યા થાઓ)

**जं किंचि अपत्तियं, परपत्तिअं,**

*यत् किञ्चित् अप्रीतिकम्, पराप्रीतिकम्,*

જે કાંઈ મેં આપને અપ્રીતિકર કે વિશેષ અપ્રીતિકર કર્યું હોય,

**जं किंचि मज्झ विणय-परिहीणं, सुहुमं वा बायरं वा, तुब्भे जाणह, अहं न जाणामि, तस्स मि दुक्कडं मिच्छा ।**

*यत् किञ्चित् मम विनय-परिहीनं सूक्ष्मं वा बादरं वा यूयं जानीथ, अहं न जाने, तस्य मे दुष्कृतम् मिथ्या ।*

જે કાંઈ મારાથી વિનયશૂન્ય (ઉદ્ધતાઈ ભરેલું) નાનું કે મોટું આચરણ થયું હોય જેને આપ જાણો છો અને હું જાણતો નથી, તે સર્વે અપરાધોની હું ક્ષમા માંગું છું, મારું તે પાપ મિથ્યા થાઓ.

**વિશેષાર્થ :**

**इच्छाकारेण संदिसह भगवन् ! :** હે ભગવંત ! આપ મને ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો.

'હે ભગવંત ! મને આજ્ઞા આપો, આ શબ્દ બોલતા શિષ્યના હૈયામાં આવો ભાવ છે કે, ભગવંત ! આપની ઇચ્છા હોય તો મને આજ્ઞા આપો. પણ હું માંગું છું માટે આપે આજ્ઞા આપવી જ જોઈએ, તેવો મારો આગ્રહ નથી. આવો ભાવ જ હૈયામાં રહેલા વિનય-નમ્રતા આદિ ભાવોનું સૂચન કરે છે અને પૂજ્યતાની બુદ્ધિને પુષ્ટ કરે છે.

**अब्भुट्ठिओमि :** હું ઉપસ્થિત થયો છું.

अभि + उत् પૂર્વક स्था ધાતુ પરથી 'अभ्युत्थितः' શબ્દ બન્યો છે. આ શબ્દ દ્વારા જણાય છે કે શિષ્ય અપરાધોની ક્ષમા માંગવાની માત્ર ઈચ્છા જ નથી બતાવતો, પણ *"હું આપની સમક્ષ અપ્રમત્ત ભાવે, બહુમાનપૂર્વક મારા આસન પરથી ઊભો થયો છું"*- એમ કહીને શિષ્ય ક્ષમા માંગવાની તત્પરતા બતાવે છે. તેથી જ 'તિષ્ઠ' શબ્દ ન વાપરતાં 'ઉત્તિષ્ઠ' શબ્દ વાપર્યો છે.

હવે શેના માટે ઉપસ્થિત થયો છે તે બતાવતા કહે છે કે,

**अब्भिंतर देवसिअं / राइअं खामेउं :** દિવસ કે રાત્રિ દરમ્યાન થયેલા અપરાધોને ખમાવવા માટે હું ઉપસ્થિત થયો છું.

શિષ્ય પોતાની ઇચ્છાનું નિવેદન કરવા દ્વારા અનુજ્ઞા માંગ્યા બાદ હવે આજ્ઞાનો વિષય શું છે, તે પ્રગટ કરતાં કહે છે કે *"દિવસ કે રાત્રિ દરમ્યાન મારાથી આપના પ્રત્યે કોઈપણ અતિચાર થયો હોય, તેને ખમાવવા માટે હું તત્પર બન્યો છું."* આ શબ્દો બોલતાં જ શિષ્ય પોતાનાથી આખા દિવસમાં કયા કયા અપરાધો થયા છે, તેને ઉપયોગમાં લાવે છે અને તે તે અપરાધોની ક્ષમાપના દ્વારા પોતાના આત્માને નિર્મળ બનાવવા પ્રયત્ન કરે છે.

આ રીતે અનુજ્ઞા માંગતા ગુરુ કહે છે કે,

[**खामेह** : તું ખમાવ.]

ગુરુ પાસેથી આ સંમતિના શબ્દ સાંભળતાં શિષ્યના હૈયામાં અપરાધથી અટકવાનો જે પરિણામ હતો તે વધુ ઉલ્લસિત થાય છે. તેથી જ હર્ષમાં આવીને શિષ્ય કહે છે કે,

**इच्छं** : હું ઈચ્છું છું.

'ઇચ્છં' કહી શિષ્ય એમ જણાવે છે કે ગુરુની આજ્ઞાનો તે સ્વીકાર કરે છે, એટલે કે ગુરુએ 'ખામેહ' શબ્દ દ્વારા જે ખમાવવા માટેની સંમતિ આપી હતી તે સ્વરૂપ ગુરુની આજ્ઞા પ્રમાણે કરવા તે ઇચ્છે છે.

હવે ખમાવવાની શરૂઆત કરતાં કહે છે કે,

**खामेमि देवसिअं / राइअं** : દિવસ કે રાત્રિ સંબંધી થયેલા મારા અપરાધોને હું ખમાવું છું.

"હું ખમાવું છું" એમ કહી દિવસ કે રાત્રિ દરમ્યાન મારાથી આપના પ્રત્યે જે જે ભૂલો થઈ છે, તેની હું ક્ષમા માંગુ છું એમ ગુરુને કહેવામાં આવે છે.

"ખમાવવું" એ "ખમવું" અર્થમાં વપરાતાં '**क्षम्**' ધાતુનું પ્રેરક રૂપ છે. "ખમવું" એટલે સહનશીલતા રાખવી, વૈરવૃત્તિનો ત્યાગ કરવો, ખામોશી રાખવી, ઉદારતા રાખવી. જ્યારે "ખમાવવું" એ પ્રેરક રૂપ છે એટલે તેનો અર્થ થાય કે સામાની પાસેથી ક્ષમાની અપેક્ષા રાખવી કે સામી વ્યક્તિ પાસે ક્ષમાની માંગણી કરવી તથા સામી વ્યક્તિ પણ વૈરભાવની વૃત્તિનો ત્યાગ કરે તેવી ભાવના રાખવી.

'ખમાવવું' એ પ્રેરક રૂપ હોવાથી અહીં **खामेमि** શબ્દ દ્વારા શિષ્ય ગુરુની પાસે ક્ષમા માંગીને ગુરુ પોતાના અપરાધોની ક્ષમા આપે એમ શિષ્ય ઈચ્છે છે એવો ભાવ ભાસે છે.

ગુરુ પાસે ઉદારતાની અને ક્ષમાની માંગણી એટલા માટે કરવામાં આવે છે કે, અપ્રીતિકારક કે અસદ્વર્તનથી ગુરુને કોઈ પણ પ્રકારનું દુઃખ થયું હોય કે ક્રોધ

કરવાનું નિમિત્ત મળ્યું હોય તો તેની ઉપશાંતિ થાય, વિનય અને ઔચિત્યની જાળવણી થાય તથા પોતાના આત્માની શુદ્ધિ થાય. આ રીતે ઉપયોગપૂર્વક બોલનાર સાધક ભવિષ્યમાં ગુરુ વિષયક અપરાધ તો નથી જ કરતો, પરંતુ સમર્પિત બની ગુરુ આજ્ઞા અનુસાર જીવન બનાવવા પ્રયત્ન પણ કરે છે.

હવે થયેલા અપરાધોને વિશેષ પ્રકારે ખમાવવા અપરાધોને નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વહેંચી, તે સર્વે અપરાધોની ક્ષમા મંગાય છે.

૧. **जंकिंचि अपत्तियं** થી **उवरिभासाए** સુધીનાં પદો વડે, આહાર-પાણી-વિનય-વેયાવચ્ચ-આલાપ-સંલાપ કે બેસવા આદિ જુદા જુદા કાર્યોથી ગુરુને અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ થઈ હોય તેની ક્ષમા માંગવામાં આવે છે.

૨. **जंकिंचि मज्झ विणय**... આદિ પદોથી પોતાના ખ્યાલમાં જે હોય તેવા વિનયરહિત થઈ ગયેલા અપરાધો બદલ ક્ષમા માંગવામાં આવે છે.

૩. **तुब्भे जाणह** ... વગેરે પદો દ્વારા પોતાને ખ્યાલ ન હોય અને ગુરુને ખ્યાલ હોય તેવા વિનયરહિત અપરાધો બદલ ક્ષમા માંગવામાં આવે છે.

**जं किंचि अपत्तियं, परपत्तिअं** : જે કાંઈ અપ્રીતિકર કે વિશેષ અપ્રીતિકર વર્તન થયું હોય.

અહીં અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ બે રીતે લેવાની છે. એક તો ગુરુને શિષ્યના અયોગ્ય કાર્યથી અપ્રીતિ થઈ હોય તે અને બીજી પોતાની અયોગ્યતાના કારણે ગુરુના તેવા પ્રકારના વર્તનથી ગુરુના વિષયમાં શિષ્યને અપ્રીતિ થઈ હોય તે. આ બન્ને પ્રકારની અપ્રીતિ જ્યારે વિશેષ બને છે ત્યારે તેને પર-અપ્રીતિકર કહેવાય છે.

વળી, પર-અપ્રીતિકરનો બીજો અર્થ પરહેતુક અપ્રીતિ પણ થાય છે. એટલે કે પરના નિમિત્તે ગુરુને શિષ્ય ઉપર અપ્રીતિ થઈ હોય અથવા પરના નિમિત્તે શિષ્યને ગુરુ પ્રત્યે અપ્રીતિ થઈ હોય તે.

શિષ્ય સમજતો હોય છે કે, ગુરુને લેશ પણ અપ્રીતિ થાય તેવું વર્તન પોતે ક્યારેય પણ ન જ કરવું જોઈએ. ગુરુની ગમે તેવી કઠોર આજ્ઞા હોય તો પણ તેમની આજ્ઞા કે ઈચ્છાનું આરાધન કરતાં લેશ પણ દ્વેષ ન જ કરવો જોઈએ, તો પણ કષાયની આધીનતાથી, આહાર-પાણી આદિ વિષયોમાં પોતાનાથી ગુરુને જે લેશ પણ અપ્રીતિ થઈ હોય તો તેનું આ શબ્દો દ્વારા 'મિચ્છા મિ દુક્કડં' અપાય છે.

આ વાક્ય બોલતાં-ગુરુ પ્રત્યેનો પૂજ્યભાવ અત્યંત ઉલ્લસિત થાય છે અને ગુરુ ભગવંતને પોતાનાથી અપ્રીતિ ન થાય કે ગુરુનાં વિષયમાં પોતાને અપ્રીતિ ન થાય તે માટેનો અંતરંગ પ્રયત્ન ચાલુ થાય છે.

હવે કયા વિષયમાં અપ્રીતિકર કે વિશેષ અપ્રીતિકર વર્તન થયું હોય તો તેનું 'મિચ્છા મિ દુક્કડં' અપાય છે, તે વિષયો બતાવતાં કહે છે કે,

**भत्ते, पाणे,** : ભાત અને પાણીના વિષયમાં.

ગુરુએ નિર્દોષ આહાર આદિ લાવવા સૂચન કર્યું હોય અને પોતે તે વાતને લક્ષમાં ન લીધી હોય, નિર્દોષ લાવવા છતાં ગુરુના સ્વાસ્થ્ય માટે જે અનુકૂળ હોય તે ન લવાયું હોય, ઉલ્ટું કદાચ તેમના સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ હોય તેવા આહાર કે પાણી લવાયાં હોય, ત્યારે પોતાના તરફથી ગુરુને કોઈ અપ્રીતિ થઈ હોય તો તે વિષયમાં ક્ષમા મંગાય છે. વળી, ગુરુભગવંતે શિષ્ય માટે પણ નિર્દોષ અને અમુક પ્રકારનો આહાર લાવવા કહ્યું હોય, ત્યારે પણ ઉપેક્ષાથી કે વિષયોની આધીનતાથી ગુરુની ઈચ્છા વિરુદ્ધ આહાર લાવતાં તેઓશ્રીને પોતાના પ્રત્યે અણગમો કે અરુચિ થઈ હોય, તો તેની ક્ષમા મંગાય છે. આ ઉપરાંત ગુરુભગવંતે આહાર કે પાણી સંબંધી પોતાને કાંઈપણ સૂચન કર્યું હોય જે પોતાને ન ગમ્યું હોય અથવા તેમના સૂચન વિરુદ્ધ પોતાનાથી કાંઈ પણ થયું હોય તો તે સર્વ ગુરુ સંબંધી ભાત અને પાણીના વિષયમાં થયેલ અપરાધની ક્ષમા મંગાય છે.

**विणए, वेयावच्चे,** : વિનયના વિષયમાં અને વેયાવચ્ચના વિષયમાં.

ગુરુના ગુણો પ્રત્યે અંતરંગ બહુમાનભાવ હોવાના કારણે સાધકઆત્મા ગુરુભગવંત આવે ત્યારે સામે જાય, અંજલિ જોડી પ્રણામ કરે, આસન પ્રદાન કરે, ગુરુ ઊભા થયે પોતે ઊભો થાય, ગુરુ બેઠા પછી બેસે વગેરે અનેક પ્રકારનો વિનય જાળવે, પણ કષાયની આધીનતાથી કે પ્રમાદાદિ દોષોથી આવા પ્રકારનો વિનય ન કર્યો હોય અને કર્યો હોય તો યથાતથા કર્યો હોય અથવા બાહ્યથી પૂર્ણ વિનય છતાં અંતરંગ રીતે તેમના પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિ થાય તેવા યત્નપૂર્વક ન કર્યો હોય, તો તે સર્વ ક્રિયા વિનયવિહીન કહેવાય છે. તે વિનયના વિષયમાં થયેલા અપરાધોની આ પદ દ્વારા માંફી મંગાય છે.

ગુરુને આહાર-પાણી લાવી આપવા, શરીર સંબંધી શુશ્રૂષા કરવી, પગ કે માથાની પીડાના નિવારણ માટે દાબવું, ચાંપવું કે ચોળવું વગેરે રૂપ ગુરુની

વેયાવચ્ચ પ્રમાદાદિથી કરી જ ન હોય, કરી હોય તો તેમને અનુકૂળ આવે તેમ ન કરી હોય અથવા વેયાવચ્ચ કરતાં કોઈ આશંસા રાખી હોય, કોઈ પ્રતિકૂળતા ઉભી કરી હોય તે સર્વ વેયાવચ્ચ સંબંધી આશાતના છે. આ શબ્દો બોલતાં તેવી આશાતનાને સામે લાવી ક્ષમા માંગવાની છે.

વિનય અને વેયાવચ્ચ તીર્થંકરનામકર્મ બાંધવામાં નિમિત્તભૂત છે, વીસ-સ્થાનકમાં પણ તેનું અનુક્રમે દશમું અને સોળમું સ્થાન છે. તેથી વાસ્તવમાં વિનય અને વેયાવચ્ચ કરનારા સાધકે પોતાની બુદ્ધિનો પૂર્ણ ઉપયોગ કરી આ કાર્યમાં વ્યાપૃત થવું જોઈએ. વિનય અને વેયાવચ્ચ દ્વારા ગુરુને સંતોષ આપી તેમની પ્રસન્નતામાં અભિવૃદ્ધિ કરવાની છે. કેમકે, **ગુરુની પ્રસન્નતા-પ્રમોદ તે પોતાની આરાધનાનો મૂળ પાયો છે.** આથી જ સુશિષ્ય વિનય-વેયાવચ્ચ સંબંધી પોતાની ત્રુટિનો વિચાર કરી પોતાની ખામીઓને દૂર કરવાના પ્રયત્નપૂર્વક જો આ શબ્દો બોલે તો વિનયાદિમાં વિઘ્ન કરનારાં કર્મો જરૂર નાશ પામે છે અને વિનયાદિમાં તે વિશેષ યત્ન કરી શકે છે.

**आलावे, संलावे,** : ગુરુ સાથે બોલવામાં અને વાતચીત કરવાના વિષયમાં.

ગુરુ ભગવંતોની એક એક ક્ષણ મહાકિંમતી હોય છે. તેથી જરૂર વિના ગુરુ સાથે આલાપ-સંલાપ કરી તેમનો કિંમતી સમય બગાડવો ન જોઈએ. જ્યારે પણ કોઈ કાર્ય પ્રસંગ ઉપસ્થિત થતાં ગુરુભગવંત સાથે વાતચીત કરવી પડે તો ત્યારે વિનયપૂર્વક હાથ જોડી, અતિ નમ્રતાથી યોગ્ય સ્વરે વાત કરવી જોઈએ. વળી, ગુરુભગવંત અન્ય કાર્યમાં વ્યાપૃત હોય તો જ્યાં સુધી ગુરુભગવંત પોતાની સન્મુખ ન જુએ ત્યાં સુધી કાળક્ષેપ કરી વિનયપૂર્વક ઊભા રહેવું જોઇએ. જ્યારે ગુરુભગવંત સામે જુએ ત્યારે અતિ નમ્રતાથી, ઉત્તમ ભાવોથી તેમની સાથે વાતચીત કરવી જોઈએ. આમાં ક્યાંય પણ ખામી રહી હોય કે ગુરુભગવંત બોલાવે ત્યારે તરત જ આસન ઉપરથી ઊઠી, હાથ જોડી જે રીતે ઉત્તર આપવો જોઈએ, તે રીતે ઉત્તર ન આપ્યો હોય, યથાયોગ્ય રીતે વાતચીત ન કરી હોય તેના કારણે ગુરુભગવંતને જે પોતાના તરફથી અપ્રીતિ થઈ હોય અથવા તેમની સાથેની વાતચીત કરવાથી કે ગુરુના બોલવાથી પોતાને કોઈ અપ્રીતિ થઈ હોય તો આ પદ દ્વારા તેની ક્ષમા યાચવામાં આવે છે.

આમ તો વિનીત શિષ્ય આલાપ-સંલાપમાં ચોક્કસ યતંમાન હોય છે. તો પણ કોઈકવાર ઉતાવળથી, અનાભોગથી કે સહસાત્કારથી ભૂલ થવા સંભવ છે. આ

શબ્દો દ્વારા અપાતાં 'મિચ્છા મિ દુક્કડં' થી બોલવા-ચાલવામાં વિશેષ યત્નવાન બનાય છે અને વિનયસંપન્નતા ઉત્તરોત્તર વૃદ્ધિમાન થાય છે.

**उच्चासणे, समासणे,** : ઊંચા આસને બેસવામાં કે સમાન આસને બેસવામાં.

વિનયસંપન્ન શિષ્ય હંમેશા બાહ્ય રીતે પણ ગુરુનું બહુમાન જાળવવા યત્ન કરે છે. તેથી તે ગુરુથી નીચા આસન ઉપર જ બેસે છે. તો પણ કોઈકવાર પ્રમાદથી, અનાભોગથી કે સહસાત્કારથી ગુરુથી ઊંચા કે સમાન આસન ઉપર બેસવારૂપ જે અપરાધ થયો હોય તેની ક્ષમા શિષ્ય માંગે છે.

**अंतरभासाए उवरिभासाए,** : વચ્ચે બોલવામાં કે વધારે બોલવામાં.

ગુરુ કોઈની સાથે વાત કરતા હોય તો વચ્ચે બોલવું તે અંતરભાષા છે અને ગુરુ જે કહે તે વાત વધારીને સામી વ્યક્તિને કહેવી તે ઉવરીભાષા છે. આ બન્ને કરવાથી ગુરુનો જે અવિનય થયો હોય તેની આ પદથી ક્ષમાપના મંગાય છે.

ગુણવાન શિષ્ય જ્યારે ગુરુભગવંત કોઈની સાથે વાતચીત કરતા હોય ત્યારે ક્યારેય વચમાં ન બોલે અને ગુરુની પ્રતિભાને લેશ પણ ઝાંખપ લાગે તેવું ક્યારેય ન કરે. તો પણ અનાભોગ, સહસાત્કાર કે માનાદિ કષાયને આધીન થઈ, કોઈકવાર પણ ગુરુભગવંત જ્યારે વાત કરતા હોય ત્યારે વચમાં બોલાઈ ગયું હોય, તેને કારણે ગુરુને અપ્રીતિ થઈ હોય અથવા ગુરુદેવ વ્યાખ્યાન કે વાચનાદિમાં કોઈ વિષય સમજાવતા હોય અને પોતાને તે વિષયનું જ્ઞાન અધિક હોય તો શિષ્ય પોતાના જ્ઞાનના માનને કારણે તે વિષયને આ આમ નથી પણ આમ છે, અથવા આ વિષયમાં આટલું જ નથી, હજુ ઘણું છે, તેમ કહી તેનું વર્ણન કરવા બેસી જાય. જેને કારણે ગુરુ પોતાના કરતાં મંદબુદ્ધિવાળા છે, તેવી લોકમાં છાપ પડે. આ બધું ગુરુના અવિનય સ્વરૂપ છે. તે સર્વેની માફી માંગવાની છે.

સુયોગ્ય શિષ્ય ગુરુની પ્રતિભાને અલ્પ કરવા ક્યારેય ઈચ્છતો ન હોય, તો પણ કોઈકવાર અન્યને સમજાવી દેવાની તીવ્ર ઉત્સુકતા, ઉચિત વિચારણાનો અભાવ અને માનાદિ કષાયની પ્રબળતા એવું કરાવે કે, જેને કારણે ગુરુની ઉણપ દેખાય તેવું પોતાનાથી થઈ જાય તે રૂપ અવિનય છે.

વાચના, વ્યાખ્યાન કે વાતચીતમાં ગુરુની કોઈ ભૂલ થઈ હોય અથવા ગુરુનો

ક્ષયોપશમ તે વિષયમાં પોતાનાથી ઓછો હોય તો ગુણસંપન્ન શિષ્ય ગુરુની સ્ખલનામાં પણ તે સમયે મૌન રહે. જ્યારે યોગ્ય સમય આવે ત્યારે વિનયપૂર્વક ગુરુને સત્ય વસ્તુ જે રીતે હોય તે રીતે સમજાવે અને એવી રીતે પ્રયત્ન કરે કે, ગુરુ પણ ચોક્કસ ઉચિત પ્રવૃત્તિમાં યત્નવાળા બને જ. આના બદલે ઉતાવળ કરી બોલી નાંખવામાં કે, પછી પણ અયોગ્ય રીતે સમજાવવામાં અવિનય જ છે.

આમ 'ભત્તે પાણે'થી માંડીને ભાત-પાણી આદિ દશ પ્રકારે અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ થવાના સ્થાનો બતાવી તે વિષે થયેલા અપરાધોની ક્ષમાપના શિષ્ય માંગે છે.

હવે બીજા પ્રકારના અપરાધો બતાવે છે,

**जं किंचि मज्झ विणय-परिहीणं :** જે કાંઈ મારાથી વિનયરહિત કાર્ય થયું હોય.

સર્વ પ્રસંગોમાં કોઈ પણ અપરાધ થયો હોય, તેનું સૂચન કરવા માટે **'विणय-परिहीणं'** શબ્દનો પ્રયોગ કરેલ છે. એટલે 'વિનયરહિત વર્તન વડે મારાથી જે કાંઈ પણ અપરાધ થયો હોય' એમ અર્થ કરવો.

**सुहुमं वा बायरं वा :** સૂક્ષ્મ અથવા બાદર

ગુરુ પ્રત્યે સૂક્ષ્મ અથવા બાદર કોઈ પણ અપરાધ થયો હોય, તો તેની હું ક્ષમા માંગુ છું. સૂક્ષ્મ અપરાધ અલ્પ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ શકે છે અને બાદર એટલે કે મોટો અપરાધ મોટા પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ શકે છે.

પાપ નાનું છે કે મોટું તે બાહ્ય વ્યવહારથી નક્કી થતું નથી. ઘણીવાર બાહ્ય રીતે પાપ ઘણું નાનું દેખાતું હોય છતાં ગીતાર્થ ગુરુભગવંતોની દૃષ્ટિમાં તે ઘણું મોટું હોઈ શકે છે. જેમકે, સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ નમસ્કાર મહામંત્રનું સંસ્કૃતમાં પરાવર્તન કર્યું. આ પાપ બાહ્ય દૃષ્ટિથી મોટું ન હોવા છતાં ગીતાર્થ ગુરુભગવંતની દૃષ્ટિમાં મોટું પાપ લાગવાથી તેનું પ્રાયશ્ચિત્ત મોટું આપ્યું અને અઈમુત્તા મુનિએ કરેલું પાણીની વિરાધનારૂપ હિંસાનું પાપ સ્પષ્ટ હોવા છતાં તેના પ્રાયશ્ચિત્તરૂપે ભગવાને માત્ર ઈરિયાવહિયા કરવારૂપ જ પ્રાયશ્ચિત આપ્યું. એટલે સૂક્ષ્મ-બાદર અપરાધ તે માત્ર બાહ્યદૃષ્ટિથી ન વિચારતા ગીતાર્થ ગુરુભગવંતની દૃષ્ટિથી વિચારી તે અપરાધની ક્ષમા માંગવાની છે.

હવે ત્રીજા પ્રકારના અપરાધો બતાવે છે,

**तुब्भे जाणह, अहं न जाणामि,** : તમે જાણો છો, હું જાણતો નથી.

કોઈક અપરાધ એવા હોય કે જેનું શિષ્યને જ્ઞાન ન હોય પણ ગુરુભગવંત તે અપરાધને જાણતા હોય અને કોઈક વાર ખબર હોય છતાં પ્રમાદ કે અનુપયોગથી ભૂલ થઈ હોય. આ વિષયમાં ચતુર્ભંગી આ રીતે થઈ શકે.

૧. તમે જાણો છો, હું જાણતો નથી - ગુરુભગવંત શાસ્ત્રજ્ઞાતા હોય છે. તેથી ઘણી વાતમાં આપણને અપરાધ જેવું ન લાગતું હોય, છતાં તેમની દૃષ્ટિમાં તે અપરાધ જણાતો હોય.

૨. તમે જાણો છો, હું પણ જાણું છું – ઘણા અપરાધ એવા હોય જે શિષ્યને ખબર હોય છતાં પ્રમાદ, સહસાત્કાર આદિ દોષોને કારણે થયા હોય. જેને ગુરુભગવંત પણ જાણતા જ હોય.

૩. હું જાણું છું, તમે જાણતા નથી – ઘણીવાર સંકલ્પ-વિકલ્પવાળા મનને કારણે ગુરુના વિષયમાં ન કરવા યોગ્ય વિચારો કર્યા હોય, જે ગુરુભગવંત જાણતા ન હોય. પરોક્ષમાં તેમના સંબંધી કાંઈપણ ઘસાતું બોલાયું હોય, જે શિષ્યને ખબર હોય પણ ગુરુ જાણતા નાં હોય. કાયાથી પણ તેમના આસનને પગ લાગવારૂપ ક્રિયા થઈ હોય જે ગુરુ જાણતા ન હોય.

૪. હું પણ જાણતો નથી, તમે પણ જાણતા નથી – એવા પણ અપરાધ હોઈ શકે. જેની શિષ્યને ખબર જ ન હોય અને ગુરુ પણ છદ્મસ્થ હોવાથી જાણી ન શક્યા હોય. આ સર્વે અપરાધોને સ્મૃતિમાં લાવી, આ પદ બોલવા દ્વારા ક્ષમાપના માંગવાની છે.

બીજી રીતે આવો અર્થ પણ થઈ શકે કે શિષ્ય અલ્પ બુદ્ધિવાળો-અગીતાર્થ હોય છે. તેથી તેને પોતાની અનાભોગાદિથી થતી કેટલીક ભૂલો ખ્યાલમાં હોતી નથી. પણ ગુરુભગવંતો જ્ઞાની-ગીતાર્થ હોય છે. તેથી શિષ્યની થયેલી ભૂલો તેમના ખ્યાલમાં હોય છે. તે ભૂલોને તેમના દ્વારા જાણી તેના પ્રાયશ્ચિત્ત માટે શિષ્ય આ શબ્દો બોલે છે.

**तस्स मिच्छा मि दुक्कडं** : તેનું 'મિચ્છા મિ દુક્કડં' અર્થાત્ મારું તે સર્વ

પાપ મિથ્યા થાઓ.

અહીં બતાવેલ સર્વ પ્રકારના અપરાધથી જે કાંઈ પણ દુષ્કૃત=પાપ, થયું હોય તે મારું મિથ્યા થાઓ, ફળશૂન્ય બનો એ પ્રમાણે આખા વાક્યનો અર્થ છે.

## મિચ્છા મિ દુક્કડં શબ્દનો વિશેષાર્થ :

**मिच्छा मि दुक्कडं** ના એક એક શબ્દનો અર્થ આવશ્યક નિર્યુક્તિ પ્રમાણે નીચે મુજબ છે. "**मि-च्छा-मि-दु-क्क-डं**" એ છ અક્ષરોમાં પહેલો

'**मि**' = મૃદુતા : મૃદુ-માર્દવપણાના અર્થમાં છે. અર્થાત્ કાયાથી નમ્ર અને ભાવથી લઘુ બનીને,

'**च्छा**' = છાદન : જે દોષો લાગ્યા હોય તેનું છાદન કરવા માટે, એટલે કે હવે ફરી નહિ કરવાના નિર્ણયપૂર્વક,

'**मि**' = મર્યાદામાં : મર્યાદામાં એટલે કે ચારિત્રના આચારોમાં સ્થિર બનીને અને

'**दु**' = દુર્ગંચ્છા : મારા પાપી આત્માની દુર્ગંચ્છા = નિંદા કરું છું.

ચારેય અક્ષરોનો સળંગ અર્થ-કાયાથી અને ભાવથી નમ્ર બનીને, ચારિત્રની મર્યાદામાં રહેલો, હું દોષોને આચ્છાદન કરવા, મારા પાપી આત્માને નિંદુ છું.

'**क**' = કરાયેલું : મેં કરેલા પાપની કબૂલાત કરું છું.

'**डं**' = ડયન : હું ડયન કરું છું એટલે ઉપશમ દ્વારા ઉલ્લંઘન કરું છું.

એ 'મિચ્છા મિ દુક્કડં' પદના અક્ષરોનો સંક્ષેપથી અર્થ છે."

જ્યારે શિષ્ય "મિચ્છા મિ દુક્કડં" બોલે એટલે ગુરુદેવ પણ તેની પાસે ક્ષમાપના માંગતાં કહે કે -

अहमवि खामेमि तुम्हं, ( जं किंचि अपत्तियं परपत्तिअं अविणया सारिया वारिया चोइया पडिचोइया तस्स मिच्छा मि दुक्कडं )

*"હે વત્સ, હું પણ તને ખમાવું છું. તને અવિનયથી રોકતાં, તારા દોષોનું સ્મરણ કરાવતાં, તને અતિચારોથી અટકાવતાં, તને પ્રમાદ ઉડાડવાની પ્રેરણા કરતાં અને કરવા યોગ્ય કાર્યોની વારંવાર પ્રેરણા કરતાં મેં જે કાંઈ અપ્રીતિ ઉપજાવનારું તથા વિશેષ અપ્રીતિ ઉપજાવનારું કાર્ય કર્યું હોય, તે સંબંધી મારું*

*સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ. મારાથી તને કાંઈ કઠોર વગેરે ભાષામાં અપ્રીતિકર કહેવાયું હોય તો મારું પણ 'મિચ્છા મિ દુક્કડં'."*

કેવું અદ્‌ભુત છે આ જિનશાસન ! જ્યાં ગુરુ પણ શિષ્ય પાસે ક્ષમા માંગે.

પંચાંગ પ્રણિપાતરૂપ પ્રથમ સૂત્ર દ્વારા ગુરુ પ્રત્યે વિશેષ પ્રકારે વિનય બતાવાયો, ઈચ્છકારસૂત્ર દ્વારા સંયમી આત્માના શરીર આદિની સુખાકારીની પૃચ્છા કરી, વિશેષ બહુમાનભાવ વ્યક્ત કરાયો અને આ અબ્ભુટ્ઠિઓ સૂત્ર દ્વારા ગુરુ પ્રત્યે થયેલા અપરાધોની ક્ષમાપના કરાઈ. આ રીતે ત્રણ પ્રકારના ગુરુવંદનમાં થોભ વંદનમાં ઉપયોગી ત્રણ સૂત્રનો અર્થ સમાપ્ત થયો.

# ઈરિયાવહિયા સૂત્ર

સર્વ ધર્મનું મૂળ સમતા છે અને તે સમતાની પ્રાપ્તિનો ઉપાય સામાયિકની ક્રિયા છે. તેથી ગુરુવંદન માટે જરૂરી સૂત્રો જોયા બાદ હવે આપણે સામાયિકની ક્રિયામાં ઉપયોગી સૂત્રોની વિચારણા કરીશું.

**સૂત્ર પરિચય :**

'ઈરિયાવહિયા' શબ્દથી શરૂ થતા આ સૂત્રને **ઈરિયાવહિયા સૂત્ર** કહેવામાં આવે છે અને તેનું બીજું નામ **'ઈરિયાપથ પ્રતિક્રમણ સૂત્ર'** પણ છે. ઈર્યા એટલે ચર્યા. ચર્યા એટલે ગમનાગમન અથવા જીવનચર્યા. ગમનાગમન કરતાં અથવા જીવનના કોઈ પણ વ્યવહાર કરતાં જીવહિંસાદિ પાપો થયા હોય તો તે પાપોનું પ્રતિક્રમણ આ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

ધર્મસંગ્રહ ગ્રંથમાં ઈર્યાનો અર્થ ધ્યાન-મૌનાદિરૂપ ભિક્ષુવ્રત ગ્રહણ કરેલ છે. તેથી આ ઈર્યાવહિયા કરતાં મુનિને તે પણ ખ્યાલ હોવો જોઈએ કે, ધ્યાન-મૌનાદિરૂપ ક્રિયાનું જે ઉલ્લંઘન થયું છે, તેનાથી અટકવા પણ આ સૂત્ર બોલવામાં આવે છે.

સામાયિકની ક્રિયાનો પ્રારંભ કરતાં નવકાર-પંચિંદિય બોલીને ગુરુસ્થાપના કરાય છે અને ત્યારબાદ આ સૂત્રના માધ્યમે ઈરિયાવહિયા એટલે કે ઈર્યાપથની વિરાધનાનું પ્રતિક્રમણ કરવામાં આવે છે. સાધ્વાચાર કે શ્રાવકાચાર સંબંધી કોઇપણ દોષાચરણથી આત્મા મલિન થયો હોય તો તેની વિશુદ્ધિ માટે આ પ્રતિક્રમણ કરવાનું હોય છે. કોઈકવાર કદાચ દેખીતી રીતે દોષો ન થયા હોય

તો પણ ભવિષ્યમાં એ દોષો થવામાં કારણભૂત એવા આત્મામાં પડેલા કુસંસ્કારોના શોધન માટે પણ સામાયિક, ચૈત્યવંદન આદિ ક્રિયાનો પ્રારંભ કરતાં સદૈવ ઇરિયાવહિયાની ક્રિયા કરવાની હોય છે.

સામાયિકાદિ ધર્મ સર્વ જીવ-જગત અને જડ-જગત ઉપર સમતાના પરિણામ સ્વરૂપ છે. જીવની હિંસા કરવાથી જીવ સાથેનો અમૈત્રીરૂપ વિષમ ભાવ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી હિંસા દ્વારા કરેલા વિષમ ભાવની સાચા હૈયાથી ક્ષમાપના ન થાય ત્યાં સુધી જીવ સાથેનો સ્નેહ-પરિણામ થઈ શકતો જ નથી અને જીવ પ્રત્યેના **મૈત્રીભાવરૂપ સ્નેહ-પરિણામ વિના ધર્મનો પ્રારંભ કે ધર્મનો વિકાસ શક્ય જ નથી.** એક પણ જીવ સાથે જ્યાં સુધી ચિત્તમાં સંક્લેશનો પરિણામ છે, ત્યાં સુધી ધર્મક્રિયામાં ચિત્તની પ્રસન્નતા આવતી નથી, ચિત્તની પ્રસન્નતા વિનાનો ધર્મ તે વાસ્તવમાં ધર્મ જ નથી. શાસ્ત્રમાં લખ્યું છે કે, મૈત્રી આદિ ભાવોથી જેનું ચિત્ત સુવાસિત નથી, તે બીજાને સુખ નહિ આપતો ક્યારેય સ્વયં સુખ પામી શક્તો નથી.

આત્મિક સુખને પામવાની ઇચ્છાવાળાએ આથી જ સૌ પ્રથમ જીવહિંસાદિથી થતા અમૈત્રીભાવથી અટકવું જોઈએ, **સર્વ જીવમાત્રનું સન્માન કરવું જોઇએ, સૂક્ષ્મ રીતે પણ કોઈનું અપમાન થાય કે કોઇને પીડા થાય તેવું વર્તન મન-વચન-કાયાથી ન જ કરવું જોઈએ** અને કદાચ કોઈવાર કષાયને કારણે, ઉતાવળથી કે અનાભોગથી (અવિચારિત પ્રવૃત્તિથી) કોઈને લેશ પણ દુઃખ થયું હોય તો તેની આ સૂત્ર દ્વારા હાર્દિક ક્ષમાપના કરી લેવી જોઈએ.

આ જ કારણોસર ધર્મક્રિયાની શરૂઆત કરતાં પહેલા, જીવ પ્રત્યેનો મૈત્રીભાવ કેળવવા અને ખરાબ કૃત્યોથી કલુષિત બનેલા આત્માને પ્રતિક્રમણ દ્વારા નિર્મળ બનાવવા ઈરિયાવહિયા કરવાની ખાસ વિધિ છે. જેમ જીવહિંસા આદિ ઇર્યાપથની વિરાધના છે તેમ કોઈપણ સાધ્વાચારનું ઉલ્લંઘન પણ ઇર્યાપથની જ વિરાધના છે, તેથી સાધકે સંપૂર્ણ સાધ્વાચારને સ્મૃતિમાં ઉત્પન્ન કરીને તે સંબંધી વિરાધનાઓનું પણ આ સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરીને જ ધર્મક્રિયાનો પ્રારંભ કરવો જોઈએ.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, વ્યવહારનયથી 'પ્રતિક્રમણ' શબ્દનો અર્થ 'પાપથી પાછા ફરવું,' તેમ થાય છે, જ્યારે નિશ્ચયનયથી તો 'પાપ ન કરવું' એ જ પ્રતિક્રમણ છે, માટે જ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે,

**'મૂળપદે પડિક્કમણું ભાખ્યું પાપ તણું અણ કરવું રે'**

- સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન, ઢા. ૧

પાપ કરીને ગુરુ સમક્ષ તેની શુદ્ધિ કરવી અને પછી કાળજી રાખવી કે પુનઃ તેવું પાપ ન થાય, એ તો અપવાદિક પ્રતિક્રમણ છે. **ઉત્સર્ગ માર્ગે તો પાપ કરવું જ નહીં તે પ્રતિક્રમણ છે.** જેમ શરીર કાદવવાળું થાય તો તેને ધોવું પડે છે, પરંતુ ધોવા કરતાં તો શરીર કાદવવાળું થાય જ નહીં તેવું ધ્યાન રાખવું, એ જ વધુ ઉત્તમ છે. તેમ પાપથી આત્મા મલિન થાય પછી પ્રતિક્રમણથી તેને શુદ્ધ કરવાની ક્રિયા કરવા કરતાં તો પાપ જ ન થાય તેવું ચિત્ત બનાવવું એ જ વધુ ઉત્તમ છે. આથી જ ઉત્સર્ગથી તો પ્રતિક્રમણની ક્રિયા પાપ પ્રત્યે જુગુપ્સા કેળવવા અને પાપ જ ન થાય તેવી સજાગતા કેળવવા માટે કરાય છે.

એક શુભ ક્રિયાથી બીજી શુભ ક્રિયાના પ્રારંભમાં જે ઈરિયાવહિયા કરાય છે, તે આ ઔત્સર્ગિક પ્રતિક્રમણમાં રહેવાના અત્યંત પ્રયત્ન માટે છે અને પૂર્વ ક્રિયામાં હિંસાદિ જે દોષો લાગ્યા હોય તેના નિવર્તન માટે જે ઈર્યાપ્રતિક્રમણ કરાય છે તે અપવાદથી પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કર્યા બાદ પુનઃ તેવી જ સ્ખલના ન થાય તે માટે ખૂબ સજાગ રહેવું જોઈએ. જો પુનઃ તે પાપથી અટકવાનો ભાવ ન હોય તો તો તે પ્રતિક્રમણ અપવાદથી પણ પ્રતિક્રમણ રહેતું નથી.

આ સૂત્રના એક-એક પદો ધ્યાનથી અને ઉપયોગપૂર્વક જો બોલવામાં આવે તો કરેલા પાપો પ્રત્યેની જુગુપ્સા વધે છે. પાપ પ્રત્યેની જુગુપ્સા વધતાં સંવેગભાવ વૃદ્ધિ પામે છે અને સંવેગભાવ વધતાં વધતાં અઈમુત્તા મુનિની જેમ કેવળજ્ઞાનનું કારણ પણ બની શકે.

---

**નોંધ :** સંસ્કૃત વ્યાખ્યાકારોએ દીર્ઘ ઈવાળા 'ईर्' ધાતુ પરથી 'ईर्या' 'શબ્દ તથા 'ऐर्यापथिकी આદિ શબ્દ સમજાવેલ છે, પ્રાકૃત-પદ્ધતિ પ્રમાણે એમાં स्याद्-भव्य-चैत्य-चौर्य समेषु यात् (હૈમ. શ. ૮-૨-૨૦૭) સૂત્ર દ્વારા य પહેલાં र् માં इ ઉમેરતાં 'ईरिया' શબ્દ સાધી શકાય છે, તેવા શબ્દો સમવાયાંગસૂત્ર, ઓઘનિર્યુક્તિ, સુરસંદરીચરિય વગેરેમાં મળે છે. વિશેષાવશ્યક-ભાષ્યમાં 'ईरइ તથા પ્રશ્નવ્યાકરણમાં ईरियव्वं શ્રીહરિભદ્રસૂરિની આવશ્યકસૂત્ર-વૃત્તિ (પત્ર-૬૧૬)માં ईरियासमिईए વગેરે પ્રયોગો જોવામાં આવે છે. છતાં લેખન-ઉચ્ચારણ સરલતા આદિ કારણે બન્ને પ્રકારના (હ્રસ્વ અને દીર્ઘ) પ્રયોગો મળે છે, તે પ્રાકૃત શબ્દ મહાર્ણવ જેવા કોશ દ્વારા પણ જાણી શકાય છે. ઋ. કે પેઢી તરફથી પ્રકાશિત ષડાવશ્યકસૂત્રાણિ પત્ર ૩, ૧૩, ૧૪માં દીર્ઘ ઈવાળા પાઠો છે.

મૂળ સૂત્ર :

**इच्छाकारेण संदिसह भगवन् ! ईरियावहियं पडिक्कमामि ? इच्छं ।**

**इच्छामि पडिक्कमिउं ईरियावहियाए विराहणाए ।**

**गमणागमणे ।**

**पाण-क्कमणे, बीय-क्कमणे, हरिय-क्कमणे,**

**ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडा-संताणा-संकमणे ।**

**जे मे जीवा विराहिया ।**

**एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया ।**

**अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं, संकामिया, जीवियाओ ववरोविया,**

**तस्स मिच्छा मि दुक्कडं ।।**

પદ-૨૯ સંપદા-૭ અક્ષર-૧૫૦

૧. અભ્યુપગમ-સંપદા.

इच्छामि १, पडिक्कमिउं २. ।।१।।

૨. નિમિત્ત-સંપદા.

ईरियावहियाए ३, विराहणाए ४. ।।२।।

૩. ઓઘ-સંપદા.

गमणागमणे ५. ।।३।।

૪. ઇતરહેતુ-સંપદા.

पाण-क्कमणे, ६, बीय-क्कमणे, ७, हरिय-क्कमणे, ८, ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडा-संताणा-संकमणे ९. ।।४।।

૫. સંગ્રહ-સંપદા.

जे मे जीवा विराहिया १०. ।।५।।

૬. જીવ-સંપદા.

एगिंदिया ११, बेइंदिया १२, तेइंदिया १३, चउरिंदिया १४, पंचिंदिया १५. ।।६।।

૭. વિરાધના-સંપદા.

अभिहया १६, वत्तिया १७, लेसिया १८, संघाइया १९, संघट्टिया २०, परियाविया २१, किलामिया २२, उद्दविया २३, ठाणाओ ठाणं २४, संकामिया २५, जीवियाओ ववरोविया-तस्स मिच्छा मि दुक्कडं २६. ।।७।।

## અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :

**भगवन् ! इच्छाकारेण संदिसह ईरियावहियं पडिक्कमामि ?**

भगवन् ! इच्छाकारेण संदिशत ऐर्यापथिकीं प्रतिक्रमामि ?

હે ભગવન્ ! સ્વેચ્છાથી આજ્ઞા આપો હું ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરું ?

(ગુરુ કહે - 'पडिक्कमेह' તું પ્રતિક્રમણ કર.)

**इच्छं.**

इच्छामि

ઈચ્છું છું. (હું આપની આજ્ઞા સ્વીકારું છું.)

**ईरियावहियाए विराहणाए पडिक्कमिउं इच्छामि**

ऐर्यापथिक्याः विराधनायाः प्रतिक्रमितुम् इच्छामि ।

હું ઐર્યાપથિકી વિરાધનાથી પ્રતિક્રમવાને ઈચ્છું છું,

**गमणागमणे ।**

गमनागमने ।

ગમનાગમન કરવામાં

**पाण-क्कमणे, बीय-क्कमणे, हरिय-क्कमणे,**

**ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडा-संताणा-संकमणे ।**

प्राण-आक्रमणे, बीज-आक्रमणे, हरित-आक्रमणे,

अवश्याय-उत्तिंग-पनक-दकमृत्तिका-मर्कट-संतान-संक्रमणे ।

પ્રાણીને ચાંપતાં, બીજને ચાંપતાં, લીલોતરીને ચાંપતાં,

ઝાકળ-કીડિયારું-લીલફૂગ-કાદવ-કરોળિયાની જાળને ચાંપતાં,

**मे जे एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया जीवा विराहिया**

मया ये एकेन्द्रियाः, द्वीन्द्रियाः, त्रीन्द्रियाः, चतुरिन्द्रियाः, पञ्चेन्द्रियाः जीवाः विराधिताः ।

મારા વડે જે એકેન્દ્રિય જીવો, બેઇન્દ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો, ચઉરિન્દ્રિય જીવો અને પંચેન્દ્રિય જીવો વિરાધાયા હોય.

**अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं संकामिया, जीवियाओ ववरोविया**

अभिहताः[१], वर्तिताः[२], श्लेषिताः[३], संघातिताः[४], संघट्टिताः[५], परितापिताः[६], क्लामिताः[७], अवद्राविताः[८], स्थानात् स्थानं संक्रामिताः[९], जीवितात् व्यपरोपिताः[१०],

લાતે મરાયા હોય[૧], ધૂળે ઢંકાયા હોય[૨], ભોંય સાથે ઘસાયા હોય[૩], ભેગા કરાયા હોય[૪], થોડો સ્પર્શ કરાયો હોય[૫], પરિતાપ ઉપજાવાયા હોય[૬], ખેદ પમાડાયા હોય[૭], ઉદ્વેગ પમાડાયા હોય[૮], એક સ્થાનેથી બીજે સ્થાને મૂકાયા હોય[૯], જીવિતથી છૂટા કરાયા હોય[૧૦]

**तस्स मि दुक्कडं मिच्छा ।**

तस्य मे दुष्कृतम् मिथ्या ।

તેનું = તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

**વિશેષાર્થ :**

**इच्छाकारेण संदिसह भगवन् ! ईरियावहियं पडिक्कमामि? :** હે ભગવંત ! આપ મને ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરું ?

ઈરિયાવહિયાની ક્રિયાનો પ્રારંભ કરતાં સૌ પ્રથમ શિષ્ય ગુરુભગવંત પાસે અતિનમ્રભાવે આજ્ઞા માંગે છે કે, આપ બળાત્કારથી નહિ, પરંતુ ઈચ્છાપૂર્વક મને આજ્ઞા આપો તો હું ઇર્યાપથની વિરાધનાનું પ્રતિક્રમણ કરું ? ગુણસંપન્ન ગુરુ ઉત્તમ ક્રિયા માટે હંમેશા યોગ્ય અવસર જાણીને શિષ્યને ઉચિત હોય તેવી આજ્ઞા આપતાં જ હોય છે, તો પણ ઉત્તમ શિષ્ય પોતાના વિનયગુણની વૃદ્ધિ માટે કોઈપણ કાર્યનો પ્રારંભ કરતા હંમેશા ગુરુ પાસે આજ્ઞા માંગે જ છે.

નમ્રભાવે પ્રતિક્રમણની આજ્ઞા માંગતાં વિનીત શિષ્યના પૂછાયેલ પ્રશ્નનાં જવાબમાં ગુરુ કહે છે કે, **पडिक्कमेह** તું પ્રતિક્રમણ કર.

**इच्छं :** હું ઈચ્છું છું.

'ઇચ્છં' કહી શિષ્ય એમ જણાવે છે કે, આપની આજ્ઞા પ્રમાણ છે અર્થાત્ ગુરુની આજ્ઞાનો તે સ્વીકાર કરે છે. આમ ગુરુએ 'पडिक्कमेह' શબ્દ દ્વારા જે પ્રતિક્રમણ કરવા માટેની સંમતિ આપી હતી તે સ્વરૂપ ગુરુની આજ્ઞા પ્રમાણે કરવા શિષ્ય ઇચ્છે છે એ વાત 'ઈચ્છં' શબ્દથી જણાય છે. જો આજ્ઞાનો આ રીતે સ્વીકાર ન કરાય અને મૌનપણે કાર્યનો પ્રારંભ કરાય તો અવિનય થાય અને આધ્યાત્મિક ક્ષેત્રમાં અવિનયથી કરેલ ક્રિયા ક્યારેય ફળવાન થતી નથી.

હવે ગુરુની આજ્ઞા મેળવ્યા બાદ પ્રતિક્રમણ કરવાની શરૂઆત કરતાં શિષ્ય કહે છે કે,

**इच्छामि पडिक्कमिउं :** હું પ્રતિક્રમવાને ઈચ્છું છું.

ગુરુ દ્વારા આજ્ઞા પ્રાપ્ત થતાં જ શિષ્ય પરમ ઉત્સાહિત થઈને ઉપયોગપૂર્વક ઈર્યાપથના પ્રતિક્રમણ માટે ઉદ્યમવાળો બને છે. સામાયિકવ્રત ઉચ્ચરતાં પહેલાં આ સૂત્રના આધારે પોતાનાથી જે કાંઈપણ જીવવિરાધના થઈ હોય તેના પ્રત્યે સાધક, મનથી અણગમો, જુગુપ્સા, ઘૃણા આદિ ભાવો પેદા કરે છે. એક પાપ પ્રત્યે પેદા થયેલા આ જુગુપ્સા આદિ ભાવથી સાધકમાં સર્વ પાપથી અટકવાનો પરિણામ પેદા થાય છે.

પ્રતિ = પાછું અને ક્રમણ = ફરવું, આમ પ્રતિક્રમણ શબ્દનો અર્થ પાછા ફરવું થાય છે. પોતે કરેલી સ્ખલનાથી પાછા ફરવું તે પ્રતિક્રમણ[1] છે. જીવનો મૂળ સ્વભાવ પોતાના જ્ઞાનાદિ ગુણોમાં રહેવાનો છે અથવા જ્ઞાનાદિ ગુણોના પોષક ધ્યાન-મૌનાદિ આચારો સેવવાનો છે. આ મૂળ સ્વભાવને છોડીને જો આત્મા વિષયો કે કષાયોરૂપ પરભાવમાં ચાલ્યો ગયો હોય તો ત્યાંથી આત્માને પોતાના મૂળ સ્વભાવમાં લાવવાની ક્રિયાને પ્રતિક્રમણ કહેવાય છે. આ શબ્દો દ્વારા શિષ્ય આવું પ્રતિક્રમણ કરવાની પોતાની ઇચ્છા પ્રગટ કરે છે.

આ પદ દ્વારા **પહેલી અભ્યુપગમ સંપદા** પૂર્ણ થાય છે. આલોચના કરવાનો સ્વીકાર એ જ અભ્યુપગમ સંપદા છે. આ પદમાં પ્રતિક્રમણ કરવાનો સ્વીકાર કર્યો છે, તેથી આ પદ અભ્યુપગમ સંપદા છે.

હવે શેનું પ્રતિક્રમણ કરવાની ઈચ્છા છે તે બતાવે છે.

---

1. **स्वस्थानात् यत् परस्थानं, प्रमादस्य वशाद् गतः ।**
**तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ।।** - (હરિભદ્રસૂરિકૃત આવશ્યક ટીકા)

**इरियावहियाए विराहणाए :** ઐર્યાપથિકીની વિરાધનાથી.

આ પદો દ્વારા સાધક વિશેષથી ઇર્યાપથિકી વિરાધનાથી પ્રતિક્રમવાની ઈચ્છા પ્રગટ કરે છે. ઇર્યાપથ એટલે ગમનાગમનનો માર્ગ અથવા ઈર્યા એટલે જીવનચર્યા - શ્રાવક અથવા સાધુની જીવન ચર્યા. અહીં માર્ગમાં ચાલતાં થયેલ વિરાધનાના પાપથી પાછા ફરવાની ઈચ્છા અથવા તો શ્રાવકાચાર કે સાધ્વાચારમાં ક્યાંય લેશ પણ સ્ખલના થઈ હોય તો તેનાથી પાછા ફરવાની ઈચ્છા, શિષ્ય ગુરુ પાંસે વ્યક્ત કરે છે.

વિરાધનાને સમજવા માટે આપણે પહેલા આરાધના શું છે તે સમજવું પડશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગની ઉપાસના કરવી તે આરાધના, અથવા તો સંયમમાર્ગનું યથાવિધ પાલન કરવું તે આરાધના છે. આવી આરાધનાથી વિપરીત આચરણ તે વિરાધના છે, અથવા તો વિકૃત થયેલી આરાધના તે વિરાધના. જે આરાધનામાં ખામી કે ભૂલ રહી હોય તે વિરાધના છે. વિરાધનાનો બીજો અર્થ પ્રાણીને દુઃખ ઉપજાવવું = પીડા આપવી તે પણ છે. અહીં આ જ અર્થમાં વિરાધનાનો પ્રયોગ કરાયો છે. આ વિરાધનાના ચાર પ્રકાર છે.

૧. **અતિક્રમ** : આરાધનાના ભંગ માટે કોઈ પ્રેરણા કરે અને પોતે તેનો નિષેધ ન કરે તે અતિક્રમ છે.

૨. **વ્યતિક્રમ** : વિરાધના માટેની તૈયારી તે વ્યતિક્રમ છે.

૩. **અતિચાર** : જેમાં કાંઈક અંશે દોષનું સેવન થાય તે અતિચાર છે.

૪. **અનાચાર** : જે સંપૂર્ણપણે આરાધનાને ભાંગે, જેમાં આરાધનાનું કોઈ પણ તત્ત્વ જ ન હોય તે અનાચાર છે.

સાધ્વાચારના વિષયમાં થયેલ આવી સર્વ વિરાધનાને યાદ કરવાપૂર્વક અત્યંત ઉપયોગથી આ પદ બોલવામાં આવે તો અનાભોગથી, સહસાત્કારથી કે પ્રમાદ આદિ કારણે થયેલ કોઈપણ વિરાધનાથી પાછા ફરવાનો પરિણામ પેદા થાય છે.

મુનિ ભગવંતો પાંચ મહાવ્રતને અને શ્રાવકો ૧૨ અણુવ્રતોને આરાધે છે. આ વ્રતની આરાધના કરતાં હિંસા, જૂઠ, ચોરી આદિ કાંઈ પણ થાય તો વિરાધના થાય છે. આ સૂત્રમાં તો માત્ર હિંસાજન્ય વિરાધનાનું જ પ્રતિક્રમણ છે, તેવું આપાતથી જોતાં લાગે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો સમજાય કે, સર્વ વ્રતોમાં

મુખ્ય અહિંસાવ્રત છે. બાકીના ચારેય પરિણામો હિંસાના કારણ હોવાથી હિંસામાં જ તે સઘળાનો સમાવેશ થઈ જાય છે. તેથી અહીં સર્વ પાપના સંગ્રહરૂપ જીવહિંસાને મુખ્ય ગણી તેને સામે રાખીને શુદ્ધિનો ક્રમ બતાવ્યો છે.

અહીં **બીજી નિમિત્ત સંપદા** પૂર્ણ થઈ. આ પદ દ્વારા આલોચનાનું કારણ બતાવાય છે માટે આ નિમિત્ત સંપદા છે.

હવે સાધક જે વિરાધનાનાનું પ્રતિક્રમણ કરવા ઇચ્છે છે, તે વિરાધનાના કારણો બતાવે છે –

**गमणागमणे :** જવામાં અને આવવામાં,

સ્વસ્થાનથી અન્યત્ર જવું તે ગમન છે અને પાછું આવવું તે આગમન છે. કોઈ પણ સ્થાને જવામાં અને ત્યાંથી પાછા આવવામાં થયેલી વિરાધનાનું આ સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરવાનું છે.

અહીં **ત્રીજી ઓઘ સંપદા** પૂર્ણ થઈ. આ પદ દ્વારા વિરાધનાનો સામાન્ય હેતુ દર્શાવ્યો છે માટે આને ઓઘ અર્થાત્ સામાન્ય હેતુ સંપદા કહે છે,

વિરાધનાનું કારણ બતાવી હવે તેના પ્રકારો બતાવે છે.

**पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, :** પ્રાણીને ચાંપતાં, બીજને ચાંપતાં, લીલોતરીને ચાંપતાં,

**पाणक्कमणे** - એટલે પ્રાણી પર આક્રમણ કરવું . સામાન્યથી પાંચ ઈન્દ્રિય, મનોબળ, વચનબળ, કાયબળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસરૂપ દશ પ્રાણોમાંથી યથાયોગ્ય પ્રાણો જેમાં વર્તે તેને પ્રાણી કહેવાય. પરંતુ અહીં પ્રાણી શબ્દનો ખાસ ઉપયોગ તો જેનામાં ઈન્દ્રિયો વ્યક્ત થયેલી છે, તેવા જીવોને ઓળખાવવા માટે કર્યો છે. એટલે કે બેઈન્દ્રિયાદિ જીવોને અહીં પ્રાણી તરીકે ઓળખાવ્યા છે. કેમકે, એકેન્દ્રિયના ભેદો આ પછીના બીયક્કમણે આદિ પદોથી કહેલ છે. આ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનું આક્રમણ કરવું એટલે પગ વડે તે જીવને ચાંપવા-દબાવવા વગેરે દ્વારા.

આ પદ બોલતાં આપણા દ્વારા જે કોઈ પણ ત્રસ જીવોની વિરાધના થઇ હોય તે સ્મૃતિમાં લાવવાની છે. જેમકે, ઉપયોગની શૂન્યતા આદિના કારણે પગ

નીચે કોઈ જીવ આવી મરી ગયો હોય તે, અથવા જીવને બચાવવાનો કોઇ પરિણામ ન કર્યો હોય તે. અથવા ચાલતી વખતે આપણો મારવાનો પરિણામ ન હોય પરંતુ તેં જીવો ન મરે તેની કાળજી પણ ન હોય તે વગેરે. જીવને બચાવવાના પ્રયત્ન ન કરવારૂપ ઉપેક્ષાના પરિણામને પણ શાસ્ત્રકારે હિંસાસ્વરૂપ જ માની છે, આથી જ આ પદ દ્વારા ઉપેક્ષારૂપ જે ખરાબ અધ્યવસાય થયો છે તેને પણ યાદ કરી ખમાવવાનો છે. આ પદ દ્વારા તે સર્વ વિરાધનાની ક્ષમાપના માંગવાની છે.

**बीयक्कमणे** - એટલે બીજને ચાંપતા. સચિત્ત એવા ઘઉં, મગ, બાજરી આદિ ધાન્યના દાણાને કે બીજા કોઈપણ પ્રકારના સચિત્ત બીજ પગ નીચે આવ્યા હોય અથવા હાથથી કે અન્ય કોઈ વસ્તુથી તેની વિરાધના થઈ હોય, તો આ પદ દ્વારા તે સર્વ વિરાધનાને સ્મૃતિમાં લાવી, તેની ક્ષમા યાચવાની છે.

**हरियक्कमणे** - એટલે લીલી વનસ્પતિ-લીલા ઘાસ-વૃક્ષો, છોડવા કે અન્ય કોઈ લીલોતરી ઉપર પગ આવ્યો હોય કે, હાથ-વસ્ત્ર આદિથી તેની વિરાધના થઈ હોય, તો આ પદ દ્વારા તેને યાદ કરી ખમાવવાની છે.

**ओसा-उत्तिंग-पणग-दगमट्टी-मक्कडा-संताणा-संकमणे** : ઝાકળ-કીડિયારું-લીલફૂગ-કાદવ-કરોળિયાની જાળને ચાંપતાં,

**ओसा** - એટલે પ્રભાતકાળે પડેલ ઝાકળ. તેમાં ચાલતાં, તેના ઉપર પગ આદિ મૂકતા કે હાથથી પણ તેની કોઈ વિરાધના થઈ હોય તો તેની આ પદથી નોંધ લેવાની છે.

**उत्तिंग** - એટલે ભૂમિમાં ગોળ છિદ્ર પાડનાર ગર્દભ આકારના જીવો અથવા કીડીઓના દર. તેને બંધ કરતાં, તેમાં પાણી આદિ જવા દેતાં કે હાથ-પગથી તેની કિલામણા થઈ હોય તો તેનું 'મિચ્છા મિ દુક્કડં' આપવાનું છે.

**पणग** - એટલે લીલફુગ. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં, ભેજવાળા વાતાવરણમાં ખાદ્ય પદાર્થો ઉપર, પૃથ્વી ઉપર કે મેલા વસ્ત્રાદિ ઉપર આ લીલફૂગ થવાની સંભાવના છે. આ લીલફુગ આદિની પણ જે જે રીતે વિરાધના થઈ હોય તે સંબંધી મારું સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

**दग-मट्टी** - એટલે કાચું પાણી અથવા કીચડ, ઢીલો કાદવ. પાણી અને માટી

મળીને જે કાદવ બને છે, તે ઢીલા કાદવને દગ-મટ્ટી કહેવાય છે. અથવા દગ= કાચું પાણી અને મટ્ટી=સચિત્ત માટી. તેની પણ કોઈપણ રીતે વિરાધના કરી હોય. ધુમ્મસ પડવાથી કે વરસાદના દિવસોમાં જમીન ઉપર પડેલ કાચું પાણી કે શરીર, પુસ્તક આદિ ઉપર જે પાણી પડ્યું હોય, તેની યોગ્ય જયણા સાચવી ન હોય, તેને ફૂંક મારી કે હાથથી લૂંછી નાખવાના કારણે જે પાણીના જીવની વિરાધના થઈ હોય, ઉનાળાના દિવસોમાં પાણીના જળાશયો, નદીઓ વગેરે જોઈ આનંદ થયો હોય, નદી ઉતરતાં પાણીના જીવોનો સ્પર્શ ગમી ગયો હોય, નાયગરા વગેરે ધોધ જોવામાં આનંદ માણ્યો હોય તે સર્વે પાપોની વિરાધનાનું 'મિચ્છા મિ દુક્કડં' આપવાનું છે.

**જિજ્ઞાસા :** કુદરતી સૌંદર્ય જોવામાં પાપ શું લાગે ? જેથી તેનું 'મિચ્છા મિ દુક્કડં' દેવું જોઈએ ?

**તૃપ્તિ :** કુદરતી સૌંદર્ય તરીકે આપણે જોઈએ છીએ, વિવિધ આકૃતિવાળી વનસ્પતિઓ અને પાણીના સ્થાનો. આ બન્ને સ્થાનોમાં અસંખ્યાતા એકેન્દ્રિયના જીવો હોય છે. આ જીવોને તે તે સ્થાનમાં સ્થાવર નામકર્મના ઉદયના કારણે પુરાઈને રહેવું પડે છે. વળી, અત્યારે જે જે (હિલ સ્ટેશનો વગેરે) ફરવાના સ્થળો છે, ત્યાં તેનો દેખાવ સારો રાખવા માટે વનસ્પતિને અવાર-નવાર કાપે છે, નવી નવી ઉગાડે છે, ખરાબ થતાં તેને મૂળથી ઉખેડીને ફેંકી દે છે, અનેક લોકો તેના ઉપર ચાલે છે, કૂદે છે, હરે છે, ફરે છે, આ દરેક ક્રિયાથી આ એકેન્દ્રિયના જીવોને ત્રાસ થાય છે. આવા સૌંદર્યમાં આનંદ માણવાથી તે તે જીવોને થતી આ પીડાની અનુમોદના થાય છે. વળી, સૌ જોવા જાય છે, તેના કારણે જ પૈસાના અર્થી જીવો આ રીતે વનસ્પતિકાય આદિને પીડવાનું કાર્ય કરે છે. તેથી કરાવણનું પણ પાપ લાગે છે અને તે જીવો ઉપર ચાલવા વગેરેથી કરણનું પાપ પણ લાગે છે. માટે આવા કુદરતી સૌંદર્ય જોઈ મજા માણી હોય તેનું પણ 'મિચ્છા મિ દુક્કડં' આપવું જોઈએ.

**मक्कडा-संताणा** – એટલે કરોળિયાની જાળ. કરોળિયાની જાળને પાડી હોય, ઘર સાફ કરતાં કરોળિયાના ઘર ભાંગ્યા હોય તો તે વિરાધનાનું પણ સ્મરણ કરીને તેનાથી મલિન બનેલા આત્માને શુદ્ધ કરવાનો છે.

આ પદો બોલતાંની સાથે આપણને યાદ આવવું જોઈએ કે "મારે સૂક્ષ્મ રીતે પણ આવા કોઈ પણ પ્રકારના જીવોની વિરાધના નથી કરવાની. જો આવી

વિરાધના થઈ હોય તો તેના પ્રત્યે જુગુપ્સા કેળવવાની છે અને ન થઈ હોય તો **આ શબ્દો દ્વારા અહિંસાના પરિણામને દઢ કરવાનો છે, જેથી ભવિષ્યમાં સાવધાની રહે અને ચાલતાં ચાલતાં આવી વિરાધના ન થાય.**

**संकमणे** - એટલે ઝાકળથી કરોળીયાની જાળ સુધીના જીવોની આક્રમણથી થયેલ વિરાધના.

અહીં **सम्** ઉપસર્ગપૂર્વક **क्रम्** ધાતુનો - એક વસ્તુ આઘી-પાછી થાય, એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં પલટાઈ જાય, એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં મૂકાઈ જાય એવો અર્થ થાય છે. વળી, આવા જ ભાવને બતાવનારી અન્ય ક્રિયાઓ જેવી કે ઓળંગવું, પ્રવેશ કરવો, ફેરફાર કરવો વગેરે અર્થમાં પણ આ ધાતુ વપરાય છે. અહીં ઓળંગવાના અથવા ઉપર થઈને પસાર થઈ જવાના અર્થમાં આ "સંક્રમ" ધાતુ વપરાયેલો છે, એટલે કે આ જીવોને ઓળંગવા, તેમના ઉપર થઈને પસાર થવું વગેરે કરતા પણ જે જીવ વિરાધના થઈ હોય તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

આગળ બતાવવામાં આવશે તે "એગિંદિયા" વગેરે ભેદોથી સર્વ જીવોનો સમાવેશ થઈ જવાનો છે છતાં "હરિયક્કમણે" આદિ પદો દ્વારા જુદા જુદા જીવોની વિરાધના તે તે શબ્દો દ્વારા બતાવી, તેનું કારણ મનમાં તે તે જીવોની પૃથગ્ ઉપસ્થિતિ માટે થઈ હશે એવું લાગે છે.

આ પદથી **ચોથી વિશેષ હેતુ સંપદા** પૂર્ણ થાય છે. ગમનાગમન કરતાં વિશેષ પ્રકારે કઈ કઈ વિરાધના થઈ છે, તે આ પદમાં બતાવ્યું છે. માટે આ પદને વિશેષ હેતુ સંપદા અથવા ઈતર હેતુ સંપદા પણ કહેવાય છે.

**जे मे जीवा विराहिया :** મારાથી જે કોઈ પણ જીવની વિરાધના થઈ હોય.

જીવનો સામાન્ય અર્થ શરીરથી ભિન્ન ચેતના ગુણવાળો આત્મા થાય છે. પરંતુ જીવનશક્તિ ધારણ કરવાના ગુણને લીધે તે આત્મા જીવ કહેવાય છે. જીવન જીવવાની ક્રિયા જેના વડે થાય છે, તેવા જીવંત શરીરને પણ ઉપચારથી જીવ કહેવામાં આવે છે. છેદન, ભેદન, મારણ વગેરે આ જીવંત શરીરનું થાય છે, પણ તેનું સંચાલન કરનાર આત્માનું (જીવનું) નહીં.

અહીં **પાંચમી સંગ્રહ સંપદા** પૂર્ણ થઈ. સમસ્ત જીવ વિરાધનાનો સંગ્રહ કરનાર આ પદો હોવાથી આને સંગ્રહ સંપદા કહેવાય છે.

સામાન્યથી, મારાથી જે કોઈ જીવોની વિરાધના થઈ હોય એમ કહીને, હવે 'જે કોઈ જીવો' એટલે કયા કયા જીવો તે બતાવે છે –

**एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया :** એક ઇન્દ્રિયવાળા, બેઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇન્દ્રિયવાળા જીવો કે, જેની મારા વડે વિરાધના થઈ હોય.

એક ઇન્દ્રિયવાળા પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિના જીવોને અનેક પ્રકારે મન-વચન-કાયાથી દુઃખ પહોંચાડ્યું હોય. બે ઇન્દ્રિયવાળા જીવો જેવા કે શંખ, કોડી આદિનો બિનજરૂરી ઉપયોગ કર્યો હોય. સ્પર્શન, જીભ, અને નાક એમ ત્રણ ઇન્દ્રિયવાળા કીડી, માંકડ આદિ જીવો પ્રત્યે અણગમો કર્યો હોય. સ્પર્શન, જીભ, નાક અને આંખ એમ ચાર ઇન્દ્રિયવાળા વીંછી, માખી, મચ્છર વગેરે પ્રાણી પ્રત્યે અપ્રીતિ કરી હોય. કાન સહિત પાંચે ઇન્દ્રિયવાળા દેવ, મનુષ્ય, નરક કે તિર્યંચના જીવોને કોઈપણ રીતે દુઃખ પહોચાડ્યું હોય.

આ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના મૂળ પંચવિધ જીવોના ૫૬૩ ઉત્તરભેદો થાય છે.

અહીં **છટ્ઠી જીવ સંપદા** પૂરી થાય છે. આ પદોથી જીવોના પ્રકારો દર્શાવ્યા છે. તેથી તે જીવ સંપદા તરીકે ઓળખાય છે.

હવે ૫૬૩ પ્રકારના જીવોને કયા પ્રકારે દુઃખી કર્યા હોય તે બતાવે છે.

**अभिहया[1], वत्तिया[2], लेसिया[3], संघाइया[4], संघट्टिया[5], परियाविया[6], किलामिया[7], उद्दविया[8], ठाणाओ ठाणं संकामिया[9], जीवियाओ ववरोविया[10] :**

૫૬૩ પ્રકારના જીવો લાતે મરાયા હોય[૧], ધૂળે ઢંકાયા હોય[૨], ભોંય સાથે ઘસાયા હોય[૩], ભેગા કરાયા હોય[૪], થોડો સ્પર્શ કરાયો હોય[૫], પરિતાપ ઉપજાવાયા હોય[૬], ખેદ પમાડાયા હોય[૭], ઉદ્વેગ પમાડાયા હોય[૮], એક સ્થાનેથી બીજે સ્થાને મૂકાયા હોય[૯], જીવિતથી છૂટા કરાયા હોય,[૧૦]

**अभिहया** - એટલે સામે આવતા જીવને પગની ઠોકર લગાવી હોય, **वत्तिया**

એટલે ઢગલો કર્યો હોય કે જીવને ધૂળથી ઢાંક્યાં હોય, **लेसिया** એટલે જમીન પર જીવને દબાવ્યા હોય કે થોડા માત્ર કચર્યા હોય, **संघाइया** એટલે એકબીજાનાં પરસ્પર અવયવો દબાય તેમ જીવોને સંકડાવ્યા હોય, **संघट्टिया** એટલે જીવોને થોડોક સ્પર્શ કર્યો હોય, **परियाविया** એટલે ઘણી રીતે જીવોને સખત પીડા ઉપજાવી હોય, **किलामिया** એટલે મરણ તુલ્ય પીડિત કર્યા હોય, **उद्दविया** એટલે અત્યંત ત્રાસ પમાડ્યો હોય, **ठाणाओ ठाणं संकामिया** એટલે જીવોને તેમના સ્થાનથી વિખુટા પાડીને અન્ય સ્થાને મૂક્યા હોય, અને **जीवियाओ ववरोविया** એટલે જીવનથી છોડાવી દીધા હોય અર્થાત્ તેમનું મરણ નીપજાવ્યું હોય. આ દશ પ્રકારે ૫૬૩ પ્રકારના જીવોને દુઃખી કરીને જે પાપ બાંધ્યું હોય તે પાપથી મુક્ત થવાનું છે.

**જિજ્ઞાસા :** પરિતાપ અને કિલામણામાં ફરક શું ?

**તૃપ્તિ :** સર્વ પ્રકારના શારીરિક દુઃખોરૂપ સંતાપ કરવાથી દુઃખ ઉપજાવવું તે પરિતાપ છે અને પસીનો, આંસુ વગેરે પડે તેવો પરિશ્રમ આપવો તે કિલામણા છે. પરિતાપમાં શારીરિક દુઃખો આપવા અને કિલામણામાં જીવના મનને દુઃખ આપવું એ પરિતાપ અને કિલામણામાં મુખ્ય ભેદ છે.

જીવોની વિરાધનાના પ્રકારો ઘણા છે. તેમાંથી અહીં તો માત્ર દશ પ્રકારો જ બતાવ્યા છે. પણ તે સિવાયના પ્રકારોને પણ યાદ કરી તે તે જીવોને જે જે પ્રકારે વિરાધ્યા હોય, તે સર્વ જીવો અને વિરાધનાઓને આ પદો બોલતા નજર સમક્ષ લાવીને, જે જે અશુભ કે ક્રૂર ભાવથી વિરાધના કરી હોય, તેનાથી વધારે શુભ ભાવ કે કરુણાનો ભાવ આ શબ્દો બોલતા હૃદયમાં ઉત્પન્ન થવો જોઈએ. તો જ સાચા અર્થમાં ક્ષમાપના થઈ શકશે.

આ દશ પ્રકારની વિરાધનાના ઉપલક્ષણથી મન-વચન-કાયાથી અન્ય કોઈપણ રીતે કોઈપણ જીવને વાણી દ્વારા, વર્તન દ્વારા કે મલિન ભાવો દ્વારા દુઃખ પહોંચાડ્યું હોય તો તે સર્વ પ્રકારની વિરાધનાને આ શબ્દો દ્વારા યાદ કરી ક્ષમાપના માંગવાની છે.

અહીં વિરાધનાના પ્રકાર બતાવતી **સાતમી વિરાધના સંપદા** પૂરી થઈ.

**तस्स मिच्छा मि दुक्कडं :** તેનું = તે વિરાધના સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

મિચ્છા મિ દુક્કડં આ પદનો વિશેષાર્થ 'અબ્ભુટ્ઠિઓ સૂત્ર' માંથી સમજી લેવો.

૫૬૩ જીવભેદોને દરેક રીતે 'મિચ્છા મિ દુક્કડં' આપતાં 'મિચ્છા મિ દુક્કડં' ના ૧૮૨૪૧૨૦ ભેદો થાય છે. ૫૬૩ જીવભેદોને અભિહયા વગેરે ૧૦ પ્રકારની વિરાધનાથી ગુણતાં ૫૬૩૦ ભેદો થાય. તે પણ કોઈ રાગથી હણે અને કોઈ દ્વેષથી હણે, માટે એ ૨ થી ગુણતાં ૧૧૨૬૦ ભેદો થાય. તેને મન-વચન-કાયા એ ૩ યોગથી ગુણતાં ૩૩૭૮૦ થાય. તેને કરવું-કરાવવું-અનુમોદવું એ ૩ કરણથી ગુણતાં ૧૦૧૩૪૦ થાય. તેને ભૂત-ભવિષ્ય-વર્તમાન એમ ૩ કાળથી ગુણતાં ૩૦૪૦૨૦ ભેદો થાય. તેને ૧- અરિહંત ૨- સિદ્ધ ૩- સાધુ ૪- દેવ ૫- ગુરુ ૬-આત્મા એ ૬ ની સાક્ષીએ 'મિચ્છા મિ દુક્કડં' અપાય છે માટે ૬થી ગુણતાં કુલ ૧૮૨૪૧૨૦ ભેદોથી 'મિચ્છા મિ દુક્કડં' અપાય છે.

આ પ્રતિક્રમણ સંપદા છે.

આ સૂત્રનો ઉપયોગ રસ્તે ચાલતા અથવા સાધુ કે શ્રાવક સંબંધી કોઈ પણ ક્રિયા કરતાં થયેલી જીવની વિરાધનાને ખમાવવા માટે સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદનાદિ કરતાં પૂર્વે થાય છે. વળી, એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જતા અને સ્વાધ્યાય કે ધ્યાનાદિ શરૂ કરતાં પૂર્વે ઈરિયાવહિયા કરવામાં પણ આ સૂત્રનો ઉપયોગ થાય છે.

**જિજ્ઞાસા :** એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જતાં કયા જીવની વિરાધના થઈ હોય ? અથવા સ્વાધ્યાય, ધ્યાન વગેરે કરતા પૂર્વે જીવની વિરાધના ન પણ થઈ હોય છતાં આ સૂત્ર શા માટે બોલવામાં આવે છે ?

**તૃપ્તિ :** આપણે શરૂઆતમાં જ વિચારી ગયા કે જેમ ઈર્યાપથનો અર્થ જવા-આવવાનો માર્ગ થાય છે, તેમ ઈર્યાપથનો બીજો અર્થ મોક્ષગમનનો માર્ગ પણ થાય છે. રસ્તામાં જતા-આવતા થયેલી જીવની વિરાધનાની ક્ષમાપના માટે જેમ આ સૂત્ર બોલાય છે, તેમ સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે, તેમાં પ્રવર્તતા જે પણ અશુભ ભાવો થયા હોય તો તેનું પણ પ્રાયશ્ચિત્ત આ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

વળી, એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જતાં જે ઈરિયાવહિયા કરાય છે, તે હવે પછી કરાતી ક્રિયામાં કોઈ વિરાધના ન થાય તેવો દૃઢ પ્રયત્ન કરવા માટે કરાય છે. પૂર્વ ક્રિયામાં થઈ ગયેલ વિરાધનાને સ્મૃતિમાં લાવી તેનું પ્રતિક્રમણ

કરીને, પછી કરાતી ક્રિયામાં આવી કોઈ વિરાધના ન થાય તે રીતનો સતત ઉપયોગ રહી શકે, તે માટે ઈરિયાવહિયા કરવામાં આવે છે.

મનથી અશુભ યોગનું પ્રવર્તન મુખ્યતયા સ્વપ્રાણને પીડા કરે છે અને વચન-કાયાની અનુચિત પ્રવૃત્તિ મુખ્યત્વે પરના પ્રાણ ને પીડા કરનારી બને છે. આ બન્ને અનુચિત પ્રવૃત્તિઓથી અશુદ્ધ બનેલા આત્માને ઈરિયાવહિયાથી શુદ્ધ કરાય છે.

ઈરિયાવહિયા કર્યા વગર જો સ્વાધ્યાય કે ધ્યાન આદિ કરાય તો તે ક્રિયા ફળવાન થતી નથી. કારણકે, જ્યારે મન અશુભ યોગમાં કે વિચારોમાં પ્રવર્તતું હોય ત્યારે ક્રિયા યથાર્થ થતી નથી. પરંતુ જો ઈરિયાવહિયા કરી બીજી ક્રિયા શરૂ કરે તો તેના અશુભ વિચારોનો નાશ થઈ જાય છે. તેથી સ્વાધ્યાય, ધ્યાન આદિમાં વિશિષ્ટ કર્મનિર્જરાને તે સાધી શકે છે.

ટૂંકમાં, નાનામાં નાની જીવની વિરાધના કે નાનામાં નાનો અશુભ વિચાર પણ જીવનમાં વાસ્તવિક ધર્મને લાવી શકતો નથી. માટે એ સર્વેની ક્ષમાપના અવશ્ય કરવી જ જોઈએ અને જે જે પાપનું પ્રતિક્રમણ કરીએ તે તે પાપો પુનઃ ન થાય તેની અત્યંત કાળજી પણ રાખવી જોઈએ એ જ આ સૂત્રનો સાર છે.

આ સૂત્રમાં આવતા એક એક પદોને જો ધ્યાનપૂર્વક બોલવામાં આવે તો છ જીવનિકાયના પાલનમાં મન દૃઢ યત્નવાળું બને છે. આ ક્રિયા કરતા પૂર્વે મનની શિથિલતાથી કે પ્રમાદથી છ કાયના વધથી બંધાયેલા પાપ કર્મ નબળા પડે છે. આત્મા ઉપર અહિંસા ધર્મના સંસ્કારો તીવ્ર થાય છે. તેને કારણે હિંસા કરવાના કુસંસ્કારો ધીમે ધીમે નષ્ટ થતા જાય છે. પહેલા જીવવીર્ય હિંસાદિ કાર્યમાં પ્રવર્તતું હતું,.તે હવે અહિંસક ભાવમાં પ્રવર્તમાન થાય છે.

જેઓ ધ્યાન વિના કે જ્વલંત ઉપયોગ વિના માત્ર ક્રિયા કરવી જોઈએ એમ માનીને ખાલી આ સૂત્ર બોલી જાય છે, તેઓને ઉપરોક્ત લાભો થતા નથી અને જે સાધ્વાચારના ઉલ્લંઘનનો કે જીવહિંસાનો પરિણામ હતો તે ચાલ્યા જ કરે છે. આવી વ્યક્તિની ઈરિયાવહિયાની ક્રિયા પણ મૃષાવાદરૂપ જ બને છે. કેમકે, તેઓ 'તસ્સ મિચ્છા મિ દુક્કડં !' વગેરે પદ બોલે છે પણ હિંસાદિ ભાવ પ્રત્યે અણગમો કે તેમાંથી નિવર્તનનો પરિણામ તેમનામાં હોતો નથી.

# તસ્સ ઉત્તરી સૂત્ર

## સૂત્ર પરિચય :

ઈરિયાવહિયા સૂત્રથી પાપનું 'મિચ્છા મિ દુક્કડં' આપી જે શુદ્ધિ થાય છે તે શુદ્ધિ કરતાં પણ આત્માને વિશેષ પ્રકારે શુદ્ધ કરવા માટે આ સૂત્ર બોલી કાયોત્સર્ગ કરાય છે. એક વાર શુદ્ધ કરેલ પાપને પુનઃ શુદ્ધ કરવા તેને ઉત્તરીકરણ કહેવાય છે. તે આ સૂત્રથી થાય છે, માટે આ સૂત્રનું નામ **'તસ્સ ઉત્તરી સૂત્ર'** કહેવાય છે.

આત્માને અત્યંત શુદ્ધ કરવાની તીવ્ર લાલસા હોય અને આત્મશુદ્ધિ દ્વારા મોક્ષને જ પ્રાપ્ત કરવાની ઝંખના હોય એવો સાધક આ સૂત્ર બોલવાનો અધિકારી છે. આત્માની વિશેષ શુદ્ધિ માત્ર જીવહિંસા સંબંધી થયેલા પાપ પૂરતી જ નથી કરવાની, પણ પોતાના આત્મામાં રહેલા અન્ય દોષોની પણ શુદ્ધિ કરવાની છે. તેથી જીવહિંસા સંબંધી દોષોની અને અન્ય પણ દોષોની ઉત્તર = વિશેષ શુદ્ધિ કરવી એ આ સૂત્રનું લક્ષ્ય છે. તે માટે જ આ સૂત્રનું વિધાન છે.

જીવરાશિને દુઃખ પહોંચાડવાથી થયેલ વિરાધનાથી અથવા કોઈપણ વ્રત સંબંધી થયેલ વિરાધનાથી મલિન બનેલા આત્માની શુદ્ધિ માટે શાસ્ત્રમાં બતાવેલા દશ[1] પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી ઈરિયાવહિયા સૂત્ર દ્વારા આલોચના

---

1. ૧. આલોચના એટલે કરેલી ભૂલ ગુર્વાદિને કહેવી ૨. પ્રતિક્રમણ એટલે મિચ્છા મિ દુક્કડં દેવું ૩. મિશ્ર એટલે પહેલું અને બીજુ બન્ને પ્રાયશ્ચિત કરવા ૪. વિવેક એટલે દોષિત આહાર વગેરેને પરઠવવું ૫. કાયોત્સર્ગ એટલે દુઃસ્વપ્નાદિ અંગે કાયોત્સર્ગ કરવો ૬. તપ એટલે

અને પ્રતિક્રમણ નામના બે પ્રાયશ્ચિત્ત થાય છે. આ બન્ને પ્રાયશ્ચિત્તથી આત્મા નિર્મળ તો બને છે. આમ છતાં પણ કેટલાક અતિચાર એવા હોય છે કે, તેમને શુદ્ધ કરવા માટે વિશેષ ક્રિયા કરવી પડે છે, આ ક્રિયાને ઉત્તરીકરણ કહેવાય છે. આ ઉત્તરીકરણના અધ્યવસાયપૂર્વક કાયોત્સર્ગ નામના પાંચમાં પ્રાયશ્ચિત્તથી વિશેષ આત્મશુદ્ધિ કરવા માટે આ સૂત્ર બોલાય છે. તેથી જ આ સૂત્રનું નામ **ઉત્તરીકરણ સૂત્ર** છે.

આ સૂત્રનો મુખ્ય વિષય ઉત્તરીકરણ છે. પાપનો નાશ કરવા માટે ઉત્તરીકરણથી કાયોત્સર્ગ કરાય છે. તે ઉત્તરીકરણ પ્રાયશ્ચિતકરણથી થાય છે, પ્રાયશ્ચિતકરણ વળી વિશોધિકરણથી થાય છે અને વિશોધિકરણ વિશલ્યીકરણથી થાય છે. આમ ૧. પ્રાયશ્ચિતકરણ, ૨. વિશોધિકરણ અને ૩. વિશલ્યીકરણ એ ત્રણ ઉપાયોથી ઉત્તરીકરણ થઈ શકે છે.

ઇરિયાવહિયા કર્યા પછી પણ જે અશુભ ભાવો રહી ગયા હોય તેને સૂક્ષ્મબુદ્ધિથી વિચારી નાશ કરવાના છે. આ નાશનો ઉપાય કાયોત્સર્ગ છે. આ સૂત્ર બોલીને એ રીતે કાયોત્સર્ગ કરવાનો છે કે દુષ્કૃતના પરિણામો સર્વથા નિર્મૂળ થઈ જાય અને વ્રતના પરિણામો સ્થિરભાવને પામે. તેથી જ પાપનાશના ઉપાયભૂત કાયોત્સર્ગને અનુલક્ષીને આ સૂત્ર ચાર ભાગમાં વહેંચાયેલું છે.

૧. અનુસંધાનદર્શક, ૨. કાયોત્સર્ગના હેતુઓ (ઉપાયો) ૩. કાયોત્સર્ગનું પ્રયોજન, ૪. કાયોત્સર્ગની પ્રતિજ્ઞા.

**મૂળ સૂત્ર :**

**तस्स उत्तरी-करणेणं,**

**पायच्छित्त-करणेणं, विसोही-करणेणं, विसल्ली-करणेणं,**

**पावाणं कम्माणं निग्घायणट्ठाए, ठामि काउस्सग्गं ।।**

---

આયંબિલ વગેરે તપ કરવો ૭. છેદ એટલે દીક્ષાદિ પર્યાયનો અમુક પ્રમાણમાં છેદ કરવો ૮. મૂલ એટલે મૂલથી ફરી વ્રત ઉચ્ચરવું. ૯. અનવસ્થાપ્ય એટલે અમુક તપ પૂર્ણ ન થાય ત્યાં સુધી ફરી વ્રત ન આપવું ૧૦. પારાંચિત એટલે સર્વ પ્રાયશ્ચિતોથી ભારે, આચાર્યને અપાતું પ્રાયશ્ચિત, જેમાં છ માસથી લઇને બાર વર્ષ સુધી અવ્યક્તપણે અજ્ઞાત પ્રદેશમાં વિચરે પછી ફરીથી વ્રત આપવું તે.

પદ-૬ સંપદા-૧ અક્ષર-૪૯

૧[1A]. પડિક્કમણ-સંપદા.

तस्स उत्तरी-करणेणं १, पायच्छित्त-करणेणं २, विसोही-करणेणं ३, विसल्ली-करणेणं ४, पावाणं कम्माणं निग्घायणट्ठाए ५, ठामि काउस्सग्गं ६. ।।१।।

## અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :

**तस्स उत्तरी करणेणं,**

तस्य उत्तरी-करणेन,

તેનું (પૂર્વે ઐર્યાપથિકી વિરાધનાની જે શુદ્ધિ કરી તેનું) ઉત્તરીકરણ કરવાથી

**पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं**

पापानां कर्मणां निर्घातनार्थं कायोत्सर्गम् तिष्ठामि ।

પાપકર્મોનો નાશ કરવા માટે હું કાયોત્સર્ગમાં રહું છું.

(તે ઉત્તરીકરણ શેનાથી થશે તે બતાવવા કહ્યું છે કે...)

**पायच्छित्त-करणेणं,**

प्रायश्चित-करणेन,

પ્રાયશ્ચિતકરણ દ્વારા,

(પ્રાયશ્ચિતકરણ શેનાથી થશે તે બતાવવા કહ્યું છે કે...)

**विसोही-करणेणं,**

विशोधि-करणेन,

વિશોધિકરણ દ્વારા

(વિશોધિકરણ શેનાથી થશે તે બતાવવા કહ્યું છે કે...)

***विसल्ली-करणेणं,***

विशल्यी-करणेन

વિશલ્યીકરણ દ્વારા

---

1A. મતાંતરે આ ઇરિયાવહી સૂત્રની આઠમી સંપદા છે.

**વિશેષાર્થ :**

**૧. અનુસંધાનદર્શક :**

**तस्स :** તેનું.

તેનું એટલે પૂર્વે ઈરિયાવહિયા સૂત્રમાં જે અતિચારોનું આલોચન અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કર્યું હતું તે જ અતિચારોનું એ પ્રમાણે **तस्स** શબ્દનો અર્થ છે.

ઈરિયાવહિયા સૂત્રથી આત્માનું જે સંસ્કરણ કર્યું તેનું કાયોત્સર્ગ નામના પછીના સૂત્રમાં વિશેષ (ઉત્તર) પ્રાયશ્ચિત્ત કરવા માટે આ તસ્સ પદ છે. તેથી જ આ સૂત્ર ઈરિયાવહી સૂત્રનું જ પરિશિષ્ટ છે. પ્રતિક્રમણમાં ઈરિયાવહી સૂત્રમાં કે ઈચ્છામિ ઠામિ સૂત્રમાં **'मिच्छा मि दुक्कडं'** પદ વડે કરેલા પ્રતિક્રમણનું અનુસંધાન 'તસ્સ' પદ બતાવે છે. તેથી આ પદથી બેય સૂત્રોની સંલગ્નતા એટલે કે બે સૂત્રો વચ્ચેનું અનુસંધાન સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આ પદથી સૂત્રનો પહેલો અનુસંધાનદર્શક ભાગ સંપન્ન થાય છે.

**૨. કાયોત્સર્ગના ઉપાયો :**

**उत्तरीकरणेणं :** ઉત્તરીકરણ કરવાથી

પહેલું કરાય તે પૂર્વકરણ અને પછી કરાય તે ઉત્તર કરણ. ઉત્તરીકરણ એટલે અનુત્તરને ઉત્તર કરવું એટલે કે કાંઇક અશુદ્ધને પુનઃ સંસ્કાર કરવાપૂર્વક વિશેષ શુદ્ધ કરવું. ઇરિયાવહી દ્વારા શુદ્ધિ તો થઈ શકે છે પરંતુ જેની શુદ્ધિ થઈ નથી તેવી અશુદ્ધિઓને કાઢવા માટે જે ક્રિયા કરાય તે ઉત્તરીકરણ છે. પાપ કરવાથી જે વ્રત ખંડિત કે વિરાધિત થયા હોય, તે આલોચન અને પ્રતિક્રમણ કરવાથી કાંઇક શુદ્ધ થાય છે. તો પણ હજી પરિપૂર્ણ શુદ્ધ ના થયા હોય તો તે અનુત્તર (કાંઈક અશુદ્ધ) કહેવાય છે. અનુત્તર એવી તે વિરાધનાઓનું ઉત્તરીકરણ કરીએ તો તે વ્રત પૂરેપૂરું શુદ્ધ બને છે.

ગાડું, ઘર વગેરે તૂટી જતાં જેમ તેનું પુનઃ સંસ્કરણ (સમારકામ) કરવામાં આવે છે, તેમ મૂલગુણો અને ઉત્તરગુણોની ખંડના અને વિરાધના થઈ હોય તો તેનું પણ સમારકામ = ઉત્તરકરણ કરવામાં આવે છે.

ઇરિયાવહી દ્વારા જે અતિચારોનું આલોચના અને પ્રતિક્રમણ નામનું

પ્રાયશ્ચિત્ત કર્યું તે જ અતિચારોનું આ સૂત્ર દ્વારા ઉત્તરીકરણ કરવાપૂર્વક કાયોત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. **ઉત્તરીકરણનો અધ્યવસાય એ શુદ્ધ કાયોત્સર્ગ કરવાનો ઉપાય છે**. આથી જ સૂત્રમાં કહ્યું છે કે પાપ નાશ કરવા માટે ઉત્તરીકરણથી કાયોત્સર્ગ કરું છું.

ઉત્તરીકરણથી અત્યંત સ્વચ્છ બનેલા ચિત્તથી કાયોત્સર્ગ કરાય તો કાયોત્સર્ગમાં જે ઉત્તમ પુરુષોનું ધ્યાન કરાય છે, તેનાથી ઉત્તમ પુરુષોના ગુણો પ્રત્યે આકર્ષણ પેદા થાય છે. આ ગુણો પ્રત્યેનું આકર્ષણ, પાપો પ્રત્યે તિરસ્કાર પેદા કરે છે. પાપના વિરુદ્ધભાવોથી જ પાપ કરવાના સંસ્કારો જડ-મૂળથી નાશ પામે છે અને સંવર ભાવ ટકી રહે છે અને તેનાથી વ્રત પૂરેપૂરું શુદ્ધ બને છે.

ઈરિયાવહિયા સૂત્રમાં જે અતિચારોનું આલોચન અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કર્યું હતું, તે અતિચારોના સંસ્કારોને મૂળમાંથી નાશ કરવા એ સાધકનું લક્ષ્ય હોય છે. તેના માટે જ તે કાયોત્સર્ગ કરતો હોય છે અને કાયોત્સર્ગ ઉત્તરીકરણપૂર્વક કરવાનો છે. તે ઉત્તરીકરણ સિદ્ધ કઈ રીતે થાય? તેના જવાબ સ્વરૂપ હવેના ત્રણ પદો છે.

હવે ઉત્તરીકરણનો ઉપાય બતાવતાં કહે છે કે,

**पायच्छित्त करणेणं :** પ્રાયશ્ચિત્ત કરવા દ્વારા

પ્રાયશ્ચિત્તરૂપ ઉપાય વડે ઉત્તરીકરણ કરવાપૂર્વક, પાપોના નાશ માટે, હું કાયોત્સર્ગમાં રહું છું. એ પ્રમાણે સૂત્રનો અન્વય છે. 'પ્રાયશ્ચિત્તકરણ દ્વારા' આટલા શબ્દો બોલતાં પાપના પરિણામથી વિરુદ્ધ અહિંસાદિના પરિણામને ઉત્પન્ન કરવાનો યત્ન કરાય છે.

પાપના પરિણામથી વિરુદ્ધ, શુદ્ધ આત્માનો પરિણામ, તે પ્રાયશ્ચિત્તનો પરિણામ છે. "પ્રાયશ્ચિત્ત" શબ્દ "પ્રાયઃ" અને 'ચિત્ત' એ બે શબ્દોથી બનેલો છે. તેમાં પ્રાયઃનો અર્થ બહુધા અને ચિત્તનો અર્થ મન કે આત્મા થાય છે. એટલે **ઘણું કરીને મન કે આત્માને મલિન ભાવોમાંથી શોધનારી ક્રિયા તે પ્રાયશ્ચિત્તકરણ છે**. પાપનું છેદન કરનારી ક્રિયા તે પ્રાયશ્ચિત્ત એવો પણ પ્રાયશ્ચિત શબ્દનો અર્થ છે. ટૂંકમાં, પ્રાયશ્ચિત્તનો પરિણામ એટલે પાપને દૂર કરનાર પરિણામ.

મોક્ષાભિમુખ બનેલો આત્મા દોષોની શુદ્ધિ માટે અત્યંત જાગ્રત હોય છે. તેથી તે દોષનો સરળભાવે સ્વીકાર કરતો હોય છે દોષોની સામાન્યથી

આલોચનાદિ દ્વારા શુદ્ધિ કર્યા પછી પણ જો કાંઈ પ્રાયશ્ચિત્ત કરવાનું જરૂરી બનતું હોય તો તે કરવા માટે પણ તે સદા તત્પર હોય છે. તે વિચારતો હોય છે કે *'યથાસમયે ગુરુ આગળ હું મારા અતિચારોનું પ્રકાશન કરીને, તેઓ જે પ્રાયશ્ચિત્ત આપે તે સમ્યક્ પ્રકારે ગ્રહણ કરું. શ્રી જિનેશ્વર ભગવાને પાપનો નાશ કરવા માટે જે દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત કહ્યા છે, તેમાંથી કાયોત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત કરવામાં પ્રવૃત્ત થઈને, હું ચિત્તની શુદ્ધિ કરી લઉં અને ફરી તે અતિચારો ન લાગે તેવી સાવધાની કેળવું.'*

ગુરુના ઉપદેશથી કે ભવાન્તરમાં થનારા પાપોદયના ભયથી ઘણીવાર પાપના નાશ માટે પ્રાયશ્ચિત્ત કરવાનો પરિણામ થઈ શકે છે. તો પણ જ્યાં સુધી પાપના કારણોનું શોધન નથી થતું ત્યાં સુધી પુનઃ પાપ થવાની સંભાવના રહે છે. તેથી પ્રાયશ્ચિત્ત કરતાં પહેલા આત્મા ઉપર જે મલીન સંસ્કારોરૂપ અશુદ્ધિઓ હોય તેને દૂર કરવી જોઈએ, તો જ પ્રાયશ્ચિત્ત શુદ્ધ થઇ શકે. એ શુદ્ધ પ્રાયશ્ચિત્તકરણનો ઉપાય વિશોધીકરણ છે.

તેથી હવે પ્રાયશ્ચિત્તકરણનો ઉપાય બતાવતાં કહે છે કે,

**विसोही-करणेणं :** વિશોધીકરણ કરવા દ્વારા

આત્માની અશુદ્ધિઓને વિશેષ પ્રકારે શુદ્ધ કરવાની ક્રિયારૂપ અધ્યવસાયને વિશોધીકરણ કહેવાય છે. આ વિશોધીકરણથી જ પ્રાયશ્ચિત્તકરણ શુદ્ધ થઈ શકે છે.

**વિશુદ્ધિના પ્રકાર :**

સામાન્યથી વિશુદ્ધિ બે પ્રકારની હોય છે,

**૧. દ્રવ્ય વિશુદ્ધિ :** ક્ષાર, સાબુ, પાણી વગેરે દ્રવ્યોથી શરીર, વસ્ત્રાદિને શુદ્ધ કરવા તે દ્રવ્ય વિશુદ્ધિ છે. અને

**૨. ભાવ વિશુદ્ધિ :** દોષોથી મલીન બનેલા આત્માને આલોચના, સ્વાધ્યાય, તપ, કાયોત્સર્ગ આદિ ક્રિયાથી શુદ્ધ કરવો તે ભાવવિશુદ્ધિ છે.

આ પદ બોલતી વખતે ભાવવિશુદ્ધિ કરવાનો પ્રયત્ન કરવાનો છે. વિશોધીકરણ કરવા માટે આત્મામાં સુક્ષ્મ રીતે પણ કેવી અશુદ્ધિઓ પડી છે, તેનો વિચાર કરવો જોઈએ. પ્રમાદ, કુસંસ્કારો, વિષયો પ્રત્યેની આસક્તિ,

અપ્રશસ્ત કષાયના ભાવો, રાગ, દ્વેષ આદિ આત્માની અશુદ્ધિઓ છે, જેના કારણે આત્મા પાપ કરે છે.

નિંદા, ગર્હા કર્યા પછી જિનેશ્વર દેવે ફરમાવેલું પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે ગ્રહણ કરીને તે પ્રાયશ્ચિત્ત માટે તપ, જપ કે ધ્યાન કરતાં પહેલા એવું વિચારવું જોઈએ કે, *"મારા આત્મામાં ક્યાંય હિંસાના સંસ્કારો તો પ્રવર્તતા નથી ને ? પાંચ ઇન્દ્રિયોની આધીનતા તો નથી ને ? પ્રમાદ નામના દોષથી તો મારો આત્મા પીડાતો નથી ને ? ઉપયોગના અભાવથી અસત્વાદિને કારણે મેં કેટલા પાપ કર્યા છે ! મારો આત્મા હજુ પણ સ્વમતિથી જ પ્રવર્તવા માંગતો નથી ને? જિનેશ્વરના વચનો વિસ્મૃત તો થયા નથી ને ?"* આવા વિચારો કરીને જો ક્યાંયથી પણ અશુદ્ધિઓ લક્ષમાં આવે તો વધુ ચિંતન કરી તેને કાઢી વિશુદ્ધ બનાવવી એ જ સાચા પ્રાયશ્ચિત્તકરણનો ઉપાય છે.

અશુદ્ધિઓનો ખ્યાલ આવ્યા પછી તેનાથી મલીન બનેલા ચિત્તની વિશેષ શુદ્ધિ કરવા માટે આ પ્રમાણે ચિંતન કરવું જોઈએ કે - *"હે આત્મન્ ! દુર્લભ એવી પાંચે ઈન્દ્રિયોને પ્રાપ્ત કરી તેનો દુરુપયોગ શા માટે કરે છે ? આત્મકલ્યાણમાં તેનો ઉપયોગ કર.* ***અતિચાર લાગવાનું મુખ્ય કારણ તારી ઉપયોગની શૂન્યતા અને ચિત્તવૃત્તિની ચંચળતા છે.*** *જ્યાં સુધી તું ચંચળતા કાઢીશ નહીં ત્યાં સુધી સમિતિમાં જોઈએ તેવો ઉપયોગ રાખી શકીશ નહીં અને વારંવાર અતિચારો લાગ્યા જ કરશે. હવે સદ્ગુરુના મુખે આત્માનું સ્વરૂપ સાંભળ્યું છે તો તેમના શબ્દો હૈયાને સ્પર્શે તેવી ચિત્તની નિર્મળતા કેળવ અને જિનેશ્વરના વચનોને એવી રીતે દૃઢ કર કે પુનઃ આ દોષો લાગે જ નહિ."* આવું વિચારી ચંચળતા આદિ દોષોનો નાશ કરવો અને પુનઃ દોષોનું આસેવન ના થાય તે માટે અડગ સંકલ્પ કરવો તે જ વિશુદ્ધિકરણ છે. **રાગાદિ પરિણામો મારા આત્માને વિકૃત કરે છે એ નક્કી કર્યા પછી રાગાદિથી વિરુદ્ધભાવો તરફ આપણા વીર્યને પ્રવર્તાવવું એ વિશુદ્ધિકરણ છે.**

દોષના સંસ્કારો દૂર કરવાથી થયેલી આત્માની નિર્મળતા એ વિશુદ્ધિકરણ છે. સાચું પ્રાયશ્ચિત્તકરણ આ વિશોધીકરણથી જ થાય છે. પરંતુ વિશુદ્ધિકરણ પણ આત્મામાં પડેલા શલ્યો દૂર કરવાથી જ થાય છે. જ્યાં સુધી આત્મા શલ્ય યુક્ત હશે ત્યાં સુધી વિશુદ્ધિકરણ થઈ શકતું નથી. આથી જ આત્માને અત્યંત શુદ્ધ કરવાની ઇચ્છા ધરાવતાં સાધકે વિશોધીકરણ કરતાં પહેલા આત્મામાંથી શલ્યો કાઢી નાંખવા જોઈએ.

તેથી હવે વિશોધીકરણનો ઉપાય બતાવતાં કહે છે કે,

**विसल्लीकरणेणं :** આત્માને શલ્યરહિત બનાવવા દ્વારા

અશુદ્ધિને કાઢવામાં જે અટકાયતો પેદા કરે તે પ્રતિબંધક પરિણામોને શલ્ય કહેવાય છે. શલ્ય = કાંટો. કંપાવે, ધ્રુજાવે કે ખટકે તેને શલ્ય કહેવાય. આ શલ્ય પણ બે પ્રકારે છે. જે વસ્તુ શરીરમાં પ્રવેશતાં શરીરને કંપાવે, શરીરમાં ખટકે તે કાચ, કાંટો વગેરે **દ્રવ્ય શલ્ય** છે, કારણકે તેનાથી શરીરને પીડા ઉત્પન્ન થાય છે. અને જે શલ્ય આત્માને કંપાવે, આત્માને પીડા ઉપજાવે, અસ્થિર અને અસ્વસ્થ બનાવે તે અતિચાર, દોષો, પાપો આદિ **ભાવ શલ્ય** છે.

**ભાવ શલ્યનાં ત્રણ પ્રકાર :**

આ ભાવ શલ્યો મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે.

**૧. મિથ્યાત્વ શલ્ય :** પ્રમાદાદિ દોષોના કારણે જ્યારે કોઈ સ્ખલના થઇ ગઇ હોય કે કોઇ અતિચારોનું આસેવન થયું હોય ત્યારે યોગ્ય ગુરુની પ્રાપ્તિ થયાં પછી પણ તે દોષો દોષરૂપે ન સમજાય અને તે કારણે તે દોષોનું પ્રાયશ્ચિત્ત *કરવાનું મન જ થાય નહીં, કોઈકવાર વળી પ્રાયશ્ચિત્ત થાય તો પણ પાપના* ફળના ભયથી પ્રાયશ્ચિત કરાય, પણ પાપની ખટકથી તો પ્રાયશ્ચિત્ત કરવાનું મન જ ન થાય. આ સર્વે વિચારણાંઓ તે મિથ્યાત્વ શલ્ય છે. આ ઉપરાંત ગાઢ અનંતાનુબંધી કષાયના ઉદયને કારણે જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા નહીં હોવાથી, સંસારની અસારતાનો અનુભવ કર્યા વગર તપાદિ પ્રાયશ્ચિત્ત કરાય તો તે પ્રાયશ્ચિત્ત પણ મિથ્યાત્વ શલ્યથી યુક્ત કહેવાય છે.

**૨. માયા શલ્ય :** કોઈકવાર દોષો સમજાયા પણ હોય અને ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાની ઇચ્છા પણ હોય, તો પણ ચિત્તની વક્રતાને કારણે હું ખરાબ લાગીશ તેવો ભય પણ સાથે હોય. તેથી પ્રાયશ્ચિત્ત કરે પણ દોષોને યથાર્થ ન કહે, તે માયા શલ્ય છે. અન્યના નામે પ્રાયશ્ચિત્ત કરે કે, 'કોઈએ આવું કર્યું હોય તો શું પ્રાયશ્ચિત્ત આવે,' એમ કહીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે, એ બધું માયા શલ્ય કહેવાય. ૮૦ ચોવીસી પૂર્વે થયેલા લક્ષ્મણા સાધ્વીએ પ્રભુ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને, ૫૦ વર્ષ સુધી ઘોર તપ કર્યુ હતું. આમ છતાં પણ માયા શલ્યને કારણે આજ સુધી સંસારમાં ભ્રમણ કરે છે.

**૩. નિદાન શલ્ય :** પ્રાયશ્ચિત્તના બદલામાં ભૌતિક કાંઈક મેળવવાની ઇચ્છા તે નિદાન શલ્ય છે. અપરાધ થયા પછી હું મારા અપરાધો ગુરુને યથાર્થ કહું કે જેથી મારા ઉપર ગુરુની વિશેષ કૃપા થાય અથવા હું પ્રાયશ્ચિત્ત કરીશ તો ગુરુ લોકોને કહેશે કે આ મહાત્મા શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરનાર છે. એવા લૌકિક સુખના આશયથી પ્રાયશ્ચિત્ત કરવું તે નિદાન શલ્ય છે. વળી, પ્રાયશ્ચિત્ત કરવાથી પુણ્ય બંધાશે અને તેથી ભવાન્તરમાં પાપોના ઉદયથી દુઃખ ભોગવવું નહીં પડે અને દિવ્ય ભોગોની પ્રાપ્તિ થશે એવા પરલોકના સુખની ઇચ્છાથી પ્રાયશ્ચિત્ત કરવું તે પણ નિદાન શલ્યયુક્ત પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

શરીરમાં કાંટો (શલ્ય) વાગ્યો હોય અને કાંટાને કાઢ્યા વગર ગમે તેટલા મલમપટ્ટા કરવામાં આવે તો પણ તે લાભદાયક થતા નથી અને ઘા રુઝાતો નથી. તેની જેમ જ આત્મામાં જો ભાવ શલ્યો રહેલા હોય તો આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત કે વિશુદ્ધિકરણ સ્વરૂપ મલમપટ્ટા પણ આત્માના ભાવ રોગોનો ઇલાજ કરી શકતા નથી. આલોચના-વિંશિકામાં તો શલ્યોની અનર્થકારિતા બતાવતા ત્યાં સુધી કહ્યું છે કે જો ભાવ શલ્યોનો ઉદ્ધાર કરવામાં ન આવે તો ઘોર તપાદિ પ્રાયશ્ચિત્ત કરવા છતાં પણ જીવ દુર્લભબોધિ[2] બની શકે છે અને તેને અનંતસંસારીપણું પણ પ્રાપ્ત થાય છે. તેથી જ કાયોત્સર્ગથી વિશેષશુદ્ધિ સ્વરૂપ ઉત્તરીકરણ કરવાની ઇચ્છા ધરાવતા આત્માએ દોષોનું પ્રાયશ્ચિત્તકરણ અને વિશુદ્ધિકરણ કરવા પૂર્વે જાતની વિવિધ તપાસ કરીને એકોએક શલ્યો કાઢી નાંખવા જોઈએ.

### શલ્યની તપાસ અને દૂર કરવાનો ઉપાય :

**મિથ્યાત્વ શલ્ય** છે કે નહીં તેની તપાસ કરવા માટે વિચારવું જોઈએ કે 'શું સંસાર અને સંસારના તમામ ભાવો અસાર છે - અતત્ત્વભૂત છે, ધર્મ અને ધર્મના ફળભૂત મોક્ષ જ સાર છે - તે જ તત્ત્વભૂત છે, આવી તીવ્ર શ્રદ્ધા મને છે ? શું મને અનુકૂળતાના રાગ પ્રત્યે તો રાગ નથી ને ? જિનેશ્વરના કોઈ પણ વચનો ઉપર મને અશ્રદ્ધા કે શંકા તો નથી જ ને ? આવા પ્રાયશ્ચિત્તથી વળી મારું પાપ કેવી રીતે ધોવાય એવું તો નથી થતું ને ?

---

2. **जं कुणइ भावसल्लं अणुद्धियं उत्तिमट्ठकालम्मि ।**
**दुल्लहबोहीयत्तं अणंतसंसारियत्तं च ।।** - વિંશતિવિંશિકા-૧૫, ગા.૧૫

જો આમાંથી કોઈનો પણ જવાબ વિપરીત આવે તો સમજવું કે મિથ્યાત્વ શલ્ય અંતરની ઊંડાઈમાં પડ્યું છે. હજુ સંસારના કોઈક ભાવમાં પણ સુખકારકતાનો મોહ છે. જો મિથ્યાત્વ શલ્ય નિર્મૂળ થઈ જાય તો સંસારવર્તી એક પણ ભાવ સારભૂત ન લાગે. એક પણ વસ્તુ આદરણીય ન લાગે. શક્ય હોય તો સંસારનો ત્યાગ થાય અને કદાચ શક્ય ન હોય તો પણ સંસારમાં આસક્તિ તો ન જ રહે. **મિથ્યાત્વની હાજરીમાં જ રાગ ઉપર રાગ થાય, બાકી તો રાગ હોય તો પણ તે વિકૃતિ લાગે અને તેને કાઢવાનું મન થાય.**

આ શલ્યને કાઢવા શાસ્ત્રોના આધારે સંસારના વાસ્તવિક સ્વરૂપને વિચારવું જોઈએ. સર્વજ્ઞ વીતરાગની અત્યંત કૃપાળુતાનો અનુભવ કરવો જોઇએ. તેમણે જે ભાવઅહિંસાનો માર્ગ બતાવ્યો છે તેનાથી જ મારું કલ્યાણ થશે. ભગવાનના વચનથી વિપરીત કરવામાં એકાંતે મારું અહિત જ થાય છે, એમ વારંવાર ઘુંટી ભગવાનના વચન પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરવી જોઈએ. સાચી શ્રદ્ધાથી જ મિથ્યાત્વ શલ્ય નીકળી જશે અને રાગાદિ દરેક ભાવોનું વાસ્તવિક સ્વરૂપ સમજાશે.

**માયા શલ્ય** છે કે નહીં તેની તપાસ કરવા માટે વિચારવું જોઈએ કે ધર્મના આચરણમાં ક્યાંય પણ માયા કે દંભ નથી ને ? પોતે જે જે પાપોનું સેવન કર્યું છે, તે પાપોને જ્યારે ગુરુ પાસે કહેવાનો પ્રસંગ આવે ત્યારે તે પાપ તેવા જ ભાવથી તેવા જ ક્રમથી કહી શકાય છે કે કંઈક આઘું-પાછું, ઓછું-વધતું કહેવાનું મન થાય છે ?

જો જવાબ હકારમાં આવે તો સમજવું કે માયા શલ્ય હજુ હૃદયમાં ડેરા-તંબુ તાણીને પડ્યું છે. માન, સ્વાભાવિક માયાવી પ્રકૃતિ, સ્ત્રી સહજ સ્વભાવ, રાગાદિની તીવ્રતા, કરેલા પાપો પ્રત્યે લજ્જા, કરેલા પાપોને ફરીથી ન જ કરવા તેવા સત્ત્વનો અભાવ, લોભવૃત્તિ, પૂર્વે કરેલી માયા વગેરે માયા શલ્યનું સેવન કરાવે તેવા દોષો છે. તેથી સ્પષ્ટ માયા ન દેખાય, કાંતો માયાનો નિશ્ચય થવા છતાં પણ તેનો બચાવ કરવાનું મન થાય તો સમજવું કે અંતરમાં આમાંથી કોઈ દોષ બેઠો છે. આ ઉપરાંત ઘણીવાર જ્યારે ગુરુ પોતાના કરતાં મહાન છે એવી પ્રતીતિ નથી થતી ત્યારે, કાં તો ગુરુની યોગ્યતામાં જ શંકા ઉભી થાય ત્યારે પણ જીવ માયા કરવા પ્રેરાય છે.

આ શલ્યને કાઢવા સૌ પ્રથમ તો આવા કષાયો કેમ ઉત્પન્ન થયા તેની તપાસ કરવી જોઈએ. ત્યાર પછી તેની અનર્થકારિતાનો વિચાર કરવો જોઈએ અને પછી

સત્ત્વ કેળવવું જોઈએ. વારંવાર દંભના નુકશાનોને[3] વિચારવા જોઈએ અને દંભનો ત્યાગ કરવો જોઈએ. વળી, સંસારની નિર્ગુણતાનો[4] પણ સતત વિચાર કરવો જોઈએ કે જેથી સંસારની ભયાનક્તા ઉપસ્થિત થવાથી પણ માયાનો ત્યાગ થઈ શકે છે. આવા અનેક ઉપાયોથી માયા શલ્યને કાઢીને પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સાનો પરિણામ પેદા કરી જે પાપ જે રીતે કર્યું હોય તે રીતે ગુરુ પાસે નિવેદન કરવાનો પૂર્ણ પ્રયત્ન કરવો જોઈએ. જેથી આપણી હાલત લક્ષ્મણા સાધ્વી જેવી ન થાય.

**નિદાન શલ્ય** છે કે નહીં તેની તપાસ કરવા માટે વિચારવું જોઈએ કે પ્રાયશ્ચિત્ત કરવા પાછળ મારી કોઈ આલોક કે પરલોકની ભૌતિક લાલસા તો કામ નથી કરતી ને ? આત્મશુદ્ધિની ઇચ્છા સિવાય નિરાશંસપણે જ હું પ્રાયશ્ચિત્ત કરું છું ને ? મારી બુદ્ધિમાં મહત્વતા કોની છે આત્માની વિશુદ્ધિની કે પુણ્યથી મળતાં ભૌતિક સુખોની? પ્રાયશ્ચિત્ત કરીને કોઈની લાગણી મેળવવાનો કે અન્ય કોઈ સુખ મેળવવાનો આશય નથી ને ?

જો જવાબમાં કોઈ આશંસાનો ભાવ વ્યક્ત થાય તો સમજવું કે નિદાનશલ્યે હજુ ચિત્તમાં આસન જમાવ્યું છે. સંસારના કોઈપણ સુખની આશંસાનો પરિણામ જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી ધર્મ નિરાશંસ ભાવે થતો નથી. તેથી આવી સાંસારિક આશંસાનો સૌ પ્રથમ ત્યાગ કરવો જોઈએ.

આ શલ્યને કાઢવા આત્માને સમજાવવું જોઈએ કે અનંતકાળથી આપણે સંસારમાં ભમીએ છે તેનું કારણ આપણે સત્ક્રિયાઓ નથી કરી એ નથી, પણ સત્ક્રિયાઓનું જે વાસ્તવિક ફળ મોક્ષ છે, તેની ઈચ્છા કરવાને બદલે આપણી તુચ્છ અપેક્ષાઓને આપણે પ્રાધાન્ય આપ્યું તે જ છે.

આ મહાશલ્યો મોક્ષમાર્ગમાં પરમ અંતરાયરૂપ છે. આત્માને ઉચ્ચ ચારિત્ર સુધી પહોંચવા દેતા નથી અને ભવારણ્યમાં ભમાવ્યા કરે છે. આથી અવ્યક્ત રૂપે પણ શલ્યનો પરિણામ ચિત્તમાં ન રહે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. જેનાથી વિશુદ્ધિમાં અટકાયત ન આવે અને શુદ્ધિ સદા ટકી રહે, તેવી ચિત્તવૃત્તિ બનાવવા માટેનો દૃઢ નિર્ધાર તે જ વિસલ્લીકરણ છે.

આ ચાર પદો દ્વારા કાયોત્સર્ગના ઉપાયો સ્વરૂપ સૂત્રનો બીજો વિભાગ સંપન્ન થાય છે.

---

3. અધ્યાત્મસારનો દંભત્યાગ અધિકાર તે માટે ઉપયોગી છે.

4. અધ્યાત્મસારનો ભવસ્વરૂપ ચિંતા અધિકાર તે માટે ઉપયોગી છે.

### ૩. કાયોત્સર્ગનું પ્રયોજન :

હવે જે ઉત્તરીકરણ માટે કાયોત્સર્ગમાં રહેવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે તેનું મૂળ પ્રયોજન બતાવતાં કહે છે કે,

**पावाणं कम्माणं निग्घायणट्ठाए :** પાપકર્મોનો નાશ કરવા માટે.

પાપ કર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે કાયોત્સર્ગ કરવાનો છે. અત્રે સર્વ કર્મના અર્થમાં જ પાપકર્મ જણાવેલ છે. તેથી પુણ્યકર્મ અલગ દર્શાવેલ નથી. રાગ-દ્વેષની વૃત્તિઓરૂપી ચીકાશને લીધે જ્યારે પુદ્ગલોની વર્ગણાઓ આત્માને વળગે છે અને તેમાં જે એકમેકતા પામે છે, ત્યારે તે કર્મ કહેવાય છે. તેમાં શુભ વર્ગણાઓ પુણ્યકર્મ છે અને અશુભ વર્ગણાઓ પાપકર્મ છે. નિશ્ચયનયની દૃષ્ટિએ તો સર્વે કર્મો પાપકર્મ જ છે. કારણકે તેનાથી આત્માની શક્તિનો રોધ થાય છે. આ કર્મો જ આત્માને સંસારમાં જકડી રાખે છે. જ્યારે વ્યવહારથી અશુભ કર્મોને પાપકર્મ કહેવાય છે. જો કે અહીં તો ઐર્યાપથિકીની વિરાધનાથી ઉત્પન્ન થયેલા પાપકર્મોનો નિર્દેશ છે અને તેના નાશ માટે કાયોત્સર્ગ કરવાનો છે.

નિર્ઘાતન માટે એટલે અત્યંત નાશ કરવા માટે. ઘાત કરવાની ક્રિયાને ઘાતન કહેવાય અને જ્યારે તે ક્રિયા નિરતિશયપણે,- ઉત્કૃષ્ટપણે અર્થાત્ ફરીથી પાપ થવાનું કોઈપણ કારણ બાકી ન રહે તેવી રીતે થતી હોય તો તેને નિર્ઘાતન કહેવાય. પાપોનો મૂળ સહિત નાશ તે જ નિર્ઘાતન ક્રિયા છે.

આમ, ચારેય કરણ દ્વારા આત્મા વિશિષ્ટ કોટિનો કાયોત્સર્ગ કરવા ઉદ્યત થાય છે. આ કાયોત્સર્ગનું મુખ્ય કાર્ય પાપકર્મનો સર્વથા નાશ કરવાનું છે. આ પદ દ્વારા કાયોત્સર્ગના પ્રયોજન સ્વરૂપ સૂત્રનો ત્રીજો વિભાગ સંપન્ન થાય છે.

### ૪. કાયોત્સર્ગની પ્રતિજ્ઞા :

કાયોત્સર્ગ માટેની બધી જ તૈયારીઓ કરી હવે અંતે કાયોત્સર્ગ કરવા કાયોત્સર્ગની પ્રતિજ્ઞા લેવાની છે.

**ठामि काउस्सग्गं :** હું કાયોત્સર્ગ કરું છું.

આ બે પદ કાયોત્સર્ગની પ્રતિજ્ઞા દર્શાવે છે. કાયોત્સર્ગ = કાયાનો ત્યાગ અર્થાત્ વ્યાપારવાળી કાયાનો ત્યાગ એટલે કે કાયાની ચેષ્ટાનો ત્યાગ સમજવો.

વળી, **ठामि = तिष्ठामि** ના અનેક અર્થ થાય છે, અત્રે **करेमि** = કરું છું એવો અર્થ ગ્રહણ કરવાનો છે.

પાપકર્મો અને પાપવાસનાઓ જેને ત્રાસરૂપ જણાતાં હોય તેણે તેના સંપૂર્ણ નાશ માટે સજ્જ થવું જ જોઈએ. આ નાશ માટે કાયોત્સર્ગ એ અત્યંત બળવાન ઉપાય છે. દોષોની પરિપૂર્ણ શુદ્ધિ માટે મન-વચન-કાયાના બીજા બધાં યોગો કરતાં કાયોત્સર્ગ શ્રેષ્ઠ ઉપાય છે. કાયોત્સર્ગમાં ચિત્ત અત્યંત સ્થિરતાવાળું હોય છે. વાણી અને કાયા પણ તેના વ્યાપારને ત્યાગી ચૂકેલાં હોય છે. તેથી આવી સ્થિતિમાં જ દોષનું ચિંતન અને પછી તેનું શોધન શક્ય બને છે.

અહીં ઈરિયાવહી સૂત્રથી શરૂ થયેલ સંપદાઓના ક્રમ મુજબ આઠમી પ્રતિક્રમણ સંપદા પૂર્ણ થાય છે.

**જિજ્ઞાસા :** જો કાયોત્સર્ગની ક્રિયા આત્મામાં રહેલી અશુદ્ધિ, શલ્ય કે પાપથી રહિત થવા જ કરવાની છે, તો કાયોત્સર્ગમાં તેના ઉપાયો વિચારવા જ યોગ્ય છે. તો લોગસ્સની વિચારણા શા માટે ?

**તૃપ્તિ :** જો કે કાયોત્સર્ગ પાપની શુદ્ધિ આદિ માટે જ કરવાનો છે, તો પણ પાપની શુદ્ધિનો પરિણામ, પાપથી પૂર્ણ મુક્ત ૨૪ તીર્થંકરોના સ્મરણથી શીઘ્ર થઈ શકે છે, માટે કાયોત્સર્ગમાં લોગસ્સ વગેરે ગણવાનો વિધિ છે. લોગસ્સ દ્વારા ૨૪ તીર્થંકરના નામનું સ્મરણ - કીર્તન એવી રીતે કરવું જોઈએ કે, જેનાથી પાપથી વિરુદ્ધ શુદ્ધભાવનું સ્ફૂરણ થાય, તેના પ્રત્યે આદર થાય અને તેના ફળ સ્વરૂપે પોતાના પાપો નાશ પામે અને આત્મા શુદ્ધ બની શકે. વળી તીર્થંકરોના નામનું સ્મરણ જ સ્વયં પાપનો નાશ કરે છે. લોગસ્સ સૂત્રમાં પણ ભગવાન પાસે સમાધિ અને મોક્ષ જ મંગાય છે. મોક્ષ મળે એટલે સર્વકર્મનો - પાપનો ક્ષય થઈ જ જવાનો છે.

આ સૂત્રનો બોધ એ જ છે કે, માણસથી કાંઈપણ ભૂલ થાય તો તે ભૂલનો સરળતાથી સ્વીકાર કરવો જોઈએ. નિખાલસતાથી તેની નિંદા કરવી જોઈએ. મહર્ષિઓએ બતાવેલા પ્રાયશ્ચિત્તનો માર્ગ ગ્રહણ કરવો જોઈએ અને ફરી તેવી ભૂલો ન થાય તે માટે ચિત્તવૃત્તિઓનું બરાબર શોધન કરી તેમાં રહેલા શલ્ય કે દોષો કાઢી નાખવા જોઈએ. 'ગુરુતત્વ વિનિશ્ચય' નામના ગ્રંથમાં કહ્યું છે કે, આજના કાળમાં વ્રતભંગ અને સ્ખલનાઓ તો ક્ષણે ક્ષણે થાય તેમ છે, પણ જ્યાં સુધી પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધિ કરવાના અધ્યવસાય સ્વરૂપે વ્રત પ્રત્યેની સાપેક્ષતા છે ત્યાં સુધી વ્રતના પરિણામ સ્વરૂપ સંવરભાવ પણ છે.

# અન્નત્થ-સૂત્ર

**સૂત્ર પરિચય :**

આ સૂત્ર દ્વારા કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. માટે તેનું બીજું નામ **'કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર'** છે. વળી, કાયોત્સર્ગમાં કેટલા આગારો-છૂટ રાખવાની છે, તે પણ આ સૂત્રમાં બતાવેલ હોઈ તેને **'આગાર સૂત્ર'** પણ કહેવાય છે. કાયોત્સર્ગની પ્રતિજ્ઞા એક મહાન પ્રતિજ્ઞા છે. તેમાં અનાદિ કાળથી જે કાયા પોતાની નથી, તે કાયાને પોતાની માનવાનો જે દેહાધ્યાસ (મિથ્યા માન્યતા)કર્યો છે તેનો ત્યાગ કરવાનો છે. વાસ્તવિક રીતે વિચારીએ તો કાયા એ હું નથી, પરંતુ કાયાને પ્રવર્તાવનાર અંદર રહેલો આત્મા એ હું છું. પણ મોહને આધિન થઈ આપણે 'કાયા એટલે જ હું' એવું માની બેઠા છીએ. કાયા સંબંધી આ 'હું'પણાના ભાવને આ પ્રતિજ્ઞા દ્વારા ત્યાગવાનો છે.

કાયોત્સર્ગની આ પ્રતિજ્ઞા દ્વારા આપણે બોલીએ છીએ કે કાયાનો ત્યાગ કરું છું, પરંતુ કાયાનો ત્યાગ તો મૃત્યુ સિવાય સંભવિત નથી. આથી જ આ પ્રતિજ્ઞા દ્વારા કાયાના વ્યાપારનો ત્યાગ કરવાનો છે. આ કાયોત્સર્ગના સમય દરમ્યાન કાયા ઉપર મમત્વથી કરાયેલા માલિકીના ભાવને ત્યાગ કરવાનો પ્રયત્ન કરવાનો છે. કાયાના લાલન-પાલનનો વિચાર છોડી, તેના ઉપર ઉદાસીન વૃત્તિને ધારણ કરવાની છે. તેથી આ કાળ દરમ્યાન ગમે તેવા ઉપસર્ગ કે પરિષહ આવે તો પણ સહન કરી લેવાના છે. મનને શુભ ધ્યાનમાં રાખવા પ્રયત્ન કરવાનો છે.

આ આખું સૂત્ર નીચે પ્રમાણે ચાર વિભાગમાં વહેંચાયેલું છે.

૧ - કાયોત્સર્ગના આગારો　૨ - કાયોત્સર્ગનો સમય,

૩ - કાયોત્સર્ગનું સ્વરૂપ　૪ - કાયોત્સર્ગની પ્રતિજ્ઞા

૧. **'अन्नत्थ ऊससिएणं थी हुज्ज मे काउस्सग्गो'** : સુધીના પદોમાં કાયોત્સર્ગમાં રાખવામાં આવતી છૂટ સંબંધી કથન છે. કાયોત્સર્ગ એટલે કાયાના વ્યાપારનો સર્વથા ત્યાગ. કાયાના વ્યાપારનો સર્વથા ત્યાગ સંભવિત નથી, કેમકે શ્વાસોચ્છ્વાસ, લોહીનું પરિભ્રમણ, હલન-ચલન આદિરૂપ કાયિક વ્યાપારો અટકાવી શકાતા નથી અને જો અટકાવવામાં આવે તો મોટા અનર્થ થવાની સંભાવના છે. આથી જ આ સૂત્ર દ્વારા ૧૨ + ૪ = ૧૬ આગારો (છૂટ) રાખવામાં આવ્યા છે. આગારો રાખવાનું મૂળ કારણ એ છે કે, **"ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि"** આ શબ્દોથી સ્થાન, મૌન અને ધ્યાનથી હું કાયાને વોસિરાવું છું એવી જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે, એ પ્રતિજ્ઞાનું પાલન ઉપરોક્ત આગાર વિના સંભવિત નથી. જો આ આગારો રાખવામાં ન આવે તો પ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય અને પ્રતિજ્ઞાના ભંગથી મૃષાવાદ આદિ અનેક દોષો લાગે. આથી જ કોઈપણ પ્રતિજ્ઞા કરતાં પહેલાં પોતાના સંયોગ અને શક્તિનો વિચાર કરીને પ્રતિજ્ઞા કરવી જોઈએ, તો જ પ્રતિજ્ઞા ફળવાન બને, નહિ તો પ્રતિજ્ઞા નિષ્ફળ પણ થાય માટે જ અહીં પ્રતિજ્ઞાને સફળ બનાવવા આગારો બતાવાયા છે.

૨. આ સૂત્રમાં **"जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि, ताव"** આ શબ્દો દ્વારા આ સૂત્રમાં કાયોત્સર્ગની સમય મર્યાદા બતાવવામાં આવી છે. જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવારૂપ 'નમો અરિહંતાણં' પદ ન બોલું ત્યાં સુધી હું કાયોત્સર્ગમાં છું એવું કહેવા દ્વારા કાયોત્સર્ગની મર્યાદા નક્કી થાય છે. જ્યારે કાયોત્સર્ગ પારવો હોય ત્યારે 'નમો અરિહંતાણં' પદનો પ્રયોગ કરવો જરૂરી છે, કેમકે આપણી પ્રતિજ્ઞા છે કે "જ્યાં સુધી અરિહંત ભગવાનના નમસ્કાર વડે કાયોત્સર્ગ પારું નહીં, ત્યાં સુધી મારી કાયાને વોસિરાવું છું", તેથી આ શબ્દ બોલ્યા વિના કાયોત્સર્ગ પરાય તો દોષ લાગે છે.

૩. આ સૂત્રમાં કાયોત્સર્ગ કઈ રીતે કરવાનો છે, તેનું સ્વરૂપ **'ठाणेणं मोणेणं झाणेणं'** શબ્દો દ્વારા બતાવ્યું છે. કાયોત્સર્ગમાં માત્ર કાયાનો ત્યાગ જ કરવાનો છે, તેવું નથી. પરંતુ મન-વચન-કાયાના ત્રણે યોગોને સ્થાન વડે, મૌન વડે અને ધ્યાનવડે સ્થિર કરવાના છે.

કાયાને અન્ય સ્થાનથી રોકી પર્યંકાસન કે પદ્માસન સ્વરૂપ ચોક્કસ મુદ્રામાં રાખવાની છે. આ ચોક્કસ કરેલી મુદ્રા સિવાય કાયાના હલન-ચલનરૂપ વ્યાપારનો ત્યાગ કરવાનો છે. આ રીતે કાયાને સ્થિર કરવાથી મનના વિક્ષેપો શાંત થાય છે અને મન પરમાત્માના ધ્યાનમાં એકાગ્ર બને છે. કેમકે, કાયિક ચેષ્ટા સાથે પણ મનનો અત્યંત સંબંધ છે.

વાણીને મૌન વડે સ્થિર કરવાની છે. કાયોત્સર્ગ દરમ્યાન કોઈપણ પ્રકારનો વાણીનો વ્યાપાર પણ કરવાનો નથી. કેમકે, વચન પ્રયોગનો પણ મન સાથે ગાઢ સંબંધ છે. એટલે મનને સ્થિર કરવા મૌનની પણ જરૂર છે.

વળી, મનને કોઈ ચોક્કસ ધ્યાનમાં સ્થિર કરી; તેને ચારે બાજુ જતું અટકાવી દેવાનું છે. એટલે કાયોત્સર્ગના કાળ દરમ્યાન મનમાં લોગસ્સ કે નવકાર મંત્રનું ધ્યાન અથવા કોઈ પણ સૂત્રનો સ્વાધ્યાય, મંત્ર-જાપ, ભાવનાઓ, અરિહંતાદિ ઉત્તમ પુરુષોની ભિન્ન ભિન્ન અવસ્થાઓનું ભાવન, કોઈપણ પદાર્થ વિષયક અનુપ્રેક્ષા, તત્ત્વચિંતન, ૧૨ ભાવનાઓનું ભાવન આદિ સર્વ કાયોત્સર્ગમાં કરી શકાય છે. આમ છતાં પ્રતિક્રમણાદિ ક્રિયામાં લોગસ્સ વગેરેનો જે કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે, તે જ કરવો યોગ્ય છે.

ટૂંકમાં, કાયોત્સર્ગમાં મન, વચન અને કાયાને એવી રીતે પ્રવર્તાવવાં જોઈએ કે, જેને કારણે દેહાધ્યાસ ટળે, ઈન્દ્રિયોની ચંચળતા ઓછી થાય, કષાયની વૃત્તિઓ ક્ષીણ થાય અને રાગ-દ્વેષનું બળ ખૂબ ઘટી જાય.

૪. છેલ્લે આ સૂત્રમાં "**अप्पाणं कायं वोसिरामि**" શબ્દો દ્વારા કાયોત્સર્ગની પ્રતિજ્ઞા બતાવી છે. આ શબ્દો દ્વારા આપણે આપણી કાયા ઉપર મમત્વની, માલિકપણાની અને કાયાને જ "હું" માનવાની ભાવનાનો ત્યાગ કરવાનો છે.

આ સૂત્રમાં જે રીતે કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે, તે રીતે પૂરા ઉપયોગપૂર્વક, બુદ્ધિની સતેજતાથી, અત્યંત એકાગ્રતાથી, ધીરતા-ગંભીરતા આદિ પૂર્વક જો કાયોત્સર્ગ કરવામાં આવે તો કાયોત્સર્ગથી ઘણાં કર્મ ખપી જાય. કેમકે, કાયોત્સર્ગ સર્વશ્રેષ્ઠ તપ કહેવાય છે. બાર પ્રકારનાં તપમાં એક કરતાં એક તપ ચઢિયાતો છે અને તેમાં સૌથી ચઢિયાતો તપ કાયોત્સર્ગ છે. પૂર્વના ૧૧ તપના અભ્યાસવાળા આત્માઓ જ આ કાયોત્સર્ગ તપમાં મનને સ્થિર કરી મહા કર્મનિર્જરા સાધી શકે છે.

કાયોત્સર્ગથી બીજા પણ ઘણા ફાયદા થાય છે.[1] કાયાની જડતાનો ત્યાગ થાય છે. સુખ-દુઃખને સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. બુદ્ધિનો વિકાસ થાય છે. મન, વચન, કાયાની ચંચળતા નષ્ટ થઈ જાય છે. સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થાય છે. પદાર્થને ખૂબ ઊંડાણથી જોવાની શક્તિ ખીલે છે. આથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે, સાધુ '**अभिक्खणं काउस्सग्गकारी**' હોય, એટલે કે સાધુ આવા ગુણોને પ્રાપ્ત કરવા વારંવાર કાયોત્સર્ગને કરે છે.

**મૂળ સૂત્ર :**

**अन्नत्थ**

**ऊससिएणं नीससिएणं**

**खासिएणं छीएणं जंभाइएणं**

**उड्डुएणं, वाय-निसग्गेणं, भमलीए पित्त-मुच्छाए ।।१।।**

**सुहुमेहिं अंग-संचालेहिं, सुहुमेहिं खेल-संचालेहिं,**

**सुहुमेहिं दिट्ठि-संचालेहिं ।।२।।**

**एवमाइएहिं आगारेहिं**

**अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो ।।३।।**

**जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि ।।४।।**

**ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ।।५।।**

પદ-૨૮ સંપદા-૫ અક્ષર-૧૪૦

૧. એકવચનાંત આગાર સંપદા

अन्नत्थ-ऊससिएणं १, नीससिएणं २, खासिएणं ३, छीएणं ४, जंभाइएणं ५, उड्डुएणं ६, वाय-निसग्गेणं ७, भमलीए ८, पित्त-मुच्छाए ९. ।।१।।

૨. બહુવચનાંત આગાર સંપદા

सुहुमेहिं अंग-संचालेहिं १०, सुहुमेहिं खेल-संचालेहिं ११, सुहुमेहिं दिट्ठि-संचालेहिं १२. ।।२।।

---

1. **देह मरू जड शुद्धि सुह दुक्ख तितिक्खया अणुपेहा ।**
**जायरू च सुहं जाणं एयग्गो काउस्सग्गंमि ।।** - (આ. નિ. દિ. ૧૮૬૭)

૩. આગંતુક આગાર સંપદા

एवमाइएहिं १३, आगारेहिं १४, अभग्गो १५, अविराहिओ १६, हुज्ज १७, मे काउस्सग्गो १८. ।।३।।

૪. કાયોત્સર્ગાવિધિ સંપદા

जाव अरिहंताणं १९, भगवंताणं २०, नमुक्कारेणं २१, न पारेमि २२. ।।४।।

૫. સ્વરૂપ સંપદા

ताव कायं २३, ठाणेणं २४, मोणेणं २५, झाणेणं २६, अप्पाणं २७, वोसिरामि २८. ।।५।।

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**ऊससिएणं नीससिएणं**

उच्छ्वसितेन निःश्वसितेन

ઉંચો-શ્વાસ લેવાથી, નીચો-શ્વાસ મૂકવાથી,

**खासिएणं छीएणं जंभाइएणं**

कासितेन क्षुतेन जृम्भितेन

ખાંસી-ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી,

**उड्डुएणं वाय-निसग्गेणं भमलीए पित्त-मुच्छाए**

उद्गारेण वात-निसर्गेण भ्रमर्या पित्त-मूर्च्छया

ઓડકાર આવવાથી, વાયુનો સંચાર થવાથી, ભમરી આવવાથી (ચક્કર આવવાથી, ફેર આવવાથી કે વાઈનો હુમલો આવવાથી) પિત્ત-પ્રકોપથી આવેલી મૂર્ચ્છા વડે,

**सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठिसंचालेहिं**

सूक्ष्मैः अङ्गसंचालैः, सूक्ष्मैः श्लेष्म-संचालैः, सूक्ष्मैः दृष्टि-संचालैः

સૂક્ષ્મ અંગનું સંચાલન થવાથી, સૂક્ષ્મ રીતે શરીરની અંદર કફ તથા વાયુનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે દૃષ્ટિ હલાવવાથી

**एवमाइएहिं आगारेहिं अन्नत्थ**

एवम् आदिभिः आकारैः अन्यत्र

ઈત્યાદિ આગારો સિવાય

**मे काउस्सगो अभग्गो अविराहिओ हुज्ज**

मम कायोत्सर्गः अभग्नः अविराधितः भवतु ।

મારો કાયોત્સર્ગ અભગ્ન અને અવિરાધિત હોજો.

**जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि ।**

**ताव अप्पाणं कायं ठाणेणं मोणेणं झाणेणं वोसिरामि ।।**

यावद् अर्हतां भगवतां नमस्कारेण न पारयामि ।

तावत् आत्मीयं कायं स्थानेन मौनेन ध्यानेन व्युत्सृजामि ।।

જ્યાં સુધી અરિહંત ભગવાનના નમસ્કારવડે (કાયોત્સર્ગ) પારું નહીં, ત્યાં સુધી મારી કાયાને સ્થાનવડે, મૌનવડે અને ધ્યાનવડે વોસિરાવું છું.

**વિશેષાર્થ :**

**अन्नत्थ :** અન્યત્ર, આ સિવાય.

આ નૈપાતિક પદ છે. જ્યારે કોઈ પણ વસ્તુનો અપવાદ કરવો હોય અથવા તો તેને મુખ્ય વસ્તુમાંથી જુદી પાડવી હોય ત્યારે તેનો ઉપયોગ થાય છે. જેમ કે, હું તારું કામ રાત-દિવસ કરીશ, સિવાય કે નિદ્રાનો સમય. આ પદ **ऊससिएणं** થી **एवमाईएहिं आगारेहिं** સુધીના બધાં પદ સાથે જોડવાનું છે. જેમકે, ઉચ્છ્વાસ સિવાય, નિઃશ્વાસ સિવાય વિ.

આ સૂત્રમાં કહેલા આગારોનું પાંચ વિભાગમાં વિભાગીકરણ થઈ શકે છે.

૧. સહજ ઉઠનારા આગારો ૨. આગંતુક અલ્પ નિમિત્ત આગારો ૩. આગંતુક બહુ નિમિત્ત આગારો ૪. સૂક્ષ્મ નિયમા થનારા આગારો ૫.બાહ્ય નિમિત્તે જન્મનારા આગારો.

**૧. સહજ ઉઠનારા આગારો :**

**ऊससिएणं नीससिएणं :** ઊંચો-શ્વાસ લેવાથી, નીચો-શ્વાસ મૂકવાથી,

મુખ કે નાસિકા વડે અંદર લેવાતો શ્વાસ, એ ઉચ્છ્વાસ છે અને બહાર કાઢવામાં આવતો શ્વાસ, તે નિઃશ્વાસ છે. આ ક્રિયા સહજ ઉઠતી ક્રિયા છે. શરીરમાં જ્યાં સુધી પ્રાણ છે, ત્યાં સુધી આ ક્રિયા સતત ચાલવાની જ છે. એને

જો લાંબો સમય રોકવા જઈએ, તો મૃત્યુ થાય. પ્રાણાયામ દ્વારા થોડોક સમય આ ક્રિયા અટકાવી શકાય છે, પરંતુ વધુ સમય અટકાવવાથી જીવ જતો રહે છે, માટે કાયોત્સર્ગ કરતાં ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસની છૂટ રખાય છે.

**૨. આગંતુક અલ્પ નિમિત્તે ઉઠનારા આગારો :**

**खासिएणं छीएणं जंभाइएणं :** ખાંસી-ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી,

ખાંસી, છીંક કે બગાસું એ શરીરમાં કોઈ ક્ષોભ ઉત્પન્ન થયો હોય ત્યારે ઉત્પન્ન થાય છે અને કોઈક વાર જ થાય છે. તે અલ્પનિમિત્તાધીન છે, આગંતુક છે. ખાંસી આવવી એ આપણી ઈચ્છા કે પ્રયત્ન પર નિર્ભર નથી. જો કે ઉપલક રીતે ખાંસી ખાવી હોય તો આપણે ખાઈ શકીએ છીએ, પણ જ્યારે અંદરથી ઉત્પન્ન થાય ત્યારે તેને રોકવી એ શક્ય નથી. એવું જ છીંકનું પણ છે. છીંક પણ આગંતુક હોય છે અને આપણે તેને રોકી નથી શકતા. શરીરમાં અલ્પ વાયુનો ક્ષોભ થવાને કારણે બગાસું આવે છે, તેને રોકવાથી પણ અસમાધિ થવાની સંભાવના છે. તેથી તેનો પણ અપવાદ રાખ્યો છે.

**૩. આગંતુક બહુ નિમિત્તે ઉઠનારા આગારો :**

**उड्डुएणं वाय-निसग्गेणं भमलीए पित्त-मुच्छाए :** ઓડકાર આવવાથી, વાયુનો સંચાર થવાથી, ભમરી આવવાથી, પિત્ત-પ્રકોપથી આવેલી મૂર્ચ્છા વડે,

ઓડકાર આવવો, વા-છૂટ થવી, ભમરી-ચક્કર આવવા કે પિત્તની અતિશયતાને લીધે બેભાન થઈ જવું એ ચારે ક્રિયા આગંતુક છે. તે વાયુ કે પિત્તના વિશેષ પ્રકોપથી થાય છે તથા બહુ નિમિત્તાધીન છે. તેથી તે દરેકનો સમાવેશ અપવાદમાં કર્યો છે.

ક્યારેક અપથ્ય આહાર-વિહાર, માનસિક આઘાત કે તેવા પ્રકારના રોગથી ગમે ત્યારે ચક્કર આવે છે અને તે ઈચ્છા કે પ્રયત્નથી રોકી શકાતા નથી. વળી, પિત્તની અતિશયતાને લીધે ક્યારેક એકાએક જ ગમે તે સમયે બેભાન અવસ્થા થવાનો સંભવ રહે છે. તે પણ આપણા કાબૂની વાત નથી, માટે તેનો સમાવેશ અપવાદમાં કર્યો છે.

**૪. સૂક્ષ્મ નિયમા થનારા આગારો :**

**सुहुमेहिं अंगसंचालेहिं :** સૂક્ષ્મ અંગનું સંચાલન થવાથી.

શરીરના અંગોનું સૂક્ષ્મ સ્ફુરણ, આંખના પોપચાનું ફરકવું, ગાલનું ફરકવું, હાથપગના સ્નાયુઓનું હલવું, રૂંવાડા ઉભાં થવા વગેરે ક્રિયાઓ આપણી ઈચ્છા કે પ્રયત્નને આધીન ન હોઈ શરીરમાં ગમે ત્યારે થવાનો સંભવ હોય છે. તેથી તેનો સમાવેશ પણ અપવાદમાં કરેલો છે.

**सुहुमेहिं खेलसंचालेहिं :** સૂક્ષ્મ રીતે શરીરની અંદર કફ તથા વાયુનો સંચાર થવાથી.

કફ અથવા વાયુનો સૂક્ષ્મ સંચાર થવાની ક્રિયા શરીરમાં નિરંતર ચાલ્યા કરે છે. કાયાનો આ સૂક્ષ્મ વ્યાપાર આપણા હાથમાં નથી તેથી અપવાદમાં ગણેલ છે.

**सुहुमेहिं दिट्ठिसंचालेहिं :** સૂક્ષ્મ રીતે દૃષ્ટિ હલાવવાથી.

આંખનું મટકું મારવું, સૂક્ષ્મ રીતે દૃષ્ટિનું ફરકવું, આંખનો પલકારો થવો તે સહજ ક્રિયા જ છે. તેથી તેને અપવાદમાં ગણાવી છે.

આમ જુઓ તો કાયોત્સર્ગમાં દૃષ્ટિને કોઈપણ ચેતન કે અચેતન વસ્તુ પર સ્થિર કરવામાં આવે છે. પરંતુ સંભવ છે કે, આ પ્રસંગે કોઈ વાર દૃષ્ટિ હાલી પણ જાય. કારણ કે, મનની માફક તેને પણ સ્થિર કરવી દુષ્કર છે. જો કે મહાસત્ત્વશાળી પુરુષો તે કરી શકે છે, પણ સામાન્ય આત્માઓને માટે તે પૂરેપૂરી રીતે શક્ય નહિ હોવાથી અપવાદમાં ગણાવી છે.

આ ત્રણેય ક્રિયા નિયમા થનારી છે. અગાઉના ત્રણ પ્રકારના આગારો સહજ ઉઠનારા હતા પણ તેને થોડોક સમય અટકાવી શકાય તેવા હતા, જ્યારે આ ત્રણ પ્રકારના સૂક્ષ્મ સંચારને અટકાવવા આપણો પ્રયત્ન કામ લાગતો નથી, તે અવશ્ય થનારા જ છે, તેથી જ આ સૂત્રમાં તેની છૂટ રખાયેલી છે.

**૫. બાહ્ય નિમિત્તે જન્મનારા આગારો :**

**एवामाइएहिं आगारेहिं :** આ કે આ સિવાયના અન્ય આગારો વડે.

અન્ય આગારોમાં ચાર આગાર બતાવ્યા છે. તે બાહ્ય નિમિત્તે ઉત્પન્ન થનારા છે.

જેઓ કર્મ ખપાવવા માટે કાયોત્સર્ગનો આશ્રય લે છે અને તે માટે સ્મશાન, શૂન્યગૃહ કે જંગલમાં જઈને કાયાનું વ્યુત્સર્જન કરે છે, તેઓના માટે ઘણીવાર વિચિત્ર અને વિકટ સંયોગો ઉભા થાય છે, ત્યારે સમાધિપૂર્વક મૃત્યુ સ્વીકારી શકાય તેવું ન હોય. મન ઉપર તે સંયોગની અસર થાય તેવું હોય તો આ ચાર પ્રકારના અપવાદો રાખી શકાય છે.

**૧. અગ્નિ :** કાયોત્સર્ગ કરવા માટે મુમુક્ષુ આત્મા જ્યાં સ્થિત હોય, તે જ વસ્તીને જો આગ લાગી જાય તો તે સમયે ત્યાંથી ખસી શકાય છે. ત્યાંથી ખસીને અન્યત્ર સલામત સ્થળે જઈને અધૂરો કાઉસ્સગ્ગ પૂર્ણ કરાય છે. અથવા ક્યારેક અગ્નિની ઉજેહી શરીર પર પડતી હોય તો પણ ખસી શકાય છે. કદાચ ખસવા છતાં ઉજેહી પડતી હોય તો કામળી ઓઢી શકાય છે કે બેસી પણ શકાય છે અને પછી ફરી ઈરિયાવહિયા કર્યા વિના જ અધૂરો કાયોત્સર્ગ ત્યાંથી શરૂ કરીને પૂરો કરી શકાય છે.

અહીં એ વસ્તુ ખ્યાલમાં રાખવાની કે, ત્યારે 'નમો અરિહંતાણં' બોલીને કાયોત્સર્ગ પારવાનો નહિ. કેમકે, કાયોત્સર્ગનું પ્રમાણ પૂર્ણ થાય ત્યારે નમો અરિહંતાણં બોલીને પારવાથી પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે, નહિ તો અધૂરી રહે છે.

**૨. પંચેન્દ્રિય સંબંધી :** કાયોત્સર્ગ કરનાર સાધક આત્માની નજર સમક્ષ જ જો કોઈ પંચેન્દ્રિય જીવની હત્યા થતી હોય તો ત્યાં ઊભા રહેવામાં દયાના પરિણામોને ધક્કો લાગવાનો સંભવ રહે છે. તેથી પરિણામની ધૃષ્ટતા ન થાય તે માટે ચાલુ કાયોત્સર્ગે જ અન્યત્ર ચાલ્યા જવું અથવા કાયોત્સર્ગ ચાલતો હોય ત્યારે પંચેન્દ્રિય જીવની આડ પડવાની શક્યતા જણાતી હોય તો તરત સ્થાપનાચાર્યજીની સાવ પાસે જઈને ઉભા રહી જવું અને અધૂરો કાયોત્સર્ગ ત્યાંથી જ શરૂ કરી પૂર્ણ કરવો.

**૩. ચોર કે રાજભય :** કાયોત્સર્ગમાં રહેલી વ્યક્તિને રાજા કે ચોર કોઈ પ્રકારનો ભય કે પ્રાણાંત કષ્ટ આપે તેવી શક્યતા હોય તો ત્યાંથી ખસી શકાય છે. આવી રીતે ખસવાથી પણ કાયોત્સર્ગ ભંગ નથી થતો, કારણકે કાયોત્સર્ગની પ્રતિજ્ઞા આ આગાર સહિત જ સ્વીકારાય છે.

**૪. સર્પદંશ :** સર્પ વગેરે પશુઓનો પ્રાણઘાતક દંશ લાગતા કદાચ અસમાધિ

કે મૃત્યુ થાય. તેના નિવારણ માટે ખસી જવાનો આગાર આપવામાં આવ્યો છે. પૂર્વભવના વૈર વગેરે કારણે આવું બનવાનો સંભવ હોય છે.

આ ચાર આગારો અકસ્માત બનનાર છે. તેથી તે આકસ્મિક વિભાગમાં આવે છે. જ્યારે તેની અગાઉના ૧૨ આગાર કાયાને ધ્યાનમાં રાખીને મૂકવામાં આવ્યા છે. તેથી તે કાયિક વિભાગમાં આવે છે.

**જિજ્ઞાસા :** કોઈપણ પ્રતિજ્ઞામાં છૂટ રાખવી તે યોગ્ય નથી. સત્વશાળી આત્માઓ નિરપવાદ પ્રતિજ્ઞાનું પાલન કરતાં હોય છે. નિરપવાદ પ્રતિજ્ઞામાં જ કસોટી આવે છે અને કસોટીના કાળમાં સાત્ત્વિક પુરુષો તેને પાર પણ કરી શકે છે. તો પછી આ કાયોત્સર્ગની પ્રતિજ્ઞામાં આટલી બધી છૂટો શા માટે ?

**તૃપ્તિ :** સાત્ત્વિક પુરૂષો પણ વિવેકપૂર્ણ પ્રવૃત્તિ કરે તો જ આત્મહિત થાય છે. વિવેક વિનાની પ્રવૃત્તિ કદી સફળ થઈ શકતી નથી. જે વસ્તુ શક્ય નથી, જે કરવા જતાં અકાળે મૃત્યુની સંભાવના છે, અસમાધિનો પ્રશ્ન છે અને તેથી જેનાથી પરલોકની પરંપરા બગડવાની સંભાવના છે તેવા કાર્ય વિવેકી પુરૂષો કદી સામેથી સ્વીકારતા નથી. માટે જ સાત્ત્વિક પુરુષો પણ પોતાના શરીર આદિનો વિચાર કરી પ્રતિજ્ઞા કરે છે. જેથી તેઓ પૂર્ણફળને પ્રાપ્ત કરી શકે છે.

વિવેક વિનાની પ્રતિજ્ઞા મૃત્યુ માટે થાય છે. જૈન શાસનમાં અવિધિથી થતું મૃત્યુ ઈષ્ટ નથી મનાયું. કહ્યું છે કે, સંયમની રક્ષા કરવી જોઈએ, પરંતુ સંયમ કરતાં પણ સ્વાત્માની રક્ષા કરવી. કેમકે, પછી પ્રાયશ્ચિત્ત આદિ કરી આત્મશુદ્ધિ થઈ શકે છે.

**अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो :** આ ૧૬ આગારો સિવાય મારો કાઉસ્સગ્ગ અભગ્ન, અવિરાધિત બનો.

ઘડો સંપૂર્ણપણે ફૂટી જાય ત્યારે તે ભગ્ન થયો કહેવાય. પણ જો તેનો કાંઠલો વગેરે એકાદ નાનો અંશ જ તૂટી જાય તો તે ઘડો ખંડિત થયો કહેવાય. તે રીતે કાયોત્સર્ગ ભાંગવો એટલે કાયોત્સર્ગની મર્યાદા બહારની પ્રવૃત્તિ કાયોત્સર્ગમાં કરવી. જેમકે, કોણ આવ્યું ? કોણ ગયું ? તે જોવા દૃષ્ટિ ફેરવવી. કોણ શું વાત કરે છે, તે સાંભળવા કાન ધરવો. આવી કાયોત્સર્ગની મર્યાદા વિનાની પ્રવૃત્તિથી અટકવા પ્રયત્ન પણ ન કરવો, આવા નિરપેક્ષ પરિણામવાળા આત્માનો

કાયોત્સર્ગ ભગ્ન ગણાય છે અને જે વ્યક્તિને કોઈકવાર અનાદિ કુટેવને કારણે કે સહસાત્કારાદિથી કોઈક આવે તો જોવાઈ જાય, કોઈક બોલે તો કાન મંડાઈ જાય, ત્યારે પણ તરત જ તેમાંથી મન અને ઈન્દ્રિયને પાછા ખેંચવાની ઈચ્છા હોય, તુરત જ ત્યાંથી મન કે ઈન્દ્રિયને પાછી ખેંચી પણ લે. આવા સાપેક્ષ આત્માનો કાયોત્સર્ગ જો ક્યારેક વિપરીત પ્રવૃત્તિવાળો થાય તો વિરાધિત થયો ગણાય છે. ટૂંકમાં, કાયોત્સર્ગની મર્યાદાથી નિરપેક્ષ પ્રવૃત્તિ તે ભગ્નતા છે અને કાયોત્સર્ગ સાપેક્ષ થતાં અતિચાર તે વિરાધના છે.

આમ, અહીં આરાધક આત્મા આવી બેય પરિસ્થિતિની અનિચ્છા વ્યક્ત કરતો કહે છે કે, મારો કાઉસ્સગ્ગ અભગ્ગો = સર્વથા નષ્ટ ન હો. તેમ જ અવિરાહિઓ = અંશે પણ ભગ્ન ન હો.

**जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि :** જ્યાં સુધી "નમો અરિહંતાણં" પદ બોલીને કાયોત્સર્ગ ન પારું.

**ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि :** ત્યાં સુધી કાયાને કાયોત્સર્ગની મુદ્રા દ્વારા, વાણીને મૌન દ્વારા અને મનને ધ્યાનમાં સ્થિર કરવા દ્વારા મારી અશુભ યોગવાળી કાયાનો હું અત્યંત ત્યાગ કરું છું.

પ્રતિજ્ઞામાં અરિહંત ભગવંતને નમસ્કાર વડે પારવાની વાત છે. તેથી "નમો અરિહંતાણં" બોલીને જ કાયોત્સર્ગ પારવો જોઈએ. "નમો અરિહંતાણં" બોલતી વખતે નજર સામે અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત અરિહંત ભગવાન છે અને આપણે તેમને નમીએ છીએ તેવો ભાવ ઊભો કરવાનો છે. પૂર્વાચાર્યોની પરંપરાથી નમુક્કારેણં પદથી "નમો અરિહંતાણં" બોલવાની જ રૂઢિ છે, તેથી ગમે તે રીતે નમસ્કાર કરીને પૂર્વાચાર્યોની આ પરંપરાને તોડવી ના જોઈએ. આ "નમો અરિહંતાણં" ને બીજી ભાષામાં બોલવામાં પણ દોષ લાગે. કેમ કે તે મંત્રાક્ષર છે અને મંત્રાક્ષરનાં પદોને બદલે તેના અર્થવાળાં બીજાં પદો બોલવામાં આવે તો ફળ પ્રાપ્ત થતું નથી.

અહીં "**वोसिरामि**"માં **वि + उत् + सृज्** ધાતુનો ઉપયોગ છે, જે છોડવું કે ત્યાગ કરવાના અર્થમાં વપરાય છે. આમ તો **उत् + सृज्** ધાતુનો અર્થ પણ

ત્યાગ કરવો જ છે. આમ છતાં પણ અહીં **वि + उत् + सृज्** ધાતુનો ઉપયોગ કરેલ છે. કારણ કે, કાયોત્સર્ગ કરતી વેળાએ અશુભ યોગવાળી કાયાનો આત્યંતિક રીતે ત્યાગ કરવો છે. જે ત્યાગ કર્યા પછી ફરીથી કાયા એવા અશુભ યોગમાં ન પ્રવર્તે એવો દૃઢ સંકલ્પ મનમાં કરવાનો છે.

અહીં મન-વચન-કાયાના યોગનો સર્વથા ત્યાગ નથી કરવાનો. પરંતુ અશુભ સ્થાનમાં પ્રવર્તતા આ ત્રણે યોગોને અટકાવી શુભ સ્થાનમાં યત્નપૂર્વક પ્રવર્તાવવાના છે. શુભ સ્થાનમાં પ્રવર્તન પણ એટલા માટે કરવાનું છે કે, ધીમે ધીમે આ ક્રિયા દ્વારા આત્મા બાહ્ય ભાવોથી સંપૂર્ણ નિવૃત્ત થઈ આત્મભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરે.

તસ્સ ઉત્તરી સૂત્રમાં પણ "કાયોત્સર્ગ કરું છું" એમ બોલવામાં આવે છે. પણ તે બોલીને સીધો કાયોત્સર્ગ ન કરતાં અન્નત્થ સૂત્ર કહ્યા પછી કાયોત્સર્ગ કરવામાં આવે છે. આગળના સૂત્રમાં કાયોત્સર્ગની નજીકનો સમય છે. તેથી ત્યાં હું કાયોત્સર્ગ કરું છું, એમ બોલાય છે અને હમણાં જ કરું છું, એ ભાવ સાથે બોલાય છે. છતાં પણ આગારો વિના કાયોત્સર્ગનો પ્રારંભ ન થઈ શકે તેથી આગારોની છૂટ લેવા વચ્ચે અન્નત્થ સૂત્ર બોલાય છે.

**જિજ્ઞાસા :** વાસ્તવમાં આ કાયોત્સર્ગ કરવાનો અધિકારી કોણ છે ?

**તૃપ્તિ :** કાયોત્સર્ગ ગુપ્તિના પરિણામ સ્વરૂપ છે. ગુપ્તિનો પરિણામ વિરતીના પરિણામ વિના સંભવતો નથી. આથી વાસ્તવમાં કાયોત્સર્ગ કરવાનો અધિકારી પાંચમા - છઠ્ઠા ગુણસ્થાનકવાળો આત્મા જ છે. તે સિવાયનાં આત્માઓ માટે તો આ ક્રિયા કાયોત્સર્ગના અભ્યાસરૂપ જ થાય છે.

# લોગસ્સ સૂત્ર

**સૂત્રપરિચય :**

લોગસ્સ સૂત્રમાં ભરતક્ષેત્રના આ જ અવસર્પિણી કાળમાં થયેલા ચોવીસ તીર્થંકરોની સ્તવના કરવામાં આવી છે, તેથી તેને **"ચતુર્વિંશતિ સ્તવ સૂત્ર"** પણ કહેવાય છે. ઋષભાદિ ચોવીસ તીર્થંકરોએ આ કાળમાં તીર્થની સ્થાપના કરીને આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે, માટે તેઓ આપણા આસન્ન (નિકટના - વિશેષ) ઉપકારી છે. આ સૂત્રમાં નામોલ્લેખપૂર્વક તેમનું કીર્તન કરાય છે. તેથી આ સૂત્રને **"નામસ્તવ સૂત્ર"** પણ કહેવાય છે.

અરિહંતના અનંતજ્ઞાનાદિ ગુણોની સ્મૃતિ થતાં, જ્યારે હૈયામાં અરિહંત પરમાત્મા પ્રત્યે અહોભાવ અને આદરભાવ જાગે ત્યારે એ આદરભાવપૂર્વક જો અરિહંતના નામનું સ્મરણ કરવામાં આવે કે, તેમની મૂર્તિની પૂજા કરવામાં આવે કે પરમાત્માની ભિન્ન ભિન્ન અવસ્થાની ભક્તિ કરવામાં આવે તો તે નામસ્મરણાદિથી પુણ્યબંધ અને કર્મનિર્જરા થાય છે. આવા નામસ્મરણાદિ પરંપરાએ પરમપદની પ્રાપ્તિનું કારણ બને છે.

આથી જ આ સૂત્રમાં અરિહંતના નામનું સ્મરણ કરવા પૂર્વે, પ્રથમ ગાથામાં ભાવ તીર્થંકરનું સ્વરૂપ બતાવ્યું છે કે જેથી **ભાવજિનનું**[1] ચિંતન કરતાં જ

---

1. જૈન દર્શનમાં કોઈપણ પદાર્થને સ્પષ્ટ રીતે સમજાવવા માટે, ચાર નિક્ષેપનું વર્ણન આવે છે. વિશ્વની દરેક વસ્તુના ઓછામાં ઓછા ચાર પ્રકાર કે ચાર નિક્ષેપ હોય છે **નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ**. જિનના પણ ચાર નિક્ષેપ હોય છે **નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને**

અરિહંતના ગુણો અને તેમણે કરેલા ઉપકારોની સ્મૃતિ તાજી થાય અને તેથી આપણું ચિત્ત અરિહંત પરમાત્મા પ્રત્યેના અહોભાવથી રંગાઈ જાય. આ અહોભાવથી અરિહંતનું નામસ્મરણ કરવા માટે બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ભરતક્ષેત્રમાં થયેલા ચોવીસ તીર્થંકરની નામપૂર્વક સ્તવના કરેલ છે અને છેલ્લી ત્રણ ગાથામાં ભિન્ન ભિન્ન સ્વરૂપે સ્તુતિ કરવા સાથે સાધના કરવા માટે અત્યંત ઉપયોગી આરોગ્ય, બોધિ અને સમાધિની માંગણી કરવામાં આવી છે અને અંતે સાધના કરીને જે મેળવવાનું છે તે સિદ્ધિની માંગણી કરવામાં આવી છે.

નવકારની જેમ લોગસ્સ સૂત્ર પણ એક મંત્ર સ્વરૂપ છે. આથી જ લોગસ્સ સૂત્રના જાપથી ઘણા ઉપસર્ગો-વિઘ્નોનો નાશ થઈ શકે છે. તેનું રટણ, સ્મરણ અને ધ્યાન વિશેષ ફળ આપે છે.

સામાયિક, પ્રતિક્રમણ, દેવવંદન આદિમાં લોગસ્સ સૂત્રનો ઉપયોગ વારંવાર થાય છે. પણ ખાસ કરીને આ સૂત્રનો ઉપયોગ કાયોત્સર્ગમાં થાય છે. વિઘ્નોના નિવારણ માટે, કર્મના ક્ષય માટે, જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે, અરિહંતાદિ પદોની વિશેષ આરાધના માટે આદિ અનેક ભિન્ન ભિન્ન હેતુથી આ સૂત્ર દ્વારા કાયોત્સર્ગ કરાય છે. તીર્થંકરો જેવા વિશિષ્ટ ગુણસંપન્ન આત્માના સ્મરણપૂર્વક જ્યારે કાયોત્સર્ગ કરવામાં આવે છે, ત્યારે પહેલાં જે જે ઈષ્ટને મેળવવાની ભાવના હોય તે તે વસ્તુની પ્રાપ્તિ માટેના પ્રણિધાન કરવાપૂર્વક, એક સંકલ્પ કરાય છે કે, આ કાયોત્સર્ગથી મારાં કર્મોનો ક્ષય થાઓ, મારાં વિઘ્નો શાંત થાઓ કે, તે તે ગુણોની મને પ્રાપ્તિ થાઓ.

સાધક આત્મા જ્યારે આવા પ્રકારનું પ્રણિધાન કરીને કાયોત્સર્ગમાં લોગસ્સ સૂત્ર બોલે છે, ત્યારે લોગસ્સના એક એક શબ્દ ઉપર વિશેષ ઉપયોગવાળો બને છે. **ચોવીસે તીર્થંકરોનાં નામ અર્થથી વીતરાગ કેવી રીતે બનાય તે બતાવે છે.** તેથી તે તે નામથી ઓળખાતા અરિહંતાદિ ઉપર તેનું ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે. દૃઢ પ્રયત્નથી કાયોત્સર્ગ કરનાર આત્માઓ ઋષભાદિ તીર્થંકરો સાથે તાદાત્મ્યભાવને સાધી શકે છે. એટલે કે, એકાગ્રતાપૂર્વક ઋષભાદિ જિનનું નામસ્મરણ કરતાં કરતાં સાધક તે તે જિનના ઉપયોગવાળો બની શકે છે. આ અરિહંત સાથેના

**ભાવજિન.** જિનના નામને નામજિન કહેવાય, જિનેશ્વરની મૂર્તિને સ્થાપનાજિન કહેવાય, જિનની પૂર્વની કે પછીની અવસ્થાને દ્રવ્યજિન કહેવાય અને કેવળજ્ઞાન પામી, સમવસરણમાં બેસી દેશના આપતા સર્વગુણ સંપન્ન તીર્થંકરને ભાવજિન કહેવાય છે.

તાદાત્મ્યભાવને શાસ્ત્રીય પરિભાષામાં 'સમાપત્તિ' કહે છે. આ 'સમાપત્તિ' સર્વ ઇષ્ટને સિદ્ધ કરવા સમર્થ બને છે.

કાયોત્સર્ગમાં મુખ્યરૂપે જેમ લોગસ્સ બોલાય છે, તેમ કાયોત્સર્ગ પાર્યા પછી પણ મોટા ભાગે પ્રગટરૂપે આ સૂત્ર બોલવામાં આવે છે. તેનું કારણ એ છે કે, કાયોત્સર્ગ જે પ્રણિધાનપૂર્વક - જે આશયથી શરૂ કર્યો હતો, તે આશય આવા વિશિષ્ટ ભાવથી કરવાને કારણે કંઈક અંશે સિદ્ધ થાય છે. તે સિદ્ધિનો આનંદ પણ પ્રગટરૂપે આ સૂત્ર બોલીને દર્શાવાય છે.

આનંદ વ્યક્ત કરવાનું સાધન ભોગી પુરુષો માટે જેમ ભોગનાં સાધનો કે ભોગી વ્યક્તિઓ છે, તેમ મોક્ષમાર્ગના પથિકોને આનંદ વ્યક્ત કરવાનું સાધન યોગી પુરુષો કે યોગનાં સાધનો છે. આ જગતમાં ગુણવૈભવથી યુક્ત વ્યક્તિત્વ, ઔચિત્યપૂર્વકનો જીવનવ્યવહાર અને પરોપકારની પરાકાષ્ઠા તીર્થંકરો સિવાય ક્યાંય જોવા મળતી નથી, માટે જ યોગી પુરુષો આનંદના સમયે વિશેષ પ્રકારે અરિહંતોને યાદ કરે છે. આવી રીતે સાધક પણ પોતાનાં કર્મોનો ક્ષય કે ગુણની પ્રાપ્તિ આદિ જે કંઈપણ કાયોત્સર્ગથી પ્રાપ્ત થયું હોય, તેનો આનંદ વ્યક્ત કરવા કાયોત્સર્ગ પાર્યા પછી તીર્થંકરોના નામનિક્ષેપાની ભક્તિ કરવા લોગસ્સ બોલે છે.

સાધુ અને શ્રાવકને કરવા યોગ્ય જે છ આવશ્યક છે, તે પૈકીનું બીજું આવશ્યક 'ચઉવીસત્થો' છે. 'ચઉવીસત્થો' એટલે ચોવીશ ભગવાનની સ્તવના. આ ચઉવીસત્થો આવશ્યક પણ લોગસ્સ સૂત્ર દ્વારા સંપન્ન થાય છે.

**મૂળ સૂત્ર :**

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ।।१।।**
**उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।**
**सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।**

**कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।**
**वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥**
**एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा ।**
**चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥**
**कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्ग-बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥**
**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।**
**सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥**

પદ -૨૮ સંપદા-૨૮ અક્ષર-૨૫૯

लोगस्स उज्जोअगरे १, धम्मतित्थयरे जिणे २ ।
अरिहंते कित्तइस्सं ३, चउवीसंपि केवली ४ ॥१॥
उसभमजिअं च वंदे ५, संभवमभिणंदणं च सुमइं च ६।
पउमप्पहं सुपासं ७, जिणं च चंदप्पहं वंदे ८॥२॥
सुविहिं च पुप्फदंतं ९, सीअल-सिज्जंस-वासुपुज्जं च १० ।
विमलमणंतं च जिणं ११, धम्मं संतिं च वंदामि १२ ॥३॥
कुंथुं अरं च मल्लिं १२, वंदे मुणिसुव्वयं नमिजिणं च १४ ।
वंदामि रिट्ठनेमिं १५, पासं तह वद्धमाणं च १६ ॥४॥
एवं मए अभिथुआ १७, विहुय-रय-मला पहीण-जर-मरणा १८ ।
चउवीसंपि जिणवरा १९, तित्थयरा मे पसीयंतु २०॥५॥
कित्तिय-वंदिय-महिया २१, जे ए लोगस्स उत्तमा सिद्धा २२।
आरुग्ग-बोहि-लाभं २३, समाहिवरमुत्तमं दिंतु २४॥६॥
चंदेसु निम्मलयरा २५, आइच्चेसु अहियं पयासयरा २६ ।
सागरवरगंभीरा २७, सिद्धा सिद्धिं मम दिसंतु २८॥७॥

**અન્વય સહિત સંસ્કૃત છાયા અને શબ્દાર્થ :**

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे,**

लोकस्य उद्योतकरान्, धर्मतीर्थकरान् जिनान्

લોકને ઉદ્યોત કરનારા, ધર્મતીર્થનું પ્રવર્તન કરનારા, રાગ-દ્વેષને જીતનારા

**केवली चउवीसंपि अरिहंते कित्तइस्सं, ।। १ ।।**

केवलिनः चतुर्विंशतिम् अपि अर्हतः कीर्तयिष्यामि ।। १ ।।

કેવળજ્ઞાનને પામેલા ચોવીસે પણ અરિહંતોનું હું કીર્તન કરીશ. ॥૧॥

**उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च,**

ऋषभं अजितं, च सम्भवं अभिनन्दनं च सुमतिं च वन्दे ।

ઋષભદેવ અને અજિતનાથને, સંભવનાથને, અભિનંદનસ્વામીને અને સુમતિનાથને હું વંદન કરું છું.

**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।**

पद्मप्रभं सुपार्श्वं च चन्द्रप्रभं जिनं वन्दे ।। २ ।।

પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભ જિનને હું વાંદું છું. ॥૨॥

**सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च,**

सुविधिं पुष्पदन्तं च शीतल-श्रेयांस वासुपूज्यान् च

જેમનું બીજું નામ પુષ્પદંત છે એવા સુવિધિનાથને, શીતલનાથ, શ્રેયાંસનાથ, અને વાસુપૂજ્યસ્વામીને,

**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।**

विमलमनन्तं च जिनं धर्मं च शान्तिं वन्दे ।। ३ ।।

વિમલનાથ અને અનંતજિનને, ધર્મનાથને અને શાંતિનાથને હું વંદન કરું છું.॥૩॥

**कुंथुं अरं च मल्लिं, मुणिसुव्वयं नमिजिणं च, वंदे**

कुन्थुमरं च मल्लिं मुनिसुव्रतं नमिजिनं च वन्दे ।

કુંથુનાથ, અરનાથ અને મલ્લિનાથને, મુનિસુવ્રતસ્વામી અને નમિજિનને હું વંદન કરું છું.

**रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च वंदामि ।।४।।**

तथा अरिष्टनेमिं पार्श्वं च वर्धमानं वन्दे ।। ४ ।।

તથા અરિષ્ટનેમિને, પાર્શ્વનાથને અને વર્ધમાનસ્વામીને હું વાંદું છું. ॥૪॥

**एवं मए अभिथुआ, विहुय-रय-मला**

एवं मया अभिष्टुताः विधूतरजोमलाः

આ પ્રમાણે મારા વડે સ્તવાયેલાં, દૂર કર્યા છે રજ અને મલ જેમણે,

**पहीण-जर-मरणा जिणवरा, चउवीसंपि तित्थयरा मे पसीयंतु ।।५।।**

प्रक्षीणजरामरणाः जिनवराः चतुर्विंशति अपि तीर्थंकरा मे प्रसीदन्तु ।। ५।।

*અત્યંત નાશ કર્યાં છે ઘડપણ અને મરણ જેમણે, જિનોમાં શ્રેષ્ઠ એવા ચોવીસે પણ તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ॥૫॥*

**कित्तिय-वंदिय-महिया, जे लोगस्स उत्तमा सिद्धा, ए**

कीर्तितवन्दितमहिताः ये लोकस्य उत्तमाः सिद्धाः एते

કીર્તન કરાયેલા-વંદાયેલા-પૂજાયેલા, જેઓ લોકમાં ઉત્તમ છે અને સિદ્ધ છે એવા આ (પરમાત્મા મને)

**आरुग्ग-बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु ।।६।।**

आरोग्यबोधिलाभं उत्तमं समाधिवरं ददतु ।। ६ ।।

આરોગ્ય માટે બોધિલાભ અને શ્રેષ્ઠ એવી ઉત્તમ સમાધિ આપો. ॥૬॥

**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा,**

चन्द्रेभ्यो निर्मलतराः आदित्येभ्योऽधिकं प्रकाशकराः

ચંદ્રોથી અધિક નિર્મળ, સૂર્યોથી અધિક પ્રકાશ કરનારા,

**सागरवरगंभीरा, सिद्धा मम सिद्धिं दिसंतु ।।७।।**

सागरवरगम्भीराः सिद्धाः मम (मह्यम्) सिद्धिं दिशन्तु ।।

શ્રેષ્ઠ સાગરથી ગંભીર એવા સિદ્ધો મને મોક્ષ આપો.

## વિશેષાર્થ :

**लोगस्स उज्जोअगरे :** લોકને ઉદ્યોત કરનાર (પરમાત્માનું હું કીર્તન કરીશ.)

ભગવાન ચૌદ રાજલોકરૂપ સમગ્ર લોકને પોતાના કેવળજ્ઞાનથી જુએ છે અને તે ચૌદ રાજલોકમાં રહેલા તમામ પદાર્થો તેઓ જગતના જીવોને બતાવે છે. આ રીતે જગતમાં રહેલા તમામ પદાર્થોનું જ્ઞાન કરાવવા દ્વારા ભગવાન તમામ પદાર્થો ઉપર પ્રકાશ પાડે છે. આથી જ તેમને લોકને ઉદ્યોત કરનારા કહેવાય છે.

અમાવસ્યાની રાત્રિના ઘોર અંધકારમાં સામે રહેલી ચીજ - વસ્તુઓ જોઈ શકાતી નથી અને તેને કારણે જ ઘણી જોઈતી વસ્તુઓ મળતી નથી અને નહીં

જોઈતી વસ્તુઓ અથડાયા કરે છે. અંધકારના કારણે ઘણીવાર તો સાપમાં દોરડાનો અને દોરડામાં સાપનો ભ્રમ થાય છે, ઠૂંઠામાં માણસની કલ્પના થઈ જાય છે અને માણસમાં ભૂતની ભ્રમણાઓ ઉભી થાય છે. પરંતુ પ્રકાશ થતાં આવા ભ્રમો ભાંગી જાય છે. આવી જ રીતે ભગવાનના જ્ઞાનથી ભવ્ય જીવોને અનાદિકાળથી જે સ્વ-પરના વિષયમાં ભ્રમ હતો તે નષ્ટ થઈ જાય છે.

ભગવાને પોતાના જ્ઞાનથી જે વસ્તુ જેવી હતી તેવી જોઈ. તેમણે જડ પદાર્થો પણ જોયા અને જીવ દ્રવ્યને પણ જોયું. જડ અને ચેતન સૃષ્ટિનું યથાર્થ દર્શન કર્યા પછી તેમણે ભવ્ય જીવોને જીવ અને જડનો ભેદ જણાવ્યો, આત્મા માટે હિતકર શું અને અહિતકર શું તેનો બોધ કરાવ્યો, આત્માને સાચું સુખ ક્યાંથી મળે અને શું કરવાથી આત્મા દુઃખી થાય તેનું પણ જ્ઞાન આપ્યું.

અનાદિ કાળથી અજ્ઞાનને કારણે આત્મા જડમાં સુખ છે તેવું માનતો આવ્યો છે, પરમાત્માનાં વચનોથી તેની આ મિથ્યા માન્યતા દૂર થાય છે અને તેનામાં સાચી સમજણ આવે છે કે, પર વસ્તુ કદી પોતાની થઈ શકે નહિ, જડ પદાર્થ કદી સુખ આપી શકે નહિ, આવું જ્ઞાન થતાં જ યોગ્ય આત્માઓ અહિતના માર્ગથી અટકી હિતમાં પ્રવૃત્તિ કરવા લાગે છે, આ બધું ભગવાને જે લોકનું સ્વરૂપ બતાવ્યું તેના કારણે થાય છે, ભગવાનને આથી જ લોકના ઉદ્યોતકર કહ્યા છે.

પરમાત્માએ જો પોતાના જ્ઞાનથી સંસારની વાસ્તવિકતા જણાવી ન હોત તો અનંતા આત્માઓ ક્યારેય પોતાનું હિત સાધી શક્યા ન હોત અને અનંત કાળ સુધી સંસારમાં રઝળ્યા કરત. આ પદ બોલતાં પરમાત્માનો આ મહાન ઉપકાર યાદ કરવાનો છે.

લોકને પ્રકાશિત કરનારા તો સૂર્ય, ચંદ્ર આદિ પણ છે, પણ તે બધા માત્ર બાહ્ય જગતને અને પરિમિત ક્ષેત્રને પ્રકાશ કરે છે, જ્યારે પરમાત્મા તો બાહ્ય અને આભ્યંતર બન્ને જગતને યથાર્થ સ્વરૂપે જુએ છે અને જગતના જીવોને જે રીતે ઉપકારક થાય તે રીતે જણાવે પણ છે.

ભગવાનને લોકના ઉદ્યોતકર કહ્યા તેથી લોક સિવાયનો અસંખ્યગણો મોટો અલોક છે; તેને ભગવાન જોઈ શકતા નથી તેવો પણ અર્થ કદાચ કોઈ કરી લે પણ તેવું માનવાની જરૂર નથી. કેમકે, લોક શબ્દનો અર્થ જેમ ચૌદ રાજલોક છે, તેમ લોક શબ્દનો અર્થ ષડ્દ્રવ્યાત્મક લોક પણ થાય છે. છ દ્રવ્ય એટલે

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ. આ છ દ્રવ્યને બતાવનાર ભગવાન છે. છ દ્રવ્યમાં આકાશદ્રવ્ય લોક અને અલોક સર્વત્ર હોય છે. આથી અરિહંત પરમાત્મા લોક-અલોક સર્વને જોનારા અને જણાવનારા છે, તેવો અર્થ થાય માટે, તેમના જ્ઞાનમાં કોઈ ન્યૂનતાની શંકા રહેતી નથી.

**धम्मतित्थयरे :** ધર્મરૂપી તીર્થનું પ્રવર્તન કરનારા (પરમાત્માનું હું કીર્તન કરીશ.)

દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખવાનું કાર્ય કરે તેને ધર્મ કહેવાય છે અને જેના વડે તરાય તે તીર્થ છે. ભગવાન ધર્મરૂપી તીર્થનું પ્રવર્તન કરનારા છે.

તારે તેને તીર્થ કહેવાય, આ તીર્થ બે પ્રકારનાં હોય છે. જેના વડે નદી, તળાવ કે દરિયામાં ઊતરી શકાય કે તેને પાર કરી શકાય તેવાં પગથિયાં, નાવ, ઘાટ વગેરેને **દ્રવ્યતીર્થ** કહેવાય છે અને જેના વડે સંસાર સાગરને તરી શકાય તેને **ભાવતીર્થ** કહેવાય છે.

સમુદ્રમાં પડેલા જીવને કોઈ લાકડું કે નાવડી મળી જાય અને જો તે જીવ તેને પકડી લે તો સમુદ્રમાં પડેલો પણ તે જીવ સમુદ્રને પાર કરી શકે છે. તે જ રીતે ભવસમુદ્રમાં પડેલો આત્મા પણ જો શ્રુતરૂપ ભાવતીર્થનું આલંબન લે, તો સંસાર સાગરને પાર કરી શકે છે. ભાવતીર્થસ્વરૂપ શ્રુતધર્મને પ્રવર્તાવનાર હોવાથી જ અહીં પરમાત્માને ધર્મતીર્થંકર કહ્યા છે અર્થાત્ શ્રુતધર્મરૂપી તીર્થનું પ્રવર્તન કરનારા કહ્યા છે.

કેવળજ્ઞાન થયા પછી પરમાત્મા પ્રવચન આપે છે. આ પ્રવચન એ શ્રુતધર્મ છે. આ શ્રુત ભાવતીર્થ છે. ગણધર પદને યોગ્ય મહાબુદ્ધિનિધાન આત્માઓને પરમાત્મા **'उप्पनेइ वा - विगमेइ वा - धुवेइ वा'** આ ત્રિપદી આપે છે. આ ત્રિપદી સાંભળી પ્રચંડ પ્રતિભાના સ્વામી, બીજબુદ્ધિના માલિક ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. પરમાત્મા તેના ઉપર મહોર-છાપ મારે છે. આ દ્વાદશાંગીનો આધાર લઈને અનંતા આત્માઓ સંસારસાગર તરી ગયા છે અને તરી રહ્યા છે, માટે જ દ્વાદશાંગી એ પણ ભાવતીર્થ છે.

શ્રુતના આધારે જેમ ભૂતકાળમાં અનંતા આત્માઓ દુષ્કર ભવસાગરને તરી ગયા તેમ વર્તમાનમાં પણ જેઓએ ભગવાનનાં વચનનું આલંબન લીધું છે, તેવા સંસારસાગરમાં રહેલા પુણ્યાત્માઓનું સંસાર કાંઈ વધુ બગાડી શકતો નથી.

તેઓ તો શ્રુતધર્મના આલંબનથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધી, ઉત્તમ સદ્ગતિની પરંપરા પ્રાપ્ત કરી, અંતે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષસુખને જ પ્રાપ્ત કરે છે.

પ્રવચનની જેમ પ્રવચન જેમાં પ્રતિષ્ઠિત છે, તેવો શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ પણ ભાવતીર્થ કહેવાય છે. કેમ કે, આ શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના આધારે પણ ભવ્યાત્માઓ સંસારસાગર તરી શકે છે.

આ પદ બોલતાં એવો ભાવ પ્રગટ કરવાનો છે કે, પરમાત્માએ ધર્મતીર્થની સ્થાપના કરી માટે જ તેમની અનુપસ્થિતિમાં આજે પણ આપણે સંસારસાગર તરવા માટે પ્રયત્ન કરી શકીશું. આ શાસનને પામી પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરીને સદ્ગતિની પરંપરા દ્વારા શિવગતિ પ્રાપ્ત કરી શકીશું. આ રીતે પરમાત્માના ઉપકારને યાદ કરી તેમના પ્રત્યે અત્યંત કૃતજ્ઞતા પ્રગટ કરી ભગવાન પ્રત્યેનો આદર વધારી તેમને વંદન કરવું જોઈએ.

**जिणे :** જિનોને,

રાગ-દ્વેષાદિ સમસ્ત આંતરશત્રુઓને યાને ભાવશત્રુઓને જીતનારા જિન કહેવાય છે. રાગ-દ્વેષ અને મોહ આત્મામાં રહીને જ આત્માનું નિકંદન કાઢે છે, માટે તેમને આંતરશત્રુ કહેવાય છે. આ શત્રુઓ જ દુઃખદાયી છે, તેથી તે ખરા અર્થમાં શત્રુ છે. જો આ શત્રુની હાજરી ન હોય તો બહારના કોઈ શત્રુ દુઃખ આપી શક્તા જ નથી. માટે જ બહારના શત્રુઓ એ ખરેખર શત્રુ જ નથી.

અનાદિકાળથી જીવ આ આંતરશત્રુઓને વશ થયેલો છે. આ આંતરશત્રુઓ જે પરિણામ અને પ્રવૃત્તિઓ કરાવે તે પ્રમાણે જીવ પરિણામો અને પ્રવૃત્તિ કરે છે. આ શત્રુના સકંજામાં ફસાયેલો જીવ પોતાના હિતાહિતનો કદી વિચાર કરી શકતો નથી. રાગાદિનાં નિમિત્તો સામે આવતાં તે તેને આધીન બની જાય છે, પણ ક્યારેય રાગાદિને પોતાને આધીન નથી બનાવી શકતો. ઋષભાદિ ચોવીસ તીર્થંકરોએ આ રાગાદિ શત્રુઓને ઓળખી તેને નિર્મૂળ કરી નાંખ્યાં છે. તેથી ઋષભાદિ ચોવીસ તીર્થંકરો રાગાદિને જીતનારા **જિન** કહેવાય છે.

**अरिहंते कित्तइस्सं :** અરિહંતોનું હું કીર્તન કરીશ.

રાગાદિ શત્રુનો જેણે નાશ કર્યો છે. જેમને હવે જન્મ લેવાનો નથી, વળી અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ આદિ અષ્ટ મહાપ્રાતિહાર્યથી, રજત-સુવર્ણ-રત્નનું

ઝાકઝમાળવાળું સમવસરણ, ચાલતાં પગ નીચે જમીન પર નવ મુલાયમ સુવર્ણ કમળ વગેરેની શોભાને જેઓ યોગ્ય છે, તેમને અરિહંત[2] કહેવાય છે. તેવા ચોવીસ તીર્થંકર ભગવાનનું હું કીર્તન કરીશ એટલે નામ લેવાપૂર્વક હું અરિહંતનું સ્તવન કરીશ.

**चउवीसंपि केवली:** : કેવળજ્ઞાનને ધારણ કરનારા ચોવીસ પણ (અરિહંતનું હું કીર્તન કરીશ.)

**चउविसंपि** માં રહેલો **'अपि'** શબ્દ બીજા અરિહંતો કરતાં ઋષભદેવથી માંડી મહાવીરસ્વામી સુધીના ચોવીસ ભગવાનની વિશેષતા બતાવે છે, અર્થાત્ બીજા અરિહંતોને તો હું સ્તવીશ, પણ ઋષભદેવથી માંડી મહાવીરસ્વામી સુધીના ચોવીસે તીર્થંકરોની પણ હું સ્તુતિ કરીશ.

ઘાતી કર્મોનો નાશ કરી જેમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું છે, તેને કેવળી કહેવાય છે. કેવળી એવા અરિહંત ભગવંતોનું હું કીર્તન કરીશ. અરિહંત પરમાત્માનું આ વિશેષણ, સ્વરૂપદર્શક[3] વિશેષણ છે. તેથી તે કોઈ દોષના નિવારણ માટે નથી મૂકાયું, પરંતુ પૂર્વોક્ત અરિહંત કેવળજ્ઞાની જ હોય, અકેવળી નહીં એવો નિયમ કરવા માટે આ વિશેષણ ગ્રહણ કર્યું છે, જ્યારે બાકીનાં વિશેષણો કોઈ ને કોઈ દોષ ટાળવા માટે મૂકાયેલાં છે.

ભગવાનને કેવળી કહેવાથી એ પ્રાપ્ત થઈ જ જાય છે કે તેઓ કેવળજ્ઞાનરૂપી દીપક વડે પંચાસ્તિકાયમય લોકને પ્રકાશિત કરે છે માટે આ ગાથાની શરૂઆતમાં ભગવાનને જે લોકને ઉદ્યોત કરનારા કહ્યા હતા તે પદની કોઇ આવશ્યક્તા રહેતી નથી, પરંતુ જ્ઞાનાદ્વૈતવાદીઓની માન્યતા ખોટી છે એ બતાવવા માટે ગાથાની શરૂઆતમાં ભગવાનને લોકને ઉદ્યોત કરનારા કહ્યા છે. જ્ઞાનાદ્વૈતવાદીઓ માને છે કે જગત માત્ર જ્ઞાનરૂપ જ છે, જ્ઞાન સિવાય જગતમાં કોઈ અન્ય તત્ત્વ નથી, જે દેખાય છે તે બધું ભ્રમણારૂપ છે. અદ્વૈતવાદીને

---

2. અરિહંતનું વિશેષ સ્વરૂપ નવકારમાંથી જોઈ લેવું.
3. વિશેષણનું ગ્રહણ ત્રણ સ્થાનોમાં સફળ હોય છે. (૧) ઉભયપદના વ્યભિચારમાં જેમકે લીલું કમળ (૨) એક પદના વ્યભિચારમાં જેમકે પાણી દ્રવ્ય, પૃથ્વી દ્રવ્ય અને (૩) સ્વરૂપ બતાવવામાં જેમકે પ્રદેશરહિત પરમાણુ.

પ્રાકાશ્યરૂપ લોક અને પ્રકાશક એવું જ્ઞાન એ બે છે એમ બતાવવા, જેમ જગત પ્રકાશ્ય છે અને જ્ઞાન પ્રકાશક છે એમ પ્રકાશ કરનાર અને પ્રકાશ કરવાની વસ્તુ એમ બે છે એમ જણાવવા માટે **लोगस्स उज्जोअगरे** પદ મૂક્યું છે.

આ રીતે લોકને પ્રકાશ કરનાર તો સામાન્યથી અવધિજ્ઞાની આદિ પણ હોઈ શકે છે. તેવા લોકપ્રકાશક પ્રસ્તુતમાં નથી લેવા. પરંતુ પ્રભુનું ઉપકારીપણું જણાવવા માટે **धम्मतित्थयरे** એ વિશેષણ મૂકવામાં આવ્યું છે.

લોકમાં નદી વગેરે વિષમ સ્થાનોમાં ઊતરવા માટે કેટલાક ભદ્રિક જીવો ધર્મના હેતુથી ઓવારા વગેરે બનાવે છે અને તે ઓવારા વગેરેને પણ તીર્થ કહેવાય છે. આવા તીર્થોને ધર્મના હેતુથી બનાવનારા જીવોને પણ ધર્મતીર્થંકર કહેવાય, પરંતુ અહીં આવા ધર્મતીર્થંકરોની સ્તુતિ કરવાનો આશય નથી, માટે જ લોકને ઉદ્યોત કરનારા એ વિશેષણ મૂકવું જરૂરી છે અને તે મૂકવાથી જેમણે દેવો, દાનવો, મનુષ્યોની સભામાં સહુ પોત પોતાની ભાષામાં સમજી શકે તેવી વાણી દ્વારા ધર્મતીર્થની સ્થાપના કરી છે, એવા અરિહંત ભગવંતોનું જ કેવળ ગ્રહણ થશે.

કેટલાંક જૈનેતર દર્શનો પણ પોતે માનેલા પરમાત્માને લોક ઉદ્યોતકર અને ધર્મતીર્થંકર માને છે, પરંતુ સાથે સાથે એમ પણ માને છે કે, પોતે સ્થાપેલ તીર્થને જ્યારે હાનિ પહોંચે છે, ત્યારે તે પરમાત્મા પુનઃ અવતાર ધારણ કરી સંસારમાં પાછા આવે છે. જે તીર્થના રાગથી સંસારમાં પાછા આવે કે, અવતાર ધારણ કરે તે જિન ન ગણાય. તેથી તેવાઓની બાદબાકી કરવા માટે **जिणे** એ વિશેષણ મૂકવામાં આવ્યું છે.

વળી, જો માત્ર 'જિન' વિશેષણ જ રાખવામાં આવે તો અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની તેમજ ચૌદપૂર્વધરો વગેરે જેમને શાસ્ત્રોમાં જિન કહેવાય છે તે પણ ગ્રહણ થઈ જાય માટે 'જિન' વિશેષણની સાથે લોકના ઉદ્યોતકરનારા તેમજ ધર્મતીર્થને કરનારા વગેરે વિશેષણો પણ આવશ્યક છે.

આ ચારે વિશેષણ પદના વિશેષ્ય તરીકે **'अरिहंते'** પદ મૂકવામાં આવેલ છે. જો **'अरिहंते'** એ વિશેષ્ય પદને જ માત્ર રાખવામાં આવે તો નામ-અરિહંત, સ્થાપના-અરિહંત, દ્રવ્ય-અરિહંત, ભાવ-અરિહંત આદિ કોઈ પણ પ્રકારના અરિહંતનું ગ્રહણ થઈ જાય. જ્યારે ઉપર કહેલાં વિશેષણોથી યુક્ત **अरिहंते**

પદોથી માત્ર ભાવ-અરિહંતનું જ ગ્રહણ થાય અન્યનું નહિ. માટે દરેક વિશેષણ અને વિશેષ્ય એવું 'અરિહંત' પદ એમ સર્વ પદો આવશ્યક છે.

આ પદ દ્વારા ભાવ તીર્થંકરનું સ્વરૂપ બતાવનારી પહેલી ગાથા પૂરી થાય છે. આ ગાથામાં પરમાત્માના ચાર અતિશયો બતાવ્યા છે. **'लोगस्स उज्जोअगरे'** વિશેષણ દ્વારા ભગવાન કેવળજ્ઞાન દ્વારા લોકનો પ્રકાશ કરનાર હોઈ જ્ઞાનાતિશય બતાવાયો છે. **'धम्मतित्थयरे'** કહેવાથી પરમાત્મા, વચન દ્વારા ભવ્ય જીવોને સંસાર સમુદ્રમાંથી પાર ઉતરવા માટે અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનો યથાર્થ ઉપદેશ આપે છે તે તેમનો વચનાતિશય બતાવાયો છે. **'जिणे'** પદ દ્વારા ભગવાન રાગ-દ્વેષ અને મોહરૂપ મહાઅપાયને જીતનારા છે એમ બતાવી પરમાત્માનો અપાયાપગમાતિશય સૂચિત કરાયો છે અને **'अरिहंते'** શબ્દ દ્વારા પરમાત્માનો પૂજાતિશય જણાવાયો છે.

આ ગાથા બોલીએ ત્યારે ચાર અતિશયોરૂપ ઉત્તમ ભાવોથી સંપન્ન ચોવીસ તીર્થંકરો અને તેમના જેવા જ બીજા પણ જે અનંતા અરિહંતો થઈ ગયા છે અને થવાના છે તે સર્વ તીર્થંકરોને નજર સમક્ષ લાવી તેમનું કીર્તન કરવા હું અભિમુખ થયો છું, એવો ભાવ ઉત્પન્ન કરવાનો છે. જેથી ભક્તિનો ભાવ વિશેષ ઉલ્લસિત થાય.

હવે બીજી-ત્રીજી અને ચોથી ગાથા દ્વારા ચોવીસ તીર્થંકરનું નામ સહિત કીર્તન કરાય છે.

ભરતક્ષેત્રના આ અવસર્પિણી કાળના ઋષભદેવથી માંડી મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોનાં નામો ગુણયુક્ત નામો છે. તે નામ ભગવાનનો આત્મા ગર્ભમાં આવતા બનેલ વિશેષ પ્રસંગોને કારણે પાડવામાં આવેલ છે. તે સર્વ નામો જેમ વિશેષથી તે તે ભગવાનને લાગુ પડે છે, તેમ સામાન્યથી દરેક ભગવાનને લાગુ પડે છે. તે તે ભગવાનની વિશેષતાના કારણે પાડેલાં તથા વ્યુત્પત્તિ પ્રમાણે સામાન્યથી દરેક ભગવાનને લાગુ પડતાં નામોને તેવા ગુણોથી યુક્ત જોવાથી તે ગુણવાન વ્યક્તિ પ્રત્યે હૈયામાં આદરનો પરિણામ ઉત્પન્ન થાય છે. આ ગુણ પ્રત્યે થયેલો આદરનો પરિણામ ગુણ પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા કર્મનો નાશ કરે છે અને ગુણપ્રાપ્તિનું કારણ બને છે.

**उसभमजिअं च वंदे, संभवमभिनं(णं)दणं च सुमइं च ।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।**
**सुविहिं च पुप्फदंतं, सीअलसिज्जंसवासुपुज्जं च ।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।**
**कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।**
**वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ।।४।।**

જિન એવા શ્રી ઋષભદેવ અને અજિતનાથને વંદું છું તથા સંભવનાથને, અભિનંદનસ્વામીને, સુમતિનાથને, પદ્મપ્રભસ્વામીને, સુપાર્શ્વનાથને અને ચંદ્રપ્રભસ્વામીને વાંદું છું. ॥૨॥

'પુષ્પદંત' બીજું નામ છે જેમનું એવા સુવિધિનાથને, શીતલસ્વામીને, શ્રેયાંસનાથને, વાસુપૂજ્યસ્વામીને તથા વિમલનાથને, અનંતનાથ અને ધર્મજિનને તથા શાંતિનાથને વાંદું છું. ॥૩॥

કુંથુનાથને, અરનાથને અને મલ્લિનાથને તથા મુનિસુવ્રતસ્વામીને અને નમિજિનને વાંદું છું. વળી, અરિષ્ટનેમિને, પાર્શ્વનાથને તથા વર્ધમાનસ્વામીને વાંદું છું. ॥૪॥

દરેક ભગવાનના નામનો અર્થ સામાન્ય અને વિશેષથી[4] એમ બે પ્રકારે થાય છે, હવે તે અર્થો વિભાગથી જણાવે છે.

**ચોવીસ ભગવાનના નામના સામાન્ય અને વિશેષ અર્થ :**

૧. **'उसभ'** : સામાન્યથી 'પરમપદને જે **'ऋषति'**=પ્રાપ્ત કરે તે ઋષભ' અને તેનું પ્રાકૃત નિયમ પ્રમાણે **'उसहो'** બને છે. બીજી રીતે 'ઋષભ'ની જેમ **'वृषभ'** પણ કહેવાય છે, તેનો અર્થ **'वर्षति इति वृषभः'** અર્થાત્ 'દુઃખરૂપ અગ્નિથી બળેલા જગતને, દેશનારૂપ પાણી વરસાવી શાંત કરે તે 'વૃષભ' : આ વૃષભ શબ્દના વૃ ને બદલે **उ** કરવાથી **'उसहो'** શબ્દ બને છે, એ **'उसभ'** પદનો સામાન્ય અર્થ કહ્યો. વિશેષ અર્થ તો ભગવંતની સાથળમાં વૃષભનું લાંછન હતું તથા શ્રી મરુદેવા માતાએ ચૌદ સ્વપ્નોમાં પ્રથમ વૃષભને જોયો હતો, માટે

4. સામાન્ય એટલે સર્વને ઘટે તેવો અને વિશેષ એટલે તે તીર્થંકર વ્યક્તિમાં જ ઘટે તેવો.

ભગવંતનું નામ 'વૃષભ' અથવા 'ઋષભ' છે.

૨. **अजित** : પરિષહો અને ઉપસર્ગો વગેરેથી જીતાયા નહિ માટે '**अजित**' એ સામાન્ય અર્થ અને ભગવાન ગર્ભમાં હતા, ત્યારે ગર્ભના પ્રભાવે માતા પાસા ખેલવામાં પોતાના પતિથી જીતાયાં નહિ, અજિત બન્યાં, માટે ભગવાનનું નામ 'અજિત' રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૩. **सम्भव** : જેમનામાં ચોત્રીસ અતિશયરૂપ ગુણો વિશેષતયા સંભવે તે '**सम्भव**' અથવા જેઓની સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને '**शं**'=સુખ '**भवति**'= થાય તે '**शंभव**', તેનું પ્રાકૃત નિયમ પ્રમાણે 'સંભવ' થાય - એ સામાન્ય અર્થ તથા ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે દેશમાં અધિક ધાન્ય (પાક)નો સંભવ થયો (પાક્યું), માટે તેમનું નામ 'સંભવ' રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૪. **अभिनन्दन** : જેઓનું ઈન્દ્ર વગેરે 'અભિનંદન' (સ્તુતિ) કરે તે '**अभिनन्दन**' એ સામાન્ય અર્થ અને પ્રભુ ગર્ભમાં પધાર્યા ત્યારથી ઈન્દ્રે વારંવાર આવીને તેઓની માતાનું અભિનંદન (સ્તુતિ) કરવાથી, તેઓનું નામ અભિનંદન રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૫. **सुमति** : જેઓની '**सु**' એટલે સુંદર 'મતિ-બુદ્ધિ' હોય તે '**सुमति**' એ સામાન્ય અર્થ અને જ્યારે ભગવાન ગર્ભમાં હતા ત્યારે માતાને વિવાદમાં '**सु**' એટલે સુંદર નિશ્ચય કરાવનારી મતિ-બુદ્ધિ[5] સૂઝી, માટે તેઓનું નામ 'સુમતિ' રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૬. **पद्मप्रभ** : નિર્મળતાની અપેક્ષાએ 'પદ્મ સમાન પ્રભા (કાન્તિ) જેઓની છે, તે '**पद्मप्रभ**' એ સામાન્ય અર્થ તથા ભગવંત ગર્ભમાં હતા ત્યારે માતાને પદ્મ (કમળો)ની શય્યામાં સૂવાનો થયેલો દોહદ દેવતાએ પૂર્યો, માટે 'પદ્મ' અને ભગવંતના દેહની પ્રભા (કાન્તિ) પદ્મ કમળ સમાન (રાતી) હોવાથી 'પદ્મપ્રભ' નામ રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૭. **सुपार्श्व** : 'સુ' (સુંદર) છે પાર્શ્વ (દેહનાં પડખાં) જેઓને તે '**सुपार्श्व**' એ

5. બે માતાઓ એક પુત્ર માટે લડતી રાજા પાસે ન્યાય માટે આવી. જ્યારે રાજા-મંત્રી વગેરે સાચી માતા કોણ ? તેનો ન્યાય આપી શક્યા નહિ, ત્યારે ભગવંતની માતાએ પુત્રના બે ભાગ કરી બન્નેને વહેંચી આપવાનો હુકમ કરવાથી સાચી માતાની પરીક્ષા થઈ. એ બુદ્ધિ ગર્ભના પ્રભાવથી સૂઝવાથી પુત્ર સાચી માતાને મળ્યો.

સામાન્ય અર્થ અને ભગવાન ગર્ભમાં હતા, ત્યારે માતા સુંદર પાર્શ્વ (પડખાં)વાળાં થયાં, માટે તેઓનું નામ 'સુપાર્શ્વ' રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.[6]

૮. **चन्द्रप्रभ** : ચંદ્રનાં કિરણોની જેમ જેઓની પ્રભા શાંત લેશ્યાવાળી હોય તે '**चन्द्रप्रभ**' એ સામાન્ય અર્થ તથા માતાને ગર્ભના યોગે ચંદ્રનું પાન કરવાનો દોહદ થયો, તેમજ ભગવાનના શરીરની પ્રભા ચંદ્ર સમાન ઉજ્જ્વળ હતી, તેથી 'ચંદ્રપ્રભ' નામ રાખ્યું, તે વિશેષ અર્થ.

૯. **सुविधि** : 'सु' એટલે સુંદર અને '**विधि**' એટલે સર્વ વિષયમાં કુશળતા જેઓને હોય તે '**सुविधि**' એ સામાન્ય અર્થ તથા ભગવાન ગર્ભમાં પધાર્યા ત્યારથી માતાને સુ(સુંદર) વિધિ[7] (સર્વ વિષયમાં કુશળતા) પ્રગટ થવાથી તેઓનું નામ 'સુવિધિ' રાખ્યું તથા ભગવંતને પુષ્પની કળીઓ જેવા સુંદર દાંત હોવાથી બીજું નામ 'પુષ્પદંત' પણ થયું, એ વિશેષ અર્થ જાણવો.

૧૦. **शीतल** : સર્વ પ્રાણીઓના સંતાપનો નાશ કરી શીતલતા કરનારા માટે '**शीतल**' એ સામાન્ય અર્થ અને ભગવંત ગર્ભમાં હતા, ત્યારે તેઓના પિતાને પહેલાંથી થયેલો પિત્તનો દાહ કોઈ ઉપાયોથી શમતો ન હતો, તે ગર્ભના પ્રભાવે માતાના હસ્તસ્પર્શથી શમી ગયો. માટે પુત્રનું નામ 'શીતલ' રાખ્યું, એ વિશેષાર્થ જાણવો.

૧૧. **श्रेयांस** : જગતના સર્વ જીવોથી પણ અતિ પ્રશંસનીય માટે શ્રેયાન્ અથવા '**श्रेयस्**' એટલે કલ્યાણકારી - '**अंस**' એટલે ખભા જેઓને છે, તે 'શ્રેય+અંસ = શ્રેયાંસ, એ સામાન્ય અર્થ અને ભગવંત ગર્ભમાં હતા, ત્યારે કોઈએ પહેલાં જેનો ઉપભોગ કર્યો ન હતો, તે દેવાધિષ્ઠિત શય્યાનો માતાએ ઉપભોગ કરવાથી શ્રેય: (કલ્યાણ) થયું, માટે પુત્રનું નામ 'શ્રેયાંસ' રાખ્યું, એ વિશેષાર્થ સમજવો.

૧૨. **वासुपूज्य** : 'वसु' જાતિના દેવોને[8] ભગવંત પૂજ્ય હોવાથી '**वासुपूज्य**' એ સામાન્ય અર્થ તથા તેઓ ગર્ભમાં હતા ત્યારે વસુ એટલે સુવર્ણ દ્વારા વાસવે

---

6. બીજા મત પ્રમાણે પ્રભુના પિતાને પડખામાં કોઢ રોગ હતો, ત્યારે ગર્ભવતી ભગવંતની માતાના હાથના સ્પર્શથી ગર્ભના પ્રભાવે પતિનાં પડખાં સુંદર થયાં, માટે 'સુપાર્શ્વ' નામ રાખ્યું.
7. માતાએ ગર્ભના મહિમાથી સુંદર વિધિપૂર્વક ધર્મ-આરાધન કરવાથી, 'સુવિધિ' એવું નામ રાખ્યું, એમ પણ અન્યત્ર કહ્યું છે.
8. ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, પ્રત્યૂષ અને પ્રભાસ - એ વસુ જાતિના દેવો છે. - (શબ્દ ચિંતામણી)

(ઈન્દ્રે) રાજકુળની પૂજા કરી. તેથી 'વાસુપૂજ્ય' અથવા વસુપૂજ્ય રાજાના પુત્ર માટે વાસુપૂજ્ય કહેવાયા, એ વિશેષ અર્થ.

૧૩. **विमल** : 'વિ' એટલે ગયો છે, મલ (મેલ) જેઓનો તે **'विमल'** અથવા વિમળ (નિર્મળ) જ્ઞાનાદિ ગુણો છે, જેઓને તે **'विमल'** એ સામાન્ય અર્થ તથા ગર્ભના પ્રભાવે ભગવંતની માતાની મતિ[9] તથા શરીર વિમળ (નિર્મળ) થયાં. માટે 'વિમલ' નામ રાખ્યું, એ વિશેષાર્થ.

૧૪. **अनन्त** : અનંત કર્મોનો જેઓએ વિજય કર્યો તે **'अनंतजित्'**અથવા અનંતજ્ઞાનાદિ ગુણોથી જે જયવંતા છે તે **'अनंतजित्'** એ સામાન્ય અર્થ અને ભગવંત ગર્ભમાં હતા ત્યારે માતાએ અનંત[10] રત્નોની માળા સ્વપ્નમાં દેખી માટે **'अनंत'** અને ત્રણ ભવનમાં જયવંતા છે, માટે **'जित्'** એમ અનંત+જિત્ એટલે 'અનંતજિત', એ વિશેષ અર્થ. ભીમસેનને બદલે જેમ ભીમ કહેવાય છે તેમ અહીં 'અનંતજિત્'ને બદલે 'અનંત' નામ સમજવું.

૧૫. **धर्म** : દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે (બચાવે) તે **'धर्म'**એ સામાન્ય અર્થ અને ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારથી માતા દાનાદિ ધર્મમાં ઉદ્યમી થયાં, માટે 'ધર્મ', નામ રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૧૬. **शान्ति** : ભગવંતને શાંતિનો યોગ હોવાથી અથવા પોતે શાંતિરૂપ હોવાથી અને તે તે પ્રકારે શાન્તિ કરનારા હોવાથી **'शान्ति'** એ સામાન્ય અર્થ અને ગર્ભના મહિમાથી દેશમાં મરકીના રોગની શાન્તિ થવાથી નામ 'શાન્તિ' રાખ્યું, એ વિશેષ અર્થ.

---

9. કોઈ એક મંદિરમાં કોઈ એક પતિ-પત્ની સૂતાં હતાં, ત્યારે એક વ્યંતરી તે પુરુષનું સુંદર રૂપ દેખી, મોહથી પોતાનું રૂપ તેની સ્ત્રી સમાન બનાવી બાજુમાં સૂઈ ગઈ. સવારે તે બન્નેને પતિ માટે તકરાર થઈ. બન્નેનાં સરખાં રૂપ હોવાથી પતિ સાચી પત્નીને ઓળખી શક્યો નહિ. આખરે તેઓ રાજસભામાં ન્યાય માટે ગયાં, પણ ત્યાં કોઈ ન્યાય આપી શક્યું નહિ, ત્યારે ભગવંતની માતાએ ન્યાય આપ્યો કે - જે દૂર ઉભા રહી પોતાના હાથથી પતિને સ્પર્શ કરે તે સાચી સ્ત્રી જાણવી. એ હુકમથી વ્યંતરીએ દૈવી શક્તિથી પોતાનો હાથ લાંબો કરી પેલા પુરુષને સ્પર્શ કરવાથી તેને વ્યંતરી સમજી હાંકી મૂકી અને સાચી સ્ત્રીને પતિ સોંપ્યો. ગર્ભના પ્રભાવથી આવી વિમળ બુદ્ધિ પ્રગટી માટે 'વિમળ' નામ રાખ્યું.
10. ગર્ભના મહિમાથી માતાએ આકાશમાં 'અનંત' એટલે અંત (છેડા) વિનાનું અર્થાત્ મોટું ચક્ર દેખાવાથી 'અનંત' નામ રાખ્યું, એમ પણ જણાવેલું છે.

૧૭. **कुन्थु** : **'कु'** એટલે પૃથ્વી, તેમાં સ્થિત માટે **'कुन्थु'**- એ નિર્યુક્તિથી (પદચ્છેદથી) 'कुन्थु' નો સામાન્ય અર્થ તથા ગર્ભના મહિમાથી માતાએ સ્વપ્નમાં કુન્થુ રત્નોનો રાશિ (કુન્થુઆ સમાન ઝીણાં રત્નોનો ઢગલો) દેખવાથી 'કુન્થુ' નામ રાખ્યું, એ વિશેષ અર્થ.

૧૮. **अर** : **"सर्वोत्तमे महासत्त्वकुले यः प्रजायते । तस्याभिवृद्धये वृद्धै-रसावर उदाहृतः ॥१॥"** અર્થાત્ - "સર્વોત્તમ એવા મહાસાત્ત્વિક કુળમાં તેની અભિવૃદ્ધિને માટે જે ઉત્પન્ન થાય તેને વૃદ્ધો **'अर'**કહે છે," એ સામાન્ય અર્થ તથા ગર્ભના મહિમાથી માતાએ સ્વપ્નમાં રત્નોનો 'અર' (આરો[11]) જોવાથી 'અર' નામ રાખ્યું, એ વિશેષ અર્થ.

૧૯. **मल्लि** : પરિષહ વગેરે મલ્લોને જીતનારા માટે **'मल्लि'** એમ પદચ્છેદથી એ સામાન્ય અર્થ અને ગર્ભના મહિમાથી માતાને સુગંધીમાન છ ઋતુનાં માલ્ય (પુષ્પો)ની શય્યામાં સૂવાનો દોહદ થયો અને તે દેવે પૂર્યો, તેથી 'મલ્લિ' નામ રાખ્યું, એ વિશેષ અર્થ.

૨૦. **मुनिसुव्रत** : જગતની ત્રિકાળ અવસ્થાને **'मन्यते** (જાણે) **इति मुनिः'** તથા 'સુંદર વ્રતવાળા હોવાથી સુવ્રત', એમ (મુનિ+સુવ્રત=) **'मुनिसुव्रत'** એ સામાન્ય અર્થ અને ગર્ભના પ્રભાવથી માતા મુનિનાં જેવાં સુંદર વ્રતવાળાં થયાં માટે 'મુનિસુવ્રત' નામ રાખ્યું, એ વિશેષ અર્થ.

૨૧. **नमि** : પરિષહ-ઉપસર્ગોને નમાવવાથી (હરાવવાથી) નમિ, એ સામાન્ય અર્થ અને નગર ઉપર ચઢી આવેલા શત્રુઓ ગર્ભના પ્રભાવે નમી પડ્યા[12] માટે 'નમિ' રાખ્યું, એ વિશેષ અર્થ.

૨૨. **नेमि** : ચક્રની નેમિ (ફરતી વાડ)ની જેમ ધર્મરૂપ ચક્રની નેમિ (મર્યાદા)ને કરનારા માટે **'नेमि'** એ સામાન્ય અર્થ અને ગર્ભના પ્રભાવે માતાએ 'રિષ્ટ' રત્નોનો મહા 'નેમિ (રેલ)' જોવાથી 'રિષ્ટનેમિ' તથા તેની પૂર્વે

---

11. અન્યત્ર સ્વપ્નમાં માતાએ રત્નનો સ્તૂપ (પાદુકા) અને આરો દેખવાથી 'અર' નામ કહ્યું છે.
12. નગરનો પરરાજાઓએ કરેલો ઘેરો નહિ ઉઠવાથી, પ્રભુની માતા કિલ્લા ઉપર ગયાં. ત્યારે ગર્ભનો પ્રભાવ સહન નહિ થવાથી શત્રુરાજાઓ પ્રભુની માતાને નમી પડ્યા, માટે 'નમિ' નામ રાખ્યું.

અપશ્ચિમ વગેરે શબ્દોની જેમ નિષેધવાચક 'અ'[13] લગાડી 'અરિષ્ટનેમિ' નામ રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

૨૩. **पार्श्व** : સર્વ ભાવોને **पश्यति** એટલે દેખે તેઓ **'पार्श्व'** એમ નિર્યુક્તિથી સામાન્ય અર્થ અને ગર્ભના પ્રભાવે રાત્રિએ શયનમાં સૂતેલાં માતાએ અંધકારમાં પણ કાળા સર્પને જોયો, તે ગર્ભનો મહિમા માનીને 'પશ્યતિ' એટલે દેખે તે 'પાર્શ્વ' એ નામ રાખ્યું તથા વૈયાવચ્ચ કરનારા 'પાર્શ્વ' યક્ષના નાથ હોવાથી 'પાર્શ્વનાથ.' અહીં પણ ભીમસેનને બદલે ભીમની જેમ પાર્શ્વનાથને બદલે 'પાર્શ્વ' એ વિશેષાર્થ જાણવો.

૨૪. **वर्द्धमान** : ઉત્પન્ન થાય ત્યારથી જ્ઞાનાદિ ગુણોથી જેઓ વૃદ્ધિ પામે તે **'वर्द्धमान'** એ સામાન્ય અર્થ અને ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારથી તેઓના જ્ઞાતકુલમાં ધન, ધાન્ય વગેરે વિવિધ વસ્તુની વૃદ્ધિથી માતા-પિતાએ **'वर्द्धमान'** નામ રાખ્યું, એ વિશેષ અર્થ જાણવો.

**एवं मए अभिथुआ :** આ પ્રમાણે મારા વડે સ્તવાયેલા. (તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ)

આ પ્રમાણે અર્થાત્ તે તે પરમાત્માના નામ સાથે સંકળાયેલા તે તે ગુણોને હૃદય સન્મુખ કરી સર્વ પ્રકારે ભક્તિની ભાવનાથી મારામાં પણ આવા ગુણો પ્રગટ થાય, તેવી ઇચ્છાથી આ ચોવીસ તીર્થંકરો મારા વડે સ્તુતિ કરાયેલા છે.

આ એક વાક્યમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - આ ત્રણેનો સમાવેશ થાય છે. एवं થી ધ્યાનનો પ્રકાર બતાવ્યો છે. **मए** થી ધ્યાતા કોણ છે, તે જણાવ્યું અને **'अभिथुआ'**[14]થી ધ્યેય ભૂત અનંતા અરિહંતોને બતાવ્યા છે. ધ્યાતા જ્યારે અરિહંતના નામોલ્લેખપૂર્વકના ધ્યાનમાં સ્થિર થાય છે, ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં પણ જાણે સામે હોય તેવું લાગે છે. પ્રતિમા શતકાદિ ગ્રંથોમાં[15] તો કહ્યું છે કે, પરમાત્માનું નામ હૃદયમાં સ્થિર થતાં જ જાણે સામે સાક્ષાત્

---

13. 'રિષ્ટ' શબ્દ અમંગલવાચક હોવાથી પૂર્વે અકાર રાખી 'અરિષ્ટ' એવું મંગલ નામ કર્યું છે.

14. अभिथुआ = आभिमुख्येन स्तुयते - समन्तात् - स्तुताः

15. शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति हृदयमिवानुप्रविशति, मधुरालापमिवानुवदति, सर्वाङ्गीणमिवाऽनुभवति तन्मयीभावमिवापद्यते । तेन च सर्वकल्याणसिद्धिः ।

પરમાત્મા દેખાતા હોય, પરમાત્મા જાણે હૃદયમાં પ્રવેશતા હોય, પરમાત્મા જાણે મધુર આલાપ કરતા હોય, પરમાત્મા જાણે સર્વ અંગોમાં અનુભવાતા હોય, પરમાત્મા જાણે તન્મયભાવને પમાડતા હોય તેવું લાગે છે. આવી જાતના અનુભવોથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે.

**विहुयरयमला :** રજ અને મલસ્વરૂપ કર્મ જેમણે દૂર કર્યા છે એવા (તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ)

કર્મના અનેક ભેદો છે; છતાં અમુક અપેક્ષાએ તેના બે ભેદો થાય છે. રજરૂપ કર્મ અને મલસ્વરૂપ કર્મ. જે કર્મ બાંધ્યા પછી સહેલાઈથી આત્મા ઉપરથી છૂટા પડી શકે તેવાં હોય અથવા જે કર્મ વર્તમાનમાં બંધાતાં હોય, તેને રજરૂપ કર્મ કહેવાય છે.

બીજી રીતે જોઈએ તો કર્મ ચાર પ્રકારે બંધાય છે સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત અને નિકાચિત[16]. તેમાં પહેલા ત્રણ પ્રકારનો કર્મબંધ તે રજરૂપ છે અને નિકાચિત કર્મબંધ તે મલરૂપ છે.

વળી, બીજી રીતે અસાંપરાયિક કર્મ તે રજ છે અને સાંપરાયિક કર્મ તે મલ છે. સંપરાય એટલે કષાય અને કષાયને કારણે બંધાતું કર્મ તે સાંપરાયિક કર્મ, તે મલસ્વરૂપ છે. આવું કર્મ પહેલાથી દસમા ગુણસ્થાનક સુધી બંધાય છે. જ્યારે કષાયના અભાવમાં માત્ર મન-વચન-કાયાના યોગના પ્રવર્તનના કારણે કર્મબંધ થાય, તે કર્મબંધ અસાંપરાયિક કર્મબંધ કહેવાય અને તે રજરૂપ છે.

પરમાત્મા આવા બન્ને પ્રકારના કર્મથી મુક્ત છે. જો કે ૧૩મા ગુણસ્થાનકે રજરૂપ કર્મ છે; પણ તે નજીકના સમયમાં જ નાશ પામનાર હોઈ પરમાત્માને તે કર્મથી પણ રહિત જણાવ્યા છે.

**पहीण जरमरणा :** જેમણે વૃદ્ધાવસ્થા અને મરણનો સર્વથા નાશ કર્યો છે એવા (તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ).

---

16. સ્પૃષ્ટ કર્મ એટલે માત્ર અડકીને રહેલાં કર્મ, બદ્ધ કર્મ એટલે સામાન્યથી બંધાયેલા કર્મ, નિદ્ધત્ત કર્મ એટલે ગાઢ રીતે સંકળાયેલાં કર્મ અને નિકાચિત કર્મ એટલે તાદાત્મ્યભાવ પામેલાં કર્મ.

આમ તો સંસારી તમામ આત્માઓ ક્યારેક ને ક્યારેક તો વયહાનિરૂપ વૃદ્ધ-અવસ્થા અને આયુષ્ય ક્ષયરૂપ મૃત્યુનો તો નાશ કરે છે. પરંતુ નવો જન્મ લેતાં તેમને આ બન્ને પુનઃ પ્રાપ્ત થાય છે. જ્યારે ભગવાને તો જરા અને મરણના કારણભૂત કર્મનો ક્ષય કર્યો હોવાને કારણે હવે તેમને પુનઃ પુનઃ આ અવસ્થા પ્રાપ્ત કરવી પડતી નથી. આથી જ કહ્યું છે કે, પરમાત્માએ જરા અને મરણનો અત્યંત નાશ કર્યો છે એટલે કે પુનઃ પ્રાપ્ત ન થાય તે રીતે નાશ કર્યો છે.

**चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु :** ચોવીસે પણ જિનવરો એવા તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

શ્રુતજિનો, અવધિજિનો, મનઃપર્યવજિનો તથા છદ્મસ્થ વીતરાગ ભગવંતો જિન કહેવાય છે. આવા જિનોથી કેવલી ભગવંત શ્રેષ્ઠ છે. અહીં સામાન્ય કેવલીનું ગ્રહણ ન કરતાં તીર્થંકર કેવલી જ ગ્રહણ કરવા છે, માટે કહ્યું છે કે, જિનવર એવા તીર્થંકર ભગવંતો મારા ઉપર પ્રસન્ન થાઓ.

**તીર્થંકરની પ્રસન્નતાનું તાત્પર્ય :**

તીર્થંકરો મારા ઉપર 'પ્રસન્ન થાઓ' એવું કહીને એમ નથી કહેવા માંગતા કે, અત્યાર સુધી તીર્થંકરો આપણા ઉપર અપ્રસન્ન હતા અને હવે તેમને પ્રસન્ન કરવા માટે આપણે આવી અભિલાષા વ્યક્ત કરીએ છે કે, 'તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.' કારણકે, ભગવાન તો વીતરાગ છે. વીતરાગ કદી કોઈના ઉપર રાગ કે રોષ કરતાં જ નથી અને કરે તો તેમનામાં વીતરાગતા ટકતી નથી. માટે આ પ્રયોગ અપ્રસન્ન એવા પરમાત્માને પ્રસન્ન કરવા માટે નથી. પરંતુ આ વાક્ય દ્વારા પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે. સ્તુતિસ્વરૂપ યાચનાને યાચનીભાષા કહેવાય છે. જે અસત્ય અમૃષા[17] ભાષા કહેવાય છે, તે સત્ય પણ નથી અને અસત્ય રૂપ પણ નથી. જેમ 'આપો આપોને મહારાજ અમને શિવસુખ આપો' વીતરાગ હોવાથી આપણે મોક્ષનું સુખ આપવાના નથી, છતાં પણ આવું ભક્તિથી બોલાય છે.

17. ચાર પ્રકારની ભાષા હોય છે. સત્ય, અસત્ય, સત્યમૃષા અને અસત્ય-અમૃષા. જગતમાં જે વસ્તુ જેવી છે તેવું વાસ્તવિક પ્રતિપાદન કરવું તે સત્ય ભાષા છે. હકીકતનો નિષેધ કરે તે અસત્ય ભાષા છે. થોડું સાચું અને થોડું ખોટું એ ભાષાને સત્યમૃષા ભાષા કહે છે અને આ દેવદત્ત છે વગેરે સાચી પણ નહિ અને ખોટી પણ નહિ તેવી ભાષાને અસત્ય-અમૃષાભાષા કહે છે.

આપણને મનમાં પ્રશ્ન થાય કે, જો ભગવાન આપતા જ નથી તો આવું શા માટે બોલવાનું. પણ આપણે એટલું ધ્યાન રાખવું જોઈએ કે, પરમાત્માની પાસે આવી માંગણી કરનારને ભલે પરમાત્મા કાંઈ આપતા નથી, છતાં વિનમ્રભાવે કરેલી આ પ્રાર્થના (આ માંગણી) શુભભાવને ઉત્પન્ન કરાવી મોહનીયાદિ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમભાવ પેદા કરાવે છે અને તેનાથી ભક્તને ચિત્તની પ્રસન્નતારૂપ પ્રસાદની પ્રાપ્તિ થાય જ છે. જેમ ચિંતામણી રત્ન જડ હોઈ તેમાં કોઈ વિશેષ ભાવ થવાની સંભાવના નથી, તો પણ વિધિપૂર્વક તેનું સેવન કરનારને ચિંતામણી સર્વ ઇચ્છિતને આપે જ છે, તે જ રીતે ભલે ભગવાન વીતરાગ છે, છતાં પણ તેમના પ્રત્યેની શ્રદ્ધાયુક્ત ભક્તિ અને ભાવવાળી સ્તુતિ ભક્તના મનોરથ પૂર્ણ કરે જ છે.

'**तित्थयरा मे पसीयंतु**' આ વાક્ય બોલતાં એવો ભાવ કરવાનો છે કે, **તીર્થંકરોની વાણી મારા હૈયામાં પરિણામ પામો.** કેમકે, આ સંસારમાં તરવાનું સાધન પરમાત્માનાં વચનો છે. પરમાત્માનાં વચનોનું અવલંબન લઈને જીવ જ્યારે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે જ તે સાચા સુખની દિશામાં આગળ વધી શકે છે. પરમાત્માના શાસનના પરમાર્થને પામી શકે છે. આમ તો પોતાને પીડા આપનારા રાગ-દ્વેષાદિ કષાયને નિર્મૂળ કરવાનું કાર્ય ખરેખર તો પોતાના શુભ અધ્યવસાયથી જ થવાનું છે. તો પણ આ **શુભ અધ્યવસાયનું પ્રબળ નિમિત્ત પરમાત્મા અને પરમાત્માએ પ્રરૂપેલો યોગમાર્ગ જ છે.** પરમાત્માએ રાગ-દ્વેષાદિ કષાયનો પૂર્ણ નાશ કર્યો છે અને વચન દ્વારા જગતના જીવોને પણ આ રાગાદિ કષાયને દૂર કરવાનો માર્ગ બતાવ્યો છે, માટે જ "આવા પરમાત્માના વચનો મારા હૃદયમાં પરિણામ પામો" તે રૂપ પ્રસાદની એટલે કે કૃપાની પરમાત્મા પાસે માંગણી કરવી યોગ્ય જ છે.

આ વાણીનો પ્રસાદ નહિ પામવાને કારણે એટલે કે, પ્રભુની વાણી હૈયામાં પરિણામ નહીં પામવાને કારણે જ જીવ અનંતકાળથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો અને પીડાઓનો ભોગ બન્યો છે. આ વસ્તુ સમજાઈ જવાને કારણે જ મુમુક્ષુ આત્મા હવે ભગવાન પાસે માંગણી કરે છે, *"પરમાત્મા ! આપનું વચન, આપનો યોગમાર્ગ મારામાં પરિણામ પામો ! જેથી ભોગ મને આસક્ત કરે નહિ, મોહ મને મુંઝવે નહિ અને એકધારી ભક્તિ કરી હું વિશેષ પ્રકારની ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકું."*

ભગવાનના વચનો હૈયામાં પરિણામ પામવા તે ભગવાનની કૃપા છે. ભગવાનના વચનો પરિણામ પામવા એટલે જ ભગવાનના વચન ઉપર શ્રદ્ધા થવી. ભગવાનના વચન ઉપર જેમ જેમ શ્રદ્ધા થાય છે, તેમ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર કર્મનો વિનાશ થાય છે. આ કર્મનો નાશ થતાં સાધક મોક્ષમાર્ગમાં શીઘ્ર પ્રવૃત્તિ કરી શકે છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં મુમુક્ષુનું ચિત્ત અતિ આલ્લાદિત થાય છે. આ આલ્લાદ એ જ ભગવાનની કૃપાથી મળેલ ચિત્તની પ્રસન્નતા છે અને તે પ્રસન્નતા પ્રાપ્ત થતાં પુનઃ વચન પ્રત્યેની શ્રદ્ધા વધે છે. તેનાથી વળી પાછો કર્મનો નાશ અને મોક્ષમાર્ગમાં વધુ પ્રગતિ થાય છે. આ પ્રમાણે શ્રદ્ધાથી કર્મનો નાશ કરતો સાધક છેક મોક્ષ સુધી પહોંચી શકે છે.

આથી વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યએ કહ્યું છે કે,[18] 'હે નાથ ! મારી પ્રસન્નતાથી તમારો પ્રસાદ થાય છે અને તમારી પ્રસન્નતાથી મારા પર કૃપા થાય છે. આમાં તો અન્યોન્યાશ્રય દોષ આવશે, તેથી હે નાથ ! આ દોષનો નાશ કરી આપ મારા પર પ્રસન્ન થાઓ.' આ એક ભક્તિના અતિશયથી થયેલ ભક્ત હૃદયની પ્રાર્થના છે. આ શ્લોકમાં જે રીતે ગ્રંથકર્તાએ ભગવાનની પ્રસન્નતાની માંગણી કરી છે. તે જ રીતે અહીં ભગવાનની વાણી મારા પર પ્રસન્ન થાઓ, એવી માંગણી કરી છે.

**कित्तिय वंदिय महिआ :** કીર્તન કરાયેલા, વંદાએલા અને પૂજાયેલા

ભગવાનના જે જે નામો છે, તે નામો સાથે સંકળાયેલા ગુણો અને તેમના લોકોત્તમ જીવન ચરિત્રને હૃદયસ્થ કરી તે તે ગુણોને મેળવવાના યત્ન રૂપે તેમનું નામોચ્ચારણ કરવું તે **કીર્તન** છે. મનથી તેમના વિશિષ્ટ ગુણો પ્રત્યે બહુમાનનો ભાવ ઉત્પન્ન કરી મસ્તક નમાવી અંજલી જોડી વંદામિ - વંદે આદિ શબ્દો બોલવા તે **વંદન** છે અને પુષ્પ-ધૂપ આદિ વડે પરમાત્માને પૂજવા તે **પૂજન** છે.

હવે આ રીતે કીર્તન-વંદન અને પૂજન કરાયેલા કોણ છે તે કહે છે.

**जे ए लोगस्स उत्तमा सिद्धा :** જેઓ લોકમાં ઉત્તમ છે (અને) સિદ્ધ છે, એવા આ (પરમાત્મા)

---

18. मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः । इत्यन्योन्याश्रयं भिन्धि प्रसीद भगवन् ! मयि ।।

- વીતરાગ સ્તોત્ર, ૧૦-૧

આ પદ દ્વારા પૂર્વમાં આપણે જેમનું કીર્તન, વંદન અને પૂજન કર્યું, તે પરમાત્માનું વિશેષ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. પરમાત્મા લોકમાં ઉત્તમ છે અને વળી સિદ્ધ છે, એટલે કે એમણે સાધવા જેવું બધું સાધી લીધું છે.

અહીં જે **"ए=एत्ते"** પદનો પ્રયોગ કરાયો છે તે અત્યારના મારી બુદ્ધિમાં ઉપસ્થિત એવા "આ"ના અર્થમાં છે. સૂત્રની શરૂઆતથી અત્યાર સુધીના પદોચ્ચારણ દ્વારા જે તીર્થંકરોનું કીર્તન, વંદન અને પૂજન કરાયું તે અત્યારે મારી સન્મુખ સાક્ષાત્[19] છે એવી કલ્પના કરીને કહેવાય છે કે જેમની મેં પૂજાદિ કરી એવા "આ" પરમાત્મા મને આરોગ્ય માટે બોધિ અને સમાધિ આપો.

લોકમાં ઉત્તમ હોવું એટલે પ્રાણીઓના સમુદાયમાં ઉત્તમ હોવું. અહીં ઉત્તમ શબ્દ પ્રધાન અર્થમાં વપરાયો છે. પરમાત્માએ પ્રબળ પુરુષાર્થ કરીને કલંકભૂત મિથ્યાત્વ-મોહનીયાદિ કર્મમળને દૂર કર્યો છે, તેથી તેઓ અન્ય જીવો કરતાં ઉત્તમ કહેવાય છે. વળી, ઉત્તમ શબ્દનો 'અંધકારથી ઉપર ગયેલા' એવો પણ અર્થ થાય છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને પરમાત્માએ જ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત કર્યો છે.

આ ઉપરાંત પરમાત્માની વિશિષ્ટતા બતાવતા તેઓને સિદ્ધ કહ્યાં છે. સિત્ એટલે કે બંધાયેલા કર્મ, તેને ધમી નાખનારને સિદ્ધ કહેવાય છે. સાધવા જેવું બધું સાધી લીધું હોય એને સિદ્ધ કહેવાય છે. પરમાત્માએ કર્મને બાળી નાંખ્યા છે. તેથી કરવા યોગ્ય બધું કરીને તેઓ કૃતકૃત્ય બનેલા છે. કર્મોની પરવશતા હોય ત્યાં સુધી કોઈને કોઈ પ્રયોજન સાધવાના બાકી હોય છે. કર્મ ખલાસ થાય પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી.

**आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु** : (હે પરમાત્મા ! મને) આરોગ્ય માટે બોધિલાભ અને શ્રેષ્ઠ તથા ઉત્તમ એવી સમાધિ આપો.

જેઓ લોકમાં ઉત્તમ છે અને સિદ્ધ છે, તેવા કીર્તન, વંદન અને પૂજન કરાયેલા આ પરમાત્મા પાસે માંગણી કરતાં સાધક કહે છે, હે નાથ ! આપ મને આરોગ્ય = રોગ રહિતપણું આપો.

---

19. जे पच्चक्खा एए लोगस्स सुरासुराइरूवस्स । - (ચે.વં.મ.ભા., ગા-૩૬૦)

**આરોગ્ય અને બોધિની વિચારણા :**

રોગ બે પ્રકારના છે. ૧. દ્રવ્યરોગ, ૨. ભાવરોગ. પ્રસ્તુતમાં સાધક દ્રવ્યરોગના નાશની માંગણી નથી કરતો, પરંતુ ભાવરોગના નાશની માંગણી કરે છે. મોહ અને તેના કારણભૂત એવો આત્મા સાથે થયેલ કર્મનો સંબંધ તે ભાવરોગ છે અને કર્મરહિત આત્માની અવસ્થા અથવા શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ રૂપ મોક્ષ તે ભાવઆરોગ્ય છે.

સંસાર જ મહારોગ રૂપ છે અને મોક્ષ જ પરમ આરોગ્ય છે, તેવું જાણતો સાધક ભગવાન પાસે આરોગ્યની માંગણી તો કરે છે, પણ આ આરોગ્ય આ ભવમાં કે, માત્ર માંગણી કરવાથી મળી જાય તેવું નથી. તેને માટે સમ્યગ્ પ્રયત્નની જરૂર પડે છે. આ સમ્યગ્ પ્રયત્ન બોધિથી જ પ્રાપ્ત થાય છે, માટે ત્યાર પછી બોધિની માંગણી કરતાં કહે છે કે,

હે પ્રભુ ! આ ભાવઆરોગ્યને પ્રાપ્ત કરવા માટે તેના કારણીભૂત અર્હત્ - ભાસિત ધર્મની પ્રાપ્તિ મને થાઓ. અરિહંત પરમાત્માએ સમ્યગ્દર્શનથી માંડી છેક વીતરાગતા સુધીનો ધર્મ બતાવ્યો છે. આ ધર્મની તાત્વિક શરૂઆત જિન પ્રણિત ધર્મ પ્રત્યેની અવિહડ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનથી થાય છે. **'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।'** તે જ સાચું છે, તે જ નિ:શંક છે, જે પરમાત્મા વડે કહેવાયું છે. આવી જે શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે., સામાન્ય બોધકાળમાં આ શ્રદ્ધા સામાન્ય પ્રકારની હોય છે અને બોધની સૂક્ષ્મતાથી આ જ સમ્યગ્દર્શન વિશેષ પ્રકારે જીવને પ્રગટે છે. વિશિષ્ટ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં પરમાત્માના પ્રત્યેક વચનો સ્યાદ્વાદ દૃષ્ટિથી (અનેક દૃષ્ટિકોણથી) જાણી શકાય છે.

આ જ શ્રદ્ધા જ્યારે વિશિષ્ટ બને છે, ત્યારે આત્મા બોધને અનુરૂપ પ્રવૃત્તિ પણ કરી શકે છે અને બોધ અનુરૂપ પ્રવૃત્તિ તે જ ચારિત્ર રૂપ ધર્મ છે.

આ ચારિત્ર પણ પ્રારંભિક કક્ષામાં સંજ્વલન કષાયથી યુક્ત હોવાથી અલ્પ પણ કર્મના આશ્રવોને ઉત્પન્ન કરે છે. તેને સાશ્રવ ચારિત્ર કહેવાય છે. પરંતુ આ ચારિત્ર શુદ્ધ શુદ્ધતર થતા સર્વ પ્રકારના કષાયના નાશયુક્ત બને છે. ત્યારે તે કોઈ પણ પ્રકારના કર્મના આશ્રવને થવા દેતું નથી. તેને નિરાશ્રવ સંયમ કહેવાય છે. નિરાશ્રવ સંયમ વીતરાગતાને પ્રાપ્ત કરાવી સર્વ-કર્મનો નાશ કરાવી છેક મોક્ષ સુધી પહોંચાડે છે. આ મોક્ષ જ ભાવ આરોગ્ય છે, માટે જ સાધક

પોતાના આરોગ્ય માટે જિનોક્ત ધર્મરૂપ બોધિની માંગણી કરે છે.

જેમ ભાવઆરોગ્ય માટે બોધિ જરૂરી છે, તેમ પ્રાપ્ત થયેલ બોધિને ટકાવવા સમાધિ એટલે કે, ચિત્તની સ્વસ્થતા જરૂરી છે.

**સમાધિની વિચારણા :**

આ સમાધિ પણ બે પ્રકારની છે. દ્રવ્યસમાધિ અને ભાવસમાધિ. જેનાથી મનને સ્વસ્થતાનો અને કાયાને શાતાનો અનુભવ થાય એ દ્રવ્યસમાધિ. ઉનાળાની ગરમીથી તપ્ત થયેલા તૃષાતુર માનવીને જો ઠંડા પાણીની પ્રાપ્તિ થાય તો તેની કાયાને શાતા મળે છે. અને તેના મનને પણ સ્વસ્થતાનો અનુભવ થાય છે. આ દ્રવ્યસમાધિ છે. દ્રવ્યસમાધિમાં મનની ચિંતા કે આત્મિક અશાંતિ કોઈક પ્રકારે તો રહે જ છે. ત્યાં સર્વ પ્રકારે શાંતિ નથી મળતી. એક વસ્તુમાં કદાચ મન સ્વસ્થ હોય પરંતુ તે છતાં અન્ય ઘણાં પ્રશ્નો મનને સતાવતા હોય છે. માટે આવી સમાધિ ન માંગતા સાધક ભાવસમાધિ માંગે છે. આ ભાવસમાધિ એટલે વરસમાધિ, બે પ્રકારની સમાધિમાંથી શ્રેષ્ઠ એવી સમાધિ તે ભાવસમાધિ છે.

ભાવસમાધિ આત્માની સમતા, મનની સમતુલા અને ચિત્તની પ્રસન્નતા સ્વરૂપ છે. અથવા **જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણને ઉલ્લસિત કરવાનો યત્ન જેનાથી થઈ શકે તેવું ચિત્ત તે ભાવસમાધિ છે.** સત્ત્વ, રજસ્ અને તમસ્ એ રૂપ ત્રિગુણની એકતાને જ અપેક્ષાએ સમાધિ કહી છે. આ ભાવસમાધિ આત્માને છેક મોક્ષ સુધી પહોંચાડી શકે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જીવને સામાન્ય કક્ષાની ભાવસમાધિ પ્રાપ્ત થાય છે, પણ અહીં તો **समाहिवरमुत्तमं** શબ્દ પ્રયોગથી જણાય છે કે, મુમુક્ષુને ઉત્તમ કોટિની ભાવસમાધિ જોઈએ છે. એવી સમાધિ કે જે કોઈપણ સંયોગમાં નાશ ન જ પામે. આવી શ્રેષ્ઠ સમાધિ ત્યારે જ આવે કે, જ્યારે ચિત્ત સર્વત્ર ઉદાસીન વૃત્તિવાળું બને ! મન, વચન અને કાયા સમિતિ અને ગુપ્તિથી યુક્ત બને ! અને શ્રેષ્ઠ કોટિના સંયમના ભાવમાં આત્મા સ્થિર બને ! સાધકની આશંસા છે કે, આવી ઉત્તમ સમાધિ મને પ્રાપ્ત થાઓ કે જે, સમાધિ જન્માંતરમાં પણ બોધિની પ્રાપ્તિ કરાવી, મને છેક મોક્ષ સુધી પહોંચાડે.

આમ જોઈએ તો તીર્થંકરનો પ્રસાદ પ્રાપ્ત થતાં આરોગ્ય આદિ પ્રાપ્ત થઈ જ

જાય છે, તો પણ કલ્યાણના અભિલાષી આત્માને આરોગ્યાદિ ભાવોનું વધુ મહત્ત્વ છે અને વધુ મહત્ત્વના કારણે તેને જુદી માંગણીરૂપે વ્યક્ત કરે છે. વળી, કલ્યાણની પ્રાપ્તિમાં આ ત્રણ વધુ મહત્ત્વનાં અંગો છે, તેથી તેનું મહત્ત્વ વધુ સ્પષ્ટ રૂપે સૌને સમજાય માટે પણ જુદું ગ્રહણ કરેલ જણાય છે.

જે વ્યક્તિને તત્ત્વનો સ્પષ્ટ બોધ છે, તેને તત્ત્વભૂત ભાવઆરોગ્યની જ ઇચ્છા હોય છે. આ **ભાવઆરોગ્ય સર્વત્ર અનિચ્છાના પરિણામરૂપ છે.** આ અનિચ્છાનો પરિણામ બોધિ અને સમાધિથી મળનાર છે. પણ તે બોધિ જૈનકુળમાં માત્ર જન્મવારૂપ કે બાહ્યથી જૈનાચારના પાલનરૂપ નથી. **આ બોધિ તો સ્યાદ્વાદના સૂક્ષ્મ બોધપૂર્વક શક્તિ અનુસાર મોક્ષમાર્ગમાં દઢરૂપે ચાલવા સ્વરૂપ છે** અને મોક્ષમાર્ગ ઉપર ચાલવાના કારણે ઉત્તમ કોટિની ભાવસમાધિની પ્રાપ્તિ થાય છે. આ પ્રાપ્ત થયેલ ભાવસમાધિ અનિચ્છાસ્વરૂપ ભાવઆરોગ્યનું કારણ છે. તે મને મળો એવો ભાવ આ પદ બોલતાં કરવાનો છે.

**चंदेसु निम्मलयरा :** ચંદ્રથી[20] અધિક નિર્મળ.

ચંદ્રોથી વધુ નિર્મળ. અહીં ચંદ્ર શબ્દમાં બહુવચનનો પ્રયોગ એટલા માટે છે કે, એક ચંદ્ર નહિ પણ અસંખ્ય ચંદ્રોની ભેગી થઈને પણ જે નિર્મળતા છે, તેના કરતાં પણ ભગવાન વધુ નિર્મળ છે એવું કહેવું છે. ચંદ્રની નિર્મળતા પણ શાશ્વતી નથી, જ્યારે પરમાત્મામાં કર્મમલ નાશ પામવાને કારણે જે નિર્મળતા ઉત્પન્ન થાય છે, તે શાશ્વતી છે. વળી, પુદ્ગલની નિર્મળતા રાગી આત્માને રાગ-વૃદ્ધિનું કારણ બને છે. જ્યારે કર્મમલના નાશથી ઉત્પન્ન થયેલી પરમાત્માની નિર્મળતા કોઈના કષાયનું કારણ તો બનતું નથી, પણ આવા પરમાત્માનું દર્શન કરવાથી કષાયનો નાશ જરૂર થઈ શકે છે. જેમ ચંદ્ર શીતલતા અને પ્રકાશના ગુણને કારણે નિર્મળ દેખાય છે. તેમ પરમાત્માના કષાયો નાશ થયા હોવાના કારણે નિર્મળ અને શીતળ છે.

**आइच्चेषु अहियं पयासयरा :** સૂર્યથી[21] અધિક પ્રકાશ કરનારા.

---

20. મૂળમાં **चंदेसु** માં સપ્તમી વિભક્તિ છે, પણ તે પંચમીના અર્થવાળી છે. પ્રાકૃતમાં આ રીતે અર્થભેદે ઘણીવાર વિભક્તિનો ભેદ જોવા મળે છે.

21. અહીં પણ વિભક્તિનો ફેરફાર પૂર્વની જેમ જાણવો.

ઘણા સૂર્ય ભેગા થઈને પણ પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરી શકે છે અને તે પણ માત્ર દ્રવ્ય પ્રકાશને પાથરી માત્ર બાહ્ય જગતનું જ દર્શન કરાવી શકે છે, જ્યારે કેવળજ્ઞાનના પ્રકાશ દ્વારા પરમાત્મા જગતના બાહ્ય-અભ્યંતર તમામ ભાવોને જાણે છે, જાણેલા તે ભાવોને જગતના જીવોને વચન દ્વારા જણાવે છે. જગતને યથાર્થ સ્વરૂપે જાણી, યોગ્યાત્માઓને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરવારૂપ સન્માર્ગનો પ્રકાશ કરે છે. આમ પરમાત્મા બાહ્ય અને અભ્યંતર બન્ને માર્ગને પ્રકાશિત કરે છે. દ્રવ્ય માર્ગના પ્રકાશ કરતાં ભાવ માર્ગને પ્રકાશવાનું અતિ મહત્ત્વનું હોઈ પરમાત્માને સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનાર કહ્યા છે. વળી, વાદળાં વગેરેનું આવરણ આવતાં સૂર્ય ઝાંખો પણ પડી જાય છે. જ્યારે પરમાત્મામાં જે કેવળજ્ઞાનરૂપ પ્રકાશ પ્રગટ થયો છે, તેને કોઈપણ પ્રકારનું આવરણ નડતું નથી.

**सागरवरगंभीरा** : શ્રેષ્ઠ સમુદ્ર (સ્વયંભૂરમણ સમુદ્ર) જેવા ગંભીર.

સમુદ્રમાં સૌથી શ્રેષ્ઠ સ્વયંભૂરમણ સમુદ્ર છે. એક રાજલોક પ્રમાણ તિર્ચ્છાલોકમાં અડધા રાજલોકમાં અસંખ્ય દ્વિપ અને સમુદ્ર છે અને બાકીના અડધા રાજલોકમાં માત્ર સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેથી કદમાં સૌથી મોટો અને અતિગંભીર છે. ગમે તેવા ઉપદ્રવોમાં તે ક્ષોભાયમાન થવા છતાં તેનું જળ પોતાની મર્યાદાની બહાર જતું નથી.

પરમાત્માની ગંભીરતા સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક છે. કેમકે, સ્વયંભૂરમણ સમુદ્ર તો પવન આદિની પ્રતિકૂળતામાં સંક્ષુબ્ધ તો થાય છે. ભલે તેની મર્યાદાનો ત્યાગ ન કરે. જ્યારે પરમાત્મા તો ગમે તેવા ઘોર ઉપસર્ગ કે પરિષહમાં લેશ પણ સંક્ષુબ્ધ થતાં નથી. તેઓ પોતાના સ્વભાવમાં સ્થિર જ રહે છે. અથવા સ્વયંભૂરમણ સમુદ્ર જેમ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ ભગવાન પોતાના સ્વભાવની બહાર જતા નથી.

કહેવાય છે કે, સમુદ્ર ગંભીર હોઈ બધો જ સંગ્રહ કરે છે. ગમે તેવી ચીજોને પોતાના પેટાળમાં સમાવી દે છે. તો પણ તે મડદાને કદી સંઘરતો નથી. જ્યારે પરમાત્મા જગતના તમામ અશુભ ભાવો, દરેક પ્રકારના દોષોને જાણે છે, જુએ છે, તો પણ તે ભાવોની અસર લેશ પણ તેમના મન ઉપર કે મુખ ઉપર જણાતી

નથી. તમામ દોષોને પોતાના જ્ઞાનમાં સમાવી લે છે. આથી જ ભગવાન સાગરથી પણ ગંભીર છે.

**सिद्धा सिद्धिं मम दिसंतु :** આવા સિદ્ધો મને સિદ્ધિ આપો.

કર્મમલ વિનાના, કેવળજ્ઞાનને પામેલા અને અતિ ગંભીર એવા હે સિદ્ધ ભગવંતો ! મને મહાઆનંદ સ્વરૂપ, મહાઉત્સવ રૂપ, અનંત સુખના ધામ સ્વરૂપ સિદ્ધિ = મોક્ષ આપો.

અરિહંત ભગવંતો ચાર અઘાતીકર્મવાળા છે, તેથી તેમને આમ તો સિદ્ધિની પ્રાપ્તિ નથી થઈ પણ તેમને સિદ્ધિની પ્રાપ્તિ જાણે થઈ જ ગઈ છે, તેવો ભાવ ઉપસ્થિત કરવા સિદ્ધઅવસ્થાનો ઉપચાર કરીને અહીં અરિહંતોને જ સિદ્ધ તરીકે સંબોધ્યા છે અને અરિહંત ભગવાનની સ્તવના કરીને અંતે અરિહંતોને ઉદ્દેશીને જ સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો તેમ કહેવાયું છે. અથવા સિદ્ધ ભગવંતો પાસે જ સિદ્ધિની માંગણી કરવામાં આવી છે, તેમ કહીએ તો પણ યોગ્ય જ છે.

આ પદ બોલતાં મહાસુખના સ્વામી બનેલા સિદ્ધ પરમાત્માઓ આપણી નજર સમક્ષ હોવા જોઈએ અને હાથની અંજલી કરી મસ્તક નમાવી હૃદયના ભાવપૂર્વક સિદ્ધ ભગવંતોની પાસે સિદ્ધિ એટલે મોક્ષસુખની આપણે માંગણી કરી રહ્યા છીએ, તેવો ભાવ વ્યક્ત થવો જોઈએ.

અહીં પણ જે સિદ્ધની માંગણી કરી છે, તે પોતે માંગશે અને ભગવાન આપી દેવાના છે, તેવું નથી. તો પણ આવા પ્રકારની માંગણી મોક્ષ પ્રત્યેની જે રૂચિ છે, તેને બળવાન કરે છે. આ રીતે પુનઃ પુનઃ માંગણી કરવાથી શુભભાવ પેદા થાય છે. શુભભાવ કર્મનો નાશ કરાવી મોક્ષ પ્રાપ્તિ માટેનું સત્ત્વ વિશેષ ઉલ્લસિત કરે છે. આથી જ આવા ગુણવાન વ્યક્તિ પાસે થતી આવી માંગણીઓ યોગ્ય છે, તે કોઈ નિદાનસ્વરૂપ પણ નથી અને નિરર્થક પણ નથી. કેમકે, એમાં કોઈ સંસારના સુખની આકાંક્ષા નથી અને વીતરાગ પાસે કરેલી આ માંગણી ચોક્કસ શુભભાવ દ્વારા ઉત્તરોત્તર તે વસ્તુને પ્રાપ્ત કરાવે જ છે, માટે સાર્થક છે.

# કરેમિ ભંતે સૂત્ર

**સૂત્ર પરિચય :**

"કરેમિ ભંતે સૂત્ર" દ્વારા સામાયિકની પ્રતિજ્ઞા કરવામાં આવતી હોઈ, આ સૂત્રનું બીજું નામ **'સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર'** છે. સામાયિક લેવાની વિધિમાં આ સૂત્ર મુખ્ય અને સરળપાઠરૂપ હોવાથી એને **'સામાયિક દંડક સૂત્ર'** પણ કહેવાય છે. વળી, આ સૂત્રને સમગ્ર દ્વાદશાંગીનો સાર કહેવાય છે. કારણકે, દ્વાદશાંગીની જેમ આ સૂત્ર પણ વિભાવ દશારૂપ સાવદ્ય યોગ કે અસામાયિકના પરિણામનો ત્યાગ કરી સ્વભાવ દશા તથા સામાયિકના ભાવ તરફ લઈ જવા માટે યત્ન કરાવે છે.

આ સૂત્ર દ્વારા કરાતી સામાયિકની પ્રતિજ્ઞામાં ત્રણ કાળ સંબંધી ત્રણ પ્રકારના સંકલ્પો કરવામાં આવે છે. ૧. 'હું સામાયિક કરું છું,' તે પદથી વર્તમાનકાળમાં હું સામાયિકને કરું છું તે રૂપ **વર્તમાનકાળ** સંબંધી સંકલ્પ છે. ૨. 'જ્યાં સુધી હું નિયમમાં છું ત્યાં સુધી હું સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું,' તેમ કહેવા દ્વારા ભવિષ્યમાં સામાયિકની કાળમર્યાદા સુધી હું પાપ નહિ કરું, તે રૂપ **ભવિષ્યકાળ** માટેનો સંકલ્પ કરવામાં આવ્યો છે. અને ૩. 'હું પ્રતિક્રમણ કરું છું, સાવદ્ય વ્યાપારને નિંદું છું, ગર્હું છું' તેમ કહેવા દ્વારા **ભૂતકાળના** જે પાપ છે, તેમાંથી મુક્ત થવાનો સંકલ્પ કરાય છે.

સામાયિકની પ્રતિજ્ઞા દ્વારા પ્રાપ્ત થતો સમભાવ (રાગ-દ્વેષનો સર્વથા અભાવ) મોક્ષ માર્ગનું અનન્ય કારણ છે. મોક્ષ અને સામાયિક વચ્ચે સીધો કાર્યકારણ

ભાવ છે. મોક્ષનું કારણ સામાયિક છે અને સામાયિકનું કાર્ય મોક્ષ છે. મોક્ષનો પિપાસુ આત્મા સમજે છે કે, **સર્વ પાપની નિવૃત્તિરૂપ સામાયિક વિના રાગ-દ્વેષનો અભાવ થવાનો નથી અને તેના વિના કદી મોક્ષ મળવાનો નથી.** મોક્ષની અત્યંત ઇચ્છા હોવા છતાં પણ જેનું હજુ એવું સામર્થ્ય નથી કે સર્વવિરતિ સ્વીકારી શકે, તેવા અસમર્થ શ્રાવકો આ સૂત્ર દ્વારા સર્વવિરતિના અભ્યાસ માટે બે ઘડી સુધી મન-વચન-કાયાથી પાપ કરીશ નહિ અને કરાવીશ નહિ, તેવી પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે. જ્યારે સર્વવિરતિના સામર્થ્યવાળા સાધકો તો આ સૂત્ર દ્વારા "યાવત્ જીવન માટે મન-વચન-કાયાથી પાપ કરીશ નહીં, કરાવીશ નહીં અને કરતાં પ્રત્યે અનુમોદીશ નહીં. એવી પ્રતિજ્ઞા કરે છે અને વિશિષ્ટ સમભાવ પ્રગટ કરવા યત્ન કરે છે.

સર્વવિરતિ સામાયિકની આ પ્રતિજ્ઞા એક ભીષ્મ પ્રતિજ્ઞા છે. અનાદિકાળથી પાપના સંસ્કારથી યુક્ત આત્મા માટે આ પ્રતિજ્ઞા મીણના દાંતે લોઢાના ચણાં ચાવવાની ક્રિયા જેવી, મેરુ પર્વતના ભારને વહન કરવા જેવી અને રાધાવેધ સાધવા જેવી છે. આથી જ મુનિ ભગવંતો વ્રતના પરિણામોની દૃઢતા માટે અને પુનઃ પુનઃ પોતાની પ્રતિજ્ઞાને સ્મરણ કરવા માટે એક દિવસમાં નવ નવ વાર આ સૂત્ર બોલે છે. જેમ કરોડોનું ઝવેરાત લઈને બજારમાં જતા ઝવેરીનું ધ્યાન સતત તેમની પાસે રહેલા હીરાના પડીકામાં હોય છે, તેમ આવી કઠોર પ્રતિજ્ઞા સ્વીકાર્યા બાદ મુનિ પણ સંસારના સારા-નરસા ભાવમાં ક્યાંય પ્રતિબંધ ન થઈ જાય તેની આ સૂત્ર દ્વારા સતત કાળજી રાખતા હોય છે.

આ સૂત્ર બોલી જે સામાયિકની પ્રતિજ્ઞા ગ્રહણ કરાય છે, તે એક વિશિષ્ટ કોટિની પ્રતિજ્ઞા છે. આથી જ આ પ્રતિજ્ઞાનું જેણે યોગ્ય રીતે પાલન કરવું હોય તેણે આ સૂત્રના અર્થ સમ્યગ્ પ્રકારે ગીતાર્થ ગુરુભગવંત પાસે જાણી લેવા જોઈએ. ગુરુભગવંત પાસે અર્થ શ્રવણ કર્યા બાદ તે અર્થનું સતત પરિશીલન કરી તેને આત્મસાત્ કરવા જોઈએ અને તે તે શબ્દમાંથી પ્રાપ્ત થતા ભાવોની અનુભૂતિ કરવા માટે યત્ન કરવો જોઈએ, તો જ સામાયિકની પ્રતિજ્ઞા સમ્યગ્ પ્રકારે પાળી શકાય છે.

---

**નોંધ :** આ સૂત્ર દ્વારા બે ઘડીના પાપના વિરામ રૂપ દેશવિરતિની તથા યાવત્ જીવનના પાપના વિરામરૂપ સર્વવિરતિની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આ બન્ને વસ્તુને લક્ષમાં રાખી સામાન્યથી સૂત્ર પરિચય આપ્યો છે. પરંતુ વાચક વર્ગે યથાયોગ્ય વિભાગ કરી સમજવા ખ્યાલ રાખવો.

આ પ્રતિજ્ઞાના અણિશુદ્ધ પાલન માટે શ્રાવકે તથા સાધુભગવંતે પોતાના મન-વચન-કાયાના યોગોને સ્વાધ્યાયમાં, જાપમાં કે ગુરુ વૈયાવચ્ચમાં એવી રીતે જોડવા જોઈએ કે, જેને કારણે જગતના ભાવોથી તેનું મન કપાઈ જાય અને સૂત્રાર્થની પરાવર્તના દ્વારા પૂર્વે જે સાવદ્ય યોગના સંસ્કારો પડ્યા હોય તે પણ ધીમે ધીમે અલ્પ અલ્પતર થતા જાય.

દુનિયાભરના પાપ સાથે પોતાનો સીધો કે આડકતરો કઈ રીતે સંબંધ છે ? તેને કારણે સતત પોતાનો આત્મા કઈ રીતે કર્મથી બંધાઈ રહ્યો છે? તે તે ભાવોના પરિણમનથી પોતાનામાં કઈ રીતે વિહ્વળતા અને વ્યથા ઉત્પન્ન થાય છે ? આ બધી વિચારણાઓ કરીને આ સૂત્ર બોલી દુનિયાભરના પાપોથી અટકવાનું છે. જેનામાં આવું જ્ઞાન હોતું નથી, તે આત્મા આ સૂત્ર બોલી સાવદ્ય પ્રવૃત્તિથી અટકવા પ્રયત્ન કરી શકતો નથી, એટલે પાપથી વિરામ પણ પામી શકતો નથી અને તેથી જ આ પ્રતિજ્ઞાથી તેને આનંદની અનુભૂતિ પણ થતી નથી.

આ સૂત્ર બોલી આપણે કદાચ આ ભવમાં તન-મનથી પુણિયા શ્રાવક જેવું દેશથી સામાયિક અને ભગવાન્ વીર જેવું સર્વથી સામાયિક ન કરી શકીએ તો પણ આ સૂત્રના અર્થને ભણી આવા વિશિષ્ટ સામાયિકની રુચિ કેળવવા પ્રયત્ન કરીશું તો જરૂર પુણ્યાનુબંધી પુણ્ય બાંધી વિશિષ્ટ સામગ્રીને પ્રાપ્ત કરી, પુનઃ સામાયિકના સંસ્કારોને જાગૃત કરી, એક દિવસ આપણે પણ આપણા શ્રેયને ચોક્કસ પ્રાપ્ત કરી શકીશું. આ અભિલાષા સાથે આ સૂત્રના અર્થને આપણે વિચારીએ.

**મૂળ સૂત્ર :**

**करेमि भंते ! सामाइयं, सावज्जं जोगं पच्चक्खामि,**

**जाव नियमं पज्जुवासामि, दुविहं, तिविहेणं,**

**मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि,**

**तस्स भंते ! पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि ।**

પદ- સંપદા- અક્ષર :૭૬

**અન્વય અને સંસ્કૃત છાયા સહિત શબ્દાર્થ :**

**भंते ! सामाइयं, करेमि**

भदन्त! सामायिकं करोमि,

હે ભગવંત ! હું સામાયિક કરું છું,

**जाव नियमं पज्जुवासामि, सावज्जं जोगं पच्चक्खामि, दुविहं, तिविहेणं मणेणं, वायाए, काएणं, न करेमि, न कारवेमि,**

यावत् नियमं पर्युपासे, सावद्यं योगं प्रत्याख्यामि। द्विविधं त्रिविधेन, मनसा वाचा कायेन, न करोमि, न कारयामि ।

જ્યાં સુધી હું નિયમને સેવું છું (ત્યાં સુધી) હું સાવદ્ય યોગોનું પચ્ચક્ખાણ કરું છું, બે પ્રકારે અને ત્રણ પ્રકારે એટલે મન-વચન-કાયાથી (સાવદ્ય યોગોને) કરીશ નહીં (અને) કરાવીશ નહીં.

**तस्स भंते ! पडिक्कमामि,**

तस्य भदन्त प्रतिक्रामामि

તેનું (અત્યાર સુધી ભૂતકાળમાં જે સાવદ્ય પ્રવૃત્તિઓ કરી હતી તે સાવદ્ય વ્યાપારનું) હે ભદંત ! હું પ્રતિક્રમણ કરું છું:

**निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि ।**

निन्दामि गर्हे आत्मानं व्युत्सृजामि ।।

(તે સાવદ્ય વ્યાપારને) નિંદું છું, ગર્હું છું અને તે સાવદ્ય વ્યાપાર કરનાર મારા આત્માનો અત્યંત ત્યાગ કરું છું.

**વિશેષાર્થ :**

**करेमि भंते सामाइयं :** હે ભગવંત, હું સામાયિક કરું છું,

**करेमि** = કરું છું. સાધકે કોઈ પણ કાર્ય કરવા માટે પોતાના અંતરમાં ઉદ્ભવેલી ઇચ્છાને પ્રથમ ગુરુ આગળ જાહેર કરવી જોઈએ. ગુરુની આજ્ઞા યોગ્ય રીતે મળ્યા પછી જ તે કાર્ય શરૂ કરવું જોઈએ. આધ્યાત્મિક જીવનની આરાધનામાં આ પ્રકારની વિનયસામાચારી મુખ્ય છે માટે જ કોઈ પણ ધાર્મિક ક્રિયાને એમને

એમ જ શરૂ ન કરતાં તેના માટે વિનય પ્રદર્શિત કરવો જરૂરી છે, માટે જ આ નિયમ કરતાં પહેલાં બે ખમાસમણ દેવાપૂર્વક ગુરુ મહારાજ પાસે સામાયિકની આજ્ઞા માંગી અને પછી કહે છે કે, હે ભગવંત ! હું સામાયિક કરું છું.

**ભંતે શબ્દના ભિન્ન ભિન્ન અર્થ :**

**भंते** = હે પૂજ્ય !

૧. **भदंत**[1] - હે કલ્યાણ અને સુખવાન. ભદ્દ અને અણ ધાતુ ઉપરથી બનેલો આ શબ્દ છે. નિશ્ચિત કલ્યાણ અને સુખને જેઓ પામેલા છે અને ઉપદેશ આદિ દ્વારા જેઓ અન્યને કલ્યાણ અને સુખનો માર્ગ બતાવી શકે છે, તે ભદંત છે. આવા ગુરુ ભગવંતને નજર સમક્ષ લાવી કલ્યાણ અને સુખનો અર્થી સાધક તેઓને આમંત્રણ આપીને કહે છે, હે ભદંત ! હું સામાયિક કરું છું.

ભદંત શબ્દ દ્વારા ગુરુને આમંત્રિત કરાય છે. કેમકે, ગુરુભગવંતો આત્માના કલ્યાણને અને ઈન્દ્રિયોના સુખને પામેલા છે. જેની ઈન્દ્રિયો શુદ્ધ હોય, જેની ઈન્દ્રિયો પોતાને વશ હોય તે જ સુખી છે. પરંતુ જેઓ ઈન્દ્રિયોથી જીતાયેલા છે, તેઓ અશુદ્ધ છે અને દુઃખી છે, માટે કલ્યાણકારી અનુષ્ઠાનમાં તેવાઓને આમંત્રણ હોતું નથી.

૨. **भवांत** અને **भयंत** - જેમણે ભવનો અંત આણ્યો છે અને જેઓ સાતે ભયથી સંપૂર્ણ મુક્ત છે, તેવા અરિહંતોને[2] આ શબ્દથી યાદ કરવાના છે. ભવનિસ્તારની ઇચ્છાવાળો અને ભયથી મુક્ત થવાની આકાંક્ષાવાળો સાધક આવા અરિહંતપરમાત્માને આમંત્રણ આપીને કહે છે, હે ભવાંત ! હું સામાયિક કરું છું. મારી આ સામાયિકની ક્રિયા ભવ અને ભયનો નાશ કરનારી બને તેમાં આપ પણ સહાય કરશો.

૩. **भंते**[3] - આ પદથી આત્માને[4] આમંત્રણ છે. ભંતે - હે આત્મન્ ! હું હવે

---

1. **भद+अण** ધાતુથી બનેલો આ શબ્દ છે. **भद** = કલ્યાણ-સુખ, **अणति** = સુખ પોતે પામે અને બીજાને પમાડે.
2. વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૪૭૨
3. **भंते** શબ્દના આ સિવાય **भ्राजन्त-भ्रान्त-भजन्त-भान्त** વગેરે અર્થ પણ છે. પરંતુ અહીં વિસ્તાર વધવાથી લીધા નથી. વિશેષ જિજ્ઞાસુએ વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૪૩૯ થી ૩૪૭૬ જોઈ લેવી.
4. વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૪૭૦

સર્વ અવિરતિની ક્રિયાનો ત્યાગ કરી સામાયિકના ઉપયોગવાળો બનું છું. તું પણ મને આ ક્રિયામાં સવિશેષ સહાયક બનજે.

આ રીતે 'કરેમિ ભંતે' શબ્દ દ્વારા દેવ, ગુરુ અને પોતાના આત્માને આમંત્રણ કરી મોક્ષાર્થી આત્મા સામાયિક કરે છે. દેવ, ગુરુ અને આત્માની સાક્ષીએ સામાયિક કરવાથી વ્રતમાં સ્થિરતા આવે છે. જિનાદિની સાક્ષીએ સામાયિક કરું છું. આ પ્રકારની વાસનાથી લજ્જા, ભયાદિના કારણે પણ અતિચારોનું સેવન કરતાં અટકી શકાય છે. કરેમિ ભંતે શબ્દ બોલતાં જ અરિહંતભગવંતો, ગુરુભગવંતો અને પોતાનો આત્મા મારી સામે છે. હું તેમને પરતંત્ર થઈને તેમની આજ્ઞાનો સ્વીકાર કરી વર્તમાનમાં મોક્ષમાર્ગને અનુકૂળ જે સમતાનો પરિણામ છે, તે માટે પ્રયત્ન કરું છું, તેવો ભાવ પ્રગટ કરવાનો છે.

આના ઉપરથી એ નિર્ણીત થાય છે કે, જે સર્વ આવશ્યકોમાં પહેલું સામાયિક આવશ્યક છે તે પણ જો ગુરુને આમંત્રણ આપી, ગુરુને પરતંત્ર રહી તેમની અનુજ્ઞાથી જ કરાય છે, તો તો બીજા સર્વ શુભાનુષ્ઠાનો પણ ગુરુકુળવાસમાં રહી ગુરુ આજ્ઞાને અનુસરીને જ કરવા જોઈએ, તો જ વિનયગુણથી સંપન્ન થવાય તે સમજાય તેવું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, **'आयरस्स मूलं विणओ'** સર્વ આચારનું મૂળ વિનય છે. વિનયવાન જ તપ-સંયમને પામી શકે છે. વિનયવિહીનને કોઈ પણ ધર્મ પ્રાપ્ત થઈ શકતો નથી.

**सामाइयं** - સામાયિક શબ્દના ઘણા અર્થ છે, પણ તે સર્વનો ભાવ તો એ જ છે. આત્માને સમતાના ભાવમાં રાખવો. મમતાકૃત-કષાયકૃત દોષને કારણે થયેલી વિષમતાથી અટકી આત્માને પોતાના જ્ઞાનાદિ ગુણોમાં પ્રવૃત્ત કરવો તે સામાયિક છે.

### સામાયિક શબ્દના વિશેષ અર્થ :

સામાયિક શબ્દના જુદા જુદા અર્થો આ પ્રમાણે છે -

૧. સામાયિક એટલે સદ્વર્તન.

૨. સામાયિક એટલે શાસ્ત્રાનુસારી શુદ્ધજીવન ગાળવાનો પ્રયત્ન.

૩. સામાયિક એટલે સમસ્થિતિ, વિષમતાનો અભાવ, વિભાવમાંથી સ્વભાવમાં લીનતા, અનાદિકાળથી આત્મા રાગ-દ્વેષની વિષમ સ્થિતિમાં રહેલો

છે, તેને દૂર કરી સમ = સમભાવમાં લીનતારૂપ 'સમ' કરવો એ સામાયિકનો ભાવાર્થ છે.

૪. સામાયિક એટલે સર્વ જીવો પ્રત્યે મિત્રતા[5] કે બંધુપણાની લાગણી. સર્વ જીવોને આત્મતુલ્ય માની તેમની સાથે સમાન રીતે વર્તવું તે સામાયિક છે.

૫. સામાયિક એટલે સમભાવની સાધના = રાગ-દ્વેષને જીતવાનો પરમ પુરુષાર્થ.

૬. સામાયિક એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રનો સમન્વય. શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વકના ચારિત્રની આચરણા કરવી એ તેનું રહસ્ય છે.

૭. સામાયિક એટલે અહિંસાની આરાધના. અન્યને દુઃખ નહિ ઉપજાવવાનો નિશ્ચય.

૮. સામાયિક એટલે સમભાવ = માધ્યસ્થભાવ એટલે કે રાગ-દ્વેષના કારણે થતાં પક્ષપાતનો અભાવ. કોઈ કુહાડાથી દેહને કાપે તો તેના પ્રત્યે દ્વેષ નહિ અને બીજો ચંદનથી શરીરને વિલેપન કરે તો તેના પ્રત્યે રાગ નહિ, તે બન્ને પ્રત્યે સમાનભાવ રાખવો તે સામાયિક છે.

સામાયિકના આ અર્થો વ્યવહારિક દૃષ્ટિએ ભિન્ન હોવા છતાં તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે. કેમકે, સદ્વર્તન એ સમભાવ વિના શક્ય નથી. શાસ્ત્રાનુસારી શુદ્ધ જીવન પણ સમભાવથી જ સિદ્ધ થાય છે. કારણકે, શાસ્ત્રોમાં સમભાવથી યુક્ત એવા જીવનનો જ નિર્દેશ કરેલો છે. તેથી એવું જીવન જીવવું હોય તો સમભાવને સિદ્ધ કરવો જ પડે. આત્માની અનાદિકાળથી ચાલી આવેલી વિષમ સ્થિતિનો અંત પણ સમભાવની સાધનાથી જ આવે છે. વળી, સર્વ જીવો પ્રત્યેની મિત્રતા કે બંધુપણાની લાગણી એ પણ સમભાવનું સ્પષ્ટ સ્વરૂપ છે. કારણ, સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યતાનો ભાવ થાય ત્યારે જ મિત્રતા આવે છે તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેનો સમન્વય પણ સમતા વગર થવાનો નથી. આમ સર્વ અર્થોને પોતાની અંદર સમાવી લેતા હોવાથી સામાયિકનો અર્થ 'સમભાવની સાધના કરવો' એ યુક્ત છે.

**ભૂમિકા ભેદે સામાયિકનું વર્ણન :**

સામાયિક શબ્દના ઉપર જે જુદા જુદા અર્થો કર્યા તે સર્વશ્રેષ્ઠ કક્ષાના

---

5. વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૪૮૧
6. વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૪૯૮ થી ૩૫૦૧

સામાયિકને લક્ષમાં રાખીને કર્યા છે. પરંતુ પ્રત્યેક મુમુક્ષુને આરાધવા યોગ્ય સામાયિક ભૂમિકાના ભેદે વિવિધ પ્રકારનું છે. રાગ-દ્વેષના સર્વથા અભાવરૂપ સામાયિક તો વીતરાગને જ હોય છે. આ વીતરાગ અવસ્થા અગીયારમા ગુણસ્થાનક પહેલાં પ્રાપ્ત થતી નથી. સાધક આત્મા જ્યારે અગીયારથી ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે, ત્યારે જ સર્વથા રાગ-દ્વેષના અભાવરૂપ સામાયિક થઈ શકે છે.

વીતરાગ અવસ્થાની પૂર્વ અવસ્થામાં રાગ-દ્વેષ તો છે, પણ તે એટલા બધા સૂક્ષ્મ રૂપે હોય છે કે, જેના કારણે સાધકને મોક્ષ કે સંસારવિષયક **'मोक्षे भवे समो मुनिः'** જેવી જ અવસ્થા છે. આવી નિર્વિકલ્પ અવસ્થાનું સામાયિક અપ્રમત્ત મુનિઓને ૭ થી ૧૦માં ગુણસ્થાનક સુધી હોય છે.

આનાથી નીચેની કક્ષામાં રહેલા મુનિઓ પણ સંસારના તમામ ભાવો પ્રત્યે ઉદાસીન હોય છે. તેથી જ સંસારના અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં, શાતા કે અશાતાના ઉદયમાં તેમને સમભાવ રૂપ સામાયિક હોય છે. આમ છતાં તેમને મોક્ષ પ્રત્યે તીવ્ર રાગ અને સંસારના ભાવો પ્રત્યે તીવ્ર દ્વેષ હોય છે. આથી જ સંસારના તમામ ભાવોથી છૂટી, મોક્ષને શીઘ્ર મેળવવા તે ભગવાનના વચનને અનુસાર સતત પ્રયત્ન કરતા હોય છે. સંયમજીવનમાં ક્યાંય દોષ ન લાગે તે માટે તેમનો યત્ન હોય છે. આ નિરતિચાર ચારિત્રસ્વરૂપ સમભાવ છે.

આનાથી નીચેની ભૂમિકાના મુનિઓને પણ મોક્ષની તીવ્ર ઇચ્છા હોય છે અને સંસાર પ્રત્યે દ્વેષ પણ હોય છે. આમ છતાં, મોક્ષની ઇચ્છા નિરતિચાર સંયમવાળા મુનિ જેવી તેમની હોતી નથી. આના કારણે મોક્ષ માટે ભગવાનની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરવા છતાં પુનઃ પુનઃ તેમને સ્ખલના થવાની સંભાવના રહે છે. આને સાતિચાર સામાયિકવાળા મુનિ કહેવાય છે.

શ્રાવકો પણ મોક્ષના ઉપાયરૂપે સામાયિકની ઇચ્છાવાળા હોય છે. તો પણ તેઓનું એવું સત્ત્વ નથી કે, ઉપરોક્ત એક પણ સામાયિક તેઓ કરી શકે. આમ છતાં, સર્વ સાવદ્યના ત્યાગરૂપ સર્વવિરતિના અભ્યાસ માટે - સર્વવિરતિની નજીક જવા માટે તેઓ આ સૂત્ર બોલી ૪૮ મિનીટ માટે દેશથી સાવદ્ય યોગનો ત્યાગ કરે છે. ત્યારે મન-વચન-કાયાથી તેઓ એક પણ સાવદ્ય પ્રવૃત્તિ કરતા નથી, તો પણ તેઓ સ્વ-કુટુંબ, સ્વ-સંપત્તિ આદિ પ્રત્યેનો મમત્વકૃત સંબંધ તોડી શકતા નથી. સામાયિકના સમય દરમ્યાન કુટુંબ-પરિવાર-સંપત્તિ આદિનો

વ્યક્તરૂપે વિચાર ન હોવા છતાં પણ સંસ્કારરૂપે તો તેની સાથેનો નાતો તૂટતો નથી જ. આથી જ તેઓ મુનિની જેમ 'તિવિહં તિવિહેણં'નું પચ્ચક્ખાણ ન લેતાં 'દુવિહં તિવિહેણં' નું પચ્ચક્ખાણ કરે છે.

દેશથી સામાયિકની પ્રતિજ્ઞા કરનારો શ્રાવક પણ સામાયિકના કાળ દરમ્યાન સંસારના તમામ ભાવો પ્રત્યે રાગ-દ્વેષનો પરિણામ ન ઉદ્ભવે તેવા મનના ઉપયોગવાળો છે. આવો સમભાવ હોવા છતાં સંપત્તિ આદિ પ્રત્યે આ સંપત્તિ આદિ મારાં છે, એવા સંબંધકૃત પરિણામનો ત્યાગ કરી શકતા નથી, માટે તેઓનું સામાયિક મુનિ કરતાં ન્યૂન કક્ષાનું છે.

આ 'કરેમિ ભંતે' સૂત્ર બોલી જે સામાયિકની પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે મુનિપણાની સામાયિકની પ્રતિજ્ઞા અથવા શ્રાવકની દેશથી સામાયિકની પ્રતિજ્ઞા સમજવાની છે. હવે સામાયિકની પ્રતિજ્ઞાનું પાલન કરવા સાધક સાવદ્ય યોગોનો ત્યાગ કરે છે.

**सावज्जं जोगं पच्चक्खामि** : હું સાવદ્ય યોગોનું પચ્ચક્ખાણ કરું છું.

આ પદ ભવિષ્યના પાપ-વ્યાપારના ત્યાગને જણાવે છે. શ્રાવક જેટલો સમય સામાયિકમાં રહે છે, તેટલા સમયના ભવિષ્યકાળ સંબંધી સાવદ્ય યોગોનો ત્યાગ કરે છે અને મુનિ ભગવંતો "**सव्वं सावज्जं जोगं पच्चक्खामि**" બોલીને આજીવન સર્વ સાવદ્ય યોગને નહિ કરું - નહિ કરાવું અને નહિ અનુમોદું તે સ્વરૂપે ત્યાગ કરે છે.

'**सावज्जं**' એ '**जोगं**'નું વિશેષણ છે. સાવદ્ય સમજવા માટે પહેલા અવદ્યની વ્યાખ્યા સમજવી પડે. "**वदितुम् अयोग्य इति अवद्यः**" - અર્થાત્ જે કાર્ય ગર્હિત છે. નિંદિત છે, તે પાપ છે, તેવાં પાપ બોલવાને માટે અયોગ્ય છે અથવા જે કાર્ય કર્યા પછી સજ્જન પુરુષોને બીજા પાસે બોલતાં સંકોચ થાય, શરમ આવે તેવા કાર્ય અવદ્ય છે. આવા અવદ્ય સહિત જે હોય તે સાવદ્ય કહેવાય છે. અથવા સાવદ્ય એટલે કોઈપણ પ્રકારની અનુચિત પ્રવૃત્તિ કે અપ્રશસ્ત પ્રકારના કષાયના કારણે થનારી પ્રવૃત્તિ તે સાવદ્ય પ્રવૃત્તિ છે.

'**जोगं**'[6] 'યોગ' શબ્દ '**युज्**' ધાતુ પરથી બનેલો છે. તે જોડવાના અર્થમાં વપરાય છે. આત્મા જેના દ્વારા ચાલવા આદિની ક્રિયા સાથે જોડાય તે યોગ. અથવા જેનાથી આત્મા કર્મ સાથે જોડાય છે તે યોગ છે. મન, વચન અને

કાયાના વ્યાપારો જ આત્માને વિચારવાની-બોલવાની-ચાલવાની ક્રિયા સાથે કે કર્મ સાથે જોડે છે. માટે મન-વચન-કાયા તે યોગ છે. આ યોગ બે પ્રકારે છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ માટે થયેલો વીર્યવ્યાપાર તે પ્રશસ્ત યોગ છે અને સંસારની વૃદ્ધિ અર્થે પ્રવર્તતું વીર્ય તે અપ્રશસ્ત યોગ છે. અપ્રશસ્ત યોગ સાવદ્ય યોગ છે. જો માત્ર યોગોનો ત્યાગ કરું છું એવી પ્રતિજ્ઞા કરવામાં આવે તો મન-વચન-કાયાના સર્વ યોગનો ત્યાગ કરવો પડે, પણ પ્રસ્તુતમાં સર્વ યોગનો ત્યાગ નથી, માત્ર આત્માનું અહિત કરનારા સર્વ સાવદ્ય યોગનો જ ત્યાગ કરવાનો છે. સર્વ યોગનો ત્યાગ તો સર્વસંવરભાવનું સામાયિક આવે ત્યારે ૧૪માં ગુણસ્થાનકે શૈલેશીકરણમાં જ થાય છે.

**'सावज्जं जोगं पच्चक्खामि'** પદ દ્વારા સાવદ્ય યોગના ત્યાગ કરવાનું પચ્ચક્ખાણ કરાય છે. તેમાં **पच्चक्खामि = प्रत्याख्यामि** = પચ્ચક્ખાણ[7] કરું છું. આ શબ્દ **प्रति+आ+ख्या** ધાતુનું પ્રથમ પુરૂષ એકવચનનું રૂપ છે. **'प्रति'** = પ્રતિષેધ, નિષેધ અર્થમાં છે એટલે કે પ્રતિ શબ્દ દૂર કરવાના અર્થમાં વપરાયો છે અને **'आख्यान'** શબ્દ અભિમુખતાથી ખ્યાપન કરવાના અર્થમાં વપરાય છે. આમ આખા **'पच्चक्खामि'** શબ્દનો અર્થ થાય કે નિષેધપૂર્વકની જાહેરાત કરું છું અર્થાત્ અનુચિત્ત પ્રવૃત્તિનો ત્યાગ અને ઉચિત પ્રવૃત્તિ કરવાનો નિર્ણય કરું છું.

જૈનશાસનના કોઈપણ પચ્ચક્ખાણ ગર્ભિત રીતે અનુચિત પ્રવૃત્તિનો નિષેધ અને ઉચિત પ્રવૃત્તિનું કથન કરનારા જ હોય છે. તેમ સામાયિકની પ્રતિજ્ઞા પણ ઉચિત પ્રવૃત્તિ પ્રધાન છે. સામાયિકની પ્રવૃત્તિ પણ ઔચિત્યપૂર્ણ[8] પ્રવૃત્તિના પાલનથી અને અનુચિત એવી સાવદ્ય પ્રવૃત્તિના નિષેધથી જ નિર્વાહ્ય છે.

હે ભગવંત ! હું સામાયિક કરું છું અને સાવદ્ય યોગોનું પચ્ચક્ખાણ કરું છું. આવી પ્રતિજ્ઞા એ શ્રુતજ્ઞાનના એક ઉપયોગરૂપ છે. આથી જેમના મન-વચન-કાયા સતત શાસ્ત્રના નિયંત્રણ નીચે ચાલતા હોય તે જ આત્મા મન-વચન-કાયાના સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરી શકે છે. બોલતા-ચાલતા-વિચારતા-ખાતા-પિતા કે સુવાની ક્રિયા કરતા પણ શાસ્ત્ર આ વિષયમાં શું કહે છે ? આ વિષયમાં ભગવાનની આજ્ઞા શું છે ? તેનો ઉપયોગ મૂકી શાસ્ત્રવચનને સ્મરણમાં લાવીને જે સાધક પોતાનાં મન-વચન-કાયાને પ્રવર્તાવે છે, તે જ આત્મા

7. વિ. આ. ભા. ભા. ૨, ગા. ૩૫૦૧

8. **समभावो सामाइयं तणकंचणसत्तुमित्तविसउ त्ति । णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ।।**

સાવદ્યથી અટકી શકે છે. જે વ્યક્તિ પોતાની ઇચ્છાનુસાર મન-વચન-કાયાને પ્રવર્તાવે છે તે વ્યક્તિ કદી સાવદ્યયોગથી અટકી શકતો નથી. આથી જ દેશથી કે સર્વથી સામાયિકની પ્રતિજ્ઞા લેનાર સાધકે સામાયિકના સમય દરમ્યાન મારાં મન-વચન-કાયા કેવી રીતે પ્રવર્તવા જોઈએ, તે વિષયક શાસ્ત્રવચનો ગુરુભગવંત પાસે જાણી શ્રવણ કરી સ્થિર કરી લેવા જોઈએ, કારણકે, તો જ આ પ્રતિજ્ઞાનું પાલન યથાયોગ્ય રીતે થઈ શકે.

સંસારવર્તી કોઈપણ પદાર્થમાં મમત્વ-રાગ-દ્વેષ આદિ ભાવો તે અસામાયિકનો ભાવ છે અને તમામ ભાવોમાં માત્ર જ્ઞાતાભાવ એટલે તે પદાર્થનું માત્ર જ્ઞાન કરવું, પણ પદાર્થના જ્ઞાન સાથે તેમાં સારા-નરસાપણાનો કે ઈષ્ટ-અનિષ્ટપણાનો કોઈ પણ ભાવનો સ્પર્શ થવા ન દેવો તે સામાયિકનો પરિણામ છે. આમ તો, આવો સામાયિકનો પરિણામ ઘણી ઉપરની કક્ષામાં આવે છે. તો પણ આવા પ્રકારના પરિણામના લક્ષપૂર્વક સામાયિકના કાળ દરમ્યાન જો યત્ન કરવામાં આવે તો લક્ષપૂર્વકનું તત્ત્વના પક્ષપાતવાળું આ સામાયિક અન્ય સામાયિક કરતાં વિશિષ્ટ કોટિનું બની શકે છે.

સામાયિકના કાળ દરમ્યાન સામાયિક માટેનો યત્ન તે જ આત્માનો ટકી શકે કે જેને સામાયિક સિવાયનો સંસારનો અવિરતિનો પરિણામ ખટકતો હોય. આ અવિરતિનો કે અસામાયિકનો પરિણામ તે કલુષિત પરિણામ છે, આવા પરિણામવાળી અવસ્થા એ મારા આત્માની મલિન અવસ્થા છે, અવિરતિનો પરિણામ મને પીડા ઉત્પન્ન કરનાર છે, અસામાયિકના પરિણામને કારણે જ મારે કર્મબંધ કરીને સંસારમાં ભટકવું પડે છે, આવું જેને સ્પષ્ટ બુદ્ધિમાં બેઠું હોય તેવો આત્મા જ સામાયિકના સમય દરમ્યાન પોતાના આત્માને સામાયિકના ઉપયોગમાં રાખવા યત્ન કરે છે. પરંતુ જેને ઉપરોક્ત કોઇ ભાવો સ્પર્શતા નથી, તે તો માત્ર ધર્મબુદ્ધિથી, દ્રવ્યથી, સામાયિકની ક્રિયા કરે છે. તેને સામાન્યથી પુણ્યબંધ થાય છે. પરંતુ, સામાયિકના મહાઆનંદને તે આત્માઓ પ્રાપ્ત કરી શકતા નથી.

સામાયિક કરવા માટે પ્રથમ સાવદ્ય યોગના ત્યાગની પ્રતિજ્ઞા કરી, હવે તે પ્રતિજ્ઞાનો કાળ બતાવે છે.

**जाव नियमं पज्जुवासामि :** જ્યાં સુધી હું નિયમને સેવું છું.

**जाव = यावत् =** જ્યાં સુધી. આ શબ્દ, મર્યાદા બતાવે છે. તેનો સંબંધ

નિયમ સાથે છે. **नियमं** = પ્રતિજ્ઞા. આ શબ્દ સાવદ્ય યોગથી વિરામ થવાની જે પ્રતિજ્ઞા છે તેને ઓળખવા માટે મૂકેલ છે. **पज्जुवासामि = पर्युपासे = परि + उप + आस्** નું પ્રથમ પુરુષ એકવચનનું રૂપ છે. **परि** અને **उप** આ બે ઉપસર્ગ ધાતુને વિશેષ કરે છે અને **आस्** = બેસવું = સેવા કરવી, સેવું છું. અર્થાત્ જ્યાં સુધી પોતે આ નિયમને વળગી રહ્યો છે, ત્યાં સુધી સાવદ્ય યોગથી અટકેલો છે.

**"जाव नियमं पज्जुवासामि"** એ પાઠ સામાન્ય વચનરૂપ છે. એટલે સામાન્યથી 'હું જ્યાં સુધી નિયમનું સેવન કરું છું, તેવો અર્થ થાય તેથી આટલો જ કાળ એવો નિયમ ન થાય. તો પણ આપણે સામાયિકની પ્રતિજ્ઞા બે ઘડીની માનીએ છીએ. તેનું કારણ જૈનશાસનમાં નાનામાં નાનું પણ પચ્ચક્ખાણ બે ઘડી માટે કરવાનો વિધિ છે. સામાયિકનો પરિણામ પેદા કરવા જે ધર્મધ્યાન કે શુક્લધ્યાન કરવામાં આવે છે, તે ધ્યાન પણ એક વિષય ઉપર બે ઘડીથી વધુ ટકી શકતું નથી. તેથી સામાયિકનો કાળ બે ઘડીનો રાખેલો જણાય છે.

**जाव नियमं** ના બદલે **जाव सुयं** કે **जाव साहु पज्जुवासामि** નો પાઠ પણ બોલાય છે. તેનો અર્થ જ્યાં સુધી હું શ્રુતજ્ઞાન માટે યત્ન કરું છું, એટલે વ્યાખ્યાનશ્રવણ કે વાચનાદિ જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી મારે સામાયિક છે અથવા જ્યાં સુધી હું સાધુની સેવા-વૈયાવચ્ચ કરું છું, ત્યાં સુધી મારો આ નિયમ છે.

આ સિવાય સાધુભગવંતો **'जाव नियमं'**ને બદલે **'जावज्जीवाए'** શબ્દપ્રયોગ કરે છે. કેમકે, તેઓ જ્યાં સુધી આ જીવન છે, ત્યાં સુધી સાવદ્ય યોગોનું પચ્ચક્ખાણ કરે છે. જો કે ભાવથી વિરત એવા મુનિને સામાયિકમાં સદા રહેવાની ઇચ્છા તો છે પણ તે લાચાર છે. પોતાના આ જીવનથી આગળની પ્રતિજ્ઞા તે લઈ શકે તેમ નથી. આગળ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય માટે જ તે આ રીતે પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે.

પ્રતિજ્ઞાનો કાળ જણાવીને હવે પ્રતિજ્ઞાનું સ્વરૂપ બતાવે છે –

## दुविहं तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि[10A] :

મન, વચન અને કાયારૂપ ત્રણ પ્રકારના યોગથી હું બે પ્રકારે (સાવદ્ય વ્યાપાર)

10A. આ શબ્દોમાં પહેલાં **दुविहं** કહ્યું અને પછી **तिविहेणं** કહ્યું. ત્યારપછી બન્ને શબ્દોને વિશેષ સમજાવતી વખતે પહેલા **'दुविहं'**ને વિશેષ સમજાવવાને બદલે પહેલા **'तिविहेणं'** ની વિશેષ સમજણ આપતાં પહેલા **'मणेणं वायाए काएणं'** કહ્યું અને પછી **'दुविहं'** ને વિશેષ સમજાવતાં

કરીશ નહિ અને કરાવીશ નહિ.

મન, વચન અને કાયા - આ ત્રણ સાધનો અને કરણ, કરાવણ અને અનુમોદન એમ ત્રણ પ્રકારની ક્રિયાઓ દ્વારા પાપ થઈ શકે છે.

જીવ જ્યારે રૂપ, રસ, ગંધ આદિ વિષયોમાં આસક્ત બને છે અને ક્રોધ, માન, માયા આદિ કષાયને વશ બને છે ત્યારે તે મનથી અશુભ વિચારો કરે છે, વાણીને ખરાબ માર્ગે પ્રવર્તાવે છે અને કાયાથી પણ ગમે તેવી પ્રવૃત્તિ કરે છે. આ મન, વચન, કાયાથી **પાપનું કરણ** છે. તે જ રીતે અન્ય પાસે મન, વચન, કાયાથી જે પાપ કરાવે તે **પાપનું કરાવણ** છે અને પોતાની કે અન્યની આ ત્રણ દ્વારા થતી પાપ પ્રવૃત્તિઓ તેમાં જે આનંદ વ્યક્ત કરે છે. આ કર્યું તે સારૂં કર્યું, આવી જે ભાવના કરે છે તે **પાપનું અનુમોદન** છે. આવી ક્રિયાઓથી જ જીવ સતત કર્મનો બંધ કરે છે. આથી જ સામાયિકનો સાધક પ્રતિજ્ઞા કરે છે કે, આ સામાયિકના કાળ દરમ્યાન મન, વચન, કાયાથી કોઈ પાપ કરીશ નહિ અને કોઈને પણ મન, વચન, કાયાથી પાપની પ્રેરણા આપીશ નહિ કે, પાપનું નિમિત્ત પણ પૂરૂં પાડીશ નહિ.

સામાયિક કરનારો શ્રાવક મન, વચન, કાયાથી પાપ કરીશ નહિ અને કરાવીશ નહિ, તેવી પ્રતિજ્ઞા કરે છે. પરંતુ અનુમોદન કરીશ નહિ, તેવી પ્રતિજ્ઞા કરતો નથી. તેનું કારણ એ છે કે, સંસારમાં જેના પ્રત્યે તેને મમત્વ છે, તે મમત્વકૃત સંબંધનો તે સર્વથા ત્યાગ કરી શકતો નથી. 'હા' તેની વાણીનો

---

**'न करेमि न कारवेमि'** એવા શબ્દો મૂક્યા. પહેલો ઉદ્દેશ **दुविहं** નો હતો તો શાસ્ત્રપાઠ **'न करेमि न कारवेमि मणेणं वायाए काएणं'** મૂકવો જોઈએ, તેના બદલે સૂત્રમાં **'मणेणं वायाए काएणं न करेमि न कारवेमि'** એવો પાઠ કેમ મૂક્યો હશે એવો આપણને પ્રશ્ન થાય. પરંતુ તેનું સમાધાન આપતાં વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે, કરણ, કરાવણ અને અનુમોદન, મન-વચન-કાયાને આધીન છે તે બતાવવા માટે **'मणेणं वायाए काएणं'** પ્રથમ મૂક્યું છે. મન આદિથી જ કરણ, કરાવણરૂપ ક્રિયા પ્રવર્તી શકે છે, એવું જણાવવા અને કરણનું (સાધનનું) પ્રાધાન્ય બતાવવા **'मणेणं वायाए काएणं'** પ્રથમ મૂકેલ છે.

વળી આપણને થાય કે, ઉદ્દેશ પણ તેવો જ અર્થાત્ **तिविहेणं दुविहं** કર્યો હોત તો ? ઉદ્દેશમાં પ્રથમ **दुविहं** મૂકવાનું કારણ એ છે કે, ત્યાં કરણ-કરાવણરૂપ ક્રિયાનું પ્રાધાન્ય બતાવવું છે. મન-વચન અને કાયા પણ સાવદ્ય કાર્ય કરે કે કરાવે તો કર્મબંધ થાય છે. માટે ત્યાં ક્રિયાનું પ્રાધાન્ય બતાવવા પહેલા **दुविहं** શબ્દનો પ્રયોગ કરેલ છે. વળી જો આ રીતે યોગ અને કરણ આદિનો ઉત્ક્રમ ન બતાવાયો હોત તો તેના પ્રાધાન્ય સંબંધી કોઈ જિજ્ઞાસા જ ન થાત અને તેથી આવા ખુલાસા દ્વારા પ્રાધાન્યનો વિશેષ બોધ પણ ન થાત. આમ ઉદ્દેશ અને નિર્દેશનો આ ક્રમભેદ શિષ્યની બુદ્ધિના વિશદીકરણ માટે પણ આપેલ છે. તેવો ખુલાસો વિશેષાવશ્યકભાષ્ય ગા. ૩૫૩૦ થી ૩૫૩૯ સુધીમાં છે.

વ્યવહાર કે કાયાથી કોઈ પાપકૃત પ્રવૃત્તિ ન હોવા છતાં મનથી જ્યાં જ્યાં મમત્વ છે ત્યાં ત્યાં કાંઈક અંશે પણ તેને હર્ષ, શોકનો ભાવ આવવાની સંભાવના છે. માટે જ તે તિવિહં તિવિહેણંનું પચ્ચક્ખાણ ન કરતાં દુવિહં તિવિહેણંનું પચ્ચક્ખાણ કરે છે.

કોઈ પણ પ્રતિજ્ઞા લેતાં પહેલાં તે પ્રતિજ્ઞા મેં કયા પ્રકારે લીધી છે, તેનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. પ્રતિજ્ઞાના સ્વરૂપના બોધ વિના પ્રતિજ્ઞા યોગ્ય રીતે પાળી શકાતી નથી. માટે જ અહીં સાવદ્ય યોગનું જે પચ્ચક્ખાણ કર્યું છે, તે કયા પ્રકારે કર્યું છે, તે જાણવા માટે મન, વચન, કાયાનો કરણ, કરાવણ અને અનુમોદન સાથે ભિન્ન ભિન્ન પ્રકારે ગણતાં ૧૪૭ પ્રકાર (ભાંગા) થાય છે, તે જોઈએ.

### ૧૪૭ ભાંગાનું વર્ણન :

મન-વચન-કાયાના ભિન્ન-ભિન્ન રીતે પ્રકારો પાડીએ તો સાત[11] પ્રકાર થાય છે. તે જ રીતે કરણ-કરાવણ અને અનુમોદનાના પણ સાત[12] પ્રકારો થાય છે. સાતને સાત સાથે ગુણતાં ૪૯ ભાંગા થાય. તે ૪૯ને ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળરૂપ ત્રણ કાળ સાથે ગુણતાં ૧૪૭ ભાંગા થાય છે. આ એકસો સુડતાલીશ ભાંગામાંથી આપણે કયા ભાંગે પચ્ચક્ખાણ કરીએ છીએ, તેનો બોધ હોય તો જ

---

11. ૧. હું મનથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૨. હું વચનથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૩. હું કાયાથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૪. હું મન-વચનથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૫. હું મન-કાયાથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૬. હું વચન-કાયાથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
    ૭. હું મન-વચન-કાયાથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ.
12. ૧. કરીશ નહિ.
    ૨. કરાવીશ નહિ.
    ૩. કરતા પ્રત્યે અનુમોદીશ નહિ.
    ૪. કરીશ નહિ - કરાવીશ નહિ.
    ૫. કરીશ નહિ - કરતા પ્રત્યે અનુમોદીશ નહિ.
    ૬. કરાવીશ નહિ - કરતા પ્રત્યે અનુમોદીશ નહિ.
    ૭. કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા પ્રત્યે અનુમોદીશ નહિ.

સામાયિકની પ્રતિજ્ઞા શુદ્ધ-પાળી શકાય છે. આથી સામાયિક કરનારે સૌ પ્રથમ ગુરુભગવંત પાસે ૧૪૭ ભાંગાનું જ્ઞાન મેળવી લેવું જરૂરી છે. ૧૪૭ ભાંગામાંથી **હું મન-વચન-કાયાથી વર્તમાનમાં તથા ૪૮ મિનીટ માટેના ભવિષ્યમાં સાવદ્ય વ્યાપાર કરીશ નહિ, કરાવીશ નહિ અને ભૂતકાળના સાવદ્ય વ્યાપારનું અનુમોદન કરીશ નહિ.** આવા પ્રકારની પ્રતિજ્ઞા શ્રાવક આ શબ્દોથી ગ્રહણ કરે છે.

મુનિ ભગવંતો **'तिविहं तिविहेणं'** શબ્દ બોલી મન-વચન-કાયાથી સાવદ્ય વ્યાપાર કરીશ નહિ, કરાવીશ નહિ અને અનુમોદન પણ કરીશ નહિ. તેવી યાવજ્જીવ માટેની પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે. સાધુભગવંત માટે મન-વચન-કાયાને કરણ, કરાવણ ને અનુમોદન સાથે તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન સાથે ગુણાકાર કરતાં ૨૭ ભાંગા (૩x૩x૩ )થાય છે. મુનિ ભગવંતો આ ૨૭ ભાંગાનું સ્મરણ કરી **વર્તમાન અને ભવિષ્ય સંબંધી મન-વચન-કાયાથી પાપને કરીશ નહિ, કરાવીશ નહિ અને કરતાંની અનુમોદના કરીશ નહિ તથા ભૂતકાળના પાપની અનુમોદના કરીશ નહિ.** આવી પ્રતિજ્ઞાને ગ્રહણ કરે છે.

આવા પ્રકારની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને સાધુ અને શ્રાવકે ખૂબ જ સાવધ રહેવાની જરૂર છે. કારણકે, જો સાવધ ન રહેવાય તો ઘણીવાર પોતાનાં મન, વચન અને કાયાથી ઘણા આરંભ-સમારંભો કરણ કરાવણ કે અનુમોદન રૂપે થઈ જવાની સંભાવના રહે છે અને તેનાથી પ્રતિજ્ઞાભંગ થવાનો પણ સંભવ છે.

જેમ કે કોઈ રોગીષ્ઠ એવા પોતાના સંબંધીને જોઈને, સામાયિકમાં રહેલો શ્રાવક કે સાધુ કહે કે, કેમ દવા નથી કરતો ? અથવા અમુક વૈદ્ય કે ડૉક્ટર સારા છે. તો આવું કથન સાંભળી પેલો રોગી ડૉક્ટર પાસે જવાનો કે ઔષધ લેવાનો જે આરંભ-સમારંભ કરે છે, તેમાં સામાયિકમાં રહેલા શ્રાવક કે સાધુની વાણી કારણ બની હોવાને કારણે વાણીથી કરાવણનો દોષ લાગી જાય છે. આંખથી કે હાથની ચેષ્ટાથી કોઈ કાર્ય અંગે સૂચન કરતાં કાયાથી કરાવણનો દોષ લાગે છે. કોઈના સાવદ્ય કાર્ય સંબંધી કે અવિરતિધરના આગમન સંબંધી આંખથી આશ્ચર્ય વ્યક્ત કરતાં કાયાથી અનુમોદનનો દોષ થવા સંભવ છે. જો સાવધ રહેવામાં ન આવે તો આવી અનેક રીતે મન-વચન-કાયાથી અનુમોદનનો દોષ થવા સંભાવના રહે છે. અહીં તો માત્ર બે-ત્રણ દાખલા જ આપ્યા. પરંતુ આ રીતે દરેક ભાંગા બુદ્ધિસંપન્ને વિચારી લેવા જરૂરી છે.

સામાયિકમાં રહીને સમતાભાવને સાધવાની જેમની ઇચ્છા છે, તેવા સાધુ કે

શ્રાવકે સંક્લેશની વૃદ્ધિ કરનારા અને ચિત્તને મલિન કરનારા આવા સાવદ્ય યોગોથી અટકી આત્માને નિરવદ્ય ભાવ તરફ લઈ જાય તેવા તપ-સંયમ-સ્વાધ્યાય કે વેયાવચ્ચાદિમાં પોતાના મન-વચન-કાયાને જોડી દેવા જોઈએ. વારંવાર સમિતિ-ગુપ્તિસ્વરૂપ સંયમમાં થતો યત્ન, અનશન આદિ તપનું પાલન અને સૂત્ર-અર્થના પરાવર્તનાદિ યોગો સંસારવર્તી સાવદ્ય યોગના જે સંસ્કારો છે તેને મંદ-મંદતર કરે છે. અશુભ સંસ્કારો મંદ થતા આત્મા આંશિક સુખ અનુભવી શકે છે. તેને કારણે સાવદ્ય યોગમાં વધુ સાવધ બને છે અને નિરવદ્ય ભાવને વધુ પ્રાપ્ત કરે છે. આ રીતે ઉત્તરોત્તર નિરવદ્ય ભાવને પ્રાપ્ત કરી આત્મા છેક વીતરાગદશાના શ્રેષ્ઠ સુખ સુધી પહોંચી શકે છે.

**तस्स भंते ! पडिक्कमामि** : હે ભગવંત ! તેનું = સાવદ્ય વ્યાપારનું હું પ્રતિક્રમણ કરું છું.

'ભંતે' શબ્દનો અર્થ આપણે પહેલાં જોઈ ગયા છીએ. તે અર્થને આપણે અહીં 'ભંતે' શબ્દ બોલતાં ઉપસ્થિત કરવાનો છે. હે ભગવંત ! મેં જે ભૂતકાળમાં મન, વચન અને કાયાથી સાવદ્ય યોગો કર્યા છે, તેનાથી હું નિવર્તન પામું છું. જો કે, ભૂતકાળમાં જે પાપો મેં સેવ્યાં છે, તે પાપોથી કરણ કે કરાવણરૂપે તો નિવૃત્તિ શક્ય નથી, તો પણ તે પાપોનું વિચારરૂપે જે અનુમોદન છે તેનાથી હું પાછો ફરું છું. વળી, આ શબ્દ બોલતા સાધક એવો સંકલ્પ કરે છે કે, હવે ભૂતકાળમાં કરેલા પાપ કરીશ નહિ અને કરાવીશ પણ નહિ. આવા ભૂતકાળના પાપના સ્મરણપૂર્વક તે પાપનું પ્રતિક્રમણ, નિંદા, ગર્હા કરવા દ્વારા તે પાપનો ત્યાગ કરું છું. આ રીતે તે પાપમાંથી પાછા ફરવાનો સંકલ્પ, ભૂતકાળમાં પાપ કરવાને કારણે આત્મા ઉપર પડેલા પાપના સંસ્કારોને મ્લાન કરે છે. ભૂતકાળના પાપના સંસ્કારને નાશ કરવાનો પરિણામ જ પ્રતિક્રમણની ક્રિયાસ્વરૂપ છે.

અહીં આ પણ વસ્તુ વિચારવી જરૂરી છે કે, આ સૂત્રના પ્રારંભમાં જ 'ભંતે' પદ મૂકેલ તો પુનઃ અહીં 'ભંતે' પદનું ઉચ્ચારણ શા માટે ? પૂર્વમાં જે 'ભંતે' પદ હતું, તે ગુરુને આમંત્રણ અર્થે હતું અને અહીં જે 'ભંતે' પદ છે, તે પ્રત્યર્પણ માટે છે. એટલે પહેલા 'ભંતે' પદ બોલી ગુરુને પૂછીને જે સામાયિકનો આરંભ કરાયો હતો, તે જ સામાયિક હે ભગવંત ! મારાથી સમર્પિત કરાયું છે. આનાથી એ નક્કી થયું કે ગુરુને પૂછીને આરંભ કરેલ સર્વ પણ ક્રિયાના અંતમાં ગુરુને

પ્રત્યર્પણ = નિવેદન, અવશ્ય કરવું જોઈએ. અથવા પ્રારંભમાં સામાયિકની પ્રતિજ્ઞા ઉચ્ચરાવવારૂપ ક્રિયા કરતા 'ભંતે' કહી ગુરુને આમંત્રણ કરીને ક્રિયા સંબંધી ગુરુ પાસે અનુજ્ઞા માંગવા ભંતે શબ્દનો ઉચ્ચાર છે અને હવે ભૂતકાળમાં કરેલા પાપનું પ્રતિક્રમણ - નિંદા અને ગર્હારૂપ ક્રિયા માટે ગુરુ પાસે અનુજ્ઞા માંગવાની છે, માટે પુનઃ ભંતે શબ્દનું ઉચ્ચારણ છે.

**निंदामि गरिहामि अप्पाणं वोसिरामि :** હું નિંદા કરું છું, ગર્હા કરું છું અને (સાવદ્ય યોગવાળા મારા) આત્માને વોસિરાવું છું.

ભૂતકાળમાં મારાથી જેટલા હિંસા, ચોરી, જૂઠ આદિના સાવદ્ય આચારો થયા છે, તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું. તે બધાં જ પાપો પ્રત્યે જુગુપ્સા કરું છું. *"ભૂતકાળમાં મેં જે પાપ કર્યાં હતાં, તે ખરેખર ખોટું કર્યું હતું. મારા આત્માને અત્યંત અહિત કરનારું આ કાર્ય મેં કર્યું છે. હું પાપી છું, હું દુષ્ટ છું, હું અધમ છું, હું ક્રૂર છું."* આવા પ્રકારનો આત્મસાક્ષીએ પશ્ચાત્તાપનો પરિણામ તે નિંદા છે.

'**गरिहामि**' પોતાને જે પાપો ખટકે છે, પોતે જે પાપોની નિંદા કરીને તેના ઉપર તિરસ્કારનો ભાવ ઉભો કર્યો છે, તે પાપોને તેવા જ ભાવથી ગુરુ પાસે જઈ કથન કરવું તે ગર્હા છે. હે ભગવંત ! હું પાપી છું. મેં આવા આવા પ્રકારનાં પાપ કર્યાં છે, આપ મને આ પાપમાંથી મુક્ત થવાનો રસ્તો બતાવો ! આપ મારો ઉદ્ધાર કરો ! પાપના પશ્ચાત્તાપપૂર્વક ગુરુ પાસે પાપનું નમ્રભાવે નિવેદન કરવું તે ગર્હા છે.

આ રીતે ગુરુભગવંતને સ્મૃતિમાં લાવી અથવા ગુરુભગવંત સમક્ષ ભૂતકાળમાં કરેલાં પાપોની નિંદા અને ગર્હા પાપના સંસ્કારોને વધુ મ્લાન કરે છે. વળી, ગુરુભગવંત પાસે ગર્હા કરવાથી સત્ત્વનો પ્રકર્ષ થાય છે, પાપના સંસ્કારો અત્યંત નબળા પડે છે અને પાપમાંથી પાછા ફરવાનો નવો રસ્તો પણ મળી આવે છે.

**अप्पाणं वोसिरामि :** ભૂતકાળમાં જેણે પાપ કર્યું છે, તેવા મારા આત્માને[13] હું અત્યંત ત્યાગું છું.

ભૂતકાળમાં જેણે પાપ કર્યું છે, તે અત્યંત નિંદનીય એવા મારા આત્માના

13. अप्पाणं = आत्मानं निजजीवं - अतीत सावद्ययोगकारिणम् ।

પર્યાયને હું છોડી દઉં છું. બીજી રીતે અર્થ કરતાં **अप्पाणं = अत्ताणं** = જેને કોઈનું શરણ નથી, કોઈ જેનું રક્ષણ કરી શકે તેમ નથી, તેવા આ સંસારમાં પડેલા પાપી આત્માનું હું વ્યુત્સૃજન કરું છું અર્થાત્ વોસિરાવું છું, અત્યંત ત્યાગ કરું છું. અનાદિકાળથી સતત જે પાપ થયા જ કર્યાં છે અને તેને કારણે આત્મા ઉપર જે પાપના સંસ્કારો સઘન થયા છે, તે ભૂતકાળના પાપોનો વિવિધ પ્રકારે, વિશેષથી અને અત્યંત રીતે હું ત્યાગ કરું છું એટલે કે, સામાયિકના કાળ દરમ્યાન તે પાપ થવા સંભવિત જ ન રહે તે રીતે હું ત્યાગ કરું છું. આ રીતે બોલવાના કારણે ભૂતકાળના સાવદ્ય ભાવયુક્ત આત્મા સાથેનો હવે મારે સંબંધ નથી તેવી બુદ્ધિ થાય છે.

# સામાઈયવય જુત્તો સૂત્ર

**સૂત્ર પરિચય :**

આ સૂત્રનો મુખ્ય ઉપયોગ સામાયિક પારતી વખતે કરવામાં આવતો હોઈ આ સૂત્રનું બીજું નામ 'સામાયિક પારણ સૂત્ર' રાખવામાં આવ્યું છે.

સામાયિક પારવું એટલે સામાયિકને જે રીતે કરવાનું કહ્યું હતું, તે રીતે વિધિસર પૂર્ણ કરવું. સામાયિકનો સમય પૂર્ણ થતા આ સૂત્ર બોલી પુનઃ પુનઃ સામાયિક કરવાની ભાવના સાથે સામાયિકની ક્રિયાથી વિરમવું એટલે સામાયિક પારવું.

આ સૂત્રમાં સામાયિક કરવાથી શ્રાવકને શું ફાયદો થાય છે, તે વાત સ્પષ્ટ જણાવવામાં આવી છે. મોક્ષનો અભિલાષી સાધુ હોય કે શ્રાવક, તેની એક જ કામના હોય છે કે, ક્યારે મારા કર્મ નાશ થાય અને હું કંઈક શુદ્ધ બની આત્માની સાધના કરું. કર્મનાશનો સર્વશ્રેષ્ઠ ઉપાય સર્વવિરતિ છે, પણ સર્વવિરતિને ગ્રહણ કરવાનું જે શ્રાવકનું સામર્થ્ય નથી, તેવા શ્રાવકને જ્યારે એવું સાંભળવા મળે કે આ સામાયિકની ક્રિયા એવી છે કે, જેમાં શ્રાવક લગભગ સાધુ જેવો થાય છે અને શ્રાવક પણ સામાયિકના કાળમાં ઘણા અશુભ કર્મો ખપાવી શકે છે. ત્યારે તેને પુનઃ પુનઃ સામાયિક કરવાની ઇચ્છા થાય છે. આથી જ સામાયિક પારતા આ સૂત્ર બોલવાનું જ્ઞાની પુરુષોએ વિધાન કર્યું લાગે છે.

આ સૂત્રના અંતમાં સામાયિકના કાળ દરમ્યાન લાગેલા બત્રીસ દોષોને યાદ

કરી તેનું પણ મિચ્છા મિ દુક્કડં આપેલ છે.

**મૂળ સૂત્ર :**

**सामाइय-वयजुत्तो, जाव मणे होइ नियम-संजुत्तो,**
**छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तियावारा ।।१।।**
**सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा,**
**एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ।।२।।**

**સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

**દશ મનના, દશ વચનના, બાર કાયાના બત્રીસ દોષોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

પદ- સંપદા- અક્ષર-૭૪

**અન્વય અને સંસ્કૃત છાયા સહિત શબ્દાર્થ :**

**सामाइय-वयजुत्तो, जाव मणे होइ नियम-संजुत्तो,**

सामायिक-व्रतयुक्तः यावत् मनसि नियमसंयुक्तः भवति

સામાયિક વ્રતથી યુક્ત (શ્રાવક) જ્યાં સુધી મનમાં નિયમથી સંયુક્ત=નિયમથી જોડાયેલો છે (અને)

**जत्तिया वारा सामाइय छिन्नइ असुहं कम्मं, ।।१।।**

यावत् वारान् सामायिकं (करोति. तावत्, तावत् वारान्) अशुभं कर्म छिन्नत्ति ।

જેટલીવાર સામાયિક (કરે છે, ત્યાં સુધી અને તેટલીવાર) અશુભ કર્મને છેદે છે.

(અહીં પ્રશ્ન થાય કે, કેમ અશુભ કર્મને છેદે છે ? તેનો જવાબ આપતાં કહે છે -)

**जम्हा,**

यस्मात् -

જે કારણથી -

**सामाइयम्मि कए, उ समणो इव सावओ हवइ**

सामायिके कृते तु श्रावकः श्रमणो इव भवति ।

સામાયિક કર્યે છતે વળી શ્રાવક, સાધુ જેવો થાય છે, (તે કારણથી અશુભ કર્મને છેદે છે)

**एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ।।२।।**

एतेन कारणेन बहुशः सामायिकं कुर्यात् ।

આ કારણથી = સામાયિક અશુભ કર્મને છેદે છે. એ કારણથી ઘણીવાર સામાયિક કરવું જોઈએ.

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

**વિશેષાર્થ :**

## सामाइयवय-जुत्तो जाव मणे होइ नियम-संजुत्तो छिन्नइ असुहं कम्मं

**समाइय जत्तियावारा :** સામાયિક વ્રતથી યુક્ત (શ્રાવક) જ્યાં સુધી અને જેટલી વાર મનમાં નિયમથી સંયુક્ત હોય છે, (ત્યાં સુધી અને તેટલીવાર) તે અશુભ કર્મને છેદે છે.

સામાયિકની પ્રતિજ્ઞારૂપ નિયમનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી મનમાં સાવદ્ય નહિ કરવાનો અને સમતાભાવને કેળવવા તપ-સંયમ કે સ્વાધ્યાયમાં રહેવાનો પરિણામ પ્રવર્તે છે અર્થાત્ મન સામાયિકના ભાવવાળું હોય છે, ત્યાં સુધી પ્રત્યેક ક્ષણે પૂર્વે અજ્ઞાન-અવિવેક આદિ દોષને કારણે બાંધેલાં અને ભાવિમાં મહાદુઃખોને આપનારા એવાં કર્મોનો નાશ થાય છે.

**सामाइयवय-जुत्तो :** સામાયિકવ્રતી યુક્ત છે, તેનો અર્થ એ છે કે શ્રાવક સામાયિક નામના વ્રત સાથે જોડાયેલો છે. એટલે કે સામાયિકની પ્રતિજ્ઞા લીધા

પછી સ્વાધ્યાય દ્વારા, જપ દ્વારા, ભાવના દ્વારા કે અન્ય કોઈપણ શુભક્રિયા દ્વારા સમતાભાવને કેળવવા તે યત્ન કરે છે.

**जाव मणे होइ नियम-संजुत्तो :** સામાયિક કરનાર સાવદ્ય યોગના ત્યાગરૂપી નિયમમાં ત્રણ પ્રકારે જોડાયેલા હોય છે. ૧. મનથી, ૨. વચનથી અને ૩. કાયાથી. છતાં અહીં "સામાયિક વ્રતથી યુક્ત શ્રાવક જેટલી વાર મનમાં નિયમથી સંયુક્ત હોય છે, તેટલી વાર તે અશુભ કર્મને છેદે છે" એ કથનમાં માત્ર મન જ નિયમથી યુક્ત હોય એવો ઉલ્લેખ છે. તેનું કારણ **વ્રત કે નિયમમાં મનનું જોડાણ જ અતિ મહત્ત્વનું છે,** એ દર્શાવવું છે. મન જ શુભ-અશુભ ભાવોને ઉત્પન્ન કરે છે. મનમાં તો નિરંતર ભાવ ઊઠ્યા જ કરે છે. મનનું ક્ષેત્ર અતિ વિશાળ અને અપરિમિત છે. તેથી જ્યાં સુધી તેને કોઈપણ પ્રકારની પ્રતિજ્ઞાથી બદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી તે વિવિધ ભાવોમાં રમ્યા જ કરે છે. મનને બરાબર નિયમથી યુક્ત કરાય તો જ સાનુબંધ નિર્જરા થાય છે. માટે મનને નિયમમાં યથાર્થ જોડવાથી તેની પાછળ વચન અને કાયા નિયમમાં આવી જ જવાના છે.

આ ગાથાની પહેલી લાઈનમાં સામાયિકને વ્રત અને નિયમ બંને સ્વરૂપ બતાવેલ છે, તેનું કારણ એ છે કે, સામાયિક અપેક્ષાએ વ્રત અને નિયમ સ્વરૂપ છે, કેમ કે મૂળગુણ વ્રત કહેવાય છે અને ઉત્તરગુણ નિયમ કહેવાય છે, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચેનો જેમાં સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે છે, તે મૂળ વ્રત કહેવાય અને આ વ્રતોના પોષણ માટે કે અભ્યાસ માટે જે ભિન્ન ભિન્ન પ્રકારે પ્રતિજ્ઞા કરવામાં આવે તેને નિયમ કે ઉત્તરગુણ કહેવાય છે. સામાયિકના કાળ દરમ્યાન હિંસાદિનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવતો હોઈ તે વ્રત કહેવાય છે અને સર્વથા પાપની નિવૃત્તિરૂપ સર્વવિરતિના પાલન માટેનો અભ્યાસ આ સામાયિક દ્વારા કરવામાં આવતો હોઈ તેને નિયમ પણ કહેવાય છે અને તેનાથી સંયમજીવનની શિક્ષા મળતી હોઈ તેને શિક્ષાવ્રત પણ કહેલ છે. શ્રાવકના ૧૨ વ્રતોમાં તેનો સમાવેશ નવમા વ્રતમાં, પહેલા શિક્ષાવ્રત તરીકે કરેલો છે. આથી જ સામાયિકને વ્રતરૂપ માની સૂત્રની શરૂઆતમાં કહ્યું કે, સામાયિકના વ્રતથી યુક્ત શ્રાવક છે અને બીજી પંક્તિમાં તેનો નિયમ તરીકે ઉલ્લેખ કરેલ છે.

**छिन्नइ असुहं कम्मं :** જેનું મન સામાયિકના ભાવવાળું હોય, તેના જ અશુભ કર્મ છેદાય છે. અશુભ કર્મ એટલે પાપકર્મો, આત્માને દુઃખ, દૌર્ભાગ્યને પ્રાપ્ત કરાવનારા કર્મ. પરમાર્થથી વિચારીએ તો શુભ કે અશુભ સર્વ કર્મ અશુભ જ છે. કારણ કે, આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવામાં તે અંતરાયભૂત છે, તો પણ વ્યવહારથી પાપ-આશ્રવને જ અશુભ કર્મ કહેવામાં આવે છે. કારણ કે, તેનો વિપાક અતિ કટુ હોય છે અને તેના ઉદયને લીધે સત્સંગ કે સારા સાધનોની પ્રાપ્તિ જલ્દી થતી નથી. આવા અશુભ કર્મો સામાયિકમાં ઉત્પન્ન થતી ભાવશુદ્ધિ વડે નાશ પામે છે. ભાવશુદ્ધિ એ એક પ્રકારનો અભ્યંતર તપ છે, જે નિર્જરારૂપ છે, તેથી ભાવશુદ્ધિ વડે કર્મોનો નાશ થાય છે. અહીં કર્મ છેદાય છે એવું માત્ર ન કહેતાં એમ કહ્યું કે અશુભ કર્મ છેદાય છે. તેની પાછળનું કારણ એ છે કે, પ્રાથમિક ભૂમિકાવાળા બાળજીવોને જ્યારે ધર્મમાં જોડવા હોય ત્યારે તેમને જો તું આ ધર્મક્રિયા કરીશ તો તારા પાપ-અશુભ કર્મો નાશ પામશે, આ પ્રમાણે કહેવામાં આવે તો તે, તે ક્રિયામાં શીઘ્ર જોડાય છે. કેમકે, સૌને દુઃખ આપનારા પાપરૂપી અશુભ કર્મોનો નાશ કરવાની ઇચ્છા તો હોય જ છે.

**सामाइय जत्तियावारा :** અહીં જે કહ્યું કે, અશુભ કર્મોને છેદે છે. તે અશુભ કર્મનો નાશ પણ એક વખતના ગ્રહણ કરાયેલા સામાયિકથી જ થાય છે, તેવું નથી; પરંતુ જેટલીવાર તમે સામાયિક કરો, તેટલીવાર અશુભ કર્મોનો નાશ થાય છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે અનંતા કર્મોનો સંચય કરેલો જ છે. કર્મ એટલા બધા બાંધ્યા છે કે, જે એકવાર સામાયિક કરવાથી નાશ પામે તેટલા નથી. માટે જ કહ્યું, તમે જેટલીવાર સામાયિક કરો તેટલીવાર અશુભ કર્મોનો નાશ થાય છે, માટે અશુભ કર્મોના નાશના અર્થી આત્માએ પુનઃ પુનઃ સામાયિકની પ્રતિજ્ઞા કરવી જ જોઈએ. આથી જ આગળ કહેવાના છે કે, જેટલીવાર સામાયિક કરો તેટલીવાર અશુભ કર્મોનો નાશ થાય છે. એ કારણથી જ શ્રાવકે અધિકમાં અધિક સંખ્યામાં સામાયિક કરવા જોઈએ.

કરેમિ ભંતે સૂત્રમાં જેનું સ્વરૂપ બતાવ્યું છે, તેવું સામાયિક ઉલ્લાસમાં આવી ઘણીવાર ગ્રહણ થઈ જાય છે. પરંતુ સામાયિકના કાળ દરમ્યાન તેનું સ્મરણ રહેવું એટલે કે સતત ભાવપૂર્વકના સામાયિકના ઉપયોગમાં રહેવું ઘણું અઘરૂં છે. આ સૂત્રમાં સામાયિકના જે લાભ બતાવ્યા છે, તે ભાવપૂર્વકના સામાયિકના

વ્રતમાં લીન રહેનાર શ્રાવક માટે જ છે, બીજા માટે નહીં.

હવે સામાયિક ક્રિયા દ્વારા અશુભ કર્મો નાશ કેમ પામે છે તે બતાવતા કહે છે કે,

**सामाइयम्मि उ कए समणो इव सावओ हवइ जम्हा :** જે કારણથી સામાયિક કર્યે છતે શ્રાવક સાધુ જેવો જ થાય છે. (તે કારણથી સામાયિકમાં શ્રાવકના અશુભ કર્મો નાશ પામે છે.)

શ્રાવકનો અર્થ છે **'श्रृणोति जिनवचनम् इति श्रावकः'** અર્થાત્ જે જિનવચનને સાંભળે છે, તે શ્રાવક છે. અથવા **'श्रृणोति साधुसमीपे साधुसामाचारीमिति श्रावकः'** સાધુની સમીપ જઈને જે સાધુની સામાચારી = સાધુજીવનને લગતા આચારોનું શ્રવણ કરે તે શ્રાવક છે. શ્રાવક પણ સાધુપણાની તીવ્ર ઝંખનાવાળો હોય છે, માટે જ તેને સાધુની સામાચારી સાંભળવાની ઇચ્છા થાય છે. અથવા શ્રાવક તેને કહેવાય કે જે શ્ર = શ્રદ્ધા, વ = વિવેક, ક = ક્રિયા. આ ત્રણેથી યુક્ત હોય. શ્રાવક કદાચ સાધુપણું ન ગ્રહણ કરી શકે તો પણ સાધુપણું વહેલામાં વહેલું પ્રાપ્ત થાય તે માટે ઉદ્યમશીલ જરૂર હોય છે.

આવો શ્રાવક જ્યારે સામાયિક કરે છે, ત્યારે તે સાધુ તો નથી. પરંતુ સાધુ જીવનની ઘણી નજીકની કક્ષાવાળો તો હોય જ છે. સાધુ જીવન સંપૂર્ણ પાપરહિત નિષ્પાપ જીવન છે. શ્રાવક પણ સમજે છે, નિરવદ્ય ભાવ જ કર્મનાશનું કારણ છે. તેથી જ સામાયિકના કાળ દરમ્યાન મન, વચન અને કાયાથી પાપ કરીશ નહિ અને કરાવીશ નહિ, તેવી પ્રતિજ્ઞા કરે છે અને તે પ્રતિજ્ઞાના પરિણામમાં રહેવા માટે યત્ન પણ કરે છે. આ નિરવદ્ય પ્રવૃત્તિ માટેના પ્રયત્નથી જ શ્રાવક સાધુ સમાન ગણાય છે અને તે કારણથી જ તેના અશુભ કર્મ પણ છેદાય છે.

**एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा :** આ કારણથી = જેટલીવાર સામાયિક કરો તેટલીવાર અશુભ કર્મોનો નાશ થાય જ છે, એ કારણથી ઘણીવાર સામાયિક કરવું જોઈએ.

સામાયિકના કાળમાં શ્રાવક સાધુ જેવો હોવાથી, તે જેટલીવાર સામાયિક કરે

છે તેટલીવાર અશુભ કર્મોનો નાશ કરે છે. આ કારણથી મોક્ષાર્થી શ્રાવકે ઘણીવાર, બહુવાર સામાયિક કરવું જોઈએ.

આ બંને ગાથા બોલતાં શ્રાવક વિચાર કરે છે કે, *"જો મારે મારું કલ્યાણ કરવું હોય તો સૌ પ્રથમ મારે સાવદ્ય ભાવનો ત્યાગ કરવો જ પડશે. કેમકે, સાવદ્ય ભાવ જ જીવને ત્રણે કાળમાં દુ:ખ આપે છે. આથી સત્ત્વ અને સામર્થ્ય હોય તો તો સર્વવિરતિભાવને સ્વીકારીને મારે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ક્ષમાદિ દશ યતિધર્મોનું સતત પાલન કરવું જોઈએ. તેનાથી જ મારા કર્મ ખપશે અને મારા આત્માનું હિત થશે. પણ જો આવું સામર્થ્ય ન હોય તો પણ આવા સામર્થ્યને પ્રાપ્ત કરવા પુનઃ પુનઃ શુદ્ધ (દોષ વિનાનું) બે ઘડીનું પણ સામાયિક કરવા માટે મારે સતત યત્ન કરવો જોઈએ."*

આત્મહિતાર્થે વારંવાર સામાયિક કરવાની ભાવનાવાળો આવો શ્રાવક કદાચ સામાયિક પાળે તો પણ તેનું મન સામાયિક પ્રત્યે જ બંધાયેલું હોય છે. રુચિરૂપે તો તેનો સામાયિકનો ભાવ સામાયિક પાર્યા પછી પણ સતત વર્તતો હોય છે. આથી જ જ્યારે જ્યારે સંયોગ અને સત્ત્વ હોય, ત્યારે ત્યારે તે અવશ્ય સામાયિકમાં પુનઃ જોડાઈ જાય છે. સામાયિકની આવી રુચિ હોવાને કારણે તે જ્યારે સંસારની અન્ય ક્રિયા કરે ત્યારે પણ તેમાં તીવ્ર રસ કે રુચિ નથી રાખતો. તીવ્ર રસ કે રુચિ વગર સંસારની ક્રિયા કરતો હોવાને કારણે સંસારની ક્રિયાઓ પણ તેના માટે સતત જેનો પ્રવાહ ચાલુ રહે તેવા સાનુબંધ પાપકર્મનું કારણ બનતી નથી અને પુનઃ પુનઃ થતી સામાયિકની ક્રિયા તેને તાત્ત્વિક મુનિભાવની નજીક લઈ જવામાં કારણભૂત બને છે.

**સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કાંઈ અવિધિ થઈ હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

શાસ્ત્રમાં જે પ્રકારે મન, વચન, કાયાની શુદ્ધિ જાળવવાની કહી છે, તે પ્રકારે શુદ્ધિ જાળવી, શુદ્ધ વસ્ત્રોનું પરિધાન કરી, શાસ્ત્રાનુસારી મુહપત્તિ, ચરવળો વગેરે ઉપકરણો લઈ, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, સામાયિકના સૂત્રો અને અર્થની યોગ્ય વિચારણા કરીને સામાયિકની જે પ્રતિજ્ઞા લેવાય તે વિધિથી સામાયિક લીધુ કહેવાય અને લીધેલી તે પ્રતિજ્ઞાને યોગ્ય રીતે વહન કરી, શાસ્ત્રમાં જે રીતે સામાયિક પારવાનું કહ્યું છે, તે રીતે સામાયિક પારવું તે વિધિપૂર્વક સામાયિક પાર્યું કહેવાય.

સામાયિક પારતી વખતે પણ સાધક આ પદો દ્વારા પુનઃ યાદ કરે છે કે, "સામાયિક મેં વિધિથી લીધુ છે, વિધિથી પાર્યું છે, આમ છતાં વિધિ કરતાં કાંઈ પણ અવિધિ થઈ હોય તો તે પાપનું હું મન, વચન, કાયાથી મિચ્છામિ દુક્કડં દઉ છું અર્થાત્ વિધિથી કરવાનો ભાવ હોવા છતાં અજ્ઞાનતાથી, અવિવેકથી કે પ્રમાદાદિ દોષોથી મારાથી કાંઈપણ અવિધિ થઈ હોય તો તે અવિધિકૃત મારા પાપ નાશ પામો."

સામાયિક વિધિએ લીધું વગેરે પદો તે જ વ્યક્તિ સાચી રીતે બોલવાનો અધિકારી છે કે, જેણે શાસ્ત્રવિધિ જાણી છે અને તે પ્રમાણે જ વિધિ અનુસાર સામાયિક કરવા જેણે પ્રયત્ન કર્યો છે અને સામાયિક પૂર્ણ કર્યું છે પરંતુ જેઓએ માત્ર સૂત્રોચ્ચાર કરી કાયિક ક્રિયા જ કરી છે, સામાયિકના પારમાર્થિક સ્વરૂપને કે વિધિને જાણી પણ નથી અને આથી જ જેણે વાસ્તવિક રીતે તો સામાયિકમાં યત્ન જ કર્યો નથી, તેને માટે તો આ પદોનું ઉચ્ચારણ મૃષાવાદ તુલ્ય જ બની જાય છે.

જેઓ સામાયિકના સ્વરૂપને યથાર્થ જાણે છે; વિધિના જ્ઞાતા છે અને વિધિપૂર્વક સામાયિક કરવાની ઇચ્છા છે, છતાં અનાદિ અભ્યસ્ત પ્રમાદના કારણે યત્ન કરી શકતાં નથી. વળી, સામાયિક વિધિએ લીધું, વિધિએ પાળ્યું બોલતાં તેમને મનમાં અત્યંત દુઃખ થાય છે કે, ખરેખર, "હું આ વચન બોલવાનો અધિકારી જ નથી. કેમકે, મેં પ્રમાદના કારણે વિધિમાર્ગનું પાલન કર્યું નથી મેં સામાયિક વિધિપૂર્વક લઈ સામાયિકના સમય દરમ્યાન સમભાવમાં રહેવાના યત્નપૂર્વક સામાયિક પૂર્ણ કરવું જોઈએ તે પણ કર્યું નથી. તો હું વિધિએ લીધું વગેરે પદો કઈ રીતે બોલી શકું ?" આવા પ્રકારના પોતાના પ્રમાદ પ્રત્યેના તિરસ્કાર ભાવવાળા અને ભાવિમાં સુયોગ્ય કરવાની અભિલાષાવાળા આત્માઓ આ પદો બોલે તો તે શબ્દોચ્ચારણ પણ આમ તો મૃષારૂપ છે, તો પણ વિધિપૂર્વક કરવાની ઇચ્છાવાળા આત્માઓને સાનુબંધ[1] દોષ લાગતો નથી. તેમનો આ દોષ નિરનુબંધ (નાશ પામવાવાળો) છે. પ્રારંભિક કક્ષામાં આ રીતે ગ્રહણ કરાયેલ સામાયિક પણ લાભપ્રદ બને છે.

જેઓને વાસ્તવિક સામાયિકની સમજ જ નથી, પારમાર્થિક વિધિને જાણતા નથી અને જાણવાની ઇચ્છા પણ નથી, માત્ર સામાયિક કરીએ તો સારું. આવા

૧. સાનુબંધ - જે દોષો ખોટી પરંપરા ચલાવે તેને સાનુબંધ દોષ કહેવાય છે.

સામાન્ય ભાવથી નિર્વિચારકની જેમ સામાયિક કરનારને કોઈ વિશેષ લાભ થઈ શકતો નથી. તેમની આ સામાયિકની ક્રિયા અનનુષ્ઠાન[2] રૂપ બને છે. આથી જ સામાયિકના ઉત્તમ ફળને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા સાધકે સામાયિકનું સ્વરૂપ અને સામાયિકની વિધિ સુયોગ્ય ગુરુ પાસે જાણી લેવી જોઈએ અને તેને અનુરૂપ વ્યવહાર (કાર્ય) કરવો જોઈએ, જેથી વિશેષ ફળની પ્રાપ્તિ થઈ શકે.

**દશ મનના, દશ વચનના, બાર કાયાના બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

સામાન્યથી સર્વ દોષોનું મિચ્છા મિ દુક્કડં આગળના પદો દ્વારા આપ્યું તો પણ કેટલાક દોષોની વિશેષ સ્મૃતિ કરવા માટે મન-વચન અને કાયાના ૩૨ દોષોને યાદ કરી આ પદો દ્વારા તેનું પુનઃ મિચ્છા મિ દુક્કડં આપવામાં આવે છે.

આપણને સામાન્ય રીતે એવો વિચાર આવે કે સામાયિકનો ભાવ એ તો આત્માનો પરિણામ છે, તો પછી મન-વચન-કાયાના દોષોને યાદ કરી તેનું 'મિચ્છા મિ દુક્કડં' કેમ અપાય છે ? વાસ્તવમાં એ હકીકત છે કે, સમતા આત્માનો પરિણામ છે તો પણ અત્યારે તો તે મન-વચન-કાયાને સમ્યગ્ પ્રવર્તાવવાથી જ સિદ્ધ થઈ શકે તેમ છે. માટે જ મન-વચન-કાયાના યોગોને દોષના રસ્તે જતા અટકાવી નિરવદ્યભાવ તરફ લઈ જવા યત્ન કરાય તો સામાયિકનો ભાવ પ્રાપ્ત થઈ શકે છે.

હવે આ મન-વચન-કાયાના દોષો કેવા પ્રકારના છે તે જોઈએ –

**મનના દશ દોષ :**

**૧. અવિવેક :** સામાયિકમાં મન, વચન અને કાયાથી શું કરાય ? અને શું ન

---

૨. ભિન્ન ભિન્ન પ્રકારના પરિણામોની અપેક્ષાએ શાસ્ત્રમાં અનુષ્ઠાનના (ધર્મક્રિયાના) પાંચ પ્રકાર બતાવ્યા છે.

(૧) આલોકના સુખની ઈચ્છાથી કરાતું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન છે.
(૨) પરલોકના સુખની ઈચ્છાથી કરાતું અનુષ્ઠાન ગરાનુષ્ઠાન છે.
(૩) સંમૂર્ચ્છિમ જેમ લાંબા વિચાર વિના કરાતી ક્રિયા તે **અનનુષ્ઠાન** છે.
(૪) સુંદર અનુષ્ઠાનનું કારણ બને તેવી ક્રિયાને તદ્દહેતુ અનુષ્ઠાન કહેવાય છે.
(૫) મોક્ષનું શીઘ્ર કારણ બને તેવા અનુષ્ઠાનને અમૃત અનુષ્ઠાન કહેવાય છે.

કરાય ? તેવા વિવેકનો અભાવ તે અવિવેકદોષ છે. સામાયિકના કાળ દરમ્યાન મનથી શું વિચારાય કે ન વિચારાય તેનો પૂર્ણ વિવેક જોઈએ. મમતાદિ દોષોને ટાળી સમતાને સિદ્ધ કરવા સામાયિક કરવાનું છે. આ સમતાની સિદ્ધિ વિવેકપૂર્વક શાસ્ત્રશ્રવણ કે અધ્યયનાદિ ક્રિયાથી થઈ શકે છે. જેઓ સામાયિકના કાળમાં આવી ક્રિયાઓ કરતાં નથી અથવા કરે છે તો માત્ર કરવા ખાતર કરે છે. પરંતુ આ ક્રિયા દ્વારા આત્મામાં સામાયિકના ભાવને પ્રગટ કરવાનો યત્ન કરતાં નથી, તે સર્વને આ અવિવેક દોષની સંભાવના રહે છે.

**૨. અવિનય :** ગુરુભગવંત અથવા ભાવાચાર્યની સ્થાપના જેમાં કરેલ છે, તેવા સ્થાપનાચાર્ય સન્મુખ રહી સામાયિક કરવામાં આવે છે. આ ગુરુભગવંત અથવા સ્થાપનાચાર્ય પ્રત્યે માનસિક વિનયનો પરિણામ અને તેને અનુરૂપ થતી ક્રિયા તે વિનય છે અને તેનો અભાવ તે 'અવિનય દોષ' છે. આ અવિનય દોષ સામાયિકના ભાવને ઉત્પન્ન કરવામાં મોટા વિઘ્નસ્વરૂપ છે. વિનય તો સામાયિકના ભાવને ઉત્પન્ન કરવાનું પ્રબળ સાધન છે, માટે જ સામાયિક કરનાર આત્માએ વિનયગુણને કેળવી આ દોષનો નાશ કરવો જોઈએ.

**૩. અબહુમાન :** સામાયિક જેમાં પ્રવર્તી રહ્યું છે તેવા ગુરુભગવંતો, સામાયિકના સૂત્રો અને સામાયિકનો પરિણામ આ ત્રણે પ્રત્યે જે અત્યંત આદર તે બહુમાનનો ભાવ છે. આનો અભાવ તે 'અબહુમાન' દોષ છે.

સામાયિકાદિ પ્રત્યે બહુમાન તે જ આત્માને થઈ શકે કે, જેને સર્વજ્ઞ ભગવંતે કહેલ આ સામાયિક જગતમાં સર્વ શ્રેષ્ઠ છે. રત્નચિંતામણિ કરતાં તેનું મૂલ્ય અધિક છે, તેવું સમજાયું હોય, વળી તે સમજતો હોય કે ભગવાને જેવું સામાયિક કહ્યું છે, તેવું સામાયિક જો મને પૂર્વમાં પ્રાપ્ત થયું હોત તો આ અનાદિકાલીન સંસારનો નાશ ક્યારનોય થઈ ગયો હોત ! પરંતુ અનાદિ સંસારમાં બાહ્યથી સામાયિકની ક્રિયા અનેકવાર કરવા છતાં તાત્ત્વિક સામાયિકને સમજી, તેવા પ્રકારના સામાયિક કરવાનો પરિણામ હજુ મને થયો નથી, જેથી સંસારમાં મારું પર્યટન ચાલુ છે. તાત્ત્વિક સામાયિક એ જ સંસારના નાશનું કારણ છે, એવું જેને સમજાય તેને જ સામાયિકસંપન્ન ગુરુ, સામાયિકમાં આવતાં સૂત્રો તથા સામાયિકના પરિણામ પ્રત્યે બહુમાનભાવ થઈ શકે. આ સિવાય 'અબહુમાન' નામનો દોષ છે, તેમ સમજવું.

**૪. રોષ :** સામાયિકના કાળ દરમ્યાન કોઈની અયોગ્ય પ્રવૃત્તિના કારણે તેના

પ્રત્યે અરુચિ - અણગમો કે રોષ કરવો. અથવા કોઈની સામાયિક માટેની વારંવારની ટકોરથી રોષમાં આવી સામાયિક કરવું અથવા ક્રોધના ભાવમાં વર્તતા જ સામાયિક કરવું, એ 'રોષ' નામનો દોષ છે. કોઈપણ સંયોગમાં સામાયિકમાં રોષ ન થાય તેવા સંકલ્પ સાથે સામાયિક કરવા બેસવું જોઈએ.

**૫. ગર્વ :** હું રોજ સામાયિક કરું છું, હું સુંદર વિધિપૂર્વક સામાયિક કરૂં છું. આવો અહંભાવ તે ગર્વ નામનો દોષ છે. આ દોષથી બચવા માટે સાધકે સામાયિક કરતાં પહેલા વિચારી રાખવું કે કોઈ મને ધર્મી કહે કે મહાન કહે એટલા માત્રથી હું ધર્મી કે મહાન બની જતો નથી, પરંતુ **માનને મૂકવાથી જ હું મહાન બની શકું છું.** માટે વ્યક્ત કે અવ્યક્ત માનનો અર્થાત્ ગર્વનો ત્યાગ કરીને જ મારે સામાયિક કરવું જોઈએ.

**૬. લાભવાંછા :** સામાયિક કરવાથી મને પુત્ર - પૈસા કે શત્રુનો વિજય આદિ લાભ થશે તેવી ઇચ્છાથી સામાયિક કરવું તે 'લાભવાંછા' દોષ છે. જો કે સંસારી આત્મા ધન કે પુત્રાદિની ઇચ્છાવાળા હોય છે, તો પણ વિવેકી શ્રાવકો તો સમજતા જ હોય છે કે **'ઇચ્છાઓ જ અનર્થનું મૂળ છે.'** તેઓ તો જ્યાં એક પણ ઇચ્છા ન થાય તેવા મોક્ષને જ ઝંખતા હોય છે. મોક્ષ સુખ મેળવવા માટે જ ભગવાને આ સામાયિકની ક્રિયા બતાવી છે. માટે સામાયિક દ્વારા અન્ય સુખની ઇચ્છા ન રાખતા વિવેકી આત્માઓ માત્ર મોક્ષની જ ઇચ્છા રાખે છે.

**૭. ભય :** સામાયિક નહિ કરું તો ધર્મી સમાજમાં હું સારો નહિ લાગું. મારા વડીલોને નહિ ગમે આવા કોઈ ભયથી સામાયિક થાય તો તે સામાયિકમાં 'ભય' દોષ કહેવાય. આવા શ્રાવકો સામાયિક લઈ સૂત્રાર્થ પરાવર્તના આદિ કરતા હોય તો પણ ભયનો પરિણામ અંતરંગ રીતે ચાલુ જ રહે છે. સામાયિકમાં પોતાના ધનાદિના નાશનો કે આપત્તિનો ભય રહે તો તે પણ ભય દોષ કહેવાય છે. સામાયિકના સમય દરમ્યાન સાધકે ચિત્તને સર્વત્ર અપ્રતિબદ્ધ કરવા પ્રયત્ન કરવાનો છે અને જેમ જેમ ચિત્ત પરપદાર્થથી અલિપ્ત (અનાસક્ત) બને છે, તેમ તેમ તે ભયમુક્ત બનતું જાય છે.

**૮. યશકીર્તિ :** સામાયિક કરવાને કારણે લોકો મારી પ્રશંસા કરશે, મને ધર્મી કહેશે. આવા વ્યક્ત કે અવ્યક્ત આશયપૂર્વકનું સામાયિક યશકીર્તિ દોષવાળું કહેવાય છે. આ દોષને કાઢવા સર્વત્ર ઉદાસીનવૃત્તિ કેળવવી જોઈએ.

કોઈની પ્રશંસાની ઇચ્છા તો ન જ રાખવી, પણ કોઈ સામેથી પ્રશંસાના શબ્દો સંભળાવે તો પણ લેશ પણ મન ઉપર તેની અસર થવા ન દેવી તો જ સામાયિક શુદ્ધ થઈ શકે.

**૯. નિદાન :** સામાયિકના ફળ રૂપે આ લોકમાં ભૌતિક સુખો કે પરલોકમાં મને દેવાદિપણું પ્રાપ્ત થાઓ, આવી આશંસા તે નિદાન નામનો દોષ છે. આ દોષને દૂર કરવા સામાયિકના સમય દરમ્યાન સર્વત્ર સમભાવ કેળવવા ખાસ યત્ન કરવો, જેથી આવા તુચ્છ પદાર્થોની ઇચ્છા માત્ર થવા સંભવ ન રહે.

**૧૦. ફળ સંશય :** સામાયિકનું ફળ મને મળશે કે નહિ ? આવી શંકા તે 'ફળ સંશય' નામનો દોષ છે. સામાન્ય રીતે વિચારક વ્યક્તિ કોઈપણ કાર્ય કરતાં આ કાર્યથી મને શું ફળ મળશે ? અને કઈ રીતે કરવાથી મને ફળ પ્રાપ્ત થશે ? તેનો વિચાર કરીને જ પ્રવૃત્તિ કરે છે. આથી જ કાર્યને અનુરૂપ પ્રયત્ન કરતી વખતે તેને ફળમાં સંશય રહેતો નથી. આત્માની નિર્મળતા અને સામાયિક વચ્ચેના કાર્ય-કારણ ભાવનો વિચાર કર્યા વિના જેઓ પ્રવૃત્તિ કરે છે, તેને આ દોષ લાગવાની સંભાવના હોય છે. આથી જ આ દોષથી બચવાની ઇચ્છાવાળા સાધકે સામાયિકનું ફળ શું છે ? અને તે કઈ રીતે સામાયિક કરવાથી મને પ્રાપ્ત થશે, તેનો નિર્ણય કરી તેવા યત્નપૂર્વક સામાયિક કરવું અને વિશ્વાસ રાખવો કે સર્વજ્ઞકથિત સામાયિકમાં કરેલો પ્રયત્ન નક્કી મોક્ષ ફળ આપશે જ જેથી આ દોષની સંભાવના રહે નહિ.

**વચનના દશ દોષ :**

**૧. સ્વચ્છંદ વચન :** શાસ્ત્રમાં કહ્યું છે કે - શ્રાવકે સામાયિકના કાળ દરમ્યાન એવું જ વચન બોલવું જોઈએ જે સામાયિકના ભાવનું પોષક હોય. આ વસ્તુને લક્ષમાં રાખ્યા વિના સામાયિકમાં જે તે બોલવું તે 'સ્વચ્છંદ' દોષ છે. આ દોષથી બચવા સમતાના ઇચ્છુક સાધકે સામાયિકના સમય દરમ્યાન સમભાવના પોષક શાસ્ત્ર સ્વાધ્યાય - તત્ત્વપૃચ્છા આદિ જ કાર્યો કરવા જોઈએ. જેથી આ દોષની સંભાવના જ ન રહે.

**૨. સહસાત્કાર :** અચાનક - વિચાર્યા વિના જ સામાયિકના ભાવને બાધક શબ્દપ્રયોગ કરવો તે 'સહસાત્કાર' નામનો દોષ છે. જો કે કલ્યાણનો અર્થી

સાધક સામાયિકનો પ્રારંભ કરતાં પહેલા સંકલ્પ કરે છે કે, મારે મારા મન-વચન-કાયાના યોગોને નિરવદ્ય ભાવને અનુરૂપ જ પ્રવર્તાવવા છે. તો પણ અનાદિ અભ્યાસના કારણે કોઈ પરિચિત વ્યક્તિ આવતાં કે તેવા સંયોગો ઉભા થતાં સહસા જ સમભાવના બાધક શબ્દો સરી પડે છે. આ દોષથી બચવા વચન ઉપર અત્યંત નિયંત્રણ રાખવું જરૂરી છે.

૩. **કુવચન :** પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે કોઈની ઉપસ્થિતિમાં કે અનુપસ્થિતિમાં બોલાયેલું વચન, જો અન્યને પીડા ઉપજાવે તેવું હોય તો તે કુવચન છે.

૪. **સંક્ષેપ :** ભવ્યાત્માઓને તત્ત્વમાર્ગ સમજાવવાના પ્રસંગે, કે હિતને અનુકૂળ કાંઈપણ કહેવાના અવસરે, તે તે વાતો ટૂંકમાં જ સમજાવી દેવાય તો સામો જીવ યોગ્ય હોય તો પણ તે વસ્તુને બરાબર સમજી શકે નહિ. વચનનો આવા પ્રકારનો પ્રયોગ, એ સંક્ષેપ નામનો દોષ છે.

સામાયિકમાં આને દોષ ગણવાનું કારણ એ છે કે, સામાયિક ઉચિત પ્રવૃત્તિ પ્રધાન અનુષ્ઠાન છે અને ઉપદેશાદિ અવસરે સામી વ્યક્તિ બરાબર સમજી શકે તેટલો વિસ્તાર કરી ઉપદેશ આપવો તે જ ઉચિત છે. તેના બદલે પોતાની ઉતાવળને કારણે, અધીરાઈના કારણે કે અન્યમનસ્કતાના કારણે ટૂંકું ટૂંકું સમજાવી દેવું તે અનુચિત પ્રવૃત્તિ છે અને તે સમભાવની બાધક છે, માટે તે પ્રસ્તુતમાં દોષરૂપ છે.

૫. **કલહ :** સામાયિકમાં કોઈની સાથે વૈમનસ્ય ઉત્પન્ન થાય તે રીતે બોલવું તે કલહ નામનો દોષ છે.

૬. **વિકથા :** રાજકથા-દેશકથા-ભક્તકથા અને સ્ત્રીકથા, એમ ચાર પ્રકારની વિકથા છે. સામાયિકમાં ધર્મકથાનું શ્રવણ છોડી ધર્મશાસ્ત્રમાં આવતી પણ આ કથાનો રસ પોષાય તેવી વાતો કરવી તે 'વિકથા' દોષ છે. આવી વિકથાઓ સામાયિકના ભાવને મલીન કરે છે માટે મુમુક્ષુએ આવી કથાનો સામાયિકમાં ત્યાગ કરવો જોઈએ.

૭. **હાસ્ય :** પોતાને કે પરને હાસ્ય ઉત્પન્ન થાય તેવો વચન પ્રયોગ કરવો તે હાસ્ય નામનો દોષ છે. સામાયિકમાં તાત્ત્વિક ભાવોની પ્રાપ્તિ થાય તેવો જ પ્રયત્ન કરવાનો છે, તેના બદલે હસવું આવે તેવું બોલવું તે સામાયિકમાં દૂષણ છે, માટે તત્ત્વજ્ઞ પુરુષે તેવા વચનનો ત્યાગ કરવો જોઈએ.

**૮. અશુદ્ધ :** સામાયિકમાં આવતા સૂત્રો કે, સામાયિકના કાળમાં કરાતા સ્વાધ્યાયના સૂત્રો અશુદ્ધ બોલવા, સૂત્રના અર્થનું નિરૂપણ પણ સમજ્યા વિના જેમ તેમ કરવું તે 'અશુદ્ધ' નામનો દોષ છે.

**૯. નિરપેક્ષ :** જૈનદર્શન સ્યાદ્વાદમય દર્શન છે. તેમાં કોઈ એક નયને (એક દૃષ્ટિને) સ્થાન નથી. જ્યારે કોઈપણ નય(દૃષ્ટિકોણ)થી પદાર્થની સમજ આપતા હોઈએ ત્યારે અન્ય નયની અપેક્ષા પણ હોવી જોઈએ. તેના બદલે 'આ વસ્તુ આમ જ છે' એ પ્રમાણે માત્ર એક જ દૃષ્ટિકોણથી પદાર્થને સમજાવવામાં નિરપેક્ષ દોષની સંભાવના છે.

**૧૦. મૂળગુણ :** સામાયિકની ક્રિયામાં આવતાં સૂત્રોને અસ્પષ્ટ રીતે બોલવા અથવા સંકલના વિના ઉપદેશ આપવો તે 'મૂળગુણ' દોષ છે. આ દોષથી બચવા સાધકે શુભ ભાવની વૃદ્ધિ થાય તેવા સ્પષ્ટ સૂત્રોનું ઉચ્ચારણ કરવું અને શ્રોતાને સ્પષ્ટ બોધ થાય તેવો સંકલનાયુક્ત સ્પષ્ટ વચન પ્રયોગવાળો જ ઉપદેશ આપવો.

**કાયાના બાર દોષો :**

**૧. અયોગ્ય આસન :** સામાયિક માટે જે યોગ્ય આસન હોય તે યોગ્ય આસનનો અભાવ તે 'અયોગ્ય આસન' દોષ છે. સામાયિક વ્રતનો સ્વીકાર કરી સાધકે સમતાભાવની વૃદ્ધિ થાય તેવા પદ્માસન વગેરે કોઈ યોગ્ય આસનમાં અને મુદ્રામાં બેસવું જોઈએ. પરંતુ ગમે તેમ પગ લાંબાં-ટૂંકા કરી અયોગ્ય આસને બેસવું ન જોઈએ. અયોગ્ય આસને બેસવું તે સામાયિક ધર્મ પ્રત્યે અવિનયભાવને બતાવનાર છે. સામાયિક ધર્મ પ્રત્યે અવિનય કર્મબંધનું કારણ છે. આથી જ સમતા ભાવના અર્થી આત્માએ સામાયિકમાં જેમ તેમ બેસવારૂપ અયોગ્ય આસન નામનો દોષ ટાળવો જોઈએ.

**૨. અસ્થિર આસન :** વારંવાર આસનો કે મુદ્રાઓ બદલવી, કારણ વિના વારંવાર સ્થાનાંતર કરવું, હાથ-પગ કે માથું હલાવવું તે 'અસ્થિર આસન' નામનો દોષ છે. સમભાવના ઇચ્છુક સાધકે સામાયિક લઈ મનને સ્થિર કરવા માટે પ્રથમ કાયાને સ્થિર આસનમાં રાખવી જોઈએ. સ્થિર આસનમાં રહી સ્વાધ્યાયાદિમાં એવી રીતે યત્ન કરવો જોઈએ કે, જેથી સર્વત્ર પ્રતિબંધ વિનાનું મન કેળવાતું જાય અને કદાચ કોઈ કારણસર ક્યાંક જવું પડે તો સમિતિ-ગુપ્તિના પરિણામપૂર્વક ગમન-આગમન કરે તો આ દોષ ધીમે ધીમે મંદ મંદતર

થતાં નાશ પામી શકે છે.

**૩. ચલદૃષ્ટિ :** સામાયિક લઈ ચક્ષુને આમતેમ ફેરવવી તે 'ચલદૃષ્ટિ' દોષ છે. અનાદિ અભ્યસ્ત ઉત્સુકતા નામના દોષને કારણે કોઈનો સ્વર સાંભળતા કે આગમનની શંકા પડતા તે કોણ છે, ક્યાંથી આવે છે? તે જાણવાની ઇચ્છાથી આંખ આમ તેમ જોવા લાગે છે, ત્યારે સમતાભાવની પ્રાપ્તિ માટે થતી સ્વાધ્યાયાદિ ક્રિયામાં વિઘ્ન ઉભું થાય છે, આ વિઘ્નને ટાળવા દૃઢ યત્નપૂર્વક ઉત્સુકતાનો ત્યાગ કરી નેત્રને સ્થિર કરી સામાયિકાદિની ક્રિયામાં યત્ન કરવો જોઈએ.

**૪. સાવદ્યક્રિયા :** ચાલુ સામાયિકમાં ઈશારા આદિથી સાવદ્યક્રિયાવિષયક સૂચન કરવું, અથવા સમિતિ-ગુપ્તિના પાલન વિના અયતનાથી શરીરાદિનું હલન-ચલન કરવું, તે 'સાવદ્યક્રિયા' નામનો દોષ છે. ઉપયોગ વિનાની પડિલેહણની ક્રિયા કરનારને પણ શાસ્ત્રમાં છ કાયનો વિરાધક કહ્યો છે અને જીવરક્ષાના ઉપયોગ વિના ચાલનારને જીવ ન મરવા છતાં સાવદ્યક્રિયા કરનાર કહેવામાં આવ્યો છે. આ દોષથી બચવા જેનાથી સાવદ્યક્રિયાનો પ્રારંભ થઈ શકે તેમ હોય તેવા કોઈપણ ઈશારાદિ ન કરવા જોઈએ, પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના હાથ-પગ પણ હલાવવા ન જોઈએ પરંતુ પડિલેહણાદિની સર્વ ક્રિયા ઉપયોગપૂર્વક કરવી જોઇએ.

**૫. આલંબન :** અનાદિકાળના જીવના સુખશીલીયા સ્વભાવના કારણે શરીરની અનુકૂળતા માટે થાંભલાનો, ભીંતનો કે અન્ય કોઈ વસ્તુનો ટેકો દઈ બેસતાં-ઉઠતાં આલંબન નામનો દોષ લાગે છે. પરંતુ કોઈ રોગાદિના કારણે કે શારીરિક અશક્તિના કારણે, સ્વાધ્યાયાદિમાં મનને સ્થિર કરવા માટે કોઈ ટેકો આદિ લઈ બેસે તો ત્યાં આલંબન દોષ લાગતો નથી.

**૬. આકુંચન - પ્રસારણ :** વિશેષ કારણ વિના સામાયિકના કાળમાં હાથ-પગને સંકોચતાં કે લાંબા કરતાં આ દોષ લાગે છે. આ રીતે વારંવાર હાથ-પગ આદિને લાંબા કે ટૂંકા કરતાં મનની સ્થિરતા અને યત્નની દૃઢતા જળવાતી નથી. જેથી સામાયિકનો ભાવ આવી શકતો નથી.

**૭. આળસ :** સામાયિકમાં આળસ મરડવી તે 'આળસ' દોષ છે. આળસ શરીરની જડતાથી પ્રાપ્ત થાય છે અને શરીરમાં જડતા તે તે ક્રિયામાં આનંદ, ઉત્સાહ કે ચિત્તની પ્રસન્નતાના અભાવને કારણે ઉત્પન્ન થાય છે. સામાયિક

કરનાર સાધક જો શાસ્ત્રનો જ્ઞાતા હોય અને વિધિવત્ સામાયિકમાં જો યત્ન કરતો હોય તો જરૂર તેની આ ક્રિયા તેના આનંદ-ઉત્સાહમાં વધારો કરે અને તો આ દોષને અવકાશ ન રહે. પરંતુ સત્ત્વ, ક્ષયોપશમ અને સમજના અભાવના કારણે થતા સામાયિકમાં આનંદ-ઉત્સાહ આદિ ગુણો પ્રગટ થતાં નથી, આથી જ શરીરમાં જડતા આવતાં આ દોષ પ્રગટ થાય છે.

**૮. મોટન :** પ્રમાદાદિ દોષને કારણે હાથ-પગની આંગળીઓના ટચાકા ફોડવા, શરીર મરડવું વગેરે, તે મોટનદોષરૂપ છે.

**૯. મલ :** સામાયિક લઈ સમભાવ પ્રત્યે યત્ન કરવાને બદલે શરીર ઉપરથી મેલ ઉતારવો તે 'મલ' દોષ છે. આ દોષ મલ પ્રત્યેના જુગુપ્સાના કારણે થાય છે. મલ પ્રત્યેનો અણગમો સમભાવનો બાધક છે, માટે આ દોષ પણ તજવો જરૂરી છે.

**૧૦. વિમાસણ :** વિમાસણની મુદ્રામાં બેસવું તે 'વિમાસણ' દોષ છે. આપાતથી જોતા વિમાસણ એ માનસિક દોષ છે, તેવું લાગે. પરંતુ વિમાસણ કાળમાં જે મુદ્રામાં બેઠા હોય તે રીતની મુદ્રાથી બેસવાને આશ્રયી આ દોષ કાયાનો ગણ્યો છે.

**૧૧. નિદ્રા :** સામાયિકમાં ઝોકા ખાવા કે ઉંઘવું તે 'નિદ્રા' દોષ છે. ઉંઘ આવતી હોય તેવા સમયે જો ઉંઘને ઉડાડવા વિશેષ પ્રયત્ન ચાલુ થાય તો નક્કી આ દોષથી બચી સમભાવ માટે પ્રયત્ન થઈ શકે.

**૧૨. વસ્ત્રસંકોચ :** સામાયિકના કાળમાં વારંવાર વસ્ત્રને સરખા કરવા, સંકોચવા, ફેરવી ફેરવીને ધારણ કરવા એ સર્વે ક્રિયાઓ કરવામાં 'વસ્ત્રસંકોચ' નામનો દોષ લાગે છે. આ દોષ પણ સામાયિકના સમ્યગ્ યત્નને સ્ખલના પમાડે છે, માટે શુદ્ધ સામાયિક કરવાની ઇચ્છાવાળા શ્રાવકે યત્નપૂર્વક તેનો ત્યાગ કરવો જોઈએ.

આ પ્રમાણે મન-વચન-કાયાના ૩૨ દોષોને જાણી તેનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ. એકે એક દોષોને ભિન્ન ભિન્નરૂપે યાદ કરી 'મિચ્છા મિ દુક્કડં' દેવાથી દોષોનું સ્મરણ સારી રીતે થઈ શકે છે. તે દોષો પ્રત્યે તિરસ્કાર થાય છે અને ભાવિમાં આવા દોષો ન લાગે તે માટે જાગૃતિ આવે છે અને ત્યાર પછીના સામાયિકો અલ્પ-અલ્પ દોષવાળા થઈ શુદ્ધ બની શકે છે.

# સામાયિક લેવાની વિધિ

સામાયિક એટલે સમતાભાવને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન. આ પ્રયત્ન વિધિપૂર્વક કરાતી સામાયિકની પ્રતિજ્ઞાથી થઈ શકે છે. જો સામાયિક, શાસ્ત્રમાં બતાવેલી વિધિ અનુસાર સ્વીકારવામાં આવે તો સમતાનો ભાવ સુંદર રીતે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે. માટે શાસ્ત્રમાં સામાયિક લેવા માટેની જે વિધિ બતાવી છે, તે વિધિને સાધકે જાણી લેવી જોઈએ.

સૌ પ્રથમ સામાયિક કરનાર સાધકે આટલા મુદ્દા ધ્યાનમાં લેવા યોગ્ય છે.

૧. સામાયિક ધર્મના અધિકારી કોણ છે ?

૨. સામાયિકનું સ્વરૂપ શું છે ?

૩. સામાયિક કઈ વિધિથી ગ્રહણ કરવું જોઈએ ?

૪. સામાયિકમાં આવતા સૂત્રના અર્થ શું છે ?

૫. સામાયિક વ્રતનો સ્વીકાર કરીને સામાયિકના કાળમાં કરવાનું શું ?

૬. અને સામાયિક કરીને આપણે મેળવવાનું શું ?

૭. સામાયિક કઈ વિધીથી પારવું જોઈએ ?

### ૧. સામાયિકનો અધિકારી :

ભૂતકાળમાં જાણે-અજાણે થયેલ પાપનો ગુરુ સમક્ષ એકરાર કરીને જેઓ શુદ્ધ થયા છે, સામાયિક વ્રત પ્રત્યે જેમને પ્રીતિ છે, વળી પ્રતિજ્ઞાને દૃઢપણે પાલન કરવાનું જેમનું સામર્થ્ય છે અને સમિતિ-ગુપ્તિના અભ્યાસવાળા જેઓ છે, તેઓ મુખ્ય માર્ગે સામાયિકના અધિકારી છે.

### ૨. સામાયિકનું સ્વરૂપ :

આવા અધિકારયુક્ત આત્મા જે સામાયિક સ્વીકારે છે, તે સામાયિકનું વર્ણન શાસ્ત્રમાં ભૂમિકા ભેદે અનેક પ્રકારનું બતાવ્યું છે. આમ છતાં સર્વ સામાયિકમાં અલ્પ કે અધિક અંશે પ્રાપ્ત થતું લક્ષણ આ પ્રમાણે છે.

समभावो सामाइयं तणकंचणसत्तुमित्तविसउ ति ।
णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ।।

સામાયિક એટલે સર્વત્ર સમાનવૃત્તિ, નિરભિષ્વંગચિત્ત અને ઔચિત્ય-પૂર્ણવર્તન.

**સર્વત્ર સમવૃત્તિ** એટલે સોનાનો ઢગલો હોય કે, રેતીનો ઢગલો હોય, પરંતુ તે બન્ને વસ્તુ પુદ્ગલમય જડ છે, જીવને તે સુખ કે દુઃખ આપી શકતું નથી, તેમાં જે સુખ કે દુઃખની બુદ્ધિ છે, તે તો કલ્પનામાત્ર છે. આ રીતે વિચારી તેમાં સારા-નરસાપણાની વૃત્તિ ન રાખવી. વળી શત્રુ હોય કે મિત્ર, તે પણ પોતાના આત્માથી તો ભિન્ન જ છે. પોતાંના કર્મ વિના શત્રુ કે મિત્ર - કોઈ સુખી કે દુઃખી કરી શકતું નથી, તેમ માની શત્રુ કે મિત્ર પ્રત્યે રાગ-દ્વેષ ન કરવો. સુખ અને દુઃખ, પણ પોતે કરેલા કર્મના કારણે જ પ્રાપ્ત થનારા ભાવો છે. કર્મ આગંતુક હોઈ આ સુખ કે દુઃખ પણ આગંતુક છે. તેનો સમય પૂર્ણ થતાં ચાલ્યા જવાના છે. આવી વિચારણા કરી શત્રુ-મિત્ર, સુખ-દુઃખાદિ ઉપર સમભાવ કેળવવા યત્ન કરવો તે સામાયિક છે.

**નિરભિષ્વંગચિત્ત** - મોહાધીનતાના કારણે જ્યાં સુધી વિપરીત માન્યતાઓ પ્રવર્તે છે, ત્યાં સુધી જીવ પોતાને અનુકૂળ વસ્તુ કે વ્યક્તિ ઉપર રાગ કરે છે અને પ્રતિકૂળ વસ્તુ કે વ્યક્તિ ઉપર દ્વેષ કરે છે. આ રાગ-દ્વેષવાળો પરિણામ તે અભિષ્વંગયુક્ત પરિણામ છે. તેનાથી યુક્ત ચિત્ત તે અભિષ્વંગવાળું ચિત્ત

કહેવાય અને રાગ-દ્વેષવાળા પરિણામથી રહિત ચિત્ત તે નિરભિષ્વંગચિત્ત છે. અભિષ્વંગના પરિણામને કારણે સાધક વ્યથિત રહે છે, વિહ્વળ બને છે અને વ્યગ્ર ચિત્તવાળો બને છે. સામાયિકના કાળ દરમ્યાન આ અભિષ્વંગપરિણામનો ત્યાગ કરી, સાધકે સર્વ સ્થાનમાં નિરભિષ્વંગચિત્ત રાખવા યત્ન કરવાનો છે. કારણ કે, ક્યાંય પણ આસક્ત થયેલું ચિત્ત સમભાવમાં રહી શકતું નથી. માટે સમભાવની સાધના કરવા ઇચ્છતા સાધકે કોઈ પણ પદાર્થમાં ક્યાંય આસક્તિ ન થઈ જાય તેની પૂર્ણ કાળજી રાખવી અને મનને સ્વાધ્યાયાદિમાં એ રીતે પ્રવર્તાવવું કે, જેથી અન્ય ભાવમાં ચિત્ત જાય નહિ અને જાય તો પણ શ્રુતથી પ્રગટેલો આત્મિક આનંદ ત્યાં આસક્ત થવા દે નહિ.

**ઔચિત્યપ્રવૃત્તિપ્રધાનવર્તન** – સમભાવને સાધવા જેમ નિરભિષ્વંગ (અનાસક્ત) ચિત્ત જરૂરી છે. તેમ સામાયિકના કાળ દરમ્યાન જે સમયે જે ઉચિત હોય તે પ્રવૃત્તિ કરવી તે પણ અત્યંત આવશ્યક છે. સામાયિકના કાળમાં ગુરુ વિનય-વૈયાવચ્ચ-વાચના-પૃચ્છના-પરાવર્તના આદિ જે કાર્યો જ્યારે કરવા યોગ્ય હોય તે કાર્યો ત્યારે કરવાથી કાષાયિકવૃત્તિઓ નાશ પામે છે. કષાયોની મંદતા કે નાશ થયા વિના પ્રાયઃ જીવ તાત્ત્વિક ઔચિત્યનો વિચાર કરી શકતો નથી અને કષાયના અભાવવાળો આત્મા ક્યાંય પોતાનું ઔચિત્ય ચૂકતો નથી. માટે સામાયિકવાન આત્મા ઔચિત્યનું પાલન કરનાર હોય છે.

સર્વ શ્રેષ્ઠકોટિનું સામાયિક ઉપરોક્ત ત્રણે વિશેષણોથી યુક્ત હોય છે અને પ્રારંભિકકક્ષાનું સામાયિક આ ત્રણ ભાવમાં યત્નવાળું હોય છે. સામાયિકની સાધના કરવા ઇચ્છતા શ્રાવકે આ ત્રણે સ્વરૂપવાળા સામાયિકને બરાબર સમજી તેમાં જ યત્ન કરવાનો છે.

## ૩. સામાયિકની વિધિ :

### ૧. સ્થાપનાચાર્યની સ્થાપના કરવા માટે સૌ પ્રથમ સ્થાપના-મુદ્રાથી નવકાર અને પંચિંદિય સૂત્ર બોલવાં :

સામાયિકનું અનુષ્ઠાન શક્ય હોય તો સદ્ગુરુના સાંનિધ્યમાં કરવું જોઈએ. સદ્ગુરુના સાંનિધ્યમાં સામાયિક કરવાથી ઉત્સાહ વધે છે, ભૂલોથી બચી શકાય છે અને કરેલું અનુષ્ઠાન સમ્યગ્ થાય છે. જો સદ્ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત ન થાય તો તે ગુરુ પ્રત્યે વિનય જાળવી રાખવા માટે તેમની સ્થાપના કરીને સામાયિકની વિધિ

કરવી જોઈએ. આવી સ્થાપના કરવા માટે બાજોઠ આદિ ઉચ્ચ આસન પર અક્ષ, વરાટક કે ધાર્મિક પુસ્તક કે જપમાલા આદિ મૂકીને તેમાં ગુરુપદની ભાવના ભાવવી. તે માટે સ્થાપના-મુદ્રાથી જમણો હાથ તેની સન્મુખ રાખીને તથા ડાબા હાથમાં મુહપત્તિ ધારણ કરી, તે મુખ આગળ રાખીને પ્રથમ મંગલરૂપે નમસ્કારમંત્રનો પાઠ બોલવો. પછી પંચિંદિયસૂત્ર બોલવું. આ રીતે વિધિ અનુસાર ભાવાચાર્યને જેમાં સ્થાપવામાં આવે, તેને સ્થાપનાચાર્ય કહેવાય છે અને ત્યાર પછી જે જે આદેશો કે, અનુજ્ઞાઓ લેવાની હોય છે, તે તે તેમની પાસેથી જ લેવામાં આવે છે. ગુરુમહારાજના સ્થાપનાચાર્ય હોય તો, આ વિધિ કરવાની આવશ્યકતા નથી. પરંતુ સ્થાપનાચાર્ય એવી રીતે મૂકેલા હોવા જોઈએ કે, તેમની અને સાધકની વચ્ચે ક્રિયા કરતી વખતે મનુષ્ય કે તિર્યંચની આડ ન પડે.

૨. **એક ખમાસમણ દઈને ઉભા થઈને ઇરિયાવહિયં૦, તસ્સ ઉત્તરી૦, અન્નત્થ૦, કહી ચંદેસુ નિમ્મલયરા સુધીના એક લોગસ્સનો (ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો, કાઉસ્સગ્ગ પારીને (નમો અરિહંતાણં કહીને) પ્રગટ લોગસ્સ સૂત્ર બોલવું.**

સામાયિક કરતાં પહેલાં સૌ પ્રથમ હિંસાદિ પાપોથી આત્માને શુદ્ધ કરવો જરૂરી હોઈ, હિંસાદિ પાપોના આલોચન અને પ્રતિક્રમણ માટે ગુરુને વંદન કરવાપૂર્વક આદેશ માંગવાનો છે. તે માટે પ્રથમ ગુરુને **ખમાસમણ સૂત્ર** વડે વંદન કરવાના હેતુથી ઉભા થઈને -

**इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहिआए.**

એટલા પદો બોલીને પછી ચરવળાથી ભૂમિને પ્રમાર્જીને તથા સંડાસાનું (હાથ-પગ વગેરેના સાંધાના સ્થાનોનું) પ્રમાર્જન કરી નીચે નમતાં મસ્તક - બે હાથ - બે જાનુ એ પ્રમાણે પાંચે અંગો ભેગા કરીને ભૂમિને સ્પર્શ કરવા પૂર્વક **मत्थएण वंदामि** બોલવાનું છે.

ગુરુને આ પ્રમાણે વંદન કર્યા પછી પુનઃ ઉભા થઈને ગુરુને પૂછાય છે કે –

**इच्छाकारेण संदिसह भगवन् ! इरियावहियं पडिक्कमामि ?**

હે ભગવન્ ! સ્વેચ્છાથી આજ્ઞા આપો. હું ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરું ?

ગુરુ કહે - **'पडिक्कमेह'** તું પ્રતિક્રમણ કર. તે પછી ગુરુને **इच्छं** = ઇચ્છું છું.

કહેવા દ્વારા એમ જણાવાય છે કે, હું આપની આજ્ઞા સ્વીકારું છું.

'ઈચ્છં' કહીને **ઇરિયાવહિયા સૂત્ર** બોલવામાં આવે છે.

આ સૂત્રના એક એક પદોને અર્થની વિચારણા પૂર્વક બોલવાથી પોતે કરેલાં પાપોનું સ્મરણ થાય છે. પાપોનું સ્મરણ થતાં પાપો પ્રત્યે પશ્ચાત્તાપનો ભાવ ઉત્પન્ન થાય છે અને તે દ્વારા આત્માની શુદ્ધિ થાય છે.

ઈરિયાવહિયા સૂત્ર બોલ્યા પછી પણ કંઈક રહી ગયેલાં પાપોની વિશેષ શુદ્ધિ કરવા **તસ્સ ઉત્તરી સૂત્ર** બોલવામાં આવે છે. ત્યાર પછી પાપકર્મોના નાશ માટે કાયોત્સર્ગ કરવાનો છે. પરંતુ કાયોત્સર્ગમાં કયા આગારો રાખવા, કાયોત્સર્ગ કઈ રીતે કરવો વગેરે જાણવા **અન્નત્થ સૂત્ર** બોલાય છે.

ત્યારપછી કાયોત્સર્ગ રૂપ પ્રાયશ્ચિત માટે (ચંદેસુ નિમ્મલયરા સુધીના) **એક લોગસ્સના ચિંતનપૂર્વક ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ** કરવામાં આવે છે.

પાપ કર્મના નાશરૂપ પ્રણિધાનથી જે કાયોત્સર્ગનો પ્રારંભ કરેલો, તે પાપનો નાશ થતાં સાધકનો આત્મા વિશેષ આનંદમાં આવી જાય છે અને આનંદને વ્યક્ત કરવા માટે જ અરિહંતના કિર્તન માટે પુનઃ **પ્રગટ લોગસ્સનું** ઉચ્ચારણ કરે છે.

**૩. પછી ખમાસમણ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું 'ઇચ્છં.' કહીને મુહપત્તિનું પડિલેહણ કરવું.**

હિંસાદિ પાપોથી મલીન બનેલા આત્માની વિશુદ્ધિ કરીને મુહપત્તિ પડિલેહણની ક્રિયા કરાય છે. આ ક્રિયા પણ ગુરુવંદન પૂર્વક કરવાની છે. તેથી ગુરુ વંદનાર્થે પૂર્વવિધિથી ખમાસમણ દઈને, **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું'** અર્થાત્ "હે ભગવંત ! આપ ઈચ્છા વડે મને આજ્ઞા આપો. હું સામાયિક લેવા માટે મુહપત્તિનું પ્રતિલેખન કરૂં ?" એમ કહી ગુરુભગવંત પાસે મુહપત્તિની પ્રતિલેખના કરવાની આજ્ઞા મંગાય છે. આ સાંભળી ગુરુભગવંત પણ અવસર યોગ્ય જાણી સાધકને આજ્ઞા આપે છે. **'પડિલેહેહ'** અર્થાત 'તું મુહપત્તિનું પ્રતિલેખન કર, ગુરુભગવંત જ્યારે આ આજ્ઞા આપે ત્યારે સાધકે **'ઈચ્છં'** કહી તેમની આંજ્ઞાનો સ્વીકાર કરીને **મુહપત્તિનું પડિલેહણ કરવું.**

જૈન શાસનમાં કોઈપણ કાર્ય કરવાને ઇચ્છતા સાધકે ઇચ્છાકાર સામાચારીનું પાલન કરવું અતિ મહત્ત્વનું છે. આથી જ આ રીતના શબ્દ પ્રયોગ દ્વારા ગુરુની

ઇચ્છા જાણી, વિનયપૂર્વક આજ્ઞા મેળવી સામાયિક કરવાને ઇચ્છતો સાધક દ્રવ્ય અને ભાવથી, હિંસાથી બચવાના અભિપ્રાયપૂર્વક મુહપત્તિના ૫૦ બોલની વિચારણા કરતો મુહપત્તિનું પડિલેહણ કરે છે.

સામાયિકની પ્રતિજ્ઞા કરતાં પહેલા મુહપત્તિનું પડિલેહણ એટલા માટે જરૂરી છે કે, પડિલેહણની ક્રિયા અહિંસકભાવને ઉત્પન્ન કરનાર છે. બાહ્યથી મુહપત્તિને જોઈ તેમાં કોઈ જીવ જંતુ હોય, તો તેને દૂર કરીને ક્રિયા કરવાથી બાહ્ય યતના પળાય છે અને બોલની વિચારણા દ્વારા પોતાને પીડનારા રાગાદિ ભાવોની અનુપ્રેક્ષા કરી તેમાંથી બચવાનો જે પરિણામ થાય છે, તે અભ્યંતર યતના સ્વરૂપ છે. અહીં મુહપત્તિ એ ઉપલક્ષણ છે. પરંતુ તેનાથી એ ઉપલક્ષિત થાય છે કે, સામાયિકના તમામ ઉપકરણો સામાયિક કરવાનું સ્થળ વગેરે સર્વ પ્રતિલેખના અને પ્રમાર્જના પૂર્વક શાસ્ત્રમાં બતાવેલી વિધિ અનુસાર જ વાપરવા. આ રીતે ઉપકરણો વાપરવાથી છ-કાય જીવોની રક્ષાનો પરિણામ ઉત્પન્ન થાય છે. આ પરિણામ સમતાભાવનો પૂરક અને પોષક પરિણામ છે.

**૪. ત્યારબાદ એક ખમાસમણ દઈને કહેવું કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહુ ? ત્યારપછી ઇચ્છં કહી એક ખમાસમણ દઈ કહેવું કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ?' અને ઇચ્છં કહીને બે હાથ જોડી એક નવકાર ગણવો.**

મુહપત્તિ પ્રતિલેખનની ક્રિયા પૂર્ણ થયા બાદ સામાયિક ધર્મમાં પ્રવેશ કરવા માટેની આજ્ઞા માંગવા માટે ગુરુ ભગવંતને એક ખમાસમણ દઈને કહેવું કે, 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહુ ? અર્થાત્ સામાયિક કરવાની મારી ભાવના છે. હું આ અંગે આપની પાસે આજ્ઞા માંગું ? ત્યારે ગુરુ કહે, '**संदिसह**' તું તારી ઈચ્છા પ્રમાણે આજ્ઞા માંગ. આમ, ગુરુની આજ્ઞાનો સ્વીકાર કરતાં સાધક કહે, '**इच्छं**' - આપની આજ્ઞા મને શિરોધાર્ય છે.

વળી, એક ખમાસમણ દઈને કહે, '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ?**' એટલે કે હે ભગવંત, આપ મને ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું સામાયિકમાં રહું ? ત્યારે ગુરુ કહે, '**ठाएह**' - તું સામાયિકમાં રહે. ત્યાર પછી સાધક ઉભો થઈ '**ઇચ્છં**' કહેવા દ્વારા આજ્ઞા સ્વીકારીને બે હાથ જોડી - મસ્તક નમાવી, મંગળ કરવા માટે એક **નવકાર** ગણે છે.

કહ્યું છે, '**श्रेयांसि ब्रहुविघ्नानि**' સમતાને સાધવાનું કામ શ્રેયરૂપ છે. તેમાં અનેક બાહ્ય-અભ્યંતર વિઘ્નોની સંભાવના છે. ઠંડી, ગરમી આદિ સ્વરૂપ અનેક પ્રકારના બાહ્ય વિઘ્નો છે અને સામાયિકમાં જરૂરી સાધનો, તે સિવાયની કોઈપણ સાધન-સામગ્રી કે અન્ય ભાવો પ્રત્યે જે મમત્વ કૃત બુદ્ધિ, તે અંતરંગ વિઘ્ન છે. આ વિઘ્ન તો સદા સાથે જ છે. એટલે, આ નવકારમંત્ર ગણતા પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતા આ વિઘ્ન પણ મારું જાય, એવો સંકલ્પ કરાય છે.

**૫. પછી 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિકદંડક ઉચ્ચરાવશોજી', એમ કહીને ગુરુ કે વડિલ પાસે કરેમિ ભંતે સૂત્ર સાંભળવું અને ગુરુ ન હોય તો સ્વયં કરેમિ ભંતે સૂત્ર બોલવું.**

એક નવકાર ગણીને સાધક ઉંચા સ્વરે બોલે કે, '**ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવશોજી**' - આપની ઇચ્છા હોય તો હે ભગવંત ! મારા ઉપર કૃપા કરીને મને સામાયિકની પ્રતિજ્ઞા સ્વરૂપ - સામાયિક દંડક (કરેમિ ભંતે સૂત્ર) ઉચ્ચરાવશોજી. અર્થાત્ આ સૂત્ર દ્વારા મને સામાયિકની પ્રતિજ્ઞા કરાવશોજી. આ શબ્દ સાંભળી, ગુરુભગવંત પણ સ્પષ્ટ શબ્દોચ્ચાર પૂર્વક ઉચ્ચ સ્વરે 'કરેમિ ભંતે સૂત્ર' બોલે છે અને સામાયિકનો સાધક એક એક શબ્દોને અર્થની વિચારણા સાથે ઉપયોગપૂર્વક સાંભળે છે. આ શબ્દો સાંભળતા જ તેને થાય છે, હાશ ! દુનિયાભરના પાપથી અત્યારે છૂટ્યો, પૂર્વના પાપોનું પણ પ્રતિક્રમણ કરી કાંઈક હળવો થયો અને ભાવિમાં (૪૮ મિનીટમાં) પણ આવા પાપ નહિ થાય તે માટે સજાગ રહીશ, આ વસ્તુ ખાસ યાદ રાખવી જરૂરી છે કે, આવો ભાવ તેને જ આવે, જેને સૂત્રના અર્થ આવડતા હોય અને અત્યારે જે સૂત્ર-અર્થમાં જ ઉપયોગવાળો હોય. બાકી મનને ગમે ત્યાં રાખી ઉપયોગ વિના આ સૂત્ર બોલનાર કે, સાંભળનારને આવો કોઈ ભાવ આવી શકતો નથી.

**૬. પછી એક ખમાસમણ દઈને પૂછવું કે, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ? 'ઇચ્છં' કહીને વળી એક ખમાસમણ દઈને પૂછવું કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? 'ઇચ્છં' કહીને વળી એક ખમાસમણ દઈને પૂછવું કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ?' 'ઇચ્છં' કહીને વળી એક ખમાસમણ દઈને પૂછવું કે, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ?' 'ઇચ્છં' કહી બે હાથ જોડી ત્રણ નવકાર ગણવા.**

સામાયિક વ્રતનો સ્વીકાર કર્યા પછી અપ્રમત્ત અવસ્થામાં રહેવાય તેવા કોઈ ચોક્કસ આસને બેસવા માટે ગુરુની આજ્ઞા મેળવવામાં આવે છે. તે માટે એક ખમાસમણ દઈ પૂછાય કે, '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ?** અર્થાત્ હે ભગવંત ! આપની આજ્ઞા હોય તો હું બેસવાની અનુમતિ માંગુ ?

અહીં જે બેસવાની આજ્ઞા માંગી તે પલાંઠીવાળીને બેસવાની નહિ, પરંતુ અપ્રમાદ ભાવના કારણભૂત આસનમાં બેસવાની આજ્ઞા મંગાય છે. હવે પછી જે સ્વાધ્યાયનો આદેશ માંગીને સ્વાધ્યાય કરવો છે, તે સ્વાધ્યાય માટે ભાવની વૃદ્ધિ કરે તેવી ચોક્કસ મુદ્રામાં બેસવા માટેની આજ્ઞા અહીં માંગવામાં આવી છે.

ગુરુ કહે '**संदिसह**' અર્થાત્ તું આજ્ઞા માંગી શકે છે - એમ કહીને આજ્ઞા આપે એટલે શિષ્ય '**इच्छं**' કહી તેનો સ્વીકાર કરે છે.

ત્યાર પછી વળી ખમાસમણ દઈને પૂછે કે, '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ?** અર્થાત્ ભગવંત, આપની આજ્ઞા હોય તો હું આસન(મુદ્રા) ઉપર સ્થિર થાઉં ? ગુરુ જ્યારે '**ठाएह**' કહીને તું સ્થિર થઈ શકે છે. એમ કહે છે, ત્યારે શિષ્ય '**ઇચ્છં**' કહી તેને સ્વીકારે છે.

સામાયિકમાં મુખ્ય કાર્ય કરવાનું છે સ્વાધ્યાય. એટલે હવે ખમાસમણપૂર્વક તેનો આદેશ માંગતા શિષ્ય પૂછે છે કે, '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ?** અર્થાત્, ભગવંત, હવે હું સ્વાધ્યાયમાં રહેવા માટેની આજ્ઞા માંગુ ? ગુરુ "**સંદિસહ**" અર્થાત્ સ્વાધ્યાય માટે તું આજ્ઞા માંગી શકે છે - એમ કહે એટલે શિષ્ય પુનઃ '**ઇચ્છં**' કહી તેને સ્વીકારે છે. ત્યારપછી વળી ખમાસમણપૂર્વક પૂછે છે કે, '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ?**, અર્થાત્ ભગવંત ! હું સ્વાધ્યાય કરું ? ગુરુ કહે '**કરેહ**' = 'કર' કહે એટલે શિષ્ય '**ઇચ્છં**' કહી 'આજ્ઞા પ્રમાણ છે' એમ પ્રગટ કરીને સ્વાધ્યાયમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે મંગળ સ્વરૂપ ત્રણ નવકાર ગણી સ્વાધ્યાયમાં સ્થિર થાય છે.

અહીં દરેક સ્થળે એક એક કાર્ય અંગે બે વાર આજ્ઞા માંગી તેનું કારણ એ છે કે, જૈન શાસન વિનયપ્રધાન છે, આજ્ઞા પ્રધાન છે. તેથી દરેક કાર્યનો પ્રારંભ કરતા પહેલા તે કાર્ય સંબંધી ઇચ્છા વ્યક્ત કરવા આદેશ-આજ્ઞા માંગી અને પછી તે કાર્યનો પ્રારંભ કરતાં હવે આ કાર્ય હું કરું છું. તે રીતે કાર્યનું નિવેદન કરવામાં આવે છે. આ દરેક આદેશ માંગતી વખતે ગુણસંપન્ન ગુરુભગવંતને

નજર સમક્ષ રાખી, તેમને આધીન રહીને આ કાર્ય હું કરું છું. તેવો પરિણામ ખાસ રાખવાનો છે.

આજના કાળમાં ઘણા લોકોની એવી માન્યતા છે કે, સમભાવ તે જ સામાયિક છે. એટલે આપણે પણ સર્વત્ર સમભાવમાં રહીશું. આવી ક્રિયા કરવાની શું જરૂર છે ? કેમકે, આવી ક્રિયા કર્યા વિના પણ ભરતાદિ અનેક આત્માઓ સમતા રાખી મોક્ષમાં ગયા છે. આ વાત યોગ્ય નથી. ક્વચિત્ પૂર્વભવના સંસ્કારથી ભરત મહારાજા જેવાને મોક્ષ મળી જાય તેટલા માત્રથી બધાને છે, મળી જાય એવું આ વસ્તુ માટે શક્ય નથી. મોટા ભાગના આત્માઓ વિધિવત્ સામાયિકવ્રતને સ્વીકારીને જ મોક્ષ પામ્યા છે. માટે વિધિવત્ સામાયિકનો સ્વીકાર કરવો, તે જ વધુ યોગ્ય છે. કોઈ ડાહ્યો વ્યાપારી પાડોશીને 'લક્કી ડ્રો'માં કરોડ કમાયેલો જોઈ પોતાનો વ્યાપાર છોડી દેતો નથી. તે જ રીતે જેમણે સમભાવના સંસ્કારો પાડવા છે, તેમણે વિધિપૂર્વક સામાયિક ગ્રહણ કરવું જ જોઈએ.

### ૪. સામાયિકમાં આવતા સૂત્રના અર્થ :

આ વિભાગની વિસ્તૃત જાણકારી પૂર્વમાં આપેલી છે.

### ૫. સામાયિક વ્રતનો સ્વીકાર કરી - સામાયિકના કાળમાં શું કરવાનું ?

સામાયિક ગ્રહણ કર્યા પછી શ્રાવકે બે ઘડી સુધી મુખ્યપણે સ્વાધ્યાય જ કરવાનો છે. સ્વાધ્યાય એટલે આત્માનું નિરીક્ષણ, આત્માનો અભ્યાસ, આત્માનું ધ્યાન જેનાથી થાય તેવી ક્રિયા. આ સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મક્રિયા સ્વરૂપ આ સ્વાધ્યાય આદિ એવી રીતે કરવાં જોઈએ કે અનાદિકાળથી ચાલતી આપણી વિપરીત પ્રવૃત્તિનો અંત આવે અને પોતાનો આત્મા ધીમે ધીમે સમતાભાવને અભિમુખ બને. શાસ્ત્રના એક એક શબ્દનો સહારો લઈને એવી રીતે તે શબ્દોને બોલવા જોઈએ કે જેથી તે શબ્દ મોહરાજાના શસ્ત્રોને હણવા સમર્થ થઈ શકે ! મોહના સંસ્કારોને નબળા પાડવાનું કામ કરી શકે ! આ માટે સામાયિકમાં સ્વાધ્યાય સિવાય સાધુની વેયાવચ્ચ, કાયોત્સર્ગ, મંત્રજાપ, ધ્યાન, ખમાસમણ વગેરેની ક્રિયા પણ કરી શકાય છે.

### ૬. સામાયિક કરીને આપણે મેળવવાનું શું ?

સમતા વિના સિદ્ધિની પ્રાપ્તિ નથી, માટે સામાયિકના અનુષ્ઠાનને વારંવાર કરવા દ્વારા આપણે સમતાને આત્મસાત્ કરવાની છે.

### ૭. સામાયિક પારવાની વિધિ :

સામાયિક વ્રતનો સ્વીકાર કરીને શ્રાવક સતત સ્વાધ્યાય-ધ્યાનમાં મગ્ન રહે છે. તેને કારણે સામાયિકના કાળમાં તેને અત્યંત આત્મિક આનંદની પ્રાપ્તિ થાય છે. આ કારણથી જ તેની ઇચ્છા તો એ જ હોય છે, ક્યારે સદા માટે આવું સામાયિક કરવા મળે ? આવી ભાવના હોવા છતાં પોતાની શક્તિનો અને સંયોગોનો વિચાર કરતાં લાગે કે, હવે એક સામાયિકનો સમય પૂર્ણ થયો છે. મારા સંયોગ આદિનો વિચાર કરતાં હવે મારે પુનઃ સામાયિકનો પ્રારંભ કરવો યોગ્ય નથીં. ત્યારે મન તો સામાયિકમાં જ હોવાથી, આવી ઉત્તમ ક્રિયા છોડવાની લેશ પણ ઇચ્છા ન હોવા છતાં પણ કેવળ કાયાથી જ તે સામાયિક પારવાની ક્રિયા કરે છે. અને એનું મન તો ત્યારે પણ સામાયિકમાં જ પ્રવૃત્ત રહે છે.

જેઓએ સામાયિક લઈને સમભાવને પ્રાપ્ત કરવા યત્ન કર્યો નથી, માત્ર વ્યવહારથી જ સામાયિક વ્રતનો સ્વીકાર કરેલો છે, તેવા આત્માંઓને આ સામાયિકની ઉત્તમતાનો કે આત્મિંક આનંદનો અનુભવ થઈ શકતો નથી અને તે જ કારણથી આવા આત્માઓ સામાયિકનો સમય પૂર્ણ થતાં જ સામાયિક પારવા તત્પર બની જાય છે.

સામાયિક પારવાની વિધિ આ પ્રમાણે છે.

**૧. એક ખમાસમણ દઈને ઉભા થઈને ઇરિયાવહિયં૦, તસ્સ ઉત્તરી૦, અન્નત્થ૦, કહી (ચંદેસુ નિમ્મલયરા સુધીનો) એક લોગસ્સનો (ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને (નમો અરિહંતાણં કહીને) પ્રગટ લોગસ્સ સૂત્ર બોલવું.**

સામાયિક પારતાં સૌ પ્રથમ એક **ખમાસમણ** દેવા પૂર્વક ગુરુને વંદન કરીને સામાયિકના કાળ દરમ્યાન પ્રમાદના કારણે જે રીતે સામાયિકમાં પ્રયત્ન કરવાનો હતો તે ન કરી શક્યા હોય, અથવા અનાભોગ કે સહસાત્કારથી સામાયિકના ભાવથી કંઈક વિરુદ્ધ પ્રવૃત્તિ થઈ હોય, તેના નિવારણ માટે **ઈરિયાવહિયા** અને **તસ્સ ઉત્તરી સૂત્ર** બોલાય છે. આ સૂત્ર એ રીતે બોલવું જોઈએ કે, જીવ પ્રત્યેની મૈત્રીના અભાવથી કે અન્ય કોઈ દોષથી થયેલા પાપોનું સ્મરણ કરી તેનું 'મિચ્છા મિ દુક્કડં' આપી શકાય અને ભવિષ્યમાં આવા પાપો પુનઃ ન થાય, તે માટે વધુ દૃઢતા કેળવવા પ્રયત્ન થાય.

ત્યાર પછી સામાયિકના કાળમાં લાગેલાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે **અન્નત્થ** બોલી, **એક લોગસ્સનો કાયોત્સર્ગ** કરવામાં આવે છે. આ લોગસ્સનું સ્મરણ સામાયિક દરમ્યાન લાગેલા પાપનાશના પ્રણિધાનપૂર્વક કરવાનું છે. આવા પ્રણિધાનપૂર્વક અને ચિત્તની એકાગ્રતાથી ૨૪ જિનની સ્તવના કરવાના કારણે કાયોત્સર્ગથી ચિત્ત ખૂબ નિર્મળ બને છે. આ નિર્મળ ચિત્ત પુનઃ પુનઃ પાપ થવા દેતું નથી અને થાય તો પણ પૂર્વે થતું હતું તેવા ભાવથી તો થતું જ નથી. ત્યાર પછી ચિત્તની નિર્મળતાથી પ્રાપ્ત થયેલા હર્ષને પ્રગટ કરવા માટે **પ્રગટ લોગસ્સ** બોલાય છે.

**૨. પછી ખમાસમણ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું' 'ઇચ્છં.' કહીને મુહપત્તિનું પડિલેહણ કરવું.**

ત્યારબાદ ગુરુભગવંત પાસે આદેશ મંગાય છે. **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ?** ઇચ્છા વડે હે ભગવંત ! આપ આજ્ઞા આપો કે, હું મુહપત્તિનું પ્રતિલેખન કરું ? ગુરુ કહે **'પડિલેહ'** એટલે તું પ્રતિલેખન કર એવી અનુમતિ આપે. ત્યારે ગુરુના આદેશને પામી શિષ્ય પણ યથોચિત મુદ્રામાં બેસી બહારથી અન્ય જીવની યતના માટે મુહપત્તિના એક એક પડને અને પોતાની કાયાને પ્રતિલેખે છે. આ સાથે જ પોતાના આત્માનું પ્રતિલેખન કરવા મુહપત્તિના ૫૦ બોલની વિચારણા કરે છે. આ રીતની ક્રિયા દ્વારા કોઈપણ જીવની વિરાધના ક્યાંય મારાથી ન થઈ જાય તેવા ભાવ દ્વારા પોતાના અહિંસાના સંસ્કારોને તીવ્ર-તીવ્રતર કરે છે. આ જ કારણથી સામાયિક પારીને ગૃહકાર્ય કે અન્ય કાર્યમાં પ્રવૃત્ત થયેલા શ્રાવકની તમામ ક્રિયાઓ અન્ય કરતાં જુદી તરી આવે છે. તમામ ક્રિયામાં અહિંસાનો અને યતનાનો પરિણામ, પગલે પગલે જોવા મળે છે.

**૩. પછી એક ખમાસમણ દઈને આદેશ માંગતાં પૂછવું કે, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?' પછી યથાશક્તિ બોલી, વળી એક ખમાસમણ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ?' એમ કહીને 'તહત્તિ' કહેવું. પછી જમણો હાથ ચરવળા ઉપર સ્થાપીને એક નવકાર ગણીને સામાઈયવયજુત્તો૦ સૂત્ર બોલવું.**

આટલી ક્રિયા બાદ પણ શ્રાવકનું મન આવી ઉત્તમ ક્રિયાનો ત્યાગ કરવા તૈયાર થતું નથી, તો પણ સંસારની અન્ય ચિંતાઓને કારણે જ્યારે તેને લાગે

કે, હવે મારા માટે આ ભાવમાં રહી શકાય તેવું નથી, ત્યારે ગુરુ પાસે જઈને સામાયિકને પારવાની અનુજ્ઞા માંગે છે.

શ્રાવક સમજે કે, ગુણસંપન્ન ગુરુભગવંતો કલ્યાણકારી આ ક્રિયાને છોડવાની અનુમતિ તો ક્યારેય આપે નહિ. તો પણ તેમના પ્રત્યેની ભક્તિથી તેમની પાસે સામાયિક પારવાની યાચના કરતાં કહે છે. **"ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?"** એટલે કે, ઇચ્છાથી હે ભગવંત ! આજ્ઞા આપો કે, હું સામાયિક પારું ?

આ આદેશ સાંભળી ગુરુ પણ તેના ભાવની વૃદ્ધિ માટે કહે, **'पूणो वि कायव्वं'** 'આ સામાયિક ફરીથી પણ કરવા જેવું છે.

ગુરુના આ શબ્દ સાંભળી હર્ષાન્વિત થયેલો શ્રાવક સ્વ-શક્તિનો વિચાર કરે છે. શક્તિ નહિ દેખાતા ગુરુને કહે, **'યથાશક્તિ'** આપ કહો છો તેવું સામાયિક મને પણ કરવું ખૂબ ગમે છે. પરંતુ અત્યારે મારા સંયોગો નથી, મારું સામર્થ્ય નથી, પરંતુ શક્તિ અને સંયોગ પ્રમાણે ફરીથી જરૂર યત્ન કરીશ.

ફરી અનુજ્ઞા માંગતાં કહે છે કે, **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું.'** એટલે કે, ઇચ્છાથી હે ભગવંત ! હવે સામાયિક પારું છું. આ શબ્દો દ્વારા ગુરુ સમજી જાય કે, હવે તે હમણાં સામાયિક કરી શકે તેમ નથી અને ગુરુ સાવદ્ય કાર્યની અનુમતિ આપી શકે નહિ. માટે તું સામાયિક ભલે પાર. તેમ ન કહેતા કહે છે, **'आयारो न मोत्तव्वो'** તારા સંયોગ નથી, તેને કારણે તારે અત્યારે તો પારવું પડે છે, પરંતુ આ સામાયિકનો આચાર મૂકવા યોગ્ય નથી. ગુરુના વચન સાંભળીને શિષ્ય તેનો સ્વીકાર કરતાં કહે છે કે, **'तहत्ति'** અર્થાત્ આપ કહો છો તે પ્રકારે જ છે, એટલે કે સામાયિકનો આચાર મૂકવા જેવો નથી.

ત્યાર પછી સામાયિક પારવા માટે મંગલાર્થક **નવકારમંત્ર**નો પાઠ બોલીને ત્યારપછી સામાયિકના મહત્ત્વને બતાવનાર **'સામાઈય વયજુત્તો'** સૂત્ર બોલે છે. આ સૂત્ર બોલવા દ્વારા પુનઃ પુનઃ સામાયિક કરવાની ભાવના સાથે સામાયિકમાં થયેલી અવિધિ-આશાતના અને ૩૨ દોષમાંનો કોઈ પણ દોષ લાગ્યો હોય, તેનું મિચ્છા મિ દુક્કડં દઈને સામાયિક વ્રતને પૂર્ણ કરે છે. યોગ્ય રીતે સામાયિક વ્રતને પૂર્ણ કરવું, તેનું નામ જ સામાયિક પારવઠું છે.

**૪. સ્થાપનાચાર્યની સ્થાપના કરી હોય તો ત્યારપછી જમણો હાથ સવળો રાખી એક નવકાર ગણી સ્થાપનાજી ઉત્થાપી લેવા.**

# મુહપત્તિ પડિલેહણનો વિધિ

સામાયિક ધર્મ સમતાભાવની સાધના માટે છે. સમતાની સાધના વિષમ વૃત્તિ અને પ્રવૃત્તિના વિનાશથી થાય છે. મુહપત્તિ અને શરીરની પડિલેહણ કરતાં બોલવામાં આવતાં આ બોલ દ્વારા બાહ્ય અને અંતરંગ સમતાના અને વિષમતાના કારણો કયા છે, તેમાંથી કયા કારણોને (સાધનો-ઉપાયો) આદરવાના છે અને કયા કારણોને છોડવાના છે. તેની વિચારણા કરાય છે.

પડિલેહણા શબ્દનો સંસ્કૃત સંસ્કાર **प्रतिलेखना** છે. પ્રતિલેખના એટલે ધ્યાનપૂર્વક જોવું અથવા આગમોમાં જણાવ્યા પ્રમાણે વારંવાર નિરીક્ષણ કરવું તે પ્રતિલેખના છે. આ પ્રતિલેખના બે પ્રકારે કરવામાં આવે છે. એક દ્રવ્યથી અને બીજી ભાવથી. તેમાં દ્રવ્ય-પ્રતિલેખના માર્ગ, વસતિ, વસ્ત્ર, પાત્ર અને ઉપધિ સંબંધી કરવાની હોય છે, જ્યારે ભાવ-પ્રતિલેખના આત્માની કરવાની હોય છે. મુહપત્તિની દ્રવ્ય પ્રતિલેખનાથી મુહપત્તિ કે શરીર ઉપર કોઈ જીવજંતુ છે કે નહિ, તે જોવાનું છે અને જો હોય તો તે જીવને કોઈપણ પ્રકારની પીડા ન થાય તે હેતુથી જયણાપૂર્વક તેને યોગ્ય સ્થળે મૂકવાના છે. વળી, ભાવ પ્રતિલેખના દ્વારા પોતાના તથા અન્યના આત્માને જેનાથી પીડા થાય છે, તેવા દોષોને દૂર કરવા માટેનો અને આત્માને જેનાથી આનંદ થાય તેવા ગુણોને પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરવાનો છે.

આમ, તો પ્રતિલેખનાની ક્રિયા ખૂબ નાની છે. પણ... તેમાં જૈનશાસનનો સમગ્ર સાર ભરી દેવામાં આવ્યો છે. મુહપત્તિની પ્રતિલેખના વખતે બોલવામાં

આવતાં બોલો જો શાંત ચિત્તે વિચારીને બોલવામાં આવે તો મુહપત્તિ પ્રતિલેખન પછીની કરવામાં આવતી ક્રિયા જરૂર ઉચિત ફળ આપવા સમર્થ બને છે.

આ એક એક બોલનું જેટલું વધુ ચિંતન થાય, તેના ઉપર જેટલો ઉંડો વિમર્શ થાય, તેટલા આત્મા ઉપર લાગેલા કુસંસ્કારો ચોક્કસ નાશ પામે છે અને આત્મા ગુણની દિશામાં જરૂર આગળ વધી શકે છે. આથી જ અત્રે મુહપત્તિના એક એક બોલની સામાન્યથી વિચારણા કરવામાં આવે છે. વિશેષથી વિચારણા સદ્ગુરુ પાસે બેસી સ્વયં કરવાની છે.

તેમાં સૌ પ્રથમ સાધક બોલે છે કે -

**૧. સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું :**

અરિહંત ભગવંતોએ પ્રરૂપેલા અને ગણધર ભગવંતોએ ગૂંથેલા સૂત્રો અને તેના અર્થને તત્ત્વરૂપ જાણી શ્રદ્ધા કરું.,

આ જગતમાં આત્માનું હિત કરનાર કોઈ તત્ત્વ હોય તો તે માત્ર ગણધરકૃત સૂત્રો અને તેના અર્થો જ છે. જેમ જેમ સૂત્રનો અભ્યાસ થતો જાય, તેના અર્થ સમજાતા જાય, તેમ તેમ જગતવર્તી પદાર્થોનો વાસ્તવિક ખ્યાલ આવતો જાય છે. જગતને યથાર્થરૂપે જોવાના કારણે જ કઈ વસ્તુમાં પ્રવૃત્તિ કરવી અને ક્યાંથી નિવૃત્ત થવું તેનો પણ યથાર્થ બોધ થાય છે. આવા બોધને અનુસાર પ્રવૃત્તિ કરવાથી આત્મહિત થઈ શકે છે. સૂત્ર કે અર્થનું માત્ર જ્ઞાન આત્મા માટે ઉપકારક બની શકતું નથી, પરંતુ *"સૂત્ર અને અર્થ જ જગતમાં તત્ત્વભૂત (પરમાર્થભૂત) છે. આનાથી જ મારા આત્માનું હિત થઈ શકે તેમ છે."* આવી તીવ્ર શ્રદ્ધા જ આત્મહિતની સાધનામાં ઉપકારક છે. આથી જ સૌ પ્રથમ આ શબ્દો દ્વારા સૂત્ર-અર્થની તત્ત્વરૂપે શ્રદ્ધા કરવાનો સંકલ્પ કરાય છે.

સૂત્ર-અર્થની શ્રદ્ધામાં બાધક તત્ત્વ છે દર્શનમોહનીય કર્મ. જ્યાં સુધી આ દર્શનમોહનીય કર્મ નબળું ન પડે, ત્યાં સુધી સૂત્ર કે અર્થનું જ્ઞાન મેળવી તેના ઉપર શ્રદ્ધા થઈ શકતી નથી. આથી કહે છે -

**૨-૩-૪. સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું :**

મિથ્યાત્વ મોહનીય કર્મ બુદ્ધિમાં ભ્રમ પેદા કરે છે. આ કર્મ જ સંસારની અસારતાને જણાવતાં તથા વિષયોના કટુ વિપાકોનું દર્શન કરાવતાં ભગવાનના

વચનો ઉપર શ્રદ્ધા થવા દેતું નથી. આના કારણે જ સંસારને સાર માની વિષયોમાં આસક્ત બની જીવો અનંતકાળથી દુઃખની પરંપરાને પામે છે. સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય કર્મ પણ શુદ્ધ કે અર્ધશુદ્ધ થયેલા મિથ્યાત્વ મોહનીય કર્મના જ દલિકો છે તેમનું કાર્ય પણ તત્ત્વમાર્ગમાં, તત્ત્વભૂત સૂત્ર-અર્થમાં મુંઝવવાનું જ છે. માટે સાધના માટે ઉદ્યત થયેલો સાધક સૌ પ્રથમ આ બોલવા દ્વારા આ ત્રણ પ્રકૃતિના ત્યાગનો સંકલ્પ કરે છે.

આ દર્શનમોહનીય કર્મ પણ તીવ્ર કોટિના રાગ ઉપર નભે છે. આથી પ્રતિલેખન કરતાં હવે સાધક બોલે છે કે -

## ૫-૬-૭. કામરાગ સ્નેહરાગ દૃષ્ટિરાગ પરિહરું :

કામરાગ એટલે પાંચે ઈન્દ્રિયના વિષયોનો રાગ, સ્નેહરાગ એટલે લોહીના સંબંધથી બંધાયેલા સ્વજનનો રાગ અને દૃષ્ટિરાગ એટલે દર્શન, મત કે સ્વમાન્યતાનો રાગ. આ ત્રણે પ્રકારના રાગ દર્શનમોહનીય કર્મનો બંધ ઉદયાદિ કરાવી તત્ત્વની તત્ત્વરૂપે શ્રદ્ધા થવા દેતા નથી. માટે આ ત્રણ પ્રકારના રાગનો ત્યાગ કરવા ઈચ્છતો સાધક આ બોલવા દ્વારા તેના ત્યાગનો સંકલ્પ કરે છે.

આ ત્રણ પ્રકારના રાગ કાઢવા એટલા સહેલા નથી, તે રાગનો ત્યાગ દેવ, ગુરુ અને ધર્મની સાધનાથી જ થાય છે. માટે હવે કહે છે કે -

## ૮-૯-૧૦. સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું :

જેણે રાગનો સર્વથા ત્યાગ કર્યો છે, તે સુદેવ છે. જેઓ રાગના ત્યાગ માટે સતત યત્ન કરે છે તે સુગુરુ છે. જે ધર્મની સાધનાથી રાગાદિ ભાવોનો વિનાશ થાય છે તે સુધર્મ છે. આવા સુદેવ, સુગુરુ અને સુધર્મનો આદર જ આત્મામાં રાગનો ત્યાગ કરવા માટેનું સામર્થ્ય પ્રગટાવે છે. આથી મુમુક્ષુ આત્મા સુદેવ, સુગુરુ અને સુધર્મને આદરવાનો અર્થાત્ યથાશક્તિ જીવનમાં તેમની આજ્ઞાનું પાલન કરવાનો આ બોલ દ્વારા સંકલ્પ કરે છે.

સુદેવાદિની આરાધના તો શક્ય બને જો તેના પ્રતિપક્ષી એવા કુદેવાદિનો ત્યાગ થાય તો, માટે હવે કહે છે કે -

### ૧૧-૧૨-૧૩. કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરૂં :

જે દેવ રાગી છે, જે ગુરુ પરિગ્રહ આદિ રાખનાર છે અને જે ધર્મમાં સંપૂર્ણ અહિંસાની વાતો નથી તે કુદેવ, કુગુરુ અને કુધર્મ છે. આ કુદેવાદિના સહવાસથી આત્મા મલિન બને છે. આથી સાધક આત્મા આ બોલ દ્વારા કુદેવાદિને ત્યાગ કરવાનો સંકલ્પ કરે છે.

સુ અને કુ ની પરીક્ષા પણ કોણ કરી શકે ? જેઓ સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે યત્ન કરતાં હોય તે જ કરી શકે. માટે હવે કહે છે કે -

### ૧૪-૧૫-૧૬. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરૂં :

છોડવા યોગ્ય શું છે અને આદરવા યોગ્ય શું છે તે જણાવે તે જ્ઞાન છે, તેમાં શ્રદ્ધા કરાવે તે દર્શન છે અને તેને અનરૂપ ક્રિયા થાય તે ચારિત્ર છે. આ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રત્યે હું હૈયાથી આદર કરૂં. આ ત્રણે ગુણો મેળવવા હું શક્ય પ્રયત્ન કરૂં તેમ આ બોલ બોલતાં સાધક વિચારે છે.

આ રીતે જ્ઞાનાદિ ગુણો પ્રત્યે આદર પ્રગટતાં તેની વિરાધનાથી પણ અટકવાનું મન થાય છે. માટે કહે છે કે -

### ૧૭-૧૮-૧૯. જ્ઞાન વિરાધના-દર્શન વિરાધના-ચારિત્ર વિરાધના પરિહરૂં :

જ્ઞાની પુરુષો કે જ્ઞાનના સાધનો, સમ્યગ્દષ્ટિ આત્મા કે સમ્યગ્દર્શનના સાધનો અને ચારિત્રસંપન્ન આત્મા કે ચારિત્રના કોઈ પણ ઉપકરણની વિરાધનાનો હું ત્યાગ કરીશ. અર્થાત્ તેની વિરાધના મારાથી ન થાય એની હું સતત કાળજી રાખીશ.

જ્ઞાનાદિ ગુણોની કે તેના સાધનોની વિરાધના તો જ ન થાય. જો મન, વચન, કાયા કાબૂમાં હોય તો... માટે કહે છે કે -

### ૨૦-૨૧-૨૨. મનોગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરૂં :

મનને અશુભ વિચારોથી અટકાવવું તે મનોગુપ્તિ છે, આત્મા માટે અહિતકર એવા વચન ન ઉચ્ચારવા તે વચનગુપ્તિ છે અને નિરર્થક એવો કાયાનો વ્યાપાર બંધ કરવો તે કાયગુપ્તિ છે. કોઈપણ ગુણની વિરાધના ન થાય માટે આ ત્રણે

પ્રકારની ગુપ્તિનો હું આદર કરૂં, શક્ય પ્રયત્ને મારા આત્માને ત્રણ ગુપ્તિમાં જ રાખવાનો આ બોલ બોલતાં સાધક સંકલ્પ કરે છે.

ત્રણ પ્રકારની ગુપ્તિને તો જ આદરી શકાય. જો મન, વચન, કાયાથી આત્મા દંડાય તેવા કાર્ય ન થાય તો, તે માટે કહે છે કે -

### ૨૩-૨૪-૨૫. મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં :

મન દ્વારા કરાતા અશુભ વિચારો કે જેના કારણે આત્માને દુર્ગતિ આદિના દંડ ભોગવવા પડે તે મનોદંડ છે, સ્વ કે પરને પીડા થાય તેવો વાણીનો અસભ્ય વ્યવહાર વચનદંડ છે અને કાયાથી થતી હિંસાદિની પ્રવૃત્તિ જે આત્મા માટે બાધક બને છે તે કાયદંડ છે. આવા મન, વચન અને કાયાના દંડનો હું ત્યાગ કરું છું. તેમ આ બોલ દ્વારા ધર્મી આત્મા વિચારે છે.

મન, વચન અને કાયાના દંડનો પરિહાર પણ કષાય અને નોકષાયના ત્યાગથી સંભવે છે. માટે કહે છે કે -

### ૨૬-૨૭-૨૮. હાસ્ય-રતિ-અરતિ પરિહરૂં :

હાસ્ય પણ એક પ્રકારનો વિકાર છે, નિમિત્ત મળતાં કે નિમિત્ત વિના હાસ્ય કરવું, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં તેમાં રતિનો ભાવ કરવો અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં તેમાં અરતિનો ભાવ કરવો, તે હાસ્ય, રતિ અને અરતિરૂપ નોકષાય છે. આ નોકષાયનો પરિણામ પણ આત્મા માટે બાધક છે. આત્મા તેનાથી દંડાય છે. તેનાથી મલિન કર્મનો બંધ થાય છે. માટે આ બોલ દ્વારા આત્મામાં પડેલા આ મલિન ભાવોનું સ્મરણ કરી તેના ત્યાગનો સાધક સંકલ્પ કરે છે.

### ૨૯-૩૦-૩૧. ભય-શોક-જુગુપ્સા પરિહરૂં :

અનિષ્ટકારક તત્ત્વો જોતાં પેદા થતો ભય, ઈષ્ટ વસ્તુ કે વ્યક્તિના વિયોગથી થતો શોક અને ખરાબ વસ્તુ જેવી કે વિષ્ટાદિ પ્રત્યેનો અણગમો તે જુગુપ્સા. તે સર્વનો પણ હું ત્યાગ કરું. ભય, શોક અને જુગુપ્સારૂપ આ નોકષાયના પરિણામો પણ આત્માને મલિન કરતાં હોઈ, આ બોલ દ્વારા આત્મામાં રહેલા આ ભાવોને યાદ કરી સાધક તેના ત્યાગની ભાવના વ્યક્ત કરે છે.

વળી, ત્રણ લેશ્યાના પરિણામો પણ મનોગુપ્તિ આદિના બાધક છે, માટે હવે કહે છે કે -

**૩૨-૩૩-૩૪. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરું :**

કષાય અંતર્ગત અધ્યવસાય તે લેશ્યા છે. શાસ્ત્રમાં આ લેશ્યાના છ પ્રકાર બતાવ્યા છે. તેમાં પ્રથમની આ ત્રણ લેશ્યા અશુભ છે. જેમાં અન્યના સુખદુઃખનો વિચાર પણ થતો નથી, તેવો અત્યંત અશુભ પરિણામ આ કૃષ્ણ લેશ્યામાં હોય છે. નીલ અને કાપોત લેશ્યા તેનાથી થોડા અલ્પ અશુભ અધ્યવસાયવાળી છે. આ ત્રણે લેશ્યા પણ આત્માને મલિન કરે છે. માટે આ બોલ બોલવા દ્વારા આત્મામાં રહેલા આ ત્રણ લેશ્યાના ત્યાગનો સંકલ્પ કરે છે.

ત્રણ પ્રકારના ગારવ પણ આત્મહિતમાં બાધક છે, માટે હવે કહે છે કે -

**૩૫-૩૬-૩૭. રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું :**

ગારવ એટલે ગૃદ્ધિ અથવા ગૌરવતાનો પરિણામ. ખાદ્ય કે પેય પદાર્થો સારા મળતાં તેમાં આસક્તિ કરવી કે તેનું અભિમાન કરવું તે રસગારવ છે. પોતાના પુણ્યકર્મના ઉદયથી ઋદ્ધિ-સમૃદ્ધિ ઘણી મળી હોય અને તેમાં આસક્તિ કે તેનું અભિમાન કરવું તે ઋદ્ધિગારવ છે અને નિરોગી શરીર કે શરીરને શાતા મળે તેવા સાધનોમાં આસક્તિ કે અભિમાન તે શાતાગારવ છે. આ ત્રણે ગારવ આત્મા માટે અહિતકર છે. માટે આ ગારવનો પરિણામ પણ આત્મામાં ન રહી જાય તે માટે આ બોલ દ્વારા તેના ત્યાગની ભાવના વ્યક્ત કરાય છે.

ગારવની જેમ ત્રણ પ્રકારના શલ્યો પણ આત્મહિતમાં બાધક છે, માટે તેના ત્યાગ માટે કહે છે કે -

**૩૮-૩૯-૪૦. માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું :**

માયા એટલે કપટ, નિદાન એટલે ધર્મના બદલામાં આલોક કે પરલોકના સુખની આકાંક્ષા અને મિથ્યાત્વ એટલે બુદ્ધિનો ભ્રમ. આ ત્રણે શલ્ય પગના કાંટાની જેમ આત્માની પ્રગતિને અટકાવે છે. માટે આ બોલ દ્વારા સાધક ત્રણ શલ્યોના ત્યાગનો સંકલ્પ કરે છે.

આ સર્વ પરિણામની જેમ કષાયો પણ બાધક છે. તેથી કહે છે કે -

**૪૧-૪૨. ક્રોધ-માન પરિહરું :**

ક્રોધ એટલે આવેશ અને માન એટલે અહંકાર. આ બંને કષાય પણ

આત્મહિતના બાધક છે: માટે આ બંને કષાયોનો પણ હું ત્યાગ કરૂં છું.

**૪૩-૪૪. માયા-લોભ પરિહરૂં :**

માયા એટલે કપટ અને લોભ એટલે અસંતોષ, તૃષ્ણા. આ કષાયો પણ આત્માની કદર્થના કરનાર છે. માટે આત્મામાં રહેલા આ ચારે કષાયોનો પણ હું ત્યાગ કરું છું. તેવો સંકલ્પ આ બોલથી કરવામાં આવે છે.

સંસાર કે શરીરં પરના મમત્વને કારણે છ કાયના જીવોની વિરાધના થાય છે. મમત્વભાવ જ્યાં સુધી જતો નથી ત્યાં સુધી સામાયિકના ફળરૂપી સમતા પ્રાપ્ત થતી નથી. આથી જ હવે છ કાયની વિરાધનાથી અટકવા કહે છે કે -

**૪૫-૪૬-૪૭. પૃથ્વીકાય-અપ્‌કાય-તેઉકાયની રક્ષા કરૂં :**

જે જીવોના શરીરનો સમૂહ પૃથ્વી, પાણી અને અગ્નિરૂપ છે તે પૃથ્વીકાય, અપ્‌કાય અને તેઉકાયના જીવો છે. સંસારમાં રહેલા સંસારી જીવો માટે આમ તો આ જીવોની રક્ષા શક્ય નથી, તો પણ સામાયિકના કાળ દરમ્યાન તો આ જીવોની હું રક્ષા કરીશ, તેવો સંકલ્પ આ બોલ દ્વારા કરવામાં આવે છે.

**૪૮-૪૯-૫૦. વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં :**

જે જીવોના શરીર વાયુ અને વનસ્પતિરૂપ છે તથા જે હાલતાં-ચાલતાં બેઈન્દ્રિયાદિ જીવો છે, તે ત્રસ જીવો છે. આ ત્રણે પ્રકારના જીવોની પણ શક્ય પ્રયત્ને રક્ષા કરવાનો આ બોલ દ્વારા સાધક સંકલ્પ કરે છે.

ભગવાનની સર્વ આજ્ઞા પોતાના અને પરના પ્રાણની સુરક્ષામાં સમાયેલી છે. છ કાય જીવોની રક્ષાના પરિણામથી, તે તે જીવો સાથે મૈત્રીનો ભાવ પ્રગટે છે, હૃદય કરૂણાભાવથી સભર બને છે, અને "**आत्मवत् सर्व भूतेषु**" (સર્વ જીવોને વિષે આત્મસમાન પરિણામ)નો ભાવ પેદા થાય છે. આ ભાવથી સર્વ જીવ પ્રત્યે સમતાનો ભાવ જળવાઈ રહે છે. આથી જ સામાયિક આદિ ધર્મનો સાધક સર્વ બોલના અંતે આ છ કાયના જીવોની રક્ષા માટેનો ભાવ આ બોલ દ્વારા વ્યક્ત કરે છે.

આ રીતે મુહપત્તિના બોલના રહસ્યો જાણી, તે ભાવોથી હૃદયને ભાવિત કરીને જો મુહપત્તિ પ્રતિલેખનની ક્રિયા કરવામાં આવે તો ટૂંક સમયમાં આત્મા ઉપર લાગેલા કર્મો, અનાદિકાલીન કુસંસ્કારો નાશ પામે છે અને આત્મા નિર્મળભાવને પ્રાપ્ત કરી શકે છે.

# સંદર્ભ ગ્રંથસૂચિ


| ગ્રંથ | કર્તા |
|---|---|
| અષ્ટ પ્રવચનમાતાની સજ્ઝાય | પૂ. દેવચંદ્રજી |
| આવશ્યક નિર્યુક્તિ-ટીકા | પૂ. હરિભદ્રસૂરિ |
| આવશ્યક નિર્યુક્તિ-દિપીકા | પૂ. ભદ્રબાહુસ્વામિ |
| કર્મગ્રંથ-૧ | શ્રી દેવેન્દ્રસૂરિ |
| કાયોત્સર્ગ ધ્યાન | શ્રી કાળીદાસ ગણિ |
| ગુરુતત્ત્વ વિનિશ્ચય | મહોમહોપાધ્યાય શ્રી યશોવિજયજી |
| ગુરુવંદન ભાષ્ય | શ્રી દેવેન્દ્રસૂરિ |
| ચૈત્યવંદન મહાભાષ્ય | સિરિસંત સૂરિ |
| ધર્મસંગ્રહ | પૂ. માનવિજયજી |
| દશવૈકાલિક સૂત્ર | શ્રી સ્વયંભવસૂરિ |
| નવકાર સ્વાધ્યાય-સંસ્કૃત તથા | શ્રી તત્ત્વાનંદવિજયજી |
| પ્રાકૃત વિભાગ | પૂ. ધૂરધંરવિજય |
| પ્રતિમાશતક | મહોમહોપાધ્યાય શ્રી યશોવિજયજી |
| પ્રબોધટીકા | અમૃતલાલ કાળીદાસ |
| પરમતેજ | પૂ. ભુવનભાનુસૂરિ |
| યોગશાસ્ત્ર | પૂ. હેમચંદ્રાચાર્ય |
| વિશેષાવશ્યક ભાષ્ય | શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ |
| શ્રાદ્ધ પ્રતિક્રમણ વન્દારૂ વૃત્તિ | શ્રી દેવેન્દ્રસૂરિ |
| સવાસો ગાથાનું સ્તવન | મહોમહોપાધ્યાય શ્રી યશોવિજયજી |
| સૂત્રાર્થ વિચારણા | શ્રી પ્રવિણભાઈ મોતા |

ઔષધના જ્ઞાન માત્રથી રોગ નાશ નથી પામતો પરંતુ ઔષધનું સેવન પણ આવશ્યક હોય છે. તેમ જ્ઞાન માત્રથી પરિણતિ પલટાતી નથી પણ ગણધર ભગવંતોએ બનાવેલા સૂત્રના માધ્યમે જ્ઞાનાનુસાર થતી ક્રિયા જ મોક્ષને અનુકૂળ પરિણતિ કેળવવાનો સચોટ ઉપાય બને છે. તે સૂત્રો શબ્દોમાં હોય છે અને શબ્દો અક્ષરોના બનેલા હોય છે. અક્ષરમાં અનંત શક્તિ રહેલી હોય છે. પણ તેને આપણે જગાડવાની હોય છે અને તે જગાડવા માટે આપણે સૂત્રોમાં પ્રાણ પૂરવા પડે છે. આ પ્રાણ ફૂંકવાની ક્રિયા એટલે સૂત્રનું સંવેદન. સૂત્રનું જ્યારે આપણને સંવેદન થાય છે, ત્યારે સૂત્ર સજીવન બની જાય છે અને ત્યાર પછી તેમાંથી અનર્ગળ શક્તિ બહાર પડે છે જે આપણામાં રહેલાં અનંતા કર્મોનો ક્ષય કરવા માટે એક યજ્ઞ સમાન બની રહે છે.

અનંત ગમ પર્યાયથી યુક્ત આ સૂત્રોના અર્થનું સંકલન કરવું એટલે એક ફુલદાનમાં ફુલો ગોઠવીને બાગનો પરિચય આપવા જેવી વાત છે. આથી જ સૂત્રોના સર્વ અર્થને સમજાવવાનું ભગીરથ કાર્ય તો પૂર્વના મહાબુદ્ધિમાન અનુભવી પુરુષો જ કરી શકે. તો પણ સ્વપરિણતિને નિર્મળ બનાવવાના ઉદ્દેશથી શરુ કરેલ આ લખાણમાં આજના સામાન્ય બૌદ્ધ જીવો ક્રિયા કરતાં યાદ કરી શકે તેટલો અર્થ સંકલિત છે.

સૂત્રાર્થ વિષયક લખાયેલ આ પુસ્તક નવલકથાની જેમ વાંચવાનું પુસ્તક નથી કે નથી અભ્યાસ કરવાનું માધ્યમ, પરંતુ પરિણતિને પલટાવવાના પ્રયાસના કઠિન માર્ગનો એક દીવો છે....

Sanmarg - 079-25352072